ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ. ૧૯૨૯થી)

Prabuddh Jeevan

Vol No.: 8 • ISSUE : 12 • Mumbai • March 2021 • PAGES : 108 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૮ (કુલ વર્ષ ૯૨) • અંક - ૧૨ • માર્ચ ૨૦૨૧ • પાનાં - ૧૦૮ • કિંમત રૂ. 30/-

## રાષ્ટ્રમાતા કસ્તૂરબા વિશેષાંક



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈનઃ ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈનઃ ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશનઃ ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**


**વિશેષ નોંધઃ**


- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.


- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | કસ્તૂરબા : એક ઓછું વંચાયેલું અસ્તિત્વ | સેજલ શાહ | ૦૩ |
| ૨. | આ અંકના સંપાદકનું ચિંતન : આત્મવિલોપન અને ગરિમાનો અપૂર્વ સંગમ | સોનલ પરીખ | ૦૭ |
| ૩. | કસ્તૂરબા ન હોત તો મહાત્મા ન હોત... | સોનલ પરીખ | ૦૯ |
| ૪. | સત્યાગ્રહી કસ્તૂર | તુષાર ગાંધી | ૧૧ |
| ૫. | બા | દેવદાસ ગાંધી<br>અનુ.: રમણીક સોમેશ્વર | ૧૬ |
| ૬. | નોખી માટી નોખાં માનવી | વર્ષા અડાલજા | ૧૯ |
| ૭. | આફ્રિકામાં કસ્તૂરબા | સુદર્શન આયંગર | ૨૨ |
| ૮. | સૌનાં બા ને મારાં બા | વર્ષા દાસ | ૩૩ |
| ૯. | 'પ્રીતિયોગં પરસ્પરમ્' કસ્તૂરબા - હરિલાલ | નીલમ પરીખ | ૩૫ |
| ૧૦. | કસ્તૂરબા : ખાદી, અહિંસા અને સ્વરાજ્ય | વિભૂતિ પટેલ | ૪૪ |
| ૧૧. | કસ્તૂરબા અને નારીચેતના | સોનલ શુકલ | ૪૭ |
| ૧૨. | કસ્તૂરબા : An Unsung She-ro | રંજના હરીશ | ૫૩ |
| ૧૩. | કસ્તૂરબા વિશેનાં પુસ્તકો : થોડું લખ્યું, ઝાઝું કરી વાંચવું | દીપક મહેતા | ૫૬ |
| ૧૪. | બાની ડાયરી | તુષાર ગાંધી | ૬૦ |
| ૧૫. | બાના પોષાકના પ્રયોગ | સોનલ પરીખ | ૬૭ |
| ૧૬. | ગાંધીજીની કસ્તૂરી : બા | દર્શના ધોળકિયા | ૬૯ |
| ૧૭. | એક કલ્પના ચિત્ર, બાની સાથે | સેજલ શાહ | ૭૫ |
| ૧૮. | Kasturba Gandhi, Mahatma Gandhi And The Kasturba Gandhi National Memorial Trust | Sukanya Bharatram | ૭૮ |
| ૧૯. | વાત્સલ્યમૂર્તિ બા | લેડી પ્રેમલીલા ઠાકરશી | ૮૧ |
| ૨૦. | બાપુના પત્રો, બાને | સોનલ પરીખ | ૮૩ |
| ૨૧. | કસ્તૂરબા ગાંધી | લીલાવતી મુનશી | ૮૫ |
| ૨૨. | બા વિશેના બાપુના વિવિધ ઉદ્‌ગારો | – | ૮૬ |
| ૨૩. | A Sacred Dwelling of Non-violence - Kasturbaa Mohandas Gandhi | Prachi Shah | ૮૯ |
| ૨૪. | બાને શ્રદ્ધાંજલિઓ | – | ૯૨ |
| ૨૫. | કસ્તૂરબાએ કરેલા પ્રવચનો | – | ૯૫ |
| ૨૬. | કસ્તૂરબા – જીવન ઝરમર | સુદર્શન આયંગર<br>અનુવાદ : પુષ્પા પરીખ | ૯૮ |


**આ વિશેષ અંકની કિંમત ૮૦.૦૦ રૂપિયા**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • ફાગણ સુદ - ૩

આ અંકના વિદ્વાન સંપાદકો : સોનલ પરીખ તથા ડૉ. સેજલ શાહ

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## કસ્તૂરબા : એક ઓછું વંચાયેલું અસ્તિત્વ

ઓક્ટોબર ૨૦૧૮માં ગાંધીજીવિષયક સાર્ધ શતાબ્દી વિશેષાંકના સમયથી ધારેલું કે કસ્તૂરબા ગાંધી પર વિશેષાંક કરવો. વિશ્વના ઇતિહાસમાં મહાપુરુષોના નામ સાથે તેમની પત્નીનું નામ જ્યારે જોડાય છે ત્યારે તેમની પ્રતિભાને જોનાર વ્યક્તિ, તેને મહાપુરુષની નજરે જ જુએ છે. અહીં બે શક્યતા છે, એક એ નારીના બલિદાન અંગેની વાત અને બીજું એ નારીને નબળી છબી દર્શાવી એ મહાપુરુષ દ્વારા અંગત જીવનમાં એ નારીને શું અન્યાય થયો છે તે દર્શાવવાની વાત- મારે આ બન્ને રસ્તે નહોતું જવું. સગવડની દૃષ્ટિએ પુરુષ દ્વારા સ્ત્રીને અન્યાય થયો, એ દર્શાવવું સરળ લાગે, અને એની શક્યતા પણ હોય છે આપણો ઇતિહાસ એ રીતે ભેદભાવભર્યો રહ્યો છે. પણ આ વખતે મારા મનમાં એક વ્યક્તિ વિશેષ 'કસ્તૂર'ની 'બા' સુધી યાત્રા અને એમાં પ્રગટતી એમની છબીને સમજવી હતી. એમની સાદગી અને વાત્સલ્યમય ચહેરો કઈ રીતે કેળવાયો, એમના જાત સંઘર્ષ અને બાહ્ય સંઘર્ષ સમજવો હતો. એમના મુખ પરની રેખા પરથી, ભાગ્ય જ કાંઈ કળી શકાય અને પણ એમને વાંચતા ખ્યાલ આવે કે પોતાનો ટંકાર એમને કઈ રીતે જાળવ્યો હશે, એક પ્રભાવમાં ઓગળીને, એ પ્રભાવનો વિસ્તાર એમને પોતાના થકી કઈ રીતે કર્યો હશે! મનુષ્યને સમજવા એ આમ પણ મારા રસનો વિષય અને એમાં પણ કસ્તુરબાને સમજવામાં વિશેષ રસ – એક નારી તરીકે અને ભારતના ઇતિહાસની અપૂર્વ નારી!

> **આ અંકના સૌજન્યદાતા**
> **સ્વ. પુષ્પાબેન ભુપતલાલ બાવીસીના પુણ્ય સ્મરણાર્થે**
> **મમતાબેન યોગેશભાઈ બાવીસી તરફથી**

એક સ્ત્રી તરીકે ગાંધીજીની કેટલીક વાતો સામે મનમાં પ્રશ્નો જન્મતા, એક નાગરિક તરીકે એમના કેટલાક નિર્ણયો સામે મસ્તક ઝૂકી જતું અને એક મનુષ્ય તરીકે એમનો આત્મ-વિશ્લેષણનો સ્વભાવ ખૂબ જ ગમતો, ભૂલ અને જવાબદારી સ્વીકારવાની રીતિ-નીતિ ગમતી, આકર્ષતી. જાણ્યે-અજાણ્યે ગાંધીરીતિ ક્યારે અપનાવાઈ ગઈ તેનો ખ્યાલ ન રહેતો, પણ એમ કરવાથી મનમાં ક્યારેય ગુનાહિત લાગણી તો ન જ જન્મી, પણ પ્રસન્નતા અને સંતોષ –

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

જીવનનો ભાગ બની રહ્યા, અભાવનો અનુભવ જ ન રહ્યો અને અપેક્ષા વગરના બનવાને કારણે અવાજમાં આપોઆપ ખુમારી આવી ગઈ, પણ એક બાબત સમજવી હતી કે ગાંધીજીના તપની આંચ સૌથી વધુ કોને સ્પર્શી હશે અને એ વ્યક્તિની કઈ શક્તિએ ગાંધીજીના તપની આંચને જાળવવામાં, ટકાવી રાખવામાં મદદ કરી હશે. ગાંધીજીના જાહેરજીવનનો સ્વીકાર અને તેને ટકાવવામાં તેમને શું મૂક ફાળો આપ્યો, તે સમજવાનો આ એક પ્રયત્ન છે. કસ્તૂરબાનું નાનપણનું જીવન જોતાં ખ્યાલ આવે છે કે તેઓ કેવા સ્વમાની અને અને પોતાનો નિજી મત/વિચાર ધરાવતા હતાં. એ અંગતપણું ઓગાળી દ્રવમાં પરિણમવું, એ યાત્રાને સમજવા માટે આ અંક.

આમ તો મહાપુરુષોના જીવનનો ઇતિહાસ બહુ જ આદર્શમય હોય છે, પણ સાથે જ તેમની સહચારિણીનો ઇતિહાસ પણ રસપ્રદ હોય છે, જેમના વિષે બહુ મુક્તપણે વાત નથી થઈ હોતી. દિવાની વાત કરીએ, ત્યારે સહજ જ પ્રકાશથી આંખ અંજાઈ જાય પરંતુ એ દિવામાં માત્ર તેલ ઉમેરનાર નહીં, પણ જરૂર પડે ત્યારે વાટ બનનાર, ક્યારેક કોઈ ફૂંકાતા પવન સામે સાથે ઊભા રહેનાર, તોફાનને ઝીલવા હંમેશ તૈયાર અને પોતાના નિહિત/અંગત સ્વાર્થ-સુખ-અપેક્ષા-ઈચ્છા-અંગતતા-ખાનગી બાબતને કોરણે મૂકી જાહેરજીવનને અનુરૂપ અને અનુકૂળ બનનારા સહચારિણીનું કાર્ય અત્યંત કપરું હોય છે. 'હું' માંથી બહાર આવી 'આપણે' માત્ર નથી બનવાનું પણ એથી પણ વધુ એક પાયરી ચઢી સર્વ સમાહિતની ભાવના કેળવવાની છે. કસ્તૂરબાએ એ યાત્રા સફળતાપૂર્વક પાર તો પાડી જ છે પણ ઘોંઘાટ વગર, મૌન રહીને. ખાદીની સાડીમાં માથા પર છેડો રાખીને, કપાળની મધ્યમાં ચાંદલો – તેમનું ચિત્ર જોઈને કોઈ પણ ધારી જ બેસે કે આ એક સામાન્ય સ્ત્રી છે જે રાષ્ટ્રપિતાની પત્ની છે, પણ જ્યારે આંખ પરથી ભ્રમના ચશ્માં ઉતરતા જ 'કસ્તૂરબા' એ માત્ર પત્ની નહીં પણ જગદમ્બીય શક્તિથી આરૂઢ 'રાષ્ટ્રમાતા' છે, જેમનું આગવું તેજ પોતાનામાં ભળ્યું હોવાનો સ્વીકાર બાપુ પોતે પણ કરે છે. 'તે પોતે સમાઈ ગયા કે તેમને બાપુને સમાવ્યા' એવા શબ્દોના વાદવિવાદમાં આપણે ન જ પડીએ, કારણ ક્યાંક આપણે, આપણી વાતની ધૂળથી કારણ વગર વાત રગદોળી નાખીશું. પણ મુદ્દો એ મહત્વનો છે કે જો મહાદેવભાઈ દેસાઈ 'અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ છે' તો કસ્તૂરબા 'જ્વાળામુખી પર ખીલેલું કમળ' છે. એમનાં ચહેરાં પરની ગંભીરતા, આછેરો મલકાટ(કદી), ચિંતન મુદ્રા, જાગૃતિ અને આંખોમાં અન્ય માટેનો આવકાર, વાત્સલ્ય સાથેની સ્થિરતા અને આજ એમના સ્વભાવનો પણ ભાગ. મેં એમનો ખિલખિલાટ હસતો, બાપુ જેવો ચહેરો નથી જોયો. પણ મેં એમના ચહેરા પર જે સ્થિરતા જોઈ છે, ગામ્ભીર્ય પામ્યું છે તે અદ્ભૂત છે, તેમની રાહબરી હેઠળ એ સમયની બહેનોને કામ કરવાનું મન થાય અને વિશ્વાસપૂર્વક કરે એવો આત્મવિશ્વાસ જોવા મળે છે. પોતે સ્વીકારેલી બાબતનું ગૌરવ હોવું અને અન્યને પણ એ સ્વીકારાવી શકે, એ કેટલી મોટી બાબત. પ્યારેલાલજીનો પ્રસંગ તમે જાણો જ છો!

અડગ અને મક્કમ નિર્ધાર બાના ચહેરા પર જોવા મળે છે. અકાલપુરુષના ફેબ્રુઆરી૨૦૨૧ (તંત્રી રમેશ સંઘવી)ના ચાર રંગીન કવરપેજ પર 'બા'ના ચહેરા અને ફોટા જુઓ તો કેટલું બધું પામવા મળે છે! બાનું હોવું બાપુ માટે કેટલી મોટી ધરપત હશે, આશ્રમ જાળવણીમાં બાપુ, કેટલી બધીવાર માત્ર બાના હોવાને કારણે નિશ્ચિત રહી શકતા હશે, એક અત્યંત જાગૃત અને સતત આત્મ-મંથન અને પ્રયોગમાં માનનાર પુરુષના પત્ની હોવું અને એમને ધરપતનો અનુભવ કરાવવો, એ જ બહુ મોટી પ્રાપ્તિ છે, એ તો જેમ જેમ વાંચતા જઈશું તેમ તેમ ખ્યાલ આવશે. અને એ, એક કે બે વર્ષમાં નહી પણ બહુ જ લાંબી સફર પછી કેળવાયેલો. પાંગરીને ઉગેલો સંબંધ છે, જેને તપવું પડ્યું, પરીક્ષા આપવી પડી, નબળાઈઓને એ અગ્નિમાં ઓગાળવી પડી, એકમેકને એ સાહસ આપતા રહેવું પડ્યું અને પછી તો એ એવી સહજ બાબત બની કે એમાં બધું જ અન્યોન્ય બની ગયું. ગાંધીજીએ નોંધ્યું છે કે 'બા આરંભના દિવસોમાં હઠીલા હતા, પણ તેઓ પોતે પણ ધણીપણું આદરવામાં પાછા ન પડ્યા, પણ બા એમનામાં સ્વેચ્છાએ સમાઈ ગયા હતા.' પણ એ તો ગાંધીજીનું માનવું હતું. એક રીતે તો ગાંધીજી પણ જિદ્દ માટે જાણીતા જ છે. પણ અહી વ્યક્તિ કરતા વધુ બાપુના વિચારો અને કાર્યો પરની બાની શ્રધ્ધા અને વિશ્વાસ અને દક્ષિણ આફ્રિકામાં બાને થયેલ અનુભવ મહત્વનો છે. ખરેખર તો કસ્તૂરબા પોતે પણ એ વિચારણામાં એવા સમાઈ ગયા હતા કે તેમણે તેમાં જ પોતાનું તેજ દિપાવ્યું. તેમને પારખતાં આવડી ગયું કે તેમની જેલમાં રહેવાની શક્તિથી લઈ મૃત્યુની શક્યતા હોવાં છતાં પણ માંસાહાર ન જ સ્વીકારવાની 'અડગતા' બાપુના સાંનિધ્યમાં કેળવી શક્યા હતા. આ તેજને ઝીલવા કોઈ કાચાંપોચાં નહીં પણ પોતાની આગવી અને સત્યતાવાળી રીત જોઈએ, તો જ બાપુને બકરીનું દૂધ પીવડાવવા મનાવી શકાય. આ એકમેકના પૂરક અને છતાં 'સ્વ'ના વિકાસને વિસ્તારી શકે એવા અવકાશનો સબંધ હતો. આ બધું જ માત્ર ગાંધીજીને જોઈને નહીં પણ કસ્તૂરબાના જીવન અને એમની સાથેના સંબંધને જોઈએ સમજાય છે. પૂરક બનીને ઝળહળવું એ વાત જ

જુદી!

થોડુંક વધારે નિકટવર્તી વાંચન કરતા જોવા મળે છે કે એકબીજાથી વિકસિત થયેલા આ પાત્રો કેવા અનુપમ છે, તેમના જીવનના વિવિધ રંગો, તેમના સંઘર્ષો, તે દ્વારા તેમનો થયેલો વિકાસ, તેમના મનના ઘોંઘાટ અને તેમની સામાજિક છબી, તેને શરૂઆતમાં જાળવવાનો પ્રયત્ન અને પછી આપોઆપ જળવાઈ જતી છબી, એકબીજાના/ અન્યોન્યના બનીને રહેવું સરળ નથી. એકબીજાની ન ગમતી બાબતો માટે ઝગડો કર્યા વગર રહેવું, કારણ તેમનું જીવન માત્ર તેમનું નથી હોતું, તેમની આજુબાજુની પ્રજાનું હોય છે. તેમની સિદ્ધિ, તેમની જવાબદારી, તેમની સતત જાગૃતિ અને આજુબાજુના લોકોની અપેક્ષામાં સાથે, એકબીજાની અપેક્ષા પણ સંતોષવી. એક સમય પછી એ આદત અને પછી તો સાવ સહજ બની જતી બાબત. પણ જ્યાં સુધી એ નથી થતું ત્યાં સુધી એ ખરેખર કપરું ચઢાણ હોય છે.

કસ્તૂરબા ગાંધીનું જીવન, તેમની રાષ્ટ્રમાતા તરીકેની છબી એ માત્ર તેમને ગાંધીજીના પત્ની હોવાને કારણે નથી પ્રાપ્ત થયું. પણ પોતાની એક વિશેષ શક્તિ, સમપર્ણભાવ, સમજ અને દૃઢ મનોબળ અને પોતાની આગવી અડગ નિષ્ઠાનું પરિણામ છે. એ જોવા માટે કસ્તૂરબાને તેમના પરિવારજનો, વિચારકો અને ભાવકોની આંગળીએ વાંચવા/સમજવા પડે. માટે આ અંકમાં થોડીક ઐતિહાસિક ઘટના અને થોડાક પ્રસંગો અને થોડાક વિચારો સાથે મૂકવાનો અહીં પ્રયત્ન કર્યો છે. જે એક સંપૂર્ણ ચિત્રનો દાવો તો નથી કરતું પરંતુ સફેદ અને બ્લેકની વચ્ચેનો એક રંગ-ગ્રે રંગ, જીવનનો, ચહેરાઈ ન ગયેલો, પૂર્વગ્રહવિહોણો રંગ મૂકવાનો પ્રયત્ન કર્યો છે. આ રંગ કસ્તૂરબાનો છે. એક પોરબંદરની વૈષ્ણવ સંપ્રદાયની ધાર્મિક પરમ્પરાગત માન્યતાને વરેલી વ્યક્તિનો છે, જેને પરમ્પરાને સ્વીકારી છે, છતાં તેની પાસે જે સૂચકતા, સ્વાભિમાન અને સમર્પણની પુખ્તતા છે, જે બીજામાં ભાગ્યે જ જોવા મળે છે. એ સમય અને વાતાવરણની સાથે જ આપણે કસ્તૂરબાને જોવા જોઈએ. અત્યંત નારીવાદી બનીને હું તેમને અને તેમના ચરિત્રને/ તેમની આભાને અન્યાય કરી બેસું. મને અહીં નોરાનો જોરથી પછડાતા દરવાજાનો અવાજ નથી સંભળાતો. મને અહીં દરવાજાની અંદર રહીને વિચારભેદને સમજીને આગળ વધવાની ભારતીય પરમ્પરાનો એક પુખ્ત સૂર સંભળાય છે. ભારતીય સ્ત્રી માટે પતિની ઓળખની પાછળ જ પોતાની ઓળખ જોવી સમજવી અને સંતોષ માનવો એ સમયમાં સાહજિક હતો. ત્યારે ચતુરાઈ અને કુશળતાથી પોતાની ઇચ્છા મુજબ કરી લેતી બે ભાઈઓની લાડકી બહેન અને પોતાના વિચારોમાં મક્કમ છે, તેમનામાં અવાજ કર્યા વગર અન્યમાં ચેતના રોપવાની તાકાત છે, જેને કારણે તેઓ સમગ્ર રાષ્ટ્રના 'રાષ્ટ્રમાતા' કહેવાયા અને સહુના 'બા' કહેવાયા. આજે પણ આ સંબોધન કરતા કૃત્રિમપણું નહીં પણ જે સહજતા અનુભવાય છે, તેમાં જ તેમના ચરિત્રની અમાપ ઊંચાઈ વર્તાય છે.

* * *

પોરબંદર જાઓ ત્યારે બાપુના જન્મસ્થળ પાસેના 'બા'ના જન્મસ્થળ પર જરૂર જશો. તમને ખ્યાલ આવશે કે આજે પણ આપણે રાષ્ટ્રમાતાના પ્રદાનનું પૂરતું મૂલ્ય કરીને આદર નથી આપી શક્યા. ૨૦૧૮માં એક છાપામાં જય મકવાણાનો એક લેખ વાંચ્યો હતો કે 'બા'નું જન્મસ્થળ રાષ્ટ્રીય સંપત્તિ હોવા છતાં ત્યાંની જાળવણી અને આવનારા લોકોની સંખ્યા દુઃખ પહોંચાડે છે, આશા રાખીએ કે આવનારા સમયમાં આપણે નારી પ્રદાનનું પણ પૂરતું સન્માન કરી શકીએ.

બીજો એક મુદ્દો – મેં અને સોનલબહેને 'કસ્તૂરબા'ના પરિવાર અને તેમના ભાઈઓ અને આગળની પેઢીને શોધવાનો પણ પ્રયત્ન કર્યો હતો, જેથી અમે તે પરિવારનું પણ વંશવૃક્ષ આપી શકીએ. પણ તે અંગે પણ કોઈ જ માહિતી ન મળી. કદાચ આ જ બાબતે અમને બન્નેને, 'બા' વિષે વધુને વધુ માહિતી જ્યાંથી મળે ત્યાંથી ભેગી કરવા પ્રેર્યા.

* * *

પ્રબુદ્ધ જીવનના આ અંકને વડીલ યોગેશભાઈનું સૌજન્ય પ્રાપ્ત થયું છે, તેમને પોતાની માતાના સ્મરણમાં આ અંકનું સૌજન્ય સ્વીકાર્યું. ત્યારે તેમના મનમાં નારી શક્તિને વ્યક્ત કરવાનો ભાવ હતો. અને કેવો સુંદર યોગાનુયોગ સર્જાયો કે તેમની માતાના સ્મરણાર્થે સમગ્ર રાષ્ટ્રના 'બા' પર અંકનું સર્જન શક્ય બન્યું. તેમનો આભાર માનીને અમારા સંબંધોનું મૂલ્ય નહીં ઓછું કરું પણ ઋણસ્વીકારી તેમના માતુશ્રીને વંદન કરું છું.

* * *

આ વિશેષ અંકના મારા સાથી એટલે આદરણીય સોનલબહેન, તેઓ બે વર્ષ પહેલાં મારી કોલેજમાં વ્યાખ્યાન આપવા આવ્યા હતા ત્યારે મેં તેમની પાસે માંગણી મૂકી હતી, પરંતુ સમય પાકતા જ તેમણે મને તરત જ 'હા' પાડી અને આ શક્ય બન્યું. સોનલબહેનનો આભાર તો માનું જ છું પણ તેમનો પ્રબુદ્ધ જીવન અને મારી સાથેનો નાતો વર્ષો જૂનો. કવિતા, ટૂંકીવાર્તા, નવલકથા, ચરિત્રવર્ણન જેવા

અનેક સ્વરૂપોમાં તેમનું લેખન કાર્ય નિયમિત ચાલે. અરુણ ગાંધીનું પુસ્તક 'બા : મહાત્માનાં અર્ધાંગિની'નો ગુજરાતી અનુવાદ તેમની પાસેથી મળ્યો છે. તેઓ 'જન્મભૂમિ' અખબાર સાથે જોડાયેલાં છે. આ પૂર્વે તેમના વિષેનો પરિચય અપાઈ ગયો હોવાથી અમે બન્ને એ નક્કી કર્યું હતું કે વધુમાં વધુ સામગ્રી 'કસ્તૂરબા' વિષયક લેશું અને પરસ્પરનો પરિચય ટાળશું, એટલે અહીં જ અટકું છું.

* * *

આ અંકમાં 'કસ્તૂરબા' શબ્દની જોડણી આમ રાખી છે તેની ચર્ચા અમે કરી અને એ નિર્ણય પર આવ્યા કે 'કસ્તૂર' પરથી 'બા'નું નામ પડ્યું તો આજ જોડણી યોગ્ય.

* * *

અંકના  મુખ પૃષ્ઠ પર બાની પૃષ્ઠભૂમિમાં બાપુની છબીનું કારણ જ એ છે કે બન્ને એકમેકના સાંનિધ્યમાં વિકસ્યાં છે. દેશના મહાત્માએ 'બા'ને જગદંબા સ્વરૂપ કહી હતી, તેનો અનુભવ તમે આ અંકના વિવિધ લેખો વાંચતાં જરૂર કરશો.

આ અંકના લેખકોનો આભાર માનું છું. રમેશભાઈ સંઘવીનો અને નરેશભાઈ વેદનો પણ વિશેષ આભાર.

આ એક યાત્રાનો આરમ્ભ થયો છે, હજી તો મંજિલ દૂર છે પણ થાક વર્તાતો નથી.

પ્રબુદ્ધ વાચકો વિશેષ અંકનો પ્રતિભાવ અને પૂરક માહિતી નીચે આપેલ મારા મેલ પર મોકલાવશો, મને રાહ રહેશે.

પ્રસન્ન સ્થિરતા.

❑ **ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

**ફોન સંપર્ક સમય :** ૪થી ૭ની વચ્ચે માત્ર.

પ્રબુદ્ધ જીવન માટેના લેખો અને પ્રતિભાવો તંત્રીશ્રીના સરનામે કરવા વિનંતી.

સરનામું : ૧૦/બી, ૭૦૨, અલીકા નગર, લોખંડવાલા કોમ્પલેક્ષ, આકુર્લી રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.



## આ અંકના સંપાદકનું ચિંતન :

# બા : આત્મવિલોપન અને ગરિમાનો અપૂર્વ સંગમ

સોનલ પરીખ

પ્રબુદ્ધ વાચકોને નમસ્કાર. અતિથિ સમ્પાદક તરીકે 'રાષ્ટ્રમાતા કસ્તૂરબા વિશેષાંક' આપ સૌના હાથમાં મૂકતાં આનંદ અનુભવું છું.

નારાયણ દેસાઈએ પિતા મહાદેવભાઈનું જીવનચરિત્ર લખવાનું નક્કી તો કર્યું, પણ મુશ્કેલી એ થઈ કે તેમને મોહન વિનાના મહાદેવ મળ્યા જ નહીં. પછી તેમણે મોહનમાં જ મહાદેવને શોધવાનો નિર્ણય કર્યો અને એ રીતે 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' પુસ્તક રચાયું.

કસ્તૂરબાની પણ આ જ કહાણી છે ને બાને શોધવા હોય તો બાપુમાં જ શોધવા પડશે આમ ધારીને મેં બા વિશે વિચારવા તો માંડ્યું, પણ તરત બાને બામાં પણ શોધવા જોઈશે એ પ્રતીતિ થઈ. પછી તો એ પ્રતીતિ પણ થઈ કે આમ કરવાની પૂરી કોશિશ પછી પણ બા પૂરેપૂરાં તો નહીં મળે.

મુશ્કેલી એ છે કે બાએ પોતે પોતાના વિશે કશું કહ્યું નથી. લોકોએ તેમને મહાત્માનાં પતિપરાયણ પત્ની તરીકે જ જોયાં છે. ઉપરાંત તેમનો સમય જુદો હતો. તેમનું જીવન જુદું હતું અને સૌથી વધારે તો જેને અનુસરવાના સંસ્કાર તેમના લોહીમાં વહેતા હતા એ તેમનો પતિ પણ નિરાળો હતો. પરિણામે દેશનો જ નહીં, દુનિયાનો ઇતિહાસ બદલી નાખનારા સંજોગો બાની આસપાસ સર્જાતા ગયા અને બા પોતાની આગવી સૂઝબૂઝથી તેની સાથે મેળ પાડતાં ગયાં. આ સતત ચાલતી પ્રક્રિયાએ બાને સાંસારિક માપદંડોથી ઉપર ઉઠાવ્યાં હતાં. હવે એ લોકોત્તર સ્ત્રીને એમની આ પાંચમી પેઢીની દીકરી એના અત્યારના માઈન્ડસેટ સાથે કેવી રીતે શોધે, અને એ જે શોધે તેમાં ઔચિત્ય કેટલું હોય?

આ પ્રશ્નને અહીં જ છોડીને બા વિશે થોડી વાત કરું.

બા અલ્પશિક્ષિત, બાપુ વિલાયત જઈ બેરિસ્ટર થયેલાં. બા સાદાં-સરળ ને ભોળાં, બાપુ મહામુત્સદી. બા આખાબોલાં, બાપુ સત્યનિષ્ઠ. બા પરંપરાગત, બાપુ પ્રયોગવીર. બા અનુગામિની, બાપુ નિત્યપરિવર્તનશીલ. બા પ્રેમાળ પત્ની અને માતા, બાપુ પરિવારની સીમાઓ છોડી સમસ્તમાં ફેલાઈ ગયેલા. બા સીધાસાદા, બાપુ એમની ટૂંકી ધોતી અને ચાદરના અજબ પોષાકમાં પણ દેશવિદેશની સ્ત્રીઓને આકર્ષી શકે તેવો 'ચાર્મ' ધરાવનારા. બન્ને વચ્ચે વિરાટ અંતર હતું.

લોકો મોટેભાગે બાને પતિપરાયણ પણ પતિની મહાનતાને બહુ સમજી ન શકનાર સામાન્ય સ્ત્રી તરીકે કે પછી બાપુની કઠોરતાનો ભોગ બનતી રહેલી સહનશીલ અસહાય નારી તરીકે જુએ છે અને એ જ રીતે બાપુના સંદર્ભમાં, બાપુના અનુસંધાનમાં જ બાને વર્ણવે પણ છે. પણ બાપુ જેવા વિચક્ષણ, આદર્શો અને સિદ્ધાંતો માટે મોટા ભોગ આપવા અને અપાવવા કટિબદ્ધ મહાપુરુષનાં અર્ધાંગિની બનવું એ બહુ કપરું, ગજુ માગી લે તેવું કામ છે. એમાં માત્ર પતિપરાયણતા, સહનશીલતા, અનુસરણ ન ચાલે, એમાં સંકલ્પ, આત્મગૌરવ, પોતાપણું પણ જોઈએ અને જોઈએ આ બધાંને આવરી લેતું આત્મસમર્પણ પણ.

હા, આત્મસમર્પણ. બન્ને વચ્ચેનું અંતર વિરાટ તો હતું. એ અંતર ભરી દેનાર કયો ગુણ હતો જેનાથી બા-બાપુનું દાંપત્ય દીપ્યું? એ ગુણ તે બાનું આત્મસમર્પણ – અંધ કે લાચાર શરણાગતિ નહીં, ધીરે ધીરે અને સમજપૂર્વક વિકસેલો સમર્પણભાવ. બાપુએ કહ્યું છે, 'બાનો ભારે ગુણ કેવળ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. મારું જાહેરજીવન ઉજ્જવળ થતું ગયું તેમ બા ખીલતી ગઈ અને પુખ્ત વિચારે મારા કામમાં સમાતી ગઈ. બામાં આ ગુણ પરાકાષ્ટાએ પહોંચ્યો તેનું કારણ અમારું બ્રહ્મચર્ય હતું.'

૧૮૭૬ની સાલમાં સગાઈ થઈ ત્યારે મોહન અને કસ્તૂર સાત વર્ષનાં. તેર વર્ષની ઉંમરે તેમનાં લગ્ન થયાં. ૧૯૪૪માં બા મૃત્યુ પામ્યાં ત્યારે બન્ને પંચોતેર વર્ષનાં. બાસઠ વર્ષના દાંપત્ય દરમ્યાન મોહનદાસ મહાત્મા બન્યા. અંગત અને જાહેર જીવનનાં શિખરો સર કરતા ગયા, સત્યાગ્રહની મૌલિક પદ્ધતિ શોધી દક્ષિણ આફ્રિકામાં અને ભારતમાં મોટાં કાર્યો કર્યાં, દેશને બ્રિટિશ શાસનથી

મુક્ત કર્યો અને સમસ્ત વિશ્વની ગરીબ શોષિત માનવજાતને પાંખમાં લેવા ધાર્યું.

માર્ગ સરળ નહોતો. જેવી મહાન સફળતાઓ મળી તેવી જ વિરાટ નિષ્ફળતાઓ પણ મળી. આ મહાન સફળતાઓ અને વિરાટ નિષ્ફળતાઓને બાપુ સાથે બાએ પણ પચાવી હતી. બાપુની પડખે રહીને બાએ પણ મહાન ઐતિહાસિક ઘટનાઓનાં મૂળમાં પોતાની પ્રાણશક્તિ સીંચી હતી. બાપુનાં સંતાનોની મા કસ્તૂરબા આશ્રમવાસીઓનાં અને આખા દેશના બા બન્યાં હતાં. કાઠિયાવાડની કુમળી કન્યામાંથી રાષ્ટ્રમાતા બનતા સુધીની બાની આ યાત્રાના વળાંકો અને પડાવો કેવા હશે? કેવાં કેવાં સમાધાનો તેમણે કર્યાં હશે? શું શું છોડ્યું હશે, શું શું અપનાવ્યું હશે? કેવી રીતે સધાયો હશે આત્મવિલોપન અને ગરિમાનો આવો અપૂર્વ સંગમ? આ વિચારથી મનમાં જે રોમાંચ જાગે છે, જે ઊથલપાથલ થાય છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે.

આ અંકમાં આ બધું સમજવાનો એક નાનો, નમ્ર પ્રયાસ છે.

આ પ્રયાસમાં પ્રબુદ્ધ લેખકોનો સ્નેહપૂર્વકનો સાથ મળ્યો. રમેશભાઈ સંઘવીએ 'શાશ્વત ગાંધી' અને 'અકાલ પુરુષ'નાં સુંદર સંપાદનોમાંથી ઘણી સામગ્રી મોકલી આપી. સેજલ અને હું આ સૌનાં ઋણી છીએ. ઉપરાંત અંક તૈયાર કરવામાં ટેકનિકલ અને અન્ય રીતે મદદરૂપ થનાર મુદ્રણકાર અને ડીઝાઈનરના પ્રત્યે પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૩૩૭ ૦૮૪૯૪

પ્રબુદ્ધ વાચકો,

એપ્રિલ મહિનાથી આપણા સમાજના સિદ્ધહસ્ત, વિદ્વાન અને સહુના લાડીલા લેખક પદ્મશ્રી કુમારપાળ દેસાઈની કલમે આરંભ થાય છે એક વિશેષ શ્રેણીનો.

**''મારો અસબાબ''**

અનેક ક્ષેત્રમાં કાર્યરત અને બહોળું અનુભવ વિશ્વ ધરાવતા શ્રી કુમારપાળ દેસાઈનું જીવન રોચક અને સમૃદ્ધ રહ્યું છે.


તેઓ પોતાના જીવનમાં અનેક માનવંતા લોકપ્રિયા વ્યક્તિને મળ્યા અને તે સહુ સાથેના અંકિત સ્મરણો એમની કલમે પ્રથમવાર માણવા મળશે, અને મહાનુભાવો સાથે તેમના અનુભવો. મુલાકાતો, તેમની જીવનરસિક અને માર્ગદર્શક વાતો. આ બધું જ પ્રગટ થશે માત્ર પ્રબુદ્ધ જીવનના વાચકો માટે.

**તો ચાલો વાચવા તૈયાર રહીએ એપ્રિલ ૨૦૨૧ : ''મારો અસબાબ'' પદ્મશ્રી કુમારપાળ દેસાઈની કલમે.**



# કસ્તૂરબા ન હોત તો મહાત્મા ન હોત...

## સંકલન : સોનલ પરીખ



**મ**હાત્મા ગાંધી જો વટવૃક્ષ હોય તો કસ્તૂરબા તેનાં મૂળ છે. એમના વ્યક્તિત્વ અને પ્રદાન પર બનેલા પ્રસિદ્ધ ગુજરાતી નાટક 'કસ્તૂરબા' વિશેની રસપ્રદ વાતો તેના દિગ્દર્શક અને કલાકારો પાસેથી સાંભળીએ.

કસ્તૂરબા નાટકનો પહેલો શો એમની ૬૯મી પુણ્યતિથિએ ગુજરાત વિદ્યાપીઠમાં થયો. તેના દિગ્દર્શક છે અભિનેત્રી, નાટ્યસર્જક, કર્મશીલ અને જશવંત ઠાકર મેમોરિયલ ટ્રસ્ટના ડાયરેક્ટર અદિતિ દેસાઈ. નાટકને સમાજિક નિસબત વ્યક્ત કરવાના માધ્યમ તરીકે પણ જોતા અદિતિ દેસાઈએ વ્યાવસાયિક નાટકો ઉપરાંત ૨૦૦૨ના રમખાણોનો ભોગ બનેલી સ્ત્રીઓની અને જેલકેદી મહિલાઓની તકલીફોને વાચા આપતી થિયેટર વર્કશોપ્સ પણ કરી છે. 'કસ્તૂરબા' નાટકમાં તેમણે સરોજિની નાયડુનું પાત્ર કર્યું છે.

**અદિતિ દેસાઈ** : 'કસ્તૂરબા' નાટકની પ્રેરણા મને મારી મા પરથી મળી. મારા પિતા જશવંત ઠાકરની સફળતા પાછળ મારી માનો ફાળો ઘણો મોટો હતો. મારા પિતાએ જિંદગીભર થિયેટર કર્યું. એમણે ગાંધીજી પાસે અપરિગ્રહનું વ્રત લીધું હતું. જે કમાય તે નાટકોમાં નાખે અથવા ગરીબોને મદદ કરવામાં ખર્ચે. મા ડોકટર હતી. ઘર અને સંતાનોની તમામ જવાબદારી તેણે ઉપાડી. મારા પિતાનું નામ દેશવિદેશમાં થયું પણ તેની પાછળ માનું જે પ્રદાન હતું તે કદી કોઈએ ન જાણ્યું. કસ્તૂરબાનું પણ તે જ છે. બાપુને આખી દુનિયા જાણે છે, કસ્તૂરબાને કોઈ નથી જાણતું. આ નાટક મારા માટે કેથાર્સિસ બની રહ્યું છે. કસ્તૂરબા નિમિત્તે મારી પોતાની મા માટેની તીવ્ર લાગણીઓ મોકળી થઈ છે.

પણ રસ્તો સરળ ન હતો. બજેટથી માંડી પટકથા અને પાત્ર-પસંદગીના અનેક પડકારો સામે હતા. જૂનાગઢમાં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં નારાયણભાઈ દેસાઈને મળી મેં વિનંતિ કરી, 'મને કસ્તૂરબાનું નાટક લખી આપો.' તેમણે મને વેડછી બોલાવી. હું ગઈ. આખો દિવસ ચર્ચા ચાલી. તેઓ ત્યારે ગાંધીકથા કરતા – 'હું ગાંધી-ગાંધી કરું છું, તમે કસ્તૂર-કસ્તૂર કરો છો. કેવી રીતે મેળ પડશે?' તેઓ આમ પણ ખૂબ વ્યસ્ત હતા. ૮૯ વર્ષની ઉંમર. કહે, 'મારી ગાંધીકથા ચાલતી હોય ત્યાં આવો. કથા પછી બેસીએ. હું બોલતો જઈશ. તમે લખી લેજો.' હું અને રક્ષાબહેન પટેલ એક ગાંધીકથામાં ગયાં અને લખ્યું. ક્યારેક તેઓ કંઈક લખી મોકલે. આમ એક વર્ષના અંતે એક નાટક જેટલું મટિરિયલ એકઠું થયું. અમે ગોઠવવા માંડ્યું, ત્યારે ધ્યાન આવ્યું કે પ્રસંગો તો છે, પણ જીવ આવતો નથી. બીજા સોર્સિઝ પણ લેવા જોઈશે. પણ નારાયણભાઈને કહે કોણ? પછી ધીરુબહેન પટેલ અને અને નૌશિલભાઈ મહેતાને ઈન્વોલ્વ કર્યા. ગીતો લખ્યાં. પાત્રો શોધ્યાં. દશ્યો જોડવા માટે અને આઝાદીના ઇતિહાસના સંદર્ભ માટે પ્રવક્તાની જરૂર લાગી. આર જે દેવકીને એ સોંપ્યું.

અમારો ઉત્સાહ ભયંકર હતો પણ પૈસા નહોતા. વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર સુદર્શન આયંગરે મદદ કરી. કોસ્ચ્યુમમાં મુશ્કેલી હતી. તે વખતે વપરાતી તેવી ખાદીની સાડીઓ કેમ શોધવી? રાજકોટ, પોરબંદર, દક્ષિણ આફ્રિકા, ઓરિસ્સા, યરવડા-આગાખાન જેલ વગેરેના સેટ્સ કેવી રીતે બનાવવા? સવાલો ઊભા થતા ગયા, હલ નીકળતા ગયા. પ્રતિસાદ સારો મળ્યો. અમદાવાદ, મુંબઈ, અન્ય શહેરોમાં શો કર્યા. ન્યૂ જર્સીમાં પણ ભજવ્યું અને સ્ટેન્ડિંગ ઑવેશન મેળવ્યું.

એક શોની વાત ખાસ કરવી છે. અમે અંતરિયાળ ગામોમાં પણ શો કરતા. એક વાર ચાર ગામના લોકોએ ભેગા મળી ચિઠ્ઠીઓ ઉછાળી ગામ નક્કી કર્યું અને અમને બોલાવ્યા. કોઈના ખેતરમાં ગામલોકોએ જ મહેનત કરીને સ્ટેજ ઊભું કર્યું. પગમાં ઢેફાં વાગે પણ અમારા અને લોકોના ઉત્સાહનો પાર નહીં. ખૂબ સરસ શો થયો. છ ગામના પંદરવીસ હજાર લોકોએ માણ્યો. ગાંધીજી-કસ્તૂરબાની વાત બહુ જુદી રીતે તેમના સુધી પહોંચી. પછી તો એમણે પંદર હજાર રૂપિયા ભેગા કરી પાકું સ્ટેજ બાંધ્યું ને ત્યાં અમે 'અકૂપાર'નો શો મફત બતાવી આવ્યા.

ગાંધીજીની ભૂમિકા કરનાર અભિનય બેંકર કે કસ્તૂરબાની ભૂમિકા કરનારી કલ્પના ગાગડેકર કોઈ રીતે બા-બાપુ જેવા

દેખાય નહીં. પણ બા-બાપુનો સ્પિરિટ બન્નેમાં બરાબર દેખાય. આ બન્ને યુવાન, ગુસ્સાવાળાં. બા-બાપુ તો ઠરેલ, શાંત. અમે ત્રણે વિદ્યાપીઠમાં રેંટિયો કાંતતા શીખ્યાં ને શીખતાં શીખતાં શાંત થઈ ગયાં. એકાગ્રતા વધી અને નાટકમાં ડૂબી ગયાં. રેંટિયાની આ અસરની તો કલ્પના જ નહીં.

કસ્તૂરબા નાટકે અમને હૂંફ આપી છે, દિશાઓ સૂચવી છે, પરિવર્તનો આપ્યાં છે. બા-બાપુ અને એમની આસપાસના લોકો કેટલા મજબૂત, મૂલ્યનિષ્ઠ, અહિંસા-સત્યની તાકાતથી સમસ્યાઓ ઉકેલનારા. બા-બાપુની હ્યુમર પણ ગજબની. આવાં ઉમદા પાત્રોની સંગત પરિવર્તન ન લાવે તો જ નવાઈ. એની અસર અમારાં પછીનાં નાટકો પર પણ પડી છે.

**અભિનય બેંકર** : મારો મહાત્મા ગાંધી સાથેનો પરિચય પાઠ્યપુસ્તકો પૂરતો. અદિતિબહેને મને ગાંધીજીની ભૂમિકા કરવા કહ્યું ત્યારે મેં ના પાડી, હું બહુ જુદો દેખાઉં છું, પ્રેક્ષકો નહીં સ્વીકારે. અદિતિબહેન કહે, 'એ ભલે, પણ ગાંધીજીનો સ્પિરિટ લોકો સુધી તારે જ પહોંચાડવાનો છે.' 'કસ્તૂરબા' નાટકે મને ઘણું આપ્યું છે. ઘણું જાણવા મળ્યું, જીવન પર અસર થઈ.

હું ચોક્કસ માનું છું કે પુરુષ ત્યારે જ કંઈક કરી શકે જ્યારે તેને સ્ત્રીનો આધાર હોય. આપણે ગાંધીજીની સિદ્ધિઓને જોઈએ છીએ, કસ્તૂરબાનો ત્યાગ નથી દેખાતો, પણ સત્ય તો એ છે કે બા વગર બાપુ મહાત્મા ન થયા હોત. કસ્તૂરબા પૂજનીય છે પણ સાદાં છે, ગુપ્ત છે. એમની વધારે વાત થવી જોઈએ.

'કસ્તૂરબા' શરુ થયું ત્યારે લાંબી કોર્ટશીપ પછી હું પરણ્યો હતો. હવે હું રિલેટ કરી શકું છું કે પતિપત્નીનો સંબંધ શું છે. પત્ની પ્રત્યે માનથી જોતો થયો છું. સ્ત્રીના પ્રવેશથી પુરુષનું જીવન બદલાય છે. તેનામાં શિસ્ત, સમજ, સ્થિરતા અને સભરતા આવે છે. પુરુષનું આ નવું રૂપ સ્ત્રીને આભારી છે. છતાં બહાર દેખાતું નથી. 'કસ્તૂરબા' નાટકે મને આ પ્રતીતિ આપી છે.

**કલ્પના ગાગડેકર** : 'કસ્તૂરબા' માટે અદિતિબહેને મને કહ્યું ત્યારે હું કસ્તૂરબાના નામ સિવાય કશું જાણું નહીં. એક મહિનો વાંચ્યું, કાંત્યું, ગાંધી આશ્રમ ગઈ, બાની સાડી ચાંદલો બધું જોયું ત્યારે કંઈક ગડ બેઠી. હું ચોરી અને દારૂ માટે બદનામ છારા કોમની ને કસ્તૂરબા તો વૈષ્ણવ, શુદ્ધ શાકાહારી. હું એમનું રૂપ કેવી રીતે લઉં? પણ અદિતિબહેને વિશ્વાસપૂર્વક મને તૈયાર કરી.

હું ગુસ્સાવાળી, અધીર. બાને ઓળખવાનો પ્રયત્ન કરતાં હું સહનશીલતા ને ધીરજ શું કહેવાય તે શીખી. 'કસ્તૂરબા' જોઈ તુષાર ગાંધીએ કહ્યું કે 'મેં બાને જોયાં નથી, પણ તમને જોઈને થાય છે કે બા આવાં જ હશે.'

બાને સમજવા માટે મેં ગાંધીજીને સમજવાનો પ્રયત્ન પણ કર્યો છે. મને લાગે છે કે બાપુનો પ્રેમ દેશ પર હતો, સ્વતંત્રતા પર હતો. એ માટે તેમણે ઘણો ભોગ આપ્યો. પણ બા પર કદી ફોર્સ કર્યો નથી. બાને ઠીક લાગ્યું તે જ બાએ કર્યું. બાપુએ વાત મૂકી છે ને બાએ સ્વીકારી છે. સોયદોરાની જેમ બન્ને પરોવાયેલાં છે. હરિલાલ પુત્ર તરીકે કે બાપુ પિતા તરીકે ખરાબ ન હતા. પણ દેશને સર્વસ્વ આપનારનાં પત્ની-પુત્ર થવું  અઘરું છે.

આ નાટક વિશે સોનલ ભટ્ટ લખે છે, અમારા ગામ ઢોકળવાની વસ્તી ૬૦૦૦ની. 'કસ્તૂરબા' ભજવાયું ને ૩૦૦૦ લોકોએ જોયું. પોણા ભાગના ગાંધીબાપુને માત્ર ફોટાથી ઓળખે અને 'આઝાદી અપાવનાર મોટા માત્મા' એટલું જાણે. આ બધાએ કસ્તૂરબાની નીડરતા, કૌવત, વેદનાઅને પતિપ્રેમને જાણ્યાં અને ઝીલ્યાં. આવી અસરની અમે કલ્પના કરી ન હતી. બાનો પ્રભાવ આવો છે.

✦ ✦ ✦



# સત્યાગ્રહી કસ્તૂર

## તુષાર ગાંધી

ઇતિહાસે કસ્તૂર સાથે ન્યાય નથી કર્યો. તેણે તેને આપવું જોઈએ એટલું મહત્ત્વ નથી આપ્યું. એ માત્ર મહાત્માની પત્ની નહોતી. તે સ્વાતંત્ર્યસેનાની હતી. સત્યાગ્રહી હતી. પહેલા દક્ષિણ આફ્રિકામાં, પછી ભારતમાં અને છેલ્લે જેલમાં શહાદત આપી કસ્તુરે આઝાદીની લડતમાં પોતાનો જ્વલંત ફાળો નોંધાવ્યો, પણ ઇતિહાસે તેની જોઈએ તેવી નોંધ લીધી નહીં.

બાપુએ પોતાના જીવનમાં અને પોતે કરેલા સત્યાગ્રહોમાં કસ્તૂરના પ્રદાનનો જાહેર સ્વીકાર કર્યો હતો, છતાં તે તેના મૃત્યુ પછી તરત વિસરાઈ ગઈ. જેમણે પણ યાદ રાખી તે મહાત્માની પત્ની રૂપે, વ્યક્તિ તરીકે નહીં.

આત્મકથામાં બાપુ કસ્તૂરને પોતાની પહેલી ગુરુ ગણાવે છે અને પોતે સત્યાગ્રહ એની પાસેથી શીખ્યા તેમ કહે છે. એમનાં લગ્ન નાની ઉંમરે થયાં. પત્ની સાથે કેમ વર્તવું એવાં ચોપાનિયાં વાંચી મોહને પત્નીને ધાકમાં રાખવા માંડી. કસ્તૂરે બહાર જવું હોય તો મોહનને પૂછીને જવાનું એવો નિયમ બનાવ્યો. કસ્તૂર કંઈ બોલી નહીં પણ તેણે રોજ સાંજે એકાદ કલાક બહાર જવાનું ચાલુ રાખ્યું. ચોપાનિયામાં લખ્યું હતું કે જો પત્ની કહ્યું ન કરે તો પહેલા ચેતવણી આપવી ને પછી શિક્ષા કરવી. મોહને ચેતવણી આપી, ધમકી આપી અને છેવટે શિક્ષાની બીક બતાવી. તો પણ અસર ન થઈ એટલે મોહને કહ્યું, 'મારું નહીં માને તો તને તારા પિતાને ત્યાં મોકલી દઈશ.' કસ્તૂરે શાંતિથી પૂછ્યું, 'તો પછી હું તમારાં માનું માનવાનું બંધ કરું?' મોહનને આંચકો લાગ્યો. માની આજ્ઞા ન પાળવી એવું તો તે કહી જ કેવી રીતે શકે? કસ્તૂરે મોહનને સમજાવ્યું કે પોતે રોજ સાંજે સાસુ સાથે દર્શન કરવા જતી હતી. 'તમે ના કહેશો તો હું સાસુજીને કહીશ કે તમે મને તેમની સાથે મંદિરે જવાની મનાઈ કરી છે.'

મોહનને પોતાની ભૂલ સમજાઈ. એ પણ સમજાયું કે કસ્તૂર દબાઈ જાય એવી નથી. બાપુએ આત્મકથામાં લખ્યું છે કે અસહકાર અને સત્યાગ્રહનો પહેલો પાઠ હું બા પાસેથી શીખ્યો. બાપુના ગુરુ તરીકેનું શ્રેય આપણે રસ્કિન, શ્રીમદ રાજચંદ્ર અને તોલ્સ્તોયને આપીએ છીએ, પણ એ ભૂલી જઈએ છીએ કે સ્વયં બાપુએ બાને પોતાનાં પહેલાં ગુરુ તરીકે સ્વીકાર્યાં છે.

દક્ષિણ આફ્રિકામાં બાપુ નેતા તરીકે વિકસ્યા, આંદોલનો ચલાવ્યાં. કસ્તૂરે દીકરાઓને ઉછેર્યા, ડર્બન અને જોહાનીસબર્ગમાં બાપુના ઘર ચલાવ્યાં. બાપુના ઘરના દરવાજા અજાણ્યાઓ માટે પણ ખુલ્લા રહેતા. જોહાનીસબર્ગમાં બાપુના ઘરમાં પોલાક દંપતી રહેતું. આ દંપતી ફિનિક્સ આશ્રમમાં અને પછી તોલ્સતોય ફાર્મમાં પણ રહ્યું હતું.

### અંતિમ ઘડી

બાપુએ મુખમાં બાના ટોયું ગંગોદક શુભ,
પવિત્ર તુલસી પત્રે યુક્ત જે અતિ પાવન.
  ઉદ્‌બોધતાં ગંભીર સ્વસ્થ ભાવથી
  પાસે ઊભેલી પરિચાર મંડળી :
  'મિથ્યા હવે ઔષધ માત્ર જાણો,
  આવી ઘડી અંતિમ આ પ્રમાણો.
આળ પંપાળને જૂઠી હાવા સર્વ કરો પરી,
એક હી શરણું સત્ય : वैद्यो नारायणो हरिः'
  કો અંગુલિ તંબૂર ભર છેડતી,
  પૂરી રહે કો કરતાલ ઝંકૃતિ;
  ક્રમે ક્રમે આર્દ્ર વધુ બન્યે જતી
  रघुपति राघव ધૂન જામતી.
પ્રગટી દીપની જ્યોતિ, સળગી ધૂપની સળી,
અભયા વરદા વે'તી ગીતાજ્ઞાન પદાવલિ.
  બાની ફરે નજર ચોગમ એક વાર
  ચક્ષુ ભરી ફરી ફરી નીરખી રહંતઃ
  ચાલીસ કોટિ નિજનો પરિવાર મૂકી
  લેવા ચહે જનની આજ છેલ્લી વિદાય!
'શુશ્રૂષા બહુ છું પામી, વાંછું કલ્યાણ સર્વનું,
બોલ્યું ચાલ્યું જજો ભૂલી, લેશ ના મને લાવજો!'
  કારુણ્ય, વાત્મલ્ય, વિદાય વેદના–
  ભર્યા સર્યા શબ્દ મુખેથી બાના,
  સુણી દ્રવે અંતર આપ્ત કેરાં;
  લીલા હવે છે ક્ષણની જ થોડી
  ધારી, ભજી રે' સહુ મૌન, માત્ર
  અશ્રુઝરા વ્હે ધૃતિ-પાળ તોડી!

ક્રમશઃ પાનાં નં. ૧૨ પર

કસ્તૂરની છેલ્લી બે પ્રસૂતિ દક્ષિણ આફ્રિકામાં થઈ. બન્ને વખતે ઘણું લોહી વહી ગયું. પતિનું સફળ વકીલમાંથી સત્યાગ્રહી નેતામાં પરિવર્તન થઈ રહ્યું હતું. તેણે સાદાઈ અને સ્વૈચ્છિક ગરીબી અપનાવી હતી. અંગ્રેજ સરકારના વફાદાર તરીકે બોઅર યુદ્ધ અને ઝૂલુ વિદ્રોહ વખતે રણમેદાનમાં જઈ ઘાયલોની સેવા કરી હતી. સત્યાગ્રહી પતિને લોકોને માર્ગદર્શન આપતા ને પછી જેલમાં જતાં જોયો હતો. બે દીકરા પણ પિતાના પંથે સત્યાગ્રહ કરતા, જેલમાં જતાં. ક્યારેક ત્રણે જેલમાં હોય એવું પણ બનતું.

કસ્તૂરની તબિયત બગડતી જતી હતી. બે વાર તો મોતના મોઢામાંથી પાછી આવી હતી. ઓપરેશન કર્યું પણ તેનો ખાસ ફાયદો થયો નહીં. મોહને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. કસ્તૂર તેને અનુસરી. હવે તે આશ્રમવાસીઓની 'બા' હતી. આખરે તેને સત્યાગ્રહી બની જેલમાં જવાનો પ્રસંગ પણ આવી ગયો.

૧૯૧૩નું એક દિવસે મોહને તેને કહ્યું કે નવા કાયદા પ્રમાણે અંગ્રેજ વિધિથી ન થયાં હોય તેવાં લગ્નો અમાન્ય ગણાશે. એટલે કસ્તૂર તેની રખાત ઠરશે અને સંતાનો ગેરકાયદેસર. કસ્તૂરનું લોહી તપી ગયું. અગ્નિની સાક્ષીએ, સગાસંબંધીઓની હાજરીમાં, સાત ફેરા ફરી કરેલાં લગ્ન અમાન્ય? મોહને કહ્યું, તમારે સ્ત્રીઓએ તમારા અધિકાર માટે લડવું જોઈએ.

અને બાએ સત્યાગ્રહ કરવાનો નિર્ણય કર્યો. ત્રણ સ્ત્રીઓ અને બાર પુરુષોની આગેવાની લઈ તેઓ ફિનિક્સ આશ્રમથી નીકળ્યાં, પકડાયાં અને જેલમાં ગયાં. બાણે ત્રણ મહિનાની સખ્ત મજૂરીની સજા આપી પીટરમેરીત્સ્બર્ગ નજીક વોકસ્ટર જેલમાં કેદ કર્યાં. એ જેલ કેદીઓ સાથે અમાનવીય વર્તાવ કરવા માટે કુખ્યાત હતી. જેલમાં પ્રવેશ્યા પછી બધાને કલાકો સુધી ખુલ્લામાં ઊભા રખાયા. પછી શરીરનાં ગુપ્ત અંગો સહિતની તપાસણીમાંથી પસાર થવાનું, એ પણ ખુલ્લામાં. બા અને બીજી સ્ત્રીઓએ આવી તપાસણીનો ઈનકાર કર્યો. ધાકધમકીને વશ ન થયા, ત્યારે પછી તેમને ઓરડામાં લઈ જઈ તપાસ કરી. જેલની કોટડીઓ ખૂબ ગંદી હતી. બાએ તેમાં રહેવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે તેઓ કોટડી જાતે સાફ કરવા તૈયાર છે પણ તેમની સાથે જેલની નિયમાવલી મુજબનું વર્તન થવું જોઈએ. બાની મક્કમતા જોઈ જેલ-અધિકારીઓ એમ કરવા તૈયાર થયા અને તેમને રાજકીય કેદીઓ સાથે રાખવામાં આવ્યા.

ભોજન સમયે બાએ વોર્ડનને કહ્યું કે પોતે અને અન્ય સ્ત્રીઓ શાકાહારી છે. વોર્ડને તોછડાઈથી કહ્યું, 'એમ હોય તો ઘેંસમાંથી માંસનો ટુકડો કાઢી નાખજો, જેલમાં 'કુલીઓ' માટે

*અનુસંધાન પાનાં નં. ૧૧*

ક્ષણમાં શામતો વ્યાધિ, ક્ષણમાં વાધતો વળી,
અદષ્ટ ફાંસલો કોઈ, કર્ષતો પ્રાણ પિંડથી.
ઘડીકમાં મંદ થતી જતી અતિ,
ઘડીકમાં વેગ થકી જ દોડતી;
અંગુષ્ઠના મૂલ થકી ખસી જતી
નાડી ધીરેથી નિજ સ્થાન છોડતી.
ઉષ્મા ક્ષીણ થતી જાતી ધીરેથી ગાત્ર ગાત્રની,
ખરવા પર્ણને હાવાં વારે છે ફૂંક માત્રની!

ઓચિંતાનાં નયન ઊઘડ્યાં, શોધતાં બાપુને બા,
સાન્નિધ્યે જે સતત રટતા રામને એકચિત્તે,
ઉધામો લૈ, અતિ શ્રમ થકી શીર્ષ ઊંચું કરીને,
બાએ છેલ્લાં શયન રચિયાં બાપુ કેરા ઉછંગે!

મળી બે નજરો છેલ્લી, વાતો મૂક કરી રહી,
સુદીર્ઘ સાઠ વર્ષોના દામ્પત્યે દષ્ટિ ઝૂલતી.
સુખે-દુઃખે, શોક-હર્ષે સદૈવ
ધારી રે'તા ધૈર્યથી જે સમત્વ,
દેતાં બાને આજ છેલ્લી વિદાય
બાપુની યે અશ્રુથી આંખ ભીંજે!

જગની કટુતા કેરા જીરવ્યા વિષઘૂંટડા
તમે બા! હસતે મોઢે, અમોને ધર્યું અમૃત!
શૂળી પરે સેજ બિછાવી બા! તમે
અખંડ જાગ્યાં, પગલે પતિને
પળ્યાં, ગ્રહ્યો કંટક પંથ આકરો!
ને અંતમાં એ ઋષિ-ઋત્વિજે રચ્યા
સ્વાધીનતાયજ્ઞ તણાં બલિ બની,
જીવી ગયાં બા! અસિધાર જિંદગી!
સંસારમાં જોડ જતિ-સતીની,
ફરી ન આવી જડવી સુધન્ય.

* * *

મહાદેવ અને બાની સમાધિ જોડજોડમાં,
નિમંત્રી યાત્રીને રે'શે આગાખાન મહેલમાં.

– બાલમુકુન્દ દવે

અલગ ભોજન બનશે નહીં.' બા ભૂખહડતાલ પર ઊતરી ગયાં. જેલના નિયમો મુજબ જુદા ખોરાકની માંગણી કરે તેને ફળો અને દૂધ મળે. 'અમને ફળ અને દૂધ આપો નહીં તો ઉપવાસ ચાલુ રહેશે' બાએ નિર્ભયતાપૂર્વક કહી દીધું. જેલમાં પણ બાની આ ખુમારી હતી. પણ ફળ અને દૂધ અપૂરતાં અને હલકી ગુણવત્તાવાળા મળતાં અને સખ્ત મજૂરી તો ખરી જ – નાજુક તબિયતનાં બા સાવ જ નખાઈ ગયાં. જેલ ભોગવીને બહાર આવેલાં બાની ઉંમર જાણે અચાનક વધી ગઈ હતી.

૧૯૧૪માં મોટા ભાગની માંગણીઓ પૂરી થતા બા-બાપુએ દક્ષિણ આફ્રિકા છોડ્યું. લંડનમાં થોડાં દિવસ રોકાઈ ૯ જાન્યુઆરી ૧૯૧૫ના દિવસે તેઓ ભારત પહોંચ્યાં. તેમના સન્માનમાં અનેક મેળાવડા થયા. બાપુ સાથે બાનું પણ સન્માન થતું. અમદાવાદના કોચરબમાં તેમણે પહેલો આશ્રમ શરુ કર્યો. ત્યાં બાપુ એક હરિજન પરિવારને પણ રાખવા માગતા હતા. બા અને કેટલાક આશ્રમવાસીઓએ તેનો વિરોધ કર્યો. બાપુ મક્કમ રહ્યા. બાપુનાં બહેન અને બીજા કેટલાક આશ્રમ છોડી ચાલ્યા ગયાં, પણ બાએ છેવટે એ પરિવારને અપનાવી લીધો. એમની દીકરીને પોતાની દીકરી ગણી. ત્યાર પછી સાબરમતી આશ્રમની સ્થાપના થઈ. બાને થયું, હવે ઠરીને રહીશું. પણ બાપુએ બિહારના ચંપારણમાં સત્યાગ્રહ ઉપાડ્યો. થોડાં વખતમાં બા પણ ત્યાં પહોંચ્યાં. ત્યાં એમણે રચનાત્મક કાર્યોમાં આગળ પડતો ભાગ લીધો. જેમને માટે બાપુ સત્યાગ્રહ કરતા હતા એ ગરીબ ખેડૂતોના સ્ત્રીબાળકોની સ્વચ્છતા, આરોગ્ય અને શિક્ષણ માટે બા કામે લાગ્યાં. બાપુએ જોયું કે સ્ત્રીઓ ભાગ્યે જ બહાર નીકળે છે અને કોઈ સાથે વાત કરતી નથી. તેમના સુખદુઃખ જાણવાનું કામ બાપુએ બાને સોપ્યું. બાએ એમની ઝુંપડીઓમાં જઈને જે જોયું તે ચોંકાવનારું હતું. સ્ત્રીઓ એટલા માટે બહાર ન આવતી કે તેમની પાસે પૂરતાં કપડાં ન હતાં. ચંપારણમાં એટલી ગરીબી હતી કે આખા કુટુંબ વચ્ચે એકાદું કપડું જ હોય – તેને જ પુરુષ લુંગી તરીકે વીંટી લે અને સ્ત્રી સાડી તરીકે. આ ગરીબી જોઈ બા અને બાપુએ પોતાની જરૂરિયાતો સાવ ઓછી કરી નાખી.

ભીતીહરવામાં બાએ એક આશ્રમ અને એક શાળા શરુ કર્યાં. સ્ત્રીઓને ગૃહઉદ્યોગ શરુ કરવાનું પ્રોત્સાહન આપ્યું. અંગ્રેજ નીલવરો તેનાથી ગુસ્સે થયા. એમાંના એકે બા વિરુદ્ધ એક લેખ લખ્યો. બાએ તો તેના પર ધ્યાન ન આપ્યું, પણ બાપુએ તેના જવાબમાં જે લેખ લખ્યો તેમાં બા પ્રત્યેનો એમનો આદર વ્યક્ત થાય છે. પણ પેલા નીલવરે તો બાના ઝૂંપડા પર, જેમાં હવે પ્રાથમિક શાળાનો વર્ગ ચાલતો હતો, હુમલો કરાવ્યો. બાએ ગભરાયા વિના ઝૂંપડું ફરીથી ઊભું કરાવ્યું. બાપુનો જીવ લેવાનું કાવતરું પણ એ જ નીલવરે કર્યું હતું. એ કાવતરું સફળ ન થયું. બાપુએ તેના વિરુદ્ધ ફરિયાદ ન કરી. બાપુની આ તાકાતની પાછળ બાની જ શક્તિ હતી.

૧૮૧૮, માર્ચ મહિનામાં બા સાબરમતી આશ્રમ પાછા ફર્યાં. હરિલાલની પત્ની ગુલાબ નાનાં સંતાનોને લઈને આવી હતી. બાનું માતૃત્વ કોળી ઊઠ્યું, પણ થોડાં જ મહિનામાં રાજકોટ ગયેલી ગુલાબ અને તેનો નાનકડો દીકરો ઇન્ફ્લ્યુએન્ઝાનો શિકાર બની મૃત્યુ પામ્યા. બાને ખૂબ આઘાત લાગ્યો. આ બાજુ બાપુને સખત મરડો થયો. બા પોતાનું દુઃખ દબાવી એમની સેવામાં લાગી ગયાં.

૧૯૨૦માં બાપુએ અસહકાર આંદોલન ચલાવ્યું. બા હરિલાલનાં નાનાં બાળકોને લઈને સાબરમતી ગયાં અને આખા આશ્રમનાં બા બનીને રહેવા લાગ્યાં. આ અરસામાં તેઓ કાંતતા શીખ્યાં. તેઓ ઝડપથી તેમાં પ્રવીણ બની ગયાં અને આશ્રમની અન્ય બહેનોને શીખવવા લાગ્યાં. સરકારે બાપુને જેલમાં પૂર્યા. બા હવે આશ્રમનાં સંચાલનમાં સક્રિય બન્યાં. ૨૩ માર્ચના 'યંગ ઇન્ડિયા'માં બાએ ભારતવાસીઓને દેશની સેવા કરવાનું અને કોંગ્રેસના રચનાત્મક કામોમાં ભાગ લેવાનું તેમ જ સ્વદેશી અપનાવવાનું, વિદેશી ચીજોનો બહિષ્કાર કરવાનું અને દારૂની દુકાનો બંધ કરાવવાનું આવાહન આપ્યું. એમની પ્રેરણાથી અનેક સ્ત્રીઓ અને તેમનાં કુટુંબો ખાદી પહેરતા થયાં.

૧૯૩૦માં બાપુએ મીઠાનો સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું. સાથે ઘોષણા કરી કે સ્વરાજ લીધાં વિના આશ્રમમાં પાછો નહીં ફરું. ફરી એક વાર બા ઘર વિનાના થવાના હતાં. ૧૨મી માર્ચે કૂચ નીકળવાની હતી. બાપુ સાથે ૭૮ સત્યાગ્રહીઓ જવાના હતા, જેમાં મણિલાલ અને કાંતિ પણ હતા. બાપુના માથા પર તિલક કરીને બા પણ સત્યાગ્રહીઓ સાથે પ્રીતમનગર સુધી સાથે ગયાં. વચ્ચે બે વાર તેઓ કૂચમાં જોડાયા હતાં. ૬ એપ્રિલે બાપુએ દાંડીના કિનારેથી મૂઠી મીઠું ઉઠાવીને અન્યાયી કાયદો તોડ્યો. મીઠાના સત્યાગ્રહમાં સરકારે બાપુ, દેવદાસ અને રામદાસને જેલમાં પૂર્યા. મણિલાલ ધમાસણમાં જખમી થયા અને પકડાયા. બધા જુદી જુદી જેલોમાં હતા. પતિ અને પુત્રોને મળવા બા એકથી બીજી જેલમાં જતાં. દેવદાસને મળવા તેઓ જ્યારે પંજાબની જેલમાં ગયાં ત્યારે હજારો ગામવાસીઓ 'માતા કસ્તૂરબા'નું સ્વાગત કરવા એકઠા થયા અને એમનું સન્માન કરી, સરઘસ કાઢી જેલ સુધી લઈ ગયા.

હવે બાપુએ સત્યાગ્રહમાં સ્ત્રીઓને પણ સામેલ કરવાની

ઝુંબેશ ઉપાડી. બા દેશભરમાં ફરી સ્ત્રીઓને સંબોધતાં અને સત્યાગ્રહમાં જોડાવા પ્રેરતાં. સ્ત્રીઓ વિદેશી ચીજો અને દારૂની દુકાનો પર પિકેટીંગ કરવા લાગી. ગોળમેજી પરિષદ પછી લંડનથી મુંબઈ આવેલા બાપુને સરકારે કેદ કરી યરવડા જેલમાં રાખ્યા. દસ દિવસ પછી બાને પકડ્યાં અને સાબરમતી જેલમાં રાખ્યાં. છૂટ્યા પછી બા બાપુને મળવા માગતા હતાં પણ બાપુ ત્યારે કોઈને મળતા નહીં. બાએ વાત જોઈ. બાપુએ લોકોને મળવાનું ચાલુ કર્યું ત્યાં બાને ખેડા જિલ્લાના રસ ગામથી પકડ્યાં અને છ મહિનાની દંડ સહિતની સજા કરી. બા દંડ ભરવા તૈયાર ન હતાં તેથી સજામાં દોઢ મહિનાનો વધારો થયો. ફરી વાર તેમને સાબરમતી જેલમાં જ રાખ્યાં. ૨૦મી સપ્ટેમ્બરે બાપુએ યરવડા જેલમાં હરિજનો માટે અલગ મતક્ષેત્રના બ્રિટીશ પ્રસ્તાવ વિરુદ્ધ ઉપવાસ શરુ કર્યા. ૨૨મી સપ્ટેમ્બરે બાને સાબરમતી જેલથી યરવડા જેલમાં લઈ જવામાં આવ્યાં. તેઓ સ્ત્રીવોર્ડમાં હતાં પણ તેમને બાપુ પાસે જવાની છૂટ હતી. ૨૬ સપ્ટેમ્બરે પુના કરાર પછી બાપુએ બાના હાથે નારંગીનો રસ પી ઉપવાસ છોડ્યા. બા જેલમાં હતા ત્યાં સુધી તેઓ રોજ બાપુ પાસે આવતાં અને બાપુ માટે રાંધતાં પણ ખરાં. સજા પૂરી થતા બા છૂટ્યાં અને બાપુને 'કામ ચાલુ રાખીશ' એવી ખાતરી આપી. મદ્રાસમાં અસ્પૃશ્યતા નિવારણ સભામાં બાપુ વતી હાજરી આપી.

બ્રિટીશ સરકારને બા આંખના કણાની જેમ ખૂંચતા હતાં. ૧૯૩૩ની ફેબ્રુઆરીમાં તેમણે બાને છ મહિના માટે ફરી કેદ કર્યાં. ૮ મેના દિવસે બાપુએ જેલમાં ૨૧ દિવસના ઉપવાસ શરુ કર્યા. તેમની તબિયત ખરાબ થતાં સરકારે ૧૩ મેના દિવસે તેમને છોડ્યા. ૧૪ મેના દિવસે બા હરિલાલને લઈ બાપુને લેવા પૂના ગયાં. ૬ જૂને તેમના સૌથી નાનાં પુત્ર દેવદાસના લગ્ન રાજગોપાલાચારીની પુત્રી લક્ષ્મી સાથે થયાં.

થોડાં દિવસ બાદ મહારાષ્ટ્રમાં હરિજનયાત્રા દરમ્યાન કોઈએ બા-બાપુની કાર પર બોમ્બ ફેંક્યો. સદ્ભાગ્યે બેમાંથી કોઈને ઈજા ન થઈ.

જેલ હવે એમનું બીજું ઘર બની ગઈ હતી. ઓગસ્ટમાં બા અને બાપુ જુદી જુદી જેલમાં હતાં. ૧૬ ઓગસ્ટે બાપુએ ઉપવાસ શરુ કર્યા. ૧૯૩૪ના એપ્રિલ મહિનામાં સુશીલા-મણિલાલને ત્યાં અરુણનો, લક્ષ્મી અને દેવદાસને ત્યાં તારાનો અને નિર્મળા-રામદાસને ત્યાં ઉષાનો જન્મ થયો. ત્રણે શુભ સમાચાર બાને જેલમાં જ મળ્યા.

જેલમાંથી છૂટ્યા પછી બા ફરી ઘર વિનાનાં હતાં. બાપુએ સ્વરાજ લીધાં વિના સાબરમતી આશ્રમ ન જવું એવી પ્રતિજ્ઞા લીધી હતી. આશ્રમ હરિજન સેવક સંઘને સોંપવામાં આવ્યો હતો. બાએ ગામડાઓમાં ફરવા માંડ્યું અને બહેનોને રચનાત્મક કામો માટે તૈયાર કરવા માંડી. થોડો વખત બાપુ સાથે ફર્યા અને થોડો વખત દીકરાઓને ત્યાં ગાળ્યો.

૧૯૩૬માં બાએ હરિલાલ પર ખુલ્લો પત્ર લખી પોતાની પીડા

## પૂજ્ય બા

અમારા હિંદની માતા,
અમારી પૂજ્ય કસ્તૂરબા.
ઘરે આયેશ્વરી માતા, જગે વિશ્વેશ્વરી માતા,
સૌ કો ગુણ તુજ ગાતા, અમારી પૂજ્ય કસ્તૂરબા.
મૂકી ધન માલ ને માળા, બગીચા બાગ ફૂલ વાળા;
બની જોગણ દેશ માટે, અમારી પૂજ્ય કસ્તૂરબા.

ન રાખી માનની પરવા, ન રાખી જાનની પરવા;
જપે મંત્ર ભારતમુક્તિના, અમારી પૂજ્ય કસ્તૂરબા.
કરી હાકલ બાપુએ, અસ્પૃશ્યતા દૂર કરવાને;
પડતો બોલ ઝીલ્યો તે, અમારી પૂજ્ય કસ્તૂરબા.

લીધી દત્તક બાળાને, ગણી પુત્રી સમી તેને;
જગાડ્યા હિંદવાસીને, અમારી પૂજ્ય કસ્તૂરબા.
અમર નામ તેં કીધું, ભારતમાં જન્મ ધારીને;
ચઢી ઇતિહાસને પાને, અમારી પૂજ્ય કસ્તૂરબા.

અરે બંધુ અને બહેનો, રૂડો બોધ લ્યો બાનો,
સતી સીતા સમાણી એ, અમારી પૂજ્ય કસ્તૂરબા
જેલને મહેલ જ માન્યો, પતિની સેવના કરવાને;
ઊભો ત્યાં કાળ આવીને, અમારી પૂજ્ય કસ્તૂરબા.

દીધો પ્રાણ પણ આપી, નીતિમય શસ્ત્ર કર ઝાલી;
નમું સ્નેહ માતા, અમારી પૂજ્ય કસ્તૂરબા.

*

હો! પૂજ્ય કસ્તૂરબા! કારાગૃહમાં કરમાય તું,
ભારતને ત્યાગી અરેરે! સ્વર્ગવાસી થાય તું.
પૂજ્ય કસ્તૂરબાને પ્રભુ! તુજ હૃદયમાં સમેટી;
દેજે મોક્ષ પદને, સદા ચિર શાન્તિ...

– રતનજી ગો. કાનીટકર

અને પ્રેમ વ્યક્ત કર્યા. હરિલાલ બાના પહેલા ખોળાના પુત્ર. નજર સામે તેનું જીવન બરબાદ થતું જોઈ બા અંદરથી ભાંગી પડ્યા હતાં. માર્ચ મહિનામાં બા વર્ધા આવ્યાં. સેવાગ્રામ આશ્રમ તૈયાર થઈ રહ્યો હતો. સેવાગ્રામ બા-બાપુનો છેલ્લો આશ્રમ-છેલ્લું ઘર સાબિત થયો. સેવાગ્રામમાં બા પોતાની રીતે મોકળાશથી રહ્યાં. બાપુએ તેમને દરેક પ્રકારની સ્વતંત્રતા આપી હતી. બા આશ્રમનાં સંચાલનમાં ભાગ લેતાં અને કંઈ ખોટું થતું લાગે તો બાપુને કહેતાં. હરિલાલનો પુત્ર કાંતિ ભણવામાં તેજસ્વી હતો અને ડોક્ટર બનવા માંગતો હતો. તેને મેટ્રીકની પરીક્ષા આપવા મુંબઈ જવું હતું. બાપુએ કહ્યું કે મુંબઈ જવાની વ્યવસ્થા તેણે પોતે જ કરી લેવી જોઈએ. બાએ કહ્યું, 'પોતે કેવી રીતે કરે?' અને બાએ જમનાલાલ બજાજને કહી કાંતિની મુંબઈ જવાની અને રહેવાની વ્યવસ્થા કરાવી. બાપુ કંઈ ન બોલ્યા.

માર્ચ ૧૮૩૮માં બાપુ બંગાળ અને ઓરિસ્સામાં અસ્પૃશ્યતા નિવારણ માટે ફરતા હતા. બા અને સેવાગ્રામના અન્ય કેટલાક લોકો સાથે હતા. જ્યારે તેઓ જગન્નાથપુરી પહોંચ્યાં, બા મહાદેવ ભાઈનાં પત્ની દુર્ગાબહેન અને અન્ય બહેનો સાથે પુરીના મંદિરમાં દર્શન કરવા ગયાં. બાપુ તે વખતે મંદિરના પૂજારીઓ સાથે હરિજનો માટે મંદિર ખુલ્લું મુકવાની વાટાઘાટ ચલાવી રહ્યા હતા. હરિજનોને મંદિરમાં પ્રવેશ ન મળે ત્યાં સુધી પોતે પણ મંદિરમાં નહીં પ્રવેશે તેવો નિર્ણય કર્યો હતો. એવે વખતે બાનું મંદિરમાં જવું તેમને બિલકુલ ન ગમ્યું. પોતાની ભૂલથી બા દુઃખી થયાં.

૧૯૩૯માં કોંગ્રેસે રજવાડાઓમાં લોકશાહી વહીવટ માટે આંદોલન છેડ્યું. રાજકોટના રાજા અને દીવાન ગાંઠતા ન હતા. સરદાર પટેલનાં પુત્રી મણિબહેને સત્યાગ્રહ કર્યો, રાજાએ તેમને કેદ કર્યા. સમાચાર સાંભળીને બા ઊકળી ઊઠ્યાં અને તાબડતોબ સેવાગ્રામથી રાજકોટ આવી સત્યાગ્રહનું સુકાન હાથમાં લીધું. રાજાએ તેમને પણ કેદ કર્યાં અને ત્રંબાની રાજાની કોઠીમાં રાખ્યાં. વીસેક દિવસ બાદ બાપુ રાજકોટ આવ્યા અને ઉપવાસ પર ઊતર્યા. ઉપવાસ બાને છોડવા માટે નહીં પણ રાજકોટના રાજા અને દીવાન એક કરાર પર સહી કરીને ફરી ગયાં હતા તેની વિરુદ્ધ હતા. અઠવાડિયા પછી વાઈસરોય વચ્ચે પડ્યા. રાજા પર દબાણ આવ્યું. બાપુના ઉપવાસ અને બા બન્ને છૂટ્યાં. સત્યાગ્રહમાં બાની ભૂમિકા તેજસ્વી રહી, પણ તેમની તબિયત ઘણી ખરાબ થઈ ગઈ. તેઓ દિલ્હી દેવદાસને ત્યાં આરામ કરવા ગયાં. દિલ્હીમાં પ્યારેલાલ નય્યરના બહેન સુશીલા મેડીકલમાં ભણતાં. બા થોડાં દિવસ તેમની સાથે રહેવા ગયાં. સખત ગરમી હતી. સુશીલા જમીન પર પાણી નાખી પંખો ચલાવતાં. તેનાથી બાને બ્રોન્કો ન્યુમોનિયા થયો. બા દેવદાસને ત્યાં પાછાં આવ્યાં એણે ત્યાંથી સેવાગ્રામ. ૧૯૪૧નું આખું વર્ષ તેઓ સેવાગ્રામ હતાં.

૧૯૪૨માં બાપુએ 'હિન્દ છોડો' આંદોલન છેડ્યું. ૮ ઓગસ્ટે તેમણે ઘોષણા કરી, 'અંગ્રેજો ભારત છોડો' અને મંત્ર આપ્યો, 'કરેંગે યા મરેંગે.' બા સાથે જ હતાં. ૯ ઓગસ્ટે સવારે બાપુ ગોવાળિયા ટેન્ક પરથી લોકોને સંબોધવાના હતા, પણ અંગ્રેજોએ વહેલી પરોઢે જ એમની ધરપકડ કરી. અરુણા અસફઅલીએ સભામાં ત્રિરંગો ફરકાવ્યો અને પકડાયાં. સાંજે શિવાજી પાર્કમાં બાપુની સભા હતી, પણ બાપુ અને બીજા નેતાઓ જેલમાં હતા. બા શિવાજી પાર્ક ગયાં, લોકોને બાપુનો સંદેશો આપ્યો અને પકડાયાં. એમને સુશીલા નય્યર સાથે ભાયખલા જેલમાં લઈ જવામાં આવ્યાં. તેમની તબિયત ખૂબ ખરાબ થઈ ગઈ. સત્તાવાળાઓએ ગભરાઈને તેમને બાપુ અને મહાદેવભાઈ વગેરેને કેદ કર્યા હતા તે આગાખાન પેલેસમાં ખસેડ્યાં.

એક જ સપ્તાહ બાદ ૧૫ ઓગસ્ટે મહાદેવભાઈ હૃદયરોગના હુમલાને કારણે અવસાન પામ્યા. બા અને બાપુ માટે આ આઘાત અસહ્ય હતો.

૧૯૪૩નું વર્ષ બા અને બાપુ માટે સુખદ હતું. ૬૦ વર્ષના લગ્નજીવનમાં, ખાસ કરીને ૪૫ વર્ષના જાહેર જીવન બાદ બન્નેને કોઈ ખલેલ વગર સાથે રહેવાની તક મળી હતી. બાપુ બાને ભણાવતા. બા પણ આજ્ઞાંકિત વિદ્યાર્થી બની ભણતાં. રમતો રમતાં. વાતો-વિનોદ ચાલતાં. એ વર્ષે બે વાર બાપુની તબિયત ખૂબ બગડી. સરકારે જેલમાં જ એમની અંતિમ ક્રિયા માટે સુખડ મગાવી રાખ્યું અને બાપુને કંઈ થાય તો કયા શબ્દોમાં મરણનોંધ લખવી તેની તૈયારી કરી રાખી. પણ બાપુને હજી દેશકાર્યો કરવાના હતા. તેઓ સજા થઈ ગયા પણ ૧૯૪૪ની શરૂઆતમાં બા હૃદયરોગનો ભોગ બન્યાં. ત્યાર પછી તેઓ બીમારીમાંથી ઊભાં થઈ શક્યાં નહીં. આખરે જેલની દીવાલોમાં જ બાપુના ખોળામાં ૨૨ ફેબ્રુઆરીએ તેમણે છેલ્લો શ્વાસ લીધો.

(The Time line of Kasturba was compiled by Prof. Sudarshan Aiyangar for Gandhi Research Foundation, Jalgaon.)

પ્રસ્તુત અંકમાં તે ગુજરાતીમાં અનુવાદ કરીને મૂકી છે 'કસ્તૂરબા જીવન ઝરમર' (જુઓ લેખ ક્રમાંક ૨૬)

# બા

## દેવદાસ ગાંધી – અનુ. રમણીક સોમેશ્વર

**બા** છેલ્લી ઘડી સુધી હોશમાં હતાં. રવિવારને દિવસે પણ, – જ્યારે સરકારી વિજ્ઞાપનમાં એમની સ્થિતિ ચિંતાજનક દર્શાવવામાં આવી હતી, તેઓ તો ચરમસીમાએ પહોંચેલી પોતાની માંદગી પર વિજય મેળવવાની વિફળ આશા સેવી રહ્યાં હતાં. હૃદયની ક્રિયા ધીમી થવાને લીધે એમના મૂત્રપિંડનું કાર્ય ખોરવાયું હતું અને તાવ નહોતો છતાં ફેફસાંની સ્થિતિ બગડી હતી. લોહીનું દબાણ ૭૫/૫૨ જેટલું નીચું ગયું હતું. ડૉક્ટરોએ હવે પ્રયત્નો છોડી દીધા હતા. હું સોમવારે સાંજે પહોંચ્યો. ત્યારે તેઓ કષ્ટાતાં હતાં, જે કષ્ટને એમની સાથેની નજરકેદ મહિલાઓ જ પોતાની સેવા-શુશ્રૂષા દ્વારા કંઈક હળવું કરી શકી. ડૉક્ટરની ધારણા બહાર એ રાત તો વીતી ગઈ. એમના ઐહિક જીવનની એ છેલ્લી રાત હતી, જેની ક્ષણેક્ષણ બાની સંગિનીઓ અને બાપુએ સેવા કરવામાં વિતાવી. અર્ધ-સભાન અવસ્થામાં જ ભાંગ્યા-તૂટ્યા શબ્દોમાં, બહુ ધીમેથી માથું હલાવી તેઓ પોતાને પૂછાયેલ પ્રશ્નોના જવાબ આપતાં. એક વખત બાપુ જ્યારે એમની પાસે ગયા તો એમણે હાથ ઊંચો કરી પૂછ્યું, 'આ કોણ છે?' બાપુ લગભગ એક કલાક સુધી એમની પાસે બેસી રહ્યા, એનાથી એમને ઘણી શાંતિ મળી.

આમ તો બાપુના હાથ ધ્રૂજી રહ્યા હતા, પણ બા પાસે બેઠેલા તેઓ જાણે એમનાથી કેટલાંય વરસ નાના હોય એવું લાગતું હતું. આ દૃશ્ય જોઈ મને દક્ષિણ આફ્રિકાની ૩૨ વરસ પહેલાંની એ ઘટના યાદ આવી ગઈ, જ્યારે બા ત્રણ મહિનાના જેલવાસ પછી હાડકાંનો માળો બની બહાર આવ્યાં હતાં. તે સમયે એક રેલ્વે સ્ટેશન પર એક પરિચિત યુરોપિયન સાથે બાપુની મુલાકાત થઈ, તો એમણે એમનું પૂછ્યું, 'મિસ્ટર ગાંધી, શું આ તમારી માતા છે?'

સવારે બાની હાલત વધુ બગડી, પણ તેઓ શાંત જણાતાં હતાં. સોમવારે તો તેઓ આશાના તૂટતા દોરાને આશરે હતાં, પણ મંગળવારે એમના ચહેરા પર વિરક્તિ દેખાઈ. રોગનું જોર વધતું જતું હતું, પણ એમનું ચિત્ત શાંત અને મસ્તક પહેલાંથી પણ વધુ તેજસ્વી હતું. સોમવારથી એમણે કોઈ પણ ઔષધ, એટલે સુધી કે પાણી પણ લેવાનું બંધ કરી દીધું હતું; પરંતુ મંગળની બપોરે એક ટીપું ગંગાજળ લેવા એમણે મોઢું ખોલ્યું અને તેથી થોડી ક્ષણો માટે એમને શાંતિ મળી.

લગભગ ત્રણ વાગ્યે એમણે મને બોલાવ્યો અને કહ્યું, ''હવે હું જઈ રહી છું. કોઈને કોઈ દિવસ જવાનું તો છે જ, તો પછી આજે કેમ નહીં?'' આમ એ મને હિંમત આપવા લાગ્યાં. હું, એમનું છેલ્લું સંતાન, જાણે એમને રોકી બેઠો હતો; પરંતુ બે-ચાર વધુ મીઠી અને સ્નેહભરી વાતો કરીને એણે સૌની વચ્ચે પોતાની જાતને મારાથી અળગી કરી દીધી. તે સમયે એમનો સ્વર જેટલો સ્પષ્ટ અને શબ્દો જેટલા મધુર લાગ્યા એટલા પૂર્વે કદી નહોતા લાગ્યા. પછી તરત જ બંને હાથ જોડી, કોઈનો પણ સહારો લીધા વિના તેઓ બેઠાં થયાં અને મસ્તક નમાવી થોડી ક્ષણો સુધી શક્ય એટલા ઊંચામાં ઊંચા સ્વરમાં પ્રાર્થના કરતાં રહ્યાં, ''હે દીનદયાળ, દીનાનાથ હું તારી દયા ચાહું છું'' એમના મુખેથી આ જ શબ્દો વારંવાર નીકળતા હતા.

આંસુ સૂકવવા હું ઓરડામાંથી બહાર આવ્યો ત્યારે કલકત્તાથી મંગાવેલ પેનિસિલિન આગાખાં મહેલની પરસાળમાં આવી ગઈ હતી. જોકે ડૉક્ટર એને અજમાવવા ઇચ્છતા નહોતા. ન્યુમોનિયા તો એક વધારાનું લક્ષણ હતું. મૂત્રપિંડોનું તદ્દન અટકી ગયેલું કામ પેનિસિલિનથી ઠીક થઈ શકે તેમ નહોતું. અને વખત પણ ઘણો વીતી ગયો હતો. તેમ છતાં ન્યુમોનિઆ માટેની એ ચમત્કારિક દવા અનાયાસ જ પ્રયોગ માટે તૈયાર કરાઈ રહી હતી.

પાંચ વાગ્યાની આસપાસ બાની સામે જવા મેં ફરી સાહસ એકઠું કર્યું. એ જ મંદ હાસ્ય જે છેલ્લા ૪૩ વરસોથી મને પ્રસન્ન રાખતું આવ્યું છે. પરંતુ અત્યારે તો એ એક મરણાર્થી માનું ઉદાસ મરકલડું હતું જે પોતાના સંતાનને સાંત્વના આપવા હોઠ પર આવ્યું હતું. બા બીજા પ્રત્યે અતિ ઉદાર હતી પણ મને અન્યોથી અધિક પ્યાર કરતી. એમના નિકટ પરિચયમાં આવેલા એ સૌ લોકોની આ પક્ષપાત માટે હું બા વતી ક્ષમા ચાહું છું. બાના આ મલકાટે મને ફરી એકવાર પેનિસિલિન તરફ આકર્ષિત કર્યો અને એ અંગે ડૉક્ટરો સાથે વિચાર-વિમર્શ કરવો એ મને મારું કર્તવ્ય લાગ્યું. તેઓ એ અજમાવવા તૈયાર હતાં પણ સફળતાની લેશમાત્ર આશા એમણે મને આપી નહીં.

બાપુને જ્યારે ખબર પડી કે હું બાને એ કષ્ટદાયક ઈન્જેક્શન આપવાના પ્રસ્તાવ સાથે સહમત થઈ ગયો છું, તો પોતાનું સાંજનું ચાલવા જવાનું છોડી તેઓ મને સમજાવવા આવી ગયા. બોલ્યા, ''ભલે ગમે તેટલું ચમત્કારિક ઔષધ લઈ આવ, પણ હવે તું તારી માને સાજી કરી શકે તેમ નથી. તું હઠ કરીશ તો હું તારી વાત માની તો લઈશ, પણ તું મોટી ભૂલ કરી રહ્યો છે. છેલ્લા બે દિવસથી બાએ બધી જ દવાઓ, એટલે સુધી કે પાણી લેવાનું પણ બંધ કરી દીધું

છે. એ હવે ભગવાનના હાથમાં છે. તું ઇચ્છે તો એમાં હસ્તક્ષેપ કરી શકે પણ મારો મત તેથી વિપરિત છે. એટલું યાદ રાખજે તું તારી મરતી માને દર ચોથા કે છઠ્ઠા કલાકે ઈન્જેક્શનો દ્વારા શારીરિક પીડા આપવા જઈ રહ્યો છે.'' મેં વધુ ચર્ચા ન કરી. ડૉક્ટરોએ પણ નિરાંતનો શ્વાસ લીધો.

બાપુ સાથેનો મારો આ મીઠો ઝઘડો હજુ પૂરો જ થયો હતો ત્યાં કોઈએ આવીને ખબર આપ્યા કે બા બાપુને બોલાવે છે. બાપુએ ત્યાં જઈને બાને પોતાના ખભાને ટેકે સુવડાવ્યાં અને શક્ય એટલો આરામ આપવાની કોશિશ કરી. હું બીજા લોકોની સાથે બાના ચહેરાને એકીટસે જોતો સાથે ઊભો હતો. મેં જોયું કે એમના મુખની આભા ઊંડી ઊતરી ગઈ છે. તો પણ તેઓ કંઈક બોલ્યા અને પૂરો આરામ મળે એ માટે પોતાનાં હાથ માથા તરફ ઊંચક્યા.

અને ત્યારે જોતજોતામાં એમનો અંતકાળ નિકટ આવતો દેખાયો. કેટલીયે આંખોમાંથી એકી સાથે અશ્રુધારા વહેલાં લાગી, પરંતુ બાપુએ પોતાના આંસુ રોકી રાખ્યાં. બધા જ લોકો અર્ધવર્તુળાકારમાં ઊભા રહી ગયા અને બા સાથે તેઓ જે વરસો સુધી ગાતા રહ્યા હતા એવું બાનું પ્રિય ભજન ગાવા લાગ્યા. બે જ મિનિટમાં બા શાંત થઈ ગયાં.

આગાખાન જેલના એક સાથીએ મને કહ્યું હતું તેમ, ''બધા જ લોકો ભોજન કરી લે ક્ષણની જ બા રાહ જોતાં રહ્યાં.'' નજરકેદ-છાવણીઓમાં દિવસનું અંતિમ ભોજન સાંજના છના અરસામાં અપાય છે. બાનું મૃત્યુ ૭ વાગીને ૩૫ મિનિટે થયું.

* * *

## ભગવતી કસ્તૂરબાઈ ગાંધી

ને એને પડખે છે કોણ?
કસ્તૂરી શી મહેકતી તે તપસ્વિની!
સાધુવરની સાધ્વી નાર,
પત્નીઓમાં પરમ પત્ની
જગતની એ તો આદર્શ ગુજરાતણઃ
પ્રાણનાથની પ્રતિકૃતિ,
પ્રિયતમની પરમ શોભા,
જીવનના જીવિતેશ્વરનો
ઓળો આભા તેજમંડળ.
તપોવનની એ તો તાપસી,
નિર્ભય, નીડર, નિઃસંશય.
સુખદુઃખની તડકી-છાંયડીમાં
જીવન વિવિધતાના વનઉપવનમાં,
દેશપરદેશના રનપગથારમાં
પ્રાણની કાયા સરીખડી,
દેહની છાયા સમોવડી,
સદાસંગાથે પરવરે છે એ કુલકલ્યાણિની
સ્પાર્શ કે ચિતોડની કો'
ક્ષત્રિયાણીનો જાણે અવતાર.
એ તો પરણેલી બ્રહ્મચારિણી,
એ તો સંસારિણી મહાયોગિની.
ગુજરાતની એ તો ગુણિયલ;
ગુજરાતણની એ તો ગુણમૂર્તિ.
આશ્રમની એ તો માતુશ્રી,
નગરની એ જોગણ,
પ્રજાસંઘની એ પ્રેરણા,
જગતની સત્યતનીઓનું ભૂષણ,
અમારી એ તો અનુપમ ગુજરાતણ,
ભગવતી કસ્તૂરબાઈ ગાંધી.

– કવિ ન્હાનાલાલ દલપતરામ

આ લખી રહ્યો છું ત્યારે, હું બાનાં અસ્થિ લઈને અલાહાબાદ જઈ રહ્યો છું. સોમવારે એ ગંગાના પ્રવાહમાં વહેતાં કરવામાં આવશે. એ મારી માના મુઠ્ઠીભર અસ્થિ છે જે જેલના સાથીઓએ શુક્રવારે ચિતાની રાખમાંથી વિધિપૂર્વક વીણ્યાં હતાં. આજે હું મારી મા સાથે યાત્રા કરી રહ્યો છું, જોકે હું જાણું છું કે આવતીકાલ પછી હું કદી એમની સાથે યાત્રા નહીં કરી શકું. બાપુનો એ દૃઢ નિર્ણય હતો કે અસ્થિવિસર્જન-વિધિ સંગમ પર કરવામાં આવે. એમણે મને કહેલું, ''કરોડો હિન્દુઓ પુણ્ય માટે જે કંઈ કરે છે એ જ તારી મા પણ કરશે.'' એમના આ નિર્ણયને પૂજ્ય માલવિયાજીના તારથી વધુ બળ મળ્યું હતું.

પ્રણાલિકા અનુસાર મોટાભાગની રાખ પૂના પાસેની ઈન્દ્રિયાણી નદીમાં વહાવી દેવામાં આવી. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આમ કરવું કેટલું યોગ્ય છે એ હું નથી કહી શકતો, અને હું કદાચ કોઈ અન્ય રીતે પસંદ કરત, પરંતુ કોઈ ચોક્કસ વિકલ્પ ન હોવાને કારણે પ્રચલિત પ્રણાલિકા પ્રમાણે જ એ કાર્ય કરવામાં આવ્યું.

મારા માટે અને મારા એ સાથીઓ માટે કે જેઓ શુક્રવારે વહેલી સવારે સૂર્યોદય પહેલાં જ નદી તટે પહોંચી ગયા હતા. આ

અને ખૂબ પવિત્ર અને ઉત્કર્ષકારી વિધિ હતો. અગ્નિસંસ્કાર પછીના દિવસે જે થોડી રાખ એકઠી કરાયેલી તે જેલમાં સાચવી રાખવામાં આવી છે અને એનાં કાચની એ પાંચ ચૂડીઓ પણ છે જે ચિતા સાથે બાળવામાં આવેલી પણ પછી ત્યાં અક્ષત જોવા મળી.

* * *

બાની માંદગી તો જેલમાં સપ્ટેમ્બર ૧૯૪૨થી જ શરૂ થઈ હતી. હૃદયરોગનાં લક્ષણો સર્વપ્રથમ ત્યારે જ દેખાયાં હતાં. તે પહેલાં આ રોગનો હુમલો એમને કદી આવ્યો નહોતો. જોકે છેલ્લા ચાર-પાંચ વરસથી એમનું સ્વાસ્થ્ય બરાબર નહોતું રહેતું, તેમ છતાં સપ્ટેમ્બર ૧૯૪૨માં પહેલીવાર હૃદયરોગનો હુમલો આવ્યા પછી તેઓ પોતાનું મૂળ સ્વાસ્થ્ય ફરી ન મેળવી શક્યાં.

ખરું કહીએ તો એમનામાં કારાવાસની યાચતનાઓ સહન કરવાની શારીરિક શક્તિ કે માનસિક ક્ષમતા નહોતાં રહ્યાં. આ પહેલાં પણ તેઓ જેલવાસ તો ભોગવી ચૂક્યા હતા, ખાસ કરીને જ્યારે એમને રાજકોટના એક દૂરના ગામમાં એકાંત-કારાવાસની સજા મળી હતી અને એમનું સ્વાસ્થ્ય સર્વનાશની નિકટ પહોંચી ગયું હતું; પરંતુ આ અંતિમ જેલયાત્રા એમના માટે નિરંતર એક કઠોર અગ્નિપરીક્ષા બની રહી, જેમાં એમની માનસિક અને શારીરિક સહનશક્તિ – બંનેનો ભાંગીને ભૂક્કો થઈ ગયો. તેઓ જે વાતાવરણથી પરિચિત હતાં તેનાથી તદ્દન વિપરિત પ્રકારનું વાતાવરણ આગાખાં મહેલ (જેલ)માં હતું. કાંટાળા તારની વાડ અને પહેરેગીરીએ એમની માનસિક યાતનાને ચરમસીમાએ પહોંચાડી દીધી. સેવાગ્રામની ઝૂંપડીઓમાં પાછા ફરવા તેઓ તપડતાં રહ્યાં. મને લાગે છે કે આ રહસ્ય જનતા સમક્ષ મૂકીને મારી પ્યારી માની સ્મૃતિને હું કોઈ ઠેસ નથી પહોંચાડતો.

અનિશ્ચિત કાળ સુધી કેદ રહેવાની સંભાવનાએ એમના હૃદયને વધુ ભારે બનાવ્યું અને પછી આ સંસારનું કોઈપણ માનવીય સુખ એમના ચિત્ત અને આત્માને શાંતિ ન આપી શક્યું. પોતાની જેમ જ કેદમાં રહેલા એ હજારો લોકો વિશે વિચારીને – જેમાંથી કેટલાંકને તો તેઓ સારી રીતે જાણતા હતા – તેઓ વિશેષ દુઃખી રહેતાં હતાં. છેલ્લા દોઢ વર્ષથી તેઓ એવી જ મૂક પ્રાર્થના કરતાં રહ્યાં કે એ બધાને છોડી મૂકવામાં આવે પછી એના બદલામાં એમને અને બાપુને ભલેને કાયમ માટે જેલમાં પૂરી રાખવામાં આવે!

પરંતુ માંદગીની આ આખરી ચિંતાજનક સ્થિતિમાં જેલ-મુક્તિથી એમને કોઈ લાભ થાત ખરો? હા, જરૂર થાત, પરંતુ એ તો ત્યારે કે જ્યારે એમને પોતાની ઇચ્છાનુસાર ફરી કેદમાં પ્રવેશવાની સ્વતંત્રતા પણ મળી હોત. અને એ વાત દયાળુતાના પૂર્ણ સિદ્ધાંતની દ્યોતક બનત. પરંતુ વાસ્તવિક્તા તો એ છે કે પરમપિતા પરમેશ્વરે આપેલ અંતિમ મુક્તિ સિવાય મુક્તિના અન્ય કોઈપણ પ્રસ્તાવની માનસિક અનુભૂતિનો લાભ એમને ન મળ્યો. તેથી જ મને એ જાણીને નવાઈ લાગી અને દુઃખ પણ થયું કે ભારત સરકારના અમેરિકાસ્થિત એજન્ટે એવું કહ્યું કે ભારત સરકારે તો બાને મુક્ત કરવાની ઇચ્છા કેટલીય વાર દર્શાવેલી પણ બાએ જ એનો લાભ લેવાની ના કરી. એમનું આ કથન તો એ સંદર્ભે ભારતમાં થયેલ સરકારી ઘોષણાઓથી પણ વિપરિત હતું. મને હજુ સુધી એ નથી સમજાતું કે અમેરિકામાં આમ અલગ પ્રકારની વાત શા માટે કરવામાં આવી?

છેલ્લે બે શબ્દોમાં હું એ પણ કહેવા ઇચ્છું છું કે બાપુએ આ અગ્નિપરીક્ષાને કેવી રીતે સહન કરી. દેખીતી રીતે જ તેઓ થાકેલા જણાતા હતા. તેમના જીવનમાં પડી ગયેલી આ દુઃખદ તરડથી તેઓ સંતપ્ત છે, કેમકે આજે તેઓ જે કંઈ છે તેનું ઘણું બધું શ્રેય બાને ફાળે જાય છે. પરંતુ તેઓ કોઈ દાર્શનિકની જેમ શાંત રહે છે અને પોતાની લાગણીઓને નિયંત્રણમાં રાખે છે – જે એમની પાસેથી અપેક્ષિત છે. એમની ચોમેર વાતાવરણમાં, ઉદાસી તો હતી જ પણ એમાં વિષાદ નહોતો. શુક્રવારે જ્યારે મેં ભાઈઓ સાથે જેલ શિબિરમાંથી વિદાય લીધી ત્યારે આંસુ વહાવવાને બદલે બાપુએ પોતાના સ્વભાવ મુજબ વિનોદની જ વાતો કરી.

*(દેવદાસ ગાંધી બા-બાપુના સૌથી નાના પુત્ર. તેઓ પિતાના સ્વાતંત્ર્ય સંગ્રામનાં સક્રિય હતા અને અનેક વાર જેલવાસ ભોગવેલા. તેમનો જન્મ ૧૯૦૦માં દક્ષિણ આફ્રિકામાં થયો હતો. માતાપિતા સાથે તરુણ વયે ભારત આવ્યા અને પત્રકારત્વમાં પણ અગ્રણી બની 'હિન્દુસ્તાન ટાઇમ્સ'નું તંત્રીપદ સંભાળ્યું. બાપુએ સ્થાપેલી 'દક્ષિણ ભારત હિન્દી પ્રચારક સભા'ના દેવદાસ પ્રથમ પ્રચારક હતા. તેમનાં પત્ની લક્ષ્મી, ચક્રવર્તી રાજગોપાલાચારીનાં પુત્રી હતાં. પ્રસ્તુત લેખ તેમના 'બા, બાપુ ઔર ભાઈ' પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે. તેનો અનુવાદ કરનાર રમણીક સોમેશ્વર ગુજરાતી સાહિત્યના જાણીતા અને પુરસ્કૃત સર્જક, અનુવાદક અને સંપાદક છે. તેમનાં કાવ્યો પણ ભારતીય અને વિદેશી ભાષાઓમાં અનુવાદ પામ્યાં છે.)*

✦ ✦ ✦

અનુવાદકનો સંપર્ક : ૯૪૨૯૩ ૪૨૧૦૦

# નોખી માટી નોખાં માનવી

## વર્ષા અડાલજા

વર્ષો પહેલાંની વાત. ''હિમાલયા ચી સાવલી'' મરાઠી નાટક ખૂબ પ્રશંસા પામેલું. તેનું ગુજરાતી નાટક હું બિરલા થિયેટરમાં જોઈ રહી હતી. ''નોખી માટી નોખાં માનવી.''

સ્ત્રીશિક્ષણ માટે યુનિવર્સિટી સ્થાપવા એમણે ખૂબ સંઘર્ષ કર્યો હતો એ મહામાનવ કર્વેનાં જીવન પર આધારિત નાટક હતું. સભાગૃહ છલોછલ અને સન્નાટો. કર્વેનાં પત્નીની સોલિલોકી (એકોક્તિ)નું દશ્ય આવે છે. સહુ કર્વેને માનસન્માન આપે છે, એમનું નામ ઇતિહાસમાં રેખાંકિત પણ એમની જોડાજોડ ઊભું રહ્યું એમનું શું! એ કહે છે,

''હિમાલય ઉત્તુંગ છે વિશ્વપ્રસિદ્ધ છે, ત્યાં દેવોનો આવાસ છે પણ તેનાં પડછાયામાં જીવતાં લોકો ભયંકર ઠંડીથી જીવનભર ધ્રૂજે છે. સતત વર્ષામાં ભીંજાયેલ છે.''

કંઈક આવા સંવાદોની એકોક્તિ એટલી ભાવસભર રીતે અભિનેત્રીએ ભજવી હતી કે સભાગૃહમાં સ્તબ્ધ શાંતિ અને ભીની આંખ વર્તાય.

બાપુ હિમાલય જેવા ઉન્નત, નિશ્ચલ, આદર્શો અને વ્રતપાલનનાં ઉચ્ચ શિખર સર કરતાં રહ્યાં જીવનભર, પણ બા એમનાં પડછાયાથી ઢંકાયેલા કે ત્રસ્ત ન હતા. તેર વર્ષની વયે કિશોર મોહનને પરણ્યા પછી ભારતનાં બા અને બાપુ બન્યા એ લાંબી જીવનયાત્રામાં ડગલે ડગલે, વળાંકે વળાંકે એ પતિની જોડાજોડ રહ્યાં, પણ પોતાનું ખમીર જાળવીને, બાંસઠ વર્ષનાં દામ્પત્યને પ્રસન્ન રાખવાની કંઈ જડબુટ્ટી હશે એમની પાસે! ભાગ્યે જ કોઈનું હોય એવું અસાધારણ દામ્પત્યજીવન હતું. એમનું ભયાનક આંધી અને વાવાઝોડામાં પથ શોધતા ચાલવાનું હતું, સતત લાખો દેશવાસીઓનાં સપનાં આશાનિરાશાનું વજનદાર પોટલું માથે લઈને.

નારાયણભાઈ દેસાઈ જે બાપુનાં ખોળામાં બાબલો બની લાડપ્યાર પામ્યા. એમણે કસ્તૂરબા પર ચરિત્રાત્મક નાટક લખ્યું છે. (ધીરૂબહેનનો નૌશિલ મહેતાનો સહયોગ અને આદિતિ દેસાઈની રજૂઆત) તેઓ લખે છે,

''બાસઠ વર્ષમાં દામ્પત્યમાં દરેકેદરેક વળાંકે કસ્તૂરબા સાથ આપે છે – પોતાનું કસ્તૂર જાળવીને. સંપૂર્ણ એકાત્મકતા સાથે બંનેની સંપૂર્ણ અસ્મિતા જળવાઈ રહ્યાનાં પ્રસંગો ઇતિહાસમાં જવલ્લે જ જોવા જડે. ગાંધીમાં દરેક વળાંક વખતે કસ્તૂરબા અનુભવે પ્રથમ વિસ્મય, ઘણીવાર વિરોધ, પછી જિજ્ઞાસા ત્યારબાદ આગવી સમજણ અને છેવટે સહધર્માચરણ.''

એક અબૂધ કન્યા, કિશોરી, પત્ની અને અંતે માતા. બા જીવનવિકાસનાં આ પગથિયાં ચડતાં ચડતાં બા જગદંબારૂપ પામ્યા એ એક નારીનાં જીવનની અભૂધપૂર્વ ઘટના છે.

બા અને બાપુનું જીવન ખુલ્લી કિતાબ હતું. એનાં પાનાં ફરફરતાં રહેતા, સહુ કોઈ વાંચી શકે. બાનું જીવન પણ બાપુની જેમ તપસ્વીની જેવું. સંયમ, સાદાઈ, વ્રતપાલન, બાપુનાં – આશ્રમનાં નિયમો પર હસતાં હસતાં ખરાં ઊતરવું – આ બધું ઘણી સ્ત્રીઓને ગળે ન ઊતરતું. બાને દયાભાવે જોતાં, બા એક દુઃખી સ્ત્રી છે, એવું માનતી મહિલાઓ એ મતબલનાં પત્રો પણ 'બિચારા' બાને લખતાં. લીલાવતી નામની એક મહિલાએ આ પ્રકારનો લખ્યો હતો. બાનાં વાંચવામાં આવ્યો. બાનું માથું ફરી ગયું. શું જોઈને આણે આવો લેખ લખ્યો હશે! તરત જ એમને કરડો જવાબ લખાવ્યો. આવે ટાણે બાપુની રજામંદીની બા પ્રતીક્ષા થોડા કરે! એક અંતેવાસી પાસે ત્યારે જ પત્ર લખાવ્યો.

એક વાર વર્ધામાં આવેલ મહિલાશ્રમની કન્યાઓ રેંટીયા બારસે કાંતેલ સુરતનું કપડું બાપુને અર્પણ કરવા સેવાગ્રામ આવી હતી. બાપુએ પહેલેથી જ કહ્યું હતું કે કૂવાનું પાણી અને મારા આશીર્વાદ તમને મળશે બાકી નાસ્તો સાથે લાવજો. આ વાત બાએ જાણી ત્યારે આશ્રમના વ્યવસ્થાપક પાસે કોઠાર ઉઘડાવી મોસંબી, કેળાં, સીંગદાણા, ગોળ, વિગેરે બાળાઓને આપ્યાં. બાપુને ખબર પડી. બાએ જવાબ આપ્યો. આશ્રમ મારો નથી શું? હું બાળાઓને પ્રસાદ આપી શકું નહિ? બાપુને હાર કબૂલવી પડી. સાંજના પ્રાર્થના વખતે બાળાઓને આશીર્વાદ આપતાં બાપુએ કહ્યું : ''મારું હૃદય પિતાનું છે. બાનું માતાનું. માતા બાળકોને કેમ ઠાલે હાથે પાછા કાઢી શકે?''

શુક્રવાર,

અ.સૌ. લીલાવતી

તમારો લેખ મને બહુ ખૂંચ્યા કરે છે. તમારે ને મારે તો કોઈ દિવસ વાતચીત કરવાનો વખત બહુ નથી આવ્યો. તો તમે કેમ જાણ્યું કે મને ગાંધીજી બહુ દુઃખ આપે છે? મારો ચહેરો ઉતર્યો હોય છે, મને ખાવા વિષે પણ બહુ દુઃખ આપે છે, તે તમે જોવા આવ્યાં હતાં? મારા જેવો પતિ તો કોઈને દુનિયામાં પણ નહીં હોય. સત્યથી આખા જગતમાં પૂજાય છે. હજારો તેમની સલાહ લેવા આવે છે. મારા પતિને લીધે હું આખા જગતમાં પૂજાઉં છું, મારા સગાંવહાલાંમાં પ્રેમ છે. મિત્રોમાં માન છે, તમે મારા પર ખોટું આળ ચડાવો તે કોઈ માનવાનું નથી. પાર્વતીજીને ય એવું હતું કે, જન્મોજન્મ શંકર મારો પતિ થાય.

સત્ય, અહિંસા અને વ્રતપાલનમાં કઠોર લાગે એવા આગ્રહી બાપુ સાથે ચાલવું કેટલું દુષ્કર હતું તે તો તેમના સત્યાગ્રહનાં સાક્ષીઓ અને સ્વજનોને અનુભવ થયો હતો અને ઘણાં તો બાપુ પાસે એની રજૂઆત પણ કરતાં. મહાદેવભાઈ કહેતા,

‘‘બાપુ સાથે રહેવું એ જીવતા જ્વાળામુખી સાથે રહેવા જેવું કઠણ છે, ગમે ત્યારે સ્ફોટ થઈ શકે.’’

પણ તપસ્વી જેવું આકરું અને સમર્પિત જીવન મહાદેવભાઈ માટે સહજ થઈ ગયું હતું, પણ એક પત્ની અને માતા તરીકેનો અવરોધ બાપુ સાથેના સહજીવનમાં ક્યારેય કસ્તૂરબાને ન નડ્યો. કારણકે એમના દામ્પત્યજીવનમાં અતૂટ વિશ્વાસ અને શ્રદ્ધા હતી. કાળક્રમે અનેક અવરોધો સાથે આરોહણ કરતાં સર્વોચ્ચ શિખરે પહોંચીને આવી શ્રદ્ધા-ભક્તિનો પ્રસાદ પ્રાપ્ત થાય છે.

## બાનું ઘડતર

વહાલી કસ્તૂર,

તારે મગનલાલને માનું સુખ આપવું રહ્યું છે. તેણે માબાપને તજ્યાં છે. મારું કામ તેણે પોતાનું કર્યું છે. મારા કામનો વારસો લેવાને તૈયાર તો અત્યારે મગનલાલ છે. તેને શક્તિ કોણ આપે? તેને દુઃખે તું રડે, તેને તું હેતથી જમાડે, તેને અનેક ચિંતામાંથી તું ઉગારી લે એ તારું કાર્ય છે. ભૂપતરાયના ઘરમાંથી ક્લેશ છે તે મટાડ. આવાં કામો કરતી રહે એમ ઇચ્છું છું. એમાં ખરી વિદ્વત્તા છે, મોટાઈ છે. ધોળી સાડી કોર વિનાની પહેરવામાં જરાયે અડચણ નથી માનવાની. હું વહેલો આવવાની તજવીજ કરીશ. (૧૯૧૮)

આરંભમાં તો એમને પણ અનેક દંપતીઓની જેમ સત પર આવતાં પહેલાં ઘર્ષણ અને વિચારભેદ થતાં હતાં ને! આફ્રિકા ડરબનમાં આ અનોખા સહજીવનનો આરંભ થયો ત્યારે, કોટડીઓમાં ખાળ નહોતી, ત્યારે બધાનાં મૂત્રનાં પોટ બા બાપુ ઉપાડીને સાફ કરાવ્યાં પણ ક્રિશ્ચિયનનો પોટ ઉપાડવા બા રાજી નહોતા ત્યારે બન્ને વચ્ચે બોલાચાલી થઈ અને બાપુએ કસ્તૂરબાનો હાથ પકડી ઘરબહાર કાઢી મૂકવાની ધમકી આપી હતી, ત્યારે બાપુ કહે છે,

‘‘સિદ્ધાંતને કોરે મૂકી, મારાં ઘરમાં કોઈ ના રહી શકે.’’

ત્યારે કસ્તૂરબા તરત સાચો સવાલ કરે છે,

‘‘તમારું ઘર? તમારાં બાળકો? ઠીક છે તો રાખી લો બધું તમારી પાસે, હું આ ચાલી. તમે મને આ હાલતમાં ઘરબહાર કાઢો હવે? શું હું બાયડી છું એટલે મારે તમારા ધબ્બા ખાવાના? આ જબરજસ્તી છે, લોકોને તમારી વાત માનવી હોય તો માને.’’

પરંતુ બાપુ માફી માગે છે અને બા પોટ સાફ કરવા જાય છે.

એ સદી, સમય પરંપરાનો, રૂઢિચુસ્તતાનો. નાની ઉંમરે ઝાઝા ભણતર વિના અકલ્પનીય પરિસ્થિતિમાં, પારકા પ્રદેશમાં ઘરસંસાર માંડે છે, ત્યારે મૂંગા મૂંગા પતિનાં આદેશોનું પાલન કરવામાં એમના જીવનની અથથીઇતિ આવી ગઈ હોત, પણ પોતાની સ્વતંત્ર વિચારબુદ્ધિથી બા અગાઉ કહ્યું તેમ ગાંધીજીનાં જીવનનાં દરેક વળાંક વખતે વિસ્મય પછી ઘણીવાર વિરોધ, પછી જિજ્ઞાસા ત્યારબાદ આગવી સમજણ પછી છેલ્લે સહધર્માચરણ.

એ આગવી સમજણને જ પ્રતાપે જ્યારે હિંદુ અને મુસલમાન લગ્નોને ગેરકાયદેસર ઠરાવનારો ચૂકાદો દક્ષિણ આફ્રિકાની વડી અદાલતે આપ્યો, ત્યારે કસ્તૂરબાએ સત્યાગ્રહ કરીને જેલમાં જવાનું નક્કી કર્યું અને ત્યાં પણ તેઓ તેમના ફળાહારનાં વ્રતપાલનને વળગી રહી ત્રણ દિવસ ઉપવાસ કર્યા અંતે જેલરે તેમને ફળ આપવા પડ્યા.

૧૯૧૩માં સર ફિરોજશાહ મહેતાએ તેમનાં મુંબઈ ટાઉનહોલમાં, એક વક્તવ્યમાં કહ્યું,

‘‘સુકુમાર સ્ત્રીઓને લડતની હાડમારી વેઠવા મોકલવી એ કેવી કઠણ વસ્તુ હતી તેની ગાંધીજીને ખાતરી હતી. પણ તેમના

સમજાવવા છતાં એ નિર્ભય મહિલાએ તો લડતમાં ઝંપલાવવાનો નિશ્ચય કર્યો. ઇતિહાસે ઘણી વીરાંગનાઓનાં વીર કાર્યોની નોંધ લીધી છે અને મને લાગે છે કે શ્રીમતી ગાંધી આખા જગતની મોટામાં મોટી વીરાંગનાઓમાંની એક, તરીકે ઇતિહાસમાં અવશ્ય સ્થાન લેશે.''

દક્ષિણ આફ્રિકાથી પાછાં ફરતાં કોમના ભાઈબહેનોએ જે જે માનપત્રો, કિંમતી ભેટો, ૫૦ ગીનીનો સોનાનો હાર બધું પોતે ન રાખતા, ગાંધીજીએ ભેટસોગાદોનું ટ્રસ્ટ રચી, બેંકમાં મૂકવાના કાગળો પર કસ્તૂરબા સહી કરવાની સ્પષ્ટ ના પાડે છે. પતિ પર રોષે ભરાય છે. બન્ને વચ્ચે દલીલો થાય છે, ત્યારે હરિલાલ બાને સમજાવી કાગળ પર સહી કરવા બાને સમજાવે છે અને અંતે બા ગળગળા થઈ 'જેવી તમારી ઇચ્છા' કહી સહી કરે છે.

એ જ બાનું આ બીજું રૂપ.

૧૯૧૩માં ફિનીક્સ આશ્રમમાં સહુને જમાડી બાપુ જમતા હતા. બાજુમાં બાપુનાં એક કુટુંબી કાળિદાસભાઈ હતા. બા રસોડું સાફ કરતાં હતાં. કાળિદાસભાઈએ બાપુને કહ્યું,

''તમે તો જીવનમાં સાદાઈ આણી પણ કસ્તૂરબાએ વૈભવ ન માણી જાણ્યો.''

બાપુનો વળતો જવાબ,

''મેં ક્યાં વૈભવ માણવાની ના પાડી છે?''

બાએ હસતાં હસતાં ટોણો માર્યો,

''તે તમારા ઘરમાં વૈભવેય ભોગવ્યો છે?''

બાપુ પણ હસતાં હસતાં બોલ્યા,

''તને સિલ્કની સાડી પહેરતાં ક્યારે રોકી છે? તને ઇચ્છા થઈ તો સોનાની બંગડીઓ કરાવી લાવ્યો હતો ને!''

બા ગંભીર થઈ ગયા,

''તમે લાવી આપ્યું, મેં ક્યારે પહેર્યું છે? મેં જોઈ લીધું તમારો રસ્તો જુદો છે. તમારે તો સાધુસંન્યાસી થવું છે. તમારું મન જાણી લીધા પછી મેં મારું મન વાળી લીધું.''

સમન્વયની, એકાત્મતાની આ ઉચ્ચ ભૂમિકાએ બા પોતાની આગવી સૂઝ, સમજણ અને સર્વસમર્પિતભાવથી સ્વયં પહોંચ્યા હતા.

મહાદેવભાઈની ચિતાની પાસે બાને અગ્નિદાહ અપાયો હતો. મહાદેવભાઈએ વિદાય લીધી ત્યારે બા બોલ્યાં કરતાં, ''મારે બદલે તું કેમ ગયો?'' આખરે બા પણ ચાલ્યાં ગયા. 'કરેંગે યા મરેંગે'નો મંત્ર કસ્તૂરબાએ પણ પાળી બતાવ્યો.

પહેલી જેલયાત્રા વખતે આફ્રિકામાં ગાંધીજીએ એમને કહેલું, ''સત્યાગ્રહ ધર્મનું પાલન કરતાં જો જેલમાં તારું મોત થાય તો હું તને જગદંબાની જેમ પૂજીશ.''

હા, બા જગદંબાસ્વરૂપ હતા. બા અને બાપુ નોખી માટીનાં નોખાં માનવી હતાં.

✦ ✦ ✦

સંપર્ક : ૦૨૨ ૨૨૦૦ ૭૩૩૪


| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ વાર્ષિક લવાજમ | ₹ ૩૦૦ | ✦ 1 વર્ષનું લવાજમ | $ 30 |
| ✦ ત્રણ વર્ષનું લવાજમ | ₹ ૭૫૦ | ✦ 3 વર્ષના લવાજમ | $ 80 |
| ✦ પાંચ વર્ષનું લવાજમ | ₹ ૧૨૫૦ | ✦ 5 વર્ષના લવાજમ | $ 130 |
| ✦ દસ વર્ષનું લવાજમ | ₹ ૨૫૦૦ | ✦ 10 વર્ષના લવાજમ | $ 250 |

વાર્ષિક લવાજમ આપશ્રી $ (ડોલર)માં મોકલાવો તો $ પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બેન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

# આફ્રિકામાં કસ્તૂરબા

## સુદર્શન આયંગર

**વી**સમી સદીના વિશ્વઇતિહાસના એક મહામાનવ મોહનદાસ કરમચંદ ગાંધી વિશે જેટલું લખાયું છે તેના હજારમાં ભાગ જેટલું પણ તેમની પત્ની કસ્તૂરબા વિશે નથી લખાયું. લખાવું જ જોઈએ એ જરૂરી નથી પરંતુ જે વ્યક્તિએ બાળપણથી મોહનની જોડે જીવન ગાળ્યો હોય અને જેણે ગાંધીજી પછી 'કરેંગે યા મરેંગે' ની ૧૯૪૨ની ક્રાંતિમાં નેતૃત્વ સ્વીકારી તેમની સાથે આગાખાન મહેલનો જેલવાસ ભોગવ્યો અને જેલમાં જ મૃત્યુ પામ્યા એ નારી માત્ર એક અસાધારણ મહાપુરુષની સામાન્ય પત્ની જ તરીકે જ ઓળખાય તે એ વ્યક્તિત્વ પરત્વે અન્યાય થશે. કસ્તૂરબાએ ભલે એવું કહ્યું હોય કે તેઓ પોતાના પતિ સાથે રહીને ઘડાયા પરંતુ બાળ અને યુવા મોહનદાસને ઘડવામાં કસ્તૂરબાની ભૂમિકા ઓછી આંકવા જેવી નથી. ગૃહસ્થ જીવનમાંથી પસાર થયેલી કોઈ પણ વ્યક્તિ ભાગ્યે જ એવો દાવો કરી શકે કે તેના વ્યક્તિત્વ વિકાસમાં તેના જીવનસંગિનીની કોઈ ભૂમિકા રહી જ નથી. તો ગાંધીજી એમાં શેના અપવાદ હોઈ શકે? તેથી કસ્તૂરબાના જીવનમાં ડોકિયું કરવાનું થાય. કસ્તૂરબા વિશે લખવામાં ભારે મુશ્કેલી એ છે એમણે પોતે પોતાના જીવન વિશે કાંઈ લખ્યું નથી અને ભાગ્યે જ કંઈક લખાવ્યું છે. બા સાથે જેમણે જીવનનો વધુ કે ઓછો સમય ગાળ્યો હોય તેવી વ્યક્તિઓએ સંસ્મરણો રૂપે જે લખ્યું કે એવી વ્યક્તિઓ સાથે કોઈ લખનારે વાર્તાલાપ કરીને બાની વાતો કઢાવી હોય તેવા સ્રોતોના આધારે જ કસ્તૂરબા વિશે કંઈ વધારે લખી શકાય છે. કસ્તૂરબાના પૌત્ર અરુણ ગાંધીએ ખૂબ સંશોધન કરી પોતાના બા વિશે ચરિત્ર લેખન કર્યું છે. તેઓ લખે છે કે કસ્તૂરબાના મોટાભાગના અંગત જીવનના અનુભવોની સચાઈ છુપાએલી, અંગત અને વણકહેવાયેલી જ રહી.[1] મોહનદાસ અને કસ્તૂરબાના ગૃહસ્થ અને જાહેરજીવનની ખરી શરૂઆત તેમના દક્ષિણ આફ્રિકાના નિવાસ દરમિયાન થાય છે તે જાણીતું છે. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ૨૧ વરસ અને કસ્તૂરબાએ આશરે ૧૬ વરસ ગાળ્યાં. તેઓ ભરયુવાનીમાં ગયાં અને પ્રૌઢાવસ્થામાં પ્રવેશ્યાં ત્યારે પોતાના વતન હિંદુસ્તાન પાછા આવ્યા. પ્રસ્તુત લેખમાં દક્ષિણ આફ્રિકામાં કસ્તૂરબાનું જીવન કેવું રહ્યું તે વિશે એક વિશ્લેષણાત્મક અવલોકન કરવાનો પ્રયાસ છે.

એક મોઢ વણિકના ઘરની દીકરી કસ્તૂરબા ૧૨-૧૩ વરસે એ જ નાતના પણ પહેલા પોરબંદર અને પછી રાજકોટ રાજાના દીવાન કરમચંદ ગાંધીના ચોથા અને સૌથી નાના સંતાન મોહન સાથે પરણીને સાસરે આવી હતી. તેઓ સજોડે દક્ષિણ આફ્રિકા જવા માટે નીકળ્યા ત્યાં સુધીમાં તેમના ગૃહસ્થ જીવનના ૧૪ વરસ થઈ ચૂક્યા હતા. લગ્નજીવનની શરૂઆતના ૬ વરસ બેઉના બાળપણના વરસો પણ હતા. ગાંધીજીની આત્મકથા પરથી આપણે જાણી શક્યા છીએ કે નાની કસ્તૂર એક સ્વતંત્ર મિજાજની વ્યક્તિ હતી અને એના પર કિશોર મોહન ધણીપણું ચલાવી શકેલો નહીં. કસ્તૂરબાના ચરિત્રમાં એક દૃઢતા હતી જેથી એમના જીવનના ઘડતરને ઘણું બળ મળ્યું હતું. ગાંધીજી નોંધે છે કે કિશોર અને યુવા અવસ્થાના આરંભે તેમણે લાગ્યું હતું કે કસ્તૂરબા જિદ્દી છે જે એમની ભૂલ હતી. આ યુગલની યુવા અવસ્થા શરૂ થઈ ત્યાર પહેલાં તો તેઓ એક બાળકના માતા-પિતા બની ચુક્યા હતા. પરંતુ ત્યાર પછીના ૮ વરસમાં ૬ વરસ યુવા મોહનદાસ ઘરથી અને કસ્તૂરબાથી અભ્યાસ અને રળવાના કારણે દૂર રહ્યા. આમ એમનું ખરું ગૃહસ્થ જીવન દક્ષિણ આફ્રિકાના સહવાસથી જ શરૂ થાય છે જ્યાં મોહનદાસ એક ગૃહસ્થ અને જાહેરજીવનના પ્રમુખ વ્યક્તિ તરીકે જીવે છે અને કસ્તૂરબા એમના જીવનસંગિની તરીકે. નિરંતર રૂપાંતરિત થતા જતા પતિ મોહનદાસ સાથે કસ્તૂરબાના વ્યક્તિત્વમાં પણ ફેરફાર થયા તે વિશે જાણીએ. મોહનદાસ મહાત્મા થયા. કસ્તૂરબા?

કસ્તૂરબાએ ૧૦૦ માઈલથી વધુ મુસાફરી એમના ૨૭ વરસની વય સુધી કરી ન હતી અને દરિયાઈ મુસાફરી તો કરી જ ન હતી. મોહનદાસ એક જ વરસના કરાર પર ગયા હતા અને સંજોગોવશાત ત્યાં જ રહીને જાહેરજીવનમાં ઝંપલાવવાનું આવ્યું. ત્યારે એમને લાગ્યું કે હવે પત્ની અને બાળકોને બોલાવી સાથે રહેવાનું યોગ્ય રહેશે. ૩૦ નવેમ્બર ૧૮૯૬ના રોજ કુરલેંડ નામની આગબોટમાં જેના માલિક ગાંધીજીના પહેલા અસીલ દાદા અબ્દુલ્લા હતા, ગાંધીજી પત્ની કસ્તૂરબા, બે પુત્રો નવ વરસના હરિલાલ અને પાંચ વરસના મણિલાલ તેમજ પોતાની મોટીબહેન રળિયાતબેનના દીકરા દસ વરસના ગોકુળદાસને લઈને દક્ષિણ આફ્રિકા જવા મુંબઈથી

*[1] બાના પૌત્ર અને મણિલાલના પુત્રે તેની દાદીનો કસ્તૂરબાઃ એ લાઈફ શીર્ષક સાથે અંગ્રેજીમાં ચરિત્ર આલેખ્યો છે જે હિંદુસ્તાનમાં વરસ ૨૦૦૦માં પેંગ્વિન બૂક, નવી દિલ્હી દ્વારા પ્રકાશિત થઈ છે. ઘણી બધી માહિતી અને વર્ણન આ પુસ્તક પર આધારિત છે. અન્ય સ્ત્રોતો જેનો આધાર લેવામાં આવ્યો છે તે વિશે ઉલ્લેખ આવે ત્યારે પાદટીપમાં તેની વિગત આપવામાં આવી છે.*

નીકળ્યા. કસ્તૂરબાની મુશ્કેલી બહુ જ વધારે હતી. અત્યાર સુધીમાં કસ્તૂરબાએ મોહનદાસમાં ત્રણ વખત મોટા ફેરફાર જોયા હશે એવું અનુમાન કરી શકાય. પહેલી વાર જ્યારે તેમના સસરા કરમચંદ બાપા ગુજરી ગયા. તે વખતે નવલી વહુ પ્રત્યે જે આસક્તિ હતી તેમાં નોંધપાત્ર ઘટાડો જોયો હશે. આત્મકથા પરથી જણાય છે કે મોહન અત્યંત ગ્લાનિમાં ગયો અને પત્ની પ્રત્યેની વિષય આસક્તિમાંથી બહાર નીકળી અભ્યાસ બાબતે ગંભીર થયો. બીજી વાર મોહનદાસ ઇંગ્લેંડથી બારિસ્ટર બનીને આવ્યા ત્યારે એ યુવાન કંઈક જુદા જ હતા. બાએ પોતાના પતિમાં એક પરિપક્વતાનો અનુભવ કર્યો હશે. એનું પોતાનું જીવન તો તે વખતની સમાજની પરંપરા મુજબ સયુંક્ત કુટુંબમાં રહેતી દેરાણી અને એક બાળકની માતાની ભૂમિકામાં રહીને ચાલતું હતું. પતિએ તો આવીને ઘરની રીતભાત બદલી. વિલાયતની ઘણી રીતો દાખલ કરી. પરંતુ બારિસ્ટર બનવા છતાં વકાલત ન ચાલી એટલે તેની નિરાશા અને ખોવાતા આત્મવિશ્વાસવાળા પતિની સાથે રહેવાનો વારો આવ્યો. સયુંક્ત કુટુંબમાં આમ પણ પોતે તો સ્વતંત્ર રીતે પતિ સાથે રહીને ઘર ચલાવી શકે તેમ ન હતી. ત્રીજો અને કદાચ સૌથી વધુ ફેરફાર પતિમાં કસ્તૂરબાએ જોયો હોય તો તે ત્રણ વરસ આફ્રિકા રહીને પાછો આવ્યો ત્યારે જોયો હશે. ખૂબ જ આત્મવિશ્વાસથી ભરેલા અને અતિ વ્યસ્ત પતિ સાથે રહેવાનો વારો આવ્યો. ઘરે બીજા બધાએ પણ મોહનદાસ પ્રત્યે એક આદરભાવ અનુભવ્યો જે કસ્તૂરબાએ જોયો અને ક્યાંક આ બદલાતા માણસ સાથે કઈ રીતે જીવન ચાલશે તે પ્રશ્ન ઊઠ્યો હોય તે સંભવ છે. ગાંધીજીની આત્મકથાના વર્ણન પરથી તારવી શકાય છે કે એક રીતે એમણે પત્ની અને બાળકો ઉપર જોહુકમી જ કરી. કન્યા કસ્તૂર કુમાર મોહન સાથે સમોવડી થઈ હિમ્મતપૂર્વક પોતાનો મંતવ્ય રાખી અને જીવતી હતી તેમાંથી પતિના દર્શાવેલા શ્રેય માર્ગે જવું પડશે અને તે માટે સમર્પણની ભાવના કેળવવી પડશે તે એમને સમજાયું હશે. એનો એવો એ મતલબ નથી થતો કે પોતાના ચરિત્રમાં રહેલી મૌલિકતા અને દૃઢતાને કસ્તૂરબાએ સંપૂર્ણ તિલાંજલિ આપી દીધી. એવા પ્રસંગો દક્ષિણ આફ્રિકામાં જ આવ્યા જ્યાં કસ્તૂરબા પોતાને ઠીક લાગતા નિર્ણયો મક્કમપણે કર્યા.

બારિસ્ટર મોહનદાસે ધારી લીધું કે યુરોપિયન સમાજની વચ્ચે રહેવું હોય તો પહેરવેશ અને રહેણીકરણી તેની નજીકની હોવી જોઈએ. એમને એવી છાપ પડેલી કે યુરોપિયન પ્રજા એશિયાની પ્રજાઓ પૈકી પારસીઓને સૌથી સભ્ય ગણતી. તેથી એમણે કસ્તૂરબાને પારસી ઢબની સાડી અને અન્ય પોશાક પહેરવા દબાણ કર્યું અને બાળકોને યુરોપિયન બાળકોની જેમ સૂટબૂટ પહેવાની ફરજ પાડી. પ્રવાસના અઢાર દિવસ દરમિયાન ગાંધીજીએ પત્ની અને બાળકો પાસે સારી એવી કસરત કરાવી. કસ્તૂરબા અને બાળકોને સવારથી રાતના સૂવાના સમય સુધી બૂટ-મોજા પહેરી રાખવા અને છરી-કાંટા અને ચમચી વડે ખાવાનો આદેશ કર્યો હતો જે તે સૌને બહુ કઠયું હતું એવું જણાય છે. ગાંધીજીએ જાતે જ નોંધ્યું છે કે બૂટ કઠે, મોજા ગંધાય અને પગ ફુગાય, પણ પત્ની બાળકો માને કેમ નહીં? ગાંધીજી પાસે દરેક પ્રશ્નના જવાબ તૈયાર હતા. એ પોતે કબૂલે છે તેમ 'જવાબની યોગ્યતા કરતાં હુકમનું બળ તો વધારે હતું જ.' ડરબન બંદરે પહોંચ્યા તેના ચારેક દિવસ અગાઉ આગબોટ પ્રચંડ દરિયાઈ તોફાનમાં ઘેરાઈ. કસ્તૂરબા અને બાળકોને ઠીક-ઠીક બીક લાગી હતી. કસ્તૂરબાને થયું હશે કે રાજકોટની સરળ જિંદગી સામે આ શું માથે આવી પડ્યું અને ભાવિ જીવન વિશે અનિશ્ચિત્તાઓ પણ અનુભવી હશે.

મુસાફરીની અગવડ અંગે કસ્તૂરબાએ જાતને મનાવી હશે અને બાળકોમાં ચિત્ત પરોવી દિવસો કાઢ્યા હશે. પરંતુ જે તોફાન ડરબનમાં આવાવાનું હતું તે તો નવેસરથી વિદેશમાં પોતાની

### એને સ્મારક શાં ને સમાધિ યે શી!

એને સ્મારક શાં ને સમાધિ યે શી!
અર્ધ્ય-અંજલિ કેરી ઉપાધિ યે શી!
જેને નીરવ સ્હેવું ને વ્હેવું ગમ્યું,
તેની યાદ પે આરસ-લાદી યે શી!
જેના જીવનની સરિતા વહી ને શમી
  આત્મવિલોપન સાગરમાં–
તેની યાદ સદા અવનિ ભરતી, તેને
  સંઘરવી શેં ખાંભી-ઘરમાં!

એક ફૂલ ઊગી, ખીલી વિરમિયું,
જગ ફોરવું ફક્ત એને ગમિયું!
એક તેજ હતુંઃ અન્ધકાર ઊજાળીને,
તેજ મહીં જઈને શમિયું!
એવાં ફૂલ ને તેજ તો માનવફુલના
  આત્મતણા શણગાર સમાઃ
અવિરામ એવાં તણી યાદીની ઊતરે
  આરતી અંતર અંતરમાં!

ક્રમશઃ પાનાં નં. ૨૪ ૫૨

અલાયદી ગૃહસ્થી વસાવવા જઈ રહેલી પત્ની અને બાળકોની મા માટે આઘાતજનક જ નીવડવાનું હતું. ગાંધીજીએ હિંદુસ્તાનના આવાસ દરમિયાન દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની સ્થિતિ વિશે એક પુસ્તિકા, જે ગ્રીન પેમ્ફ્લેટ તરીકે ઓળખાઈ, તે બહાર પાડેલી, તે વિશે સમાચાર રૂપે પહેલાં ઇંગ્લેંડના સમાચાર પત્રો અને પછી બહુજ ટૂંકા પણ વિકૃત સ્વરૂપે દક્ષિણ આફ્રિકાના છાપાઓમાં પણ એવું પ્રસિદ્ધ થયું કે ગાંધીજીએ તે લખાણમાં દક્ષિણ આફ્રિકાના ગોરાઓને ખૂબ વગોવ્યા છે. ગોરાઓ તેનાથી બહુ જ ક્ષુબ્ધ અને ક્રોધિત થયા હતા. એવી પણ અફવા ચાલી હતી કે ગાંધીજી કૂલી તરીકે ઓળખાતા હિંદીઓથી દક્ષિણ આફ્રિકાને ભરી દેવા માગે છે તેથી બે આગબોટ ભરીને હિંદીઓને લઈને નીકળ્યા છે. નાટાલ પ્રાંતના અધિકારીઓએ આગબોટોને લાંબા સમય સુધી કવારંટાઈનમાં મૂકી દીધી. લોકો ખૂબ કંટાળ્યા. છેલ્લે જ્યારે ઊતારુઓને ઉતરવાની પરવાનગી મળે તેની પહેલા ગાંધીજી કુરલેંડ આગબોટમાં બંદરગાહે ઊતરવાના છે તે જાણી મોટી ભીડ એમને મારવા તૈયાર ઊભી હતી. પોલિસ અને સજ્જન લોકોએ સલાહ કરી પત્ની અને બાળકોને બંદર પરથી સીધા ગાંધીજીના મિત્ર રુસ્તમ શેઠના ઘરે લઈ જવાયા. આ રીતે વિદેશની ભૂમિ પર પગ મૂકતા સ્વાગત થાય તો ત્યારે કસ્તૂરબાની મનોદશા શું હશે એ વિચારવા યોગ્ય છે. તેમનો પતિ જાહેર જીવનમાં કંઈક કરે છે તેનો ખ્યાલ તો આવ્યો હતો પણ તેની એક અસર એવી પણ થઈ શકે કે વતનથી એક પતિ તેના પત્ની અને બાળકોને લઈને વિદેશી જમીન પન ઉતરે ત્યારે તેના પર હુમલો થઈ શકે એ કલ્પનાતીત હતું. કસ્તૂરબા તો અંગ્રેજી પણ જાણતા ન હતાં એટલે પોતાના પતિ અને અન્યો સાથે થતા સંવાદોના આધારે પણ તેઓ કંઈ જાણી શકે તેમ ન હતા. વધુમાં જ્યારે પતિ પોતાના મિત્રના ઘરે થોડી વારે પહોંચ્યા ત્યારે ઘાયલ થયા હતા ત્યારે તો કસ્તૂરબા ગભરાયા જ હશે. વળી પતિને ત્રણ ચાર દિવસ સુધી પોલીસની સુરક્ષામાં રહેવું પડે અને પોતાને બાળકો સાથે એક અજાણ્યા ઘરે જ્યાંની રહેણીકરણી અને ખાણીપીણી સાવ જુદી પડતી હતી ત્યાં રહેવું પડે તો એ અસામાન્ય સ્થિતિ જ કહેવાય. ચારેક દિવસ પછી તે સૌ સુખરૂપે પોતાના ઘરે પહોંચ્યા ત્યારે કેવો હાશકારો અનુભવ્યો હશે તેની તો કલ્પના જ કરી શકાય.

ગાંધીજીના જીવન અને ગાંધીવિચારમાં રસ ધરાવતા અભ્યાસીઓ એમ માને છે કે કસ્તૂરબાની ઓળખ અને તેમને જીવન દરમિયાન અને પાછળથી મળેલો આદર ગાંધીજીના પત્ની હોવાને લીધે હતો. અન્યથા તેઓ એક પોતાના સમયના એક સાધારણ સ્ત્રી હતા જે અભણ હતાં અને પરંપરાનો નિર્વાહ કરી પતિના પગલે ચાલવામાં ધન્યતા અનુભવતાં. આવી માન્યતા કસ્તૂરબાને અન્યાય કરે છે. એમની વ્યથા, મૂંઝવણ અને એમનો વિકાસ એ તો એમનામાં પ્રવેશ કરીએ તો જ સમજાય. આજે વર્તમાન માનસ સાથે આપણે એમને માપીએ તેમાં આપણો ગજ ટૂંકો પડે. ઇંગલેંડ જવા માટે નાણાની જરૂર હતી અને તેની વ્યવસ્થા થઈ શકી નહીં તેથી મોહનદાસ પત્નીના ઘરેણાં પર નજર કરે છે અને માની લે છે કે પતિના કામ માટે કસ્તૂર તે આપી દે તે એની પતિપરાયણતામાં આવે. કસ્તૂર સુખી પરિવારમાંથી આવેલી અને એના ઘરેણાંની કિંમત તે વખતે રૂપિયા ચાર-પાંચ હજારની થતી હતી તે આટલી સહેલાઈથી આપી દે એવું માની લેવું યોગ્ય નથી. તે જમાનામાં અને તે પહેલાં અને આજે પણ આ મુદ્દે વહુઓ નારાજ થઈને પિયર ચાલી ગઈ હોય અથવા ન આપવાની જિદે ચઢે એ સામાન્ય જ ગણાવું જોઈએ. પણ યુવાનીની ઉંબરે પગ મૂકતી પણ એક મૃત અને એક જીવતા બાળકની માતા બની ગયેલી કસ્તૂર પોતાના પતિના પરિવારની આર્થિક પરિસ્થિતિથી પરિચિત થઈ હશે અને વહુ તરીકેની ફરજનું ભાન એને હશે. શું એના મનમાં

*અનુસંધાન પાનાં નં. ૨૩*

યુગયોગી સમા પતિની ગૃહિણીઃ
સતી અન્તર એક હતી લગની;
"મારું આયખું આખુંય ઓગાળીને
એના આદર્શની રહું છાયા બની!"
અને એ વ્રતની વ્રતિની બનીને જેણે
જીવનને ધન્યનામ કર્યું!
એનું સ્મારક, અર્પણ-ઓપતી
પૃથ્વીના એકએક અણુંમહી ભર્યું!

ન્હોતા નૂતન યુગની નારી તણા
એને જાતે ઝળકવાનાં શમણાંઃ
ન્હોતી જુનવાણી ઘરરખુ ઘરૃણીની
શાંત સલામતીની ભ્રમણાઃ
એ તો હાથ સોંપ્યો તેના હૈયાના સાદ પે
જીવનને હોમનાર હતીઃ
પતિ-પ્રીતમ માંહી જ જીવનારી એ તો
શુદ્ધ સનાતન નાર હતી!

– કરસનદાસ માણેક

એવા ભાવ નહીં આવ્યા હોય કે એની પોતાની ઉંમર હજી તો પહેરવા ઓઢવાની છે અને એના પતિ આવા ઘરેણાં પાછળથી કરાવીને અપાવી ન શકે તો? પરંતુ કસ્તૂરની નાની ઉંમરે આવેલી પરિપક્વતા અંગે ગાંધીજીના લખાણ પરથી ખ્યાલ આવે છે. પતિની લાંબી ગેરહાજરીમાં પણ રાજકોટમાં સ્થાયી સયુંક્ત કુટુંબમાં રહીને સાસુ, જેઠાણીઓ તથા બાળકોની દુનિયામાં કસ્તૂરબા હૂંફ અનુભવી જીવન ગાળી રહ્યા હતાં. કદાચ એમની ભાવના તો એવી હશે કે તેમના પતિ મોહનદાસ વહેલા મોડા વતન આવીને ગોઠવાઈ જશે અને તો પતિ અને પરિવાર સાથે આગળનું જીવન સુખરૂપે ગાળશે. પતિ ઇંગ્લેંડ હોય કે દક્ષિણ આફ્રિકા, પોતે અભણ હતા તેથી પતિ સાથે તેઓ સીધા પત્ર વ્યવહારમાં તો ન જ હતાં. જે કંઈ જાણકારી મળે તેમના જેઠને મળેલા પત્રોમાંથી ચળાઈને જેઠાણીઓના મુખેથી જાણવા મળે તેટલી જ. ત્રણ વરસ પછી દક્ષિણ આફ્રિકાથી પતિ પાછા આવે છે અને તે પણ તેને અને બાળકોને લઈ ત્યાં કાયમી વસવાટ માટે જવાના છે તે જાણીને કસ્તૂરબાને એક ખૂણે આનંદ તો થયો જ હશે કે પોતની રીતે ગૃહસ્થી ચલાવવાનો મોકો મળવાનો છે પણ સાથે જ સાવ અજાણ્યા દેશમાં અહીંના ઠરીઠામ થયેલા હૂંફભર્યા પરિવાર અને સગાઓને મૂકીને કેવી રીતે ઘર વસાવવાનું બનશે તે અંગે શંકા-કુશંકાઓ પણ હશે જ. પતિએ પણ સમય અને એકાંત મળે પત્નીએ દક્ષિણ આફ્રિકાના પોતાના કામ વિશે અને પોતાના સ્વતંત્ર ઘર વિગેરે વિશે વાત કરી જ હશે અને એનાથી કસ્તૂરબાને ઉમંગ અને ઉત્સાહ પણ આવ્યા હશે. પરંતુ ડરબન બંદર પર થયેલા 'સ્વાગત'થી કસ્તૂરબાને ધક્કો લાગ્યો હશે. આમ દક્ષિણ આફ્રિકામાં ગૃહસ્થી વસાવવા આવેલા કસ્તૂરબા માટે આનંદની સાથે પડકાર પણ હતા. પતિનું વ્યક્તિત્વ નિરંતર બદલાય છે તેનો ખ્યાલ તો હવે બરાબર આવી ગયો હતો.

ગાંધીજી અને કસ્તૂરબાનું દક્ષિણ આફ્રિકાનું ગૃહસ્થ જીવન બે સમયગાળામાં વહેંચાયેલો છે. એક, જાન્યુઆરી ૧૮૯૭ થી ઓક્ટોબર ૧૯૦૧ જ્યારે ડરબન શહેરમાં સમુદ્રને કિનારે બીચ ગ્રોવ વિલામાં રહ્યા અને નાટાલ પ્રાંતમાં વકીલત કરી. બીજો સમયગાળો ૧૯૦૪ થી જુલાઈ ૧૯૧૪ સુધી પહેલા જોહાનિસબર્ગ શહેર, પછી ફિનિક્સ આશ્રમ, ટોલ્સટોય વાડી અને ફરી એક વાર ફિનિક્સ આશ્રમ.

**૧૮૯૭ થી ૧૯૦૧**

ડરબન બંદરે ઉતરીને તરત પારસી રુસ્તમજીના પરિવાર સાથે અનાયાસે રહેવાનું થયું તે કસ્તૂરબાને પહેલાં તો કઠ્યું હતું પરંતુ પછી તો આખી જિંદગી આ પરિવાર સાથે મિત્રતા બંધાઈ. ૧૯૪૦ના દાયકાની શરૂઆતમાં બાએ પારસી રુસ્તમજીના દીકરા જાલ રુસ્તમજીને પત્ર પણ લખ્યો હતો.

ડરબનના બીચ ગ્રોવ વિલામાં વિકસેલું કસ્તૂરબા-ગાંધીજીનું ગૃહસ્થ જીવન ઘણી રીતે નોંધપાત્ર છે. પતિ નિરંતર પરિવર્તનશીલ છે અને તેની સેવાવૃત્તિ વિશે પત્ની એટલે કસ્તૂરબાને પહેલેથી ખબર છે. બીચ ગ્રોવ વિલા મોટું ઘર છે પણ તેઓ એકલા નથી. ગાંધીજીની વકીલાત ખૂબ સારી ચાલતી હતી તેથી તેની સાથેના કાર્યકરો પણ ઘણા હતા. બધા થઈ તેરથી ચૌદ વ્યક્તિઓ તે ઘરમાં રહે. વળી એક દિવસ એક રક્તપિત્તના દરદી પણ બારણે આવીને ઊભા. ગાંધીજી તેને કાઢી તો શેના મૂકે? અંદર બોલાવ્યો, ઘા સાફ કર્યા, પટ્ટી બાંધી, જમવાનું આપ્યું, ઘરે રાખ્યા પણ પોતે ધંધાને લીધે ઝાઝું ધ્યાન આપી શકે નહીં તેથી છેલ્લે તો હોસ્પિટલમાં મૂકી આવ્યા. વળી સાદાઈથી રહેવું એવું નક્કી કર્યું તો તેનો અમલ પણ શરૂ કર્યો. નોકરોને રવાના કર્યા. સફાઈ, કપડા ધોવાના, રસોઈ કરવાની, બગીચાનું કામ બધું સહુએ મળીને કરવાનું. ૧૫ જણનું કામ પણ નિયમ પ્રમાણે બધાએ કામમાં ભળવું. ગાંધીજી પોતે સવારથી ઊઠીને પોતે લીધેલાં કામો કરવા માંડે. એટલે બીજાઓ પણ કરે. બા માટે કામની નવાઈ ન હતી, સયુંક્ત કુટુંબમાં રહેલાં. અહીં તો બાળકો પણ મદદે આવે. રસોઈ બનાવવાની જવાબદારી બાની. સાદાઈ અને ખર્ચ બચાવવા પાછળની ગાંધીજીની ગણતરી એવી કે બચતના પૈસા જાહેર કામમાં વાપરી શકાય. બાએ આ પણ બરાબર સમજી લીધું અને આની સામે વાંધો નોંધાવ્યો હોય તેવું જાણવામાં આવતું નથી. સામાન્ય ગૃહિણી બચતની રકમો પોતાની અને પરિવારની ભૌતિક સુખાકારી વધારે, નવા ઘરેણાં, મોટા ઘર, કે નવા-નવા રાચરચીલા વસાવવામાં વાપરે. પણ બાએ એવું કર્યું ન હતું. પોતાના માટે સુખ સાહ્યબી કે શણગાર તો બાએ પહેલેથી તજી દીધા હતાં એવું સ્પષ્ટ જણાઈ આવે છે. જાનયુઆરી ૧૮૯૭ થી નવેમ્બર ૧૯૦૧ના ગાળામાં ગાંધીજી અને કસ્તૂરબા બીજા બે બાળકો રામદાસ અને દેવદાસના માતા-પિતા બન્યાં. હરિલાલ અને મણિલાલ તો હતા જ. ચોથા પ્રસવ વખતે બાને ખાસી મુશ્કેલી પડી અને ગાંધીજીએ જાતે પ્રસવ કરાવ્યો. આત્મકથામાં તેની વિગતવાર નોંધ મળે છે. પત્નીનિષ્ઠા અને નર્સની સુશ્રુષાના ગુણો પતિમાં ભારોભાર છે તેની પાકી ખાત્રી બાને થઈ હશે.

કસ્તૂરબાએ એક આદર્શ હિંદુ પત્ની તરીકે બધું મૂંગે મોઢે

સહન જ કર્યા કર્યું અને તેથી તેઓ મહાન થયા એવું કહેવું ભૂલ ભરેલું થશે. પતિ જ્યાં જોહુકમીથી વર્તે તો તેનો વિરોધ તો બાએ નોંધાવ્યો જ હતો પછી ભલે એ ફાવ્યા હોય કે નહીં. એવો એક પ્રસંગ પહોંચતાના થોડા જ મહિનામાં જ બની ગયો. બીચ ગ્રોવ વિલા આમ તો બધી રીતે સગવડવાળું પણ ઘરની અંદર જાજરૂ નહીં. દરેક રૂમમાં એક વાસણ મળમૂત્ર વિસર્જન માટે રાખેલું હોય અને રોજ સવારે તે સાફ કરી લેવાનું. ગાંધીજીનો એવો આગ્રહ કે મહેમાનોના વાસણની સફાઈ બા કે ગાંધીજી કરે. એવામાં એક નવો ખ્રિસ્તી કારકૂન જે મૂળે દલિતવર્ગનો હતો તે ઘરે રહેવા આવ્યો અને તેને આ નિયમની ખબર નહીં તેથી ગાંધીજીએ અપેક્ષા રાખી કે બા એના ઓરડાના પોટની સફાઈ કરે. બા માટે આ અસહ્ય થઈ પડ્યું. જનમ આખાના સંસ્કાર અને આવી સેવા? હસતા મોઢે તો ન જ થાય. એમને લાગે કે ક્યાં આવીને પડી અને કેવાં કેવાં અનિષ્ટ કામો કરવાના. એ દિવસે પોટ સાફ કરવા તો લીધો પણ રડતા-રડતા બહાર લઈ જતા હતા. ગાંધીજીને આ મુદ્દલ ન ગમે. સેવા તો હસતે મોઢે જ હોય. બંને વચ્ચે બોલાચાલી થઈ. આ પ્રસંગ આત્મકથામાં નિખાલસપણે નોંધાયો છે અને ગાંધીજી પોતે કેટલા હિંસક બન્યા હતા અને ખોટા હતા તે વિશે લખે છે. ગુસ્સામાં બાએ કહ્યું હતું, કે 'તમારું ઘર તમારી પાસે રાખો, હું ચાલી'. સાંભળતાવેંત ગુસ્સામાં ગાંધીજીએ કસ્તૂરબાનું બાવડું ઝાલ્યું અને ખેંચીને બારણા સુધી લઈ ગયા. અડધું બારણું ઉઘાડ્યું અને બા બોલ્યા, 'તમને લાજ નથી. મને છે. જરા તો શરમાઓ. હું બહાર નીકળીને ક્યાં જવાની હતી? અહીં મા-બાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઈ એટલે મારે તમારા ધુંબા ખાવાના જ રહ્યા. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઈ જોશે તો બેમાંથી એકે નહીં શોભીએ.' 'બેમાંથી એકેય નહીં શોભીએ' એવું કહીને બા પોતાની મક્કમતા અને પતિનો ગંભીર દોષ દર્શાવ્યો હતો. ગાંધીજીને ખૂબ પશ્ચાતાપ થયો હતો.

બીજો પ્રસંગ ૧૯૦૧માં હિંદુસ્તાન પાછા જતાં પહેલાનો છે. ગાંધીજી કામ સમેટીને વતન પાછા ફરવાના હતા. તેમના જાહેરકામ માટે તેમના અસીલો અને ચાહકોએ ખૂબ બધી ભેટ સોગાદો આપી. એમાં બા માટે પચાસ ગીનીનો એક હીરાનો હાર પણ હતો. આવું બધું સેવાના કામની સામે લેવાય જ નહીં એવો મક્કમ નિર્ણય કરીને ભેટ-સોગાદની રકમનું એક ટ્રસ્ટ બનાવી તેને ત્યાંના જ લોકોના કલ્યાણ માટે વાપરવા તેવું નક્કી કર્યું. બાએ એમાં વાંધો નોંધાવ્યો ખાસ કરીને તેમને પોતાને મળેલી ભેંટ અંગે. ગાંધીજીએ કસ્તૂરબાને એવું કહ્યું કે એ તો તેમને કોમની સેવા માટે મળેલો, ત્યારે બાએ બરાબર સંભળાવ્યું હતું કે 'ભલે ને. તમારી સેવા એટલે મારી પણ થઈ. મારી પાસે રાતદહાડો મજૂરી કરાવી એ સેવામાં નહીં ગણાતું હોય? રડાવીને પણ જેને ને તેને ઘરમાં રાખ્યા ને ચાકરીઓ કરાવી તેનું શું?' ગાંધીજી લખે છે એમની પોતાની જીદ સામે બા ટક્યાં નહીં પણ એવું તો સ્વીકારે છે કે તેમને બાની જેવી તેવી સંમતિ મળેલી. આમ ૩૧ વરસની વયે કસ્તૂરબા એક ગંભીર અને જાતે વિચાર કરી મંતવ્ય આપનાર દૃઢ સ્ત્રી તરીકે બહાર આવે છે.

## ૧૯૦૪ થી ૧૯૧૪

ઑક્ટોબર ૧૯૦૧ થી ૧૯૦૪ના અમુક મહિનાઓ સુધી કસ્તૂરબા બાળકો સાથે રાજકોટ અને મુંબઈમાં રહ્યા. ગાંધીજી નવેમ્બર ૧૯૦૨માં દક્ષિણ આફ્રિકા પાછા ફરી ગયા હતા. તેમનો એવો અંદાજ હતો કે તેમનું કામ એકાદ વરસમાં પૂરું થઈ જશે, પરંતુ એવું બન્યું નહીં અને ૧૯૦૩ની આખરે તેમને એવું લાગ્યું કે તેઓ હિંદુસ્તાન ક્યારે પાછા જઈ શકશે તે નિર્ધારિત કરી શકાય તેમ ન હતું. તેથી પરિવારને પણ પાછા બોલાવી લેવા લખી જણાવ્યું. આમ કસ્તૂરબા અને બાળકો ફરી પાછા દક્ષિણ આફ્રિકા પાછા ફર્યા પરંતુ આ વખતે મોટો દીકરો હરિલાલ ભણવા માટે હિંદુસ્તાનમાં જ રોકાઈ ગયો. ૧૯૦૪ના વરસમાં કયા મહિનામાં બાએ, બાળકોએ મુસાફરી કરી તે પાકું થતું નથી. પછીનાં દસ વરસ બા અને ગાંધીજી બેઉ માટે બહુજ મહત્વનાં રહ્યાં.

૧૯૦૧માં હિંદુસ્તાન પાછા ફર્યા બાદ કસ્તૂરબા એવું ધારતાં હતાં કે તેમના પતિ મુંબઈમાં નિવાસ કરી વકીલાતની સાથે જાહેર જીવનમાં ભાગ લેશે કારણ કે ગોપાલકૃષ્ણ ગોખલેના આગ્રહના લીધે તેઓ રાજકોટથી મુંબઈ આવીને વસ્યા હતા. પણ અચાનક ગાંધીજી ફરી દક્ષિણ આફ્રિકા ઊપડી ગયા ત્યારે બાએ ફરી પોતાના પતિની અસ્થિરતા અંગે ચિંતા કરી હશે. એક જ વરસમાં જ્યારે સંદેશ આવ્યો કે બાએ બાળકોને લઈ ફરી પતિ સાથે જવાનું છે ત્યારે બાને હરિલાલના ભણતર વિશેની ચિંતા થઈ. બીજું, પતિની ગેરહાજરીમાં હરિલાલ, જે પંદર વરસના થયા હતા તેની સગાઈ પણ કરી દીધી. આ બાબતે તેઓ ગાંધીજીના વિચારથી હજી ભિન્ન પડતા હતા અને આ નિર્ણય તેમના પોતાના મોટા જેઠ લક્ષ્મીદાસનો હતો જેમાં બાએ સંમતિ આપી હતી. આમ જોહાનિસબર્ગની ગૃહસ્થી હરિલાલ સિવાયના અન્ય ત્રણ બાળકો સાથે ફરી શરૂ થઈ. એકાદ વરસના સમયમાં ગાંધીજીના નવા ઓળખીતા જેઓ ગાઢ મિત્ર બન્યા હતા એવા યુવા હેનરી પોલક અને તેની પત્ની સાથે રહીને ગૃહસ્થી ચલાવી હતી. તેની થોડી રસપ્રદ વિગતો મિલિ પોલકના

સંસ્મરણોમાંથી મળી આવે છે.[૨] મિલિ પોલક નોંધે છે કે જોહાનિસબર્ગનું ઘર શહેરના પરામાં એક મધ્યમવર્ગી વિસ્તારમાં હતું. આ એક સ્વતંત્ર બે માળનું ઘર હતું જેમાં આઠ ઓરડા હતા. આમાં ગાંધી પરિવારના પાંચ, એક અન્ય કુટુંબી, એક અંગ્રેજ કાર્યકર અને હેનરી રહેતા હતા. મિલિ પોલક માટે આવી ગૃહસ્થી નવીન હતી પણ એમને એમાં ભળવાનો આનંદ આવ્યો. ગાંધીજીએ પણ જોહાનિસબર્ગના આ પરિવાર વિશે આત્મકથામાં લખ્યું છે. ફિનિક્સ આશ્રમની સ્થાપના જૂન ૧૯૦૪માં થઈ ચૂકી હતી. ત્યાં ગાંધીજી થોડોક જ વખત રહી શક્યા હતા. હેનરી પોલક પણ ત્યાં જોડાયા અને થોડા વખતમાં જ જોહાનિસબર્ગમાં વકીલાતના કામમાં એમની જરૂર જણાઈ એટલે ગાંધીજીએ એમને બોલાવી લીધા. ત્યારબાદ પોલકે લગ્ન કર્યાં. ગાંધીજીને એમ હતું જેવી સાદગી ફિનિક્સ આશ્રમમાં રખાઈ હતી તે જ રીતે જોહાનિસબર્ગના ઘરે પણ હોવી જોઈએ. બધા કામો જાતે કરવા અને રોટલી માટે લોટ પણ ઘરની ઘંટીમાં જ દળવાનો. એ ઘંટી ચલાવવાનું કામ આનંદયુક્ત વ્યાયામ થઈ પડ્યું. જેમાં નાનો દેવદાસ પણ ઉત્સાહથી જોડાતો. મિલિના આવવાથી બા થોડા વિમાસણમાં મૂકાયાં હશે કારણ કે રસોઈમાં કઈ રીતે કામની વહેંચણી કરવાની. બાએ મીટિંગની માગણી કરી અને ગાંધીજી અનુવાદક. એવું નક્કી થયું કે વારા ફરતી જમવાનું બનાવવાનું અને બીજા કામો કરવાં. મિલિને પણ શરૂઆતમાં મૂંઝવણ હતી કારણ કે બાને અંગ્રેજી ન આવડે. મિલિએ ધીમે ધીમે બાને કામચલાઉ અંગ્રેજીમાં સંવાદ કરતા શીખવી દીધું!

લાગતું હતું કે બા-ગાંધીજીની ગૃહસ્થી હવે સ્થિર થઈ. બા પણ ગોઠવાતાં હશે. બેઉની ઉંમર ૩૫ વરસ અને તેઓ ચાર સંતાનોના માતા-પિતા બન્યા હતાં. વકીલાત જામેલી હતી. હેનરી પોલક જેવા સાથી મિત્ર અને તેમના પત્ની મિલિ સાથેનું સયુંક્ત કુટુંબ ઠરીઠામ થવા જઈ રહ્યું હતું. ફિનિકસ આશ્રમ જે સિદ્ધાંતો પર સ્થપાયો હતી તે સિદ્ધાંતો પર ચાલવાની કોશિશ અહીં પણ ચાલુ હતી. ત્યાં નાટાલ પ્રાંતમાં ત્યાંની મૂળ પ્રજા જે ઝુલુ તરીકે ઓળખાતી તે લોકોનો બળવો શરૂ થયો. ગાંધીજી પોતાને નાટાલ પ્રાંતના નાગરિક જ ગણતા. તેથી ત્યાંના ગવર્નરને પત્ર લખી પૂછાવ્યું કે શું તેઓ ઘાયલોની સેવા માટે ટુકડી તૈયાર કરી શકે? હકારમાં જવાબ મળ્યો અને ગાંધીજીના જીવનમાં એ મોટો વળાંક સાબિત થયો. તેમની વકીલ તરીકેની બરાબર જામેલી પ્રેક્ટિસ અને સાદાઈભર્યા પરંતુ શહેરમાં રહી ચાલતા ગૃહસ્થજીવનનો અંત આવ્યો. જોહાનિસબર્ગની ગૃહસ્થી વિખેરવી પડી. મિલિ અને હેનરી પોલક એક નાના મકાનમાં ભાડે રહ્યાં. બા અને બાળકો ફિનિક્સ આશ્રમ જશે એવું નક્કી થયું. બાની શું મનોસ્થિતિ થઈ હશે કળવું મુશ્કેલ છે પણ એટલું તો ચોક્કસ હતું કે બા પોતાના પતિને ઓળખી શક્યા હતા કે આ નિરંતર બદલાતી વ્યક્તિ છે અને બદલાવના દરેક પડાવ પર તેમના પતિ નવી ઊંચાઈ પર જતા હતા. બા એક રીતે ખુશ હશે એવું જણાય છે કારણ કે ફિનિક્સમાં ગાંધીજીના બે ભત્રીજાઓ છગનલાલ અને મગનલાલ બંને સપરિવાર ગોઠવાયા હતા. મગનલાલની પત્ની સંતોક ગર્ભવતી હતી અને છગનલાલની પત્ની કાશીને એક બાળક હતું. ગાંધીજી ૧૯૦૨ના અંતમાં પરિવારને મુંબઈ મૂકી પાછા દક્ષિણ આફ્રિકા ગયા ત્યારથી ૧૯૦૪ની શરૂઆત સુધી મુંબઈમાં બા અને બાળકોને મદદરૂપ થવા છગનલાલ અને કાશીબેન જોડે જ રહ્યા હતાં. અલબત્ત, ફિનિક્સ શહેરથી દૂર ગામડાંની વસાહત હતી. ખેતી, બાગાયત અને અને અન્ય કામોમાં જોડાવવાનું હતું. બા બરાબર ભળી ગયા હોય તેવું જણાય છે, બાળકોને તો મજા જ હતી એવું પ્રભુલાલ ગાંધીના 'જીવનનું પરોઢ' પરથી ખ્યાલ આવે છે.

આપણે અહીં નોંધવું જોઈએ કે ૧૯૦૬ના મધ્યમાં થયેલા ઝુલુ બળવા પછી કસ્તૂરબા અને ગાંધીજીના જીવનમાં એક જબરદસ્ત ફેરફાર આવવાનો હતો. ઝુલુ બળવામાં ઘાયલોની સારવાર કરતા કરતા ગાંધીજીમાં એક ગંભીર મનોમંથન ચાલ્યું. સેવા કરનારના મનમાં વાસનાઓ શૂન્યવત હોવી જોઈએ તો જ સેવાની પૂરી અસર થાય એવું એમને લાગ્યું. ગૃહસ્થ જીવનમાં પત્નીને વાસના સંતુષ્ટિનું સાધન બનાવવું એ અયોગ્ય હતું. પ્રજોત્પતિની ઇચ્છા સિવાય પત્ની સાથે ભોગ કરવો એ અનુચિત છે તેથી તેના પર સંયમ મેળવવું જરૂરી છે એવું એમને લાગ્યું. આત્મકથામાં તેઓ નોંધે છે કે ૧૯૦૧થી આ દિશામાં તેમના પ્રયત્નો ચાલુ હતા પણ આખરે ઝુલુ બળવા વખતે તેમના મનોમંથનના પરિણામે તેમને બ્રહ્મચર્યનું વ્રત લેવાનો નિર્ણય કર્યો. બાને આ અંગે તેમણે વાત કરી ન હતી પણ ઝુલુ બળવો સમાપ્ત થયો અને ગાંધીજી ફિનિક્સ આશ્રમ પહોંચ્યા. બા સાથે આ મુદ્દે ચર્ચા કરી અને બાએ સહજ સંમતિ આપી. ગાંધીજી માટે બ્રહ્મચર્ય વ્રતનું પાલન મુશ્કેલીભર્યું જ રહ્યું હતું એવું તેઓ પોતે જણાવે છે. કુમાર વયથી પોતાના શરીર પર અતિ આસક્ત મોહનને કસ્તૂરે જોયા હતા. બાના સસરા ગુજરી ગયા તે સમયે પિતાના મૃત્યુ સમયે મોહન પોતે ભોગમાં હતો તેના

---

*[૨] મિલિ પોલકના સંસ્મરણો ગાંધીજીના પરમ મિત્રો પૈકીના દીનબંધુ સી. એફ. એંડ્રયુઝે સંકલિત કરી પુસ્તક સ્વરૂપે નવજીવન પ્રકાશન દ્વારા ૧૯૩૧માં પ્રસિદ્ધ કર્યું. આ પુસ્તકનું શીર્ષક છે મિસ્ટર ગાંધી : ધ મૅન.*

અપરાધબોધથી વ્યથિત પતિ સાથે પણ બા પરિચિત હતા. ત્યાર બાદ આ યુગલને ત્રણ બાળકો થયાં. ગાંધીજી નિરંતર પોતાની વિષયવાસના અંગે સભાન હતા. ૧૯૦૧ પછીના ગાળામાં સંતતિની ઇચ્છા ન હોવાથી શરીર સંબંધ ન રાખવા કેટલાક ગંભીર પ્રયાસો કર્યા. તેઓ ગર્ભનિરોધક કૃત્રિમ પદ્ધતિઓની વિરૂદ્ધ હતા તેથી તેમના પ્રયાસો ખૂબ જ યાતનાદાયી રહ્યા એવું તે નોંધે છે. ૧૯૦૬માં ઝુલુ બળવા વખતે યુદ્ધના મેદાનમાં તેમને ખાતરી થઈ કે પૂર્ણ સમર્પણથી સેવા કરવી હોય તો બ્રહ્મચર્ય એ અનિવાર્ય શરત છે. પોતાના આ નિર્ણય અંગે તેમણે કેટલાક લોકો સાથે વાત કરી. બા સાથે આ અંગે કેવી ચર્ચા થઈ કે બાની મનોસ્થિતિ શું હતી તેની કોઈ વિગત બા પાસેથી મળતી નથી. ગાંધીજી આત્મકથામાં લખે છે, 'વ્રત લેતાં લગી મેં ધર્મપત્ની સાથે મસલત નહોતી કરી; પણ વ્રતના સમયે કરી. તેના તરફથી મને કશો વિરોધ ન થયો.' બા માટે કદાચ એ સહજ હતું.

ફિનિક્સ આશ્રમમાં બા પોતાના ત્રણ બાળકો સાથે સહજ રીતે ગોઠવાઈ ગયા એમ જણાય છે. એક રીતે જોઈએ તો બાના જીવનમાં એક મોટો વળાંક છે. ઝુલુ બળવો પૂરો થયો ત્યારે જોહાનિસબર્ગની તેમની વકીલાતનું કામ તો ચાલુ હતું જ એટલે ફિનિક્સ આશ્રમ પહોંચેલા બા અને બાળકો ગોઠવાઈ જાય તે માટે થોડો સમય પોતે પણ ફિનિકસ આશ્રમ રહ્યા. પણ દિનવારી જોતાં જણાય છે કે આ ગાળો જુલાઈ ૧૯૦૬ની ૨૦ તારીખથી ૨૮ સુધી જ ડરબન કે ફિનિક્સ રહ્યા અને પછી જોહાનિસબર્ગ રહ્યા. ત્યારથી પતિ-પત્ની અને બાળકો સાથે રહીને ગૃહસ્થી ચલાવે એવી ગૃહસ્થીનો અંત આવ્યો. પછી મોહનદાસ પતિ તો ખરા પણ ગાંધીજી સમાજ માટે પૂર્ણપણે સમર્પિત થઈ ગયા. તેઓને માટે સહજ હતું પણ બા માટે? તેમના માટે આશ્રમજીવન શરૂ થયું. પતિએ એક આદર્શ મૂક્યો જે બાએ હૃદયસ્થ કર્યો અને બાકીની જિંદગી એક આશ્રમવાસી તરીકે જીવ્યાં. એટલું જ નહીં વ્રતપાલનમાં ઘણી વાર ગાંધીજી કરતાં પણ આગળ નીકળ્યાં.

કસ્તૂરબા માટે ફિનિક્સ પરિવાર સયુંક્ત પરિવાર જેવો જ થઈ પડ્યો. છગનલાલ, કાશીબેન, મગનલાલ અને સંતોકબેન અને તેમનાં સંતાનો અને પોતાનાં ત્રણ બાળકો અને સાથે અન્ય પરિવારો ખેતી, બાગાયત અને પ્રેસ ઉદ્યોગના કામોમાં સુપેરે પરોવાયા. પતિ આવ-જા કરે ત્યારે એવું લાગતું હશે કે કામમાં બહારગામ વધારે રહે છે પણ પરિવાર સાથે જોડાયેલા તો છે જ. બાએ મોટા દીકરા હરિલાલને વહુ સાથે દક્ષિણ આફ્રિકા આવવા કહેણ મોકલાવ્યું હતું અને બા અને બાળકો ફિનિક્સ આવ્યા તેના બે મહિનાની અંદર જ હરિલાલ અને તેની કિશોર પત્ની ગુલાબ હિંદુસ્તાનથી ફિનિક્સ આશ્રમ ગૃહસ્થી આરંભ કરવા આવી ગયાં. બા તો રાજી-રાજી થયા હશે. ગુલાબને તૈયાર કરવાનો વિશેષ આનંદ થયો જ હશે. સમય જતા ગુલાબ ગર્ભવતી થઈ. અરુણ ગાંધી નોંધે છે કે ગુલાબની ખોળો ભરવાની રસમ ચાલુ હતી (તારીખ ૧૦ કે ૧૧ જાન્યુઆરી ૧૯૦૮ હશે), સૌએ જમી લીધેલું અને છેલ્લે બાએ થાળી માંડી ત્યારે જ તાર પહોંચ્યો જેમાં ગાંધીજી અને તેના સાથીદારોને બે માસની કેદ થયાના સમાચાર આવ્યા. આ બા માટે અનપેક્ષિત હતું. બાએ પીરસેલી થાળી હડસેલી દીધી અને જ્યાં સુધી ગાંધીજી જેલમાં રહ્યા ત્યાં સુધી બાએ પણ જેલમાં કેદીઓને અપાતી મકાઈની ઘેંસ સિવાય ભાગ્યે જ કંઈ લીધું. બાનું સમર્પણ આ ઘટનાથી દેખાય છે.

પતિના જેલ જવાથી માત્ર તેમને જ ધક્કો લાગ્યો એવું નહોતું, ફિનિકસ આશ્રમના બીજા અંતેવાસીઓ પણ અસરમાં આવ્યા હશે. બાના વ્યક્તિત્વમાં એક અન્ય પરિવર્તન આવ્યું. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના કાળ સુધીમાં બારિસ્ટર મોહનદાસ ગાંધી, લોકો માટે ગાંધીભાઈ બની ગયા હતા. ફિનિક્સ આશ્રમની સ્થાપના થઈ ત્યારથી તેમનો પરિવાર બૃહદ થયો જે લોહીની સગાઈવાળા સયુંક્ત પરિવાર કરતા મોટો અને જુદો થયો. એ બૃહદ આશ્રમ પરિવારના તેઓ વડીલ કે કુલપિતા થયા. તેમની આ ઓળખ તેમના મૃત્યુ સુધી કાયમ રહી. ફરક એટલો કે પરિવર મોટો અને મોટો જ થતો ગયો. ગાંધીજીના પત્ની તરીકેની ઓળખ તો ખરી પણ માત્ર તેના થકી એ પોતે પણ વડીલ કે બા થયાં એવું નથી. ફિનિક્સ આશ્રમમાં પહોંચ્યા બાદ બા પણ માત્ર એમના પુત્રોના જ માતા જ રહ્યાં એવું ન થયું. પતિએ આદર્શો ઘડી અને તે માટે નવી જીવનશૈલી અખ્તિયાર કરી જીવવાના પ્રયોગો શરૂ કર્યા અને અન્યાય સામે ઝઝૂમવા સંગઠિત પ્રયાસ શરૂ કર્યા. કસ્તૂરબા ધીરે-ધીરે એ સમજતા ગયા અને પતિના આદર્શો અને મૂલ્યો પ્રમાણે સંસ્થાનું જીવન ધબક્યા કરે તેની જવાબદારી બાએ અનુભવી અને ઉપાડી લીધી. ફિનિક્સ આશ્રમમાં તેમનું વ્યક્તિત્વ ખીલ્યું એવું જણાય છે કારણ કે કામો સોંપવા, ગોઠવવા અને દેખરેખ રાખવાનું બાને સહજ થઈ પડેલું. તેઓ સરમુખત્યાર બની ગયાં તેવું ન હતું પણ તેઓ દૃઢતાથી કામ સોંપી અને લઈ શકતાં. પોતે અભણ હતાં અને માત્ર ગુજરાતી જ આવડતું હોવાને લીધે બીજી કોઈ ભાષાવાળા સાથે સરળતાથી સંવાદ કરી શકતા ન હતાં પણ તેના લીધે એમને સંચાલનમાં કોઈ વિશેષ

મુશ્કેલી પડી ન હતી. મિલિ પોલકે અંગ્રેજીમાં કામચલાઉ સંવાદ કરી શકે તેટલું શીખવાડેલું. ૧૯૧૫માં વતન પાછા ફર્યા બાદ સાબરમતી આશ્રમમાં બાનું સંચાલન દેખાઈ આવતું. તેની નોંધ દેશના ઘણા નેતાઓએ લીધી છે જેમને આશ્રમની મુલાકાત અને રહેવાના અનુભવો થયા.

ચાલીસની ઉંમરે પહોંચતા-પહોંચતા બાને માસિક રક્તસ્ત્રાવની બીમારી લોહીવા લાગુ પડી. બા શરીરે નાજુક હતા. વળી પાંચ સુવાવડો પણ થઈ હતી. ૧૯૦૮ના છેલ્લા ચાર મહિનામાં બા બહુ માંદા પડ્યા. ગાંધીજીને બાની આ તકલીફની ખબર હતી પરંતુ તેમનું ચિત્ત એકાગ્રતાથી સત્યાગ્રહમાં હતું. સપ્ટેંબરના છેલ્લા બે અઠવાડિયા અને ઑક્ટોબર ૫ સુધી ગાંધીજી ફિનિક્સમાં જ હતા. બા સામાન્ય રીતે પોતાની માંદગી વિશે કોઈ ફરિયાદ ભાગ્યે જ કરતાં, રોજની દિનચર્યામાં ભળતાં એટલે કોઈને ભાગ્યે જ ખબર પડી હતી કે તેઓ ખૂબ નબળા પડી ગયા હતાં. ગાંધીજી ફિનિક્સ આશ્રમથી નીકળી ટ્રાંસવાલ પ્રાંતમાં પ્રવેશ્યા કે વોક્સ્ત્રસ્ટમાં પકડી લેવાયા. કેસ ચાલ્યો અને બે મહિનાની સજા થઈ. બાનો રક્સ્ત્રાવનો રોગ ગંભીર બન્યો. પ્રેસ ચલાવનાર અને જૂના અંગ્રેજ સાથી અલ્બર્ટ વેસ્ટે ગાંધીજીને જેલમાં સંદેશો મોકલાવ્યો કે બા ગંભીર છે અને દવાખાને લઈ જવા પડે તે જરૂરી લાગે છે. તમે દંડની રકમ ભરી છૂટીને આવી જાઓ. ગાંધીજીની માનસિક અવસ્થા શું હશે તે કળવું મુશ્કેલ છે, તેઓ બા પાસે ફિનિક્સ ન આવ્યા પણ એક પત્ર મોકલ્યો જે નીચે મુજબ છે.

પ્રિટોરિયા

નવેમ્બર ૯, ૧૯૦૮

વહાલી કસ્તૂર,

*તારી તબિયતનો તાર મિ. વેસ્ટે આજે મોકલ્યો છે. મારું હૈયું કોતરાય છે. હું રડું છું. પણ તારી ચાકરી કરવા આવું એવી સ્થિતિ નથી. સત્યાગ્રહની લડતમાં મેં બધું અર્પણ કર્યું છે. મારાથી તો અવાય જ નહીં. દંડ તો ન જ અપાય. તું જરા હિમ્મત રાખે રીતસર ખાય તો સારું થઈ રહેશે. છતાં મારા નસીબેથી તું જશે જ એમ હશે તો હું તને એટલું જ લખું છું કે તું વિયોગમાં પણ મારી હયાતીમાં જ ચાલી જાય તેમાં ખોટું નથી. મારું હેત તારી ઉપર એટલું છે કે તું મરશે છતાં મારે મન જીવશે. તારો આત્મા અમર છે. તું ઈશ્વર ઉપર આસ્થા રાખી પ્રાણ તજજે. તું મરીશ તો તે પણ તારો સત્યાગ્રહને ભોગ છે. મારી લડત તે માત્ર રાજદ્વારી નથી. તે ધાર્મિક છે. એટલે તે અતિ ચોખ્ખી છે. તેમાં મરવું તોયે શું જીવવું તોયે શું? તું પણ એમ જ માની જરાયે ઓછું નહીં લાવે એવી મારી ઉમેદ છે. એવું તારી પાસેથી હું માગી લઉં છું.*

**મોહનદાસ**

ઉપરોક્ત પત્ર નવજીવન પ્રકાશન મંદિર દ્વારા પ્રકાશિતગાંધીજીનો અક્ષરદેહના નવમાં પુસ્તકમાંથી ઉધૃત કરવામાં આવ્યો છે. અરુણ ગાંધીના પુસ્તકમાં અંગ્રેજીમાં આપેલા પત્રમાં એક બીજી વાત પણ લખાઈ છે. ગાંધીજી લખે છે કે તે કસ્તૂરબા જો નહીં હોય તો બીજા લગન નહીં કરે. વધુમાં એક પુનશ્ચઃ પણ છે જે મણિલાલ અને હરિલાલના પત્ની ગુલાબને ઉદ્દેશીને છે. જેમાં બાનું ધ્યાન રાખવાનું કહ્યું છે અને આ પત્ર બાને વાંચી સંભળાળવા કહ્યું છે. પ્રભુદાસ ગાંધીના જીવનનું પરોઢમાં પણ આ વિગત પત્રમાં છે.

બાને આ પત્ર સાંભળીને શું થયું હશે તે કોઈ જાણી શક્યું નથી. તેમના પતિ કયા માર્ગે છે તેનો અંદાજ એમને હોય તેમ જણાય છે. પણ તેમની તબિયત થોડી સુધરી. ડિસેમ્બર ૧૯૦૮માં જેલથી છૂટી ગાંધીજી દસેક દિવસ પછી ફિનિક્સ આશ્રમ પહોંચ્યા. બાની તબિયત તેમને સારી ન લાગી એટલે ગાંધીજી આગ્રહપૂર્વક દાક્તરી તપાસ માટે ડરબન લઈ ગયા. પારસી ડો. નાનજીએ તપાસીને કહ્યું કે નાની સર્જરી કરીને બાને સાજા કરી શકાશે પણ બહુ નબળા હોવાથી એનેસ્થેસિયા નહીં આપી શકાય. ક્યુરેટિંગ કરવામાં આવ્યું અને તેમને દવાખાને જ રાખ્યાં. બે-ચાર દિવસ પછી ડોક્ટરે કહ્યું કે બા તો તેમને ત્યાં જ રહીને આરામ કરે તો સારું કારણ કે તેઓ પણ ધ્યાન આપી શકશે. ગાંધીજીએ કસ્તૂરબાને ડો. નાનજીની દેખરેખમાં રાખી પોતે ૧૫ જાન્યુઆરી જોહાનિસબર્ગ જવા નીકળ્યાં. પણ બાની તબિયત સુધરી નહીં અને તેઓ ખૂબ નબળા પડતા ગયા. ડો. નાનજીએ ગાંધીજી સાથે ફોન પર વાત કરી અને અને જણાવ્યું કે જો બાની તબિયત સુધારવી હોય તો માંસનું સૂપ આપવું પડશે. ગાંધીજીએ કહ્યું એ તો ન થાય પણ સામે પૂછ્યું કે ડોક્ટરે બાને પૂછ્યું હતું કે કેમ. ડોક્ટરે કહ્યું કે બા એટલાં નબળાં છે કે એવું કંઈ કરી શકાય એમ નથી. ગાંધીજીએ ડોક્ટરને એક દિવસ રાહ જોવા કહ્યું. ગાંધીજી ડરબન આવ્યા અને બા જોડે મસલત કરી અને બાએ મક્કમ રીતે માંસનું સૂપ લેવાની ના પાડી અને તેમને ઘરે લઈ જવાનું કહ્યું. ડો. નાનજીએ કહ્યું કે એવી પરવાનગી તો આપી જ નહીં શકે કારણ કે બા મરણતોલ માંદા છે. પણ આ સલાહની વિરુદ્ધ ગાંધીજી કસ્તૂરબાને રીતસર ઊંચકીને

દવાખાનેથી રિક્શા સુધી લઈ ગયા અને ખોળામાં રાખી ડરબન રેલ્વે સ્ટેશન પહોંચ્યા. ફિનિક્સ રેલ્વે સ્ટેશનથી એક સ્ટ્રેચર પર સુવડાવી આશ્રમવાસીઓની મદદથી બે માઈલ પગપાળા આશ્રમ લઈ આવ્યા. બા ધીરે ધીરે સાજા થયાં. પણ નબળાઈ રહી. આ માંદગીને એકાદ વરસ વીત્યો હશે, ગાંધીજી બીજી વાર પ્રતિનિધિ મંડળ લઈ ઇંગ્લેંડ જઈ આવ્યા. વળતા તેમણે હિંદ સ્વરાજ લખ્યું હતું. ૨૦ ફેબ્રુઆરી ૧૯૧૦માં તેઓ ફિનિક્સ આશ્રમ આવ્યા. બા સાજાં હતાં પણ નબળા હતા અને તેમનો જૂનો રોગ ફરી શરૂ થયો હતો અલબત્ત રક્તસ્ત્રાવ ઓછો હતો. ગાંધીજીએ સૂચવ્યું કે બાએ એક વરસ માટે કઠોળ અને મીઠું સદંતર છોડવું જોઈએ. બા માટે એ અઘરું હતું એટલે એમણે હળવાશથી ચીડવવાના ભાવે કહ્યું કે આવી અઘરી પરેજી પાળવાનું કહેવું સહેલું છે, જો ગાંધીજી છોડે તો માને. ગાંધીજીએ જણાવ્યું કે તેઓએ એક વરસ માટે દાળ અને મીઠું છોડ્યું. બા બહુ પસ્તાયાં પણ ગાંધીજી પાછા ન ખસ્યા. બેઉએ છોડ્યું અને બાને ફાયદો થયો. એમનો લોહીવા કાયમ માટે મટી ગયો.

ઑક્ટોબર ૧૯૧૦માં કસ્તૂરબા ટ્રાંસવાલમાં સ્થાપેલા ટોલ્સ્ટોય વાડીમાં રહેવા આવ્યાં. વીતેલા એક વરસમાં ગાંધીજી, હરિલાલ અને મણિલાલ એકથી વધુ વખત જેલમાં ગયા હતા. એટલે કદાચ બે નાના દીકરાઓ રામદાસ અને દેવદાસને લઈને કસ્તૂરબા નાટાલ પ્રાંતમાં આવેલા ફીનિક્સ આશ્રમને છોડી જોહાનિસબર્ગની પાસે વસાવેલી ટોલ્સ્ટોય વાડીએ રહેવા આવ્યાં. ત્રણેક વરસની આ નવી ગૃહસ્થીમાં બાના જીવનમાં બહુ ઝંઝાવાતો આવ્યા. વાડીમાં ઘણા પરિવારો હતા અને કોલસાની ખાણોથી કાઢવામાં આવેલાં મજૂર કુટુંબો હતા જેના મોટી ઉંમરના કિશોર બાળકો મા-બાપના કહ્યામાં ન હતા અને બાને પોતાના બાળકો બગડતા હોય એવું લાગ્યું. આ વસવાટ ઊભો કરવાવાળા ગાંધીજીના ગાઢ મિત્રોમાંના એક હર્મન કેલનબેક હતા. ગાંધીજી તો ભાગ્યે જ લાંબુ રહેતા. બાએ પોતાની ભીતિ અને શંકાઓ કેલનબેક આગળ રજૂ કરી. ગાંધીજી અને કેલનબેક વચ્ચે લાંબી ચર્ચા ચાલી. ગાંધીજી પોતાનાં બાળકોને બીજે મોકલવા રાજી ન હતા અને તોફાની છોકરાઓને કાઢવાના પક્ષમાંય ન હતા. આખરે બધા ત્યાં જ રહ્યા અને કશું ન થવા જેવું ન થયું. પણ એક બીજો જ ગંભીર બનાવ બની ગયો. પતિ અને દીકરા વચ્ચે થયેલાં મતભેદ અને મનભેદ ઊભા થયા. હરિલાલ બુદ્ધિમાન અને બાહોશ હતા. પિતાજી સાથે લડતમાં પૂરા જોરથી જોડાયા હતા અને એક કરતાં વધુ વાર જેલવાસો ભોગવી આવેલા. પરંતુ એમની ઇંગલેંડ જઈ પિતાજીની માફક બારિસ્ટ્રી ભણી આવવાની ઇચ્છા હતી. ગાંધીજીના લાંબા સમયના મિત્ર ડો. પ્રાણજીવનદાસ મહેતાએ બે વખત માટેની શિષ્યવૃત્તિ આપેલી. બન્ને વખતે ગાંધીજીએ હરિલાલની લાયકાત હોવા છતાં તેમની પસંદગી ન કરી. જાહેરજીવનમાં પડેલી વ્યક્તિઓ સમાજ પાસેથી મળેલી મદદથી પોતાના સંતાનનો લાભ ન કરાવી શકે તેવી ગાંધીજીની ટેક. હરિલાલનો મુદ્દો એ હતો કે બધા માટે નક્કી થયેલી યોગ્યતાની પરીક્ષામાં તેઓ બીજા નંબરે હતા તોય વારો આવે પિતાએ ન મોકલ્યા. આ મુદ્દે હરિલાલ બહુજ ક્ષુબ્ધ થયા અને નારાજ થઈ હિંદુસ્તાન જવા નીકળી ગયા. આ પ્રસંગ પહેલાં પણ એક વાર આવી જ નારાજગીના લીધે હરિલાલે પિતા પાસે હિંદુસ્તાન જવાના પૈસા માગ્યા હતા અને પિતાએ ઘસીને ના પાડી હતી. હરિલાલની પત્ની ગુલાબ અને દીકરી રામી હિંદુસ્તાન પોતાના પિયર હતાં. આવા પ્રસંગોએ બાની મનોવ્યથા ખૂબ વધી હશે જેના અંગે બહુ જ ઓછું જાણવા મળે છે. પિતા અને પુત્ર વચ્ચે બનેલી ખાઈ ક્યારેય પૂરી શકાઈ નહીં. કસ્તૂરબા જીવનના અંત સુધી દીકરા હરિલાલનું દુ:ખ લઈને જ ગયા.

જાન્યુઆરી ૧૯૧૩ની શરૂઆતમાં ગાંધીજીએ સત્યાગ્રહનું મથક ટોલ્સટોય વાડીથી ખસેડી ફિનિક્સ લઈ જવા નિર્ધાર્યું. આ નિર્ણય સૌથી વધુ રાજીપો કસ્તૂરબાને થયો હતો. વાડીમાં તે માનસિક રીતે કોઈ સ્થિરતા અનુભવી શક્યા ન હતાં. કસ્તૂરબાને છગનલાલ અને મગનલાલ પરિવારની સાથે રહેવાની ઉત્કટ ચાહના હતી જ. ફિનિક્સ વસેલું ઘર હતું. કસ્તૂરબાને ત્યારે એવી ખબર ન હતી કે નજીકના ભવિષ્યમાં સૌએ વતન પાછા ફરવાનું થવાનું છે. ફિનિક્સમાં ગોઠવાયાના સાતેક મહિના બાદ ગાંધીજીએ સાંજની રસોઈની તૈયારી કરતી વખતે બાને કહ્યું કે હવે તેઓ તેમના પત્ની રહેવાનાં નથી. બાએ તે વાતને મજાક સમજી. ગાંધીજીએ ખુલાસો કર્યો કે જે ટ્રાંસવાલમાં નવો કાયદો આવ્યો છે જે મુજબ એશિયાની કોલોનીઓમાંથી આવનારા કોઈનાં પણ લગ્નો સ્થાનિક લગ્ન કચેરીમાં ન નોંધાયા હોય તો તે લગ્નને માન્ય નહીં ગણાય. કસ્તૂરબાએ પૂછ્યું હતું તો એવી પરિસ્થિતિમાં શું કરવું પડશે તો ગાંધીજીએ કહ્યું હતું કે સત્યાગ્રહ કરી જેલમાં જવું પડે.

કસ્તૂરબાના જીવનમાં ઉપરોક્ત પરિસ્થિતિએ પણ મહત્વપૂર્ણ વળાંક આપ્યો. અત્યાર સુધીની લડાઈ પુરુષોએ લડી હતી. આ મુદ્દે ભારતીય સ્ત્રી કઈ રીતે સાંખી લે કે તેઓ પોતાના પતિઓની

કાયદેસરની પત્નીઓ નથી. ગાંધીજીએ આ વાત જ્યારે સમજાવી ત્યારે કસ્તૂરબા થોડા વિમાસણમાં મૂકાયાં. આ સમય દરમિયાન બા ફળાહાર કરતા હતાં. એમની સમજ એ હતી કે જેલમાં તો ખાવાનું અને રહેવાનું બહુ જ ખરાબ હોય. ગાંધીજીને પૂછયું કે જેલમાં ફળ ન આપે તો શું કરીએ. ગાંધીજીએ કહ્યું કે તો જેલના અધિકારીઓ સામે સત્યાગ્રહ અને આમરણ ઉપવાસ કરવા પડે. બાએ કહ્યું કે તો તમે એમ કહો છો કે પહેલા અમારા અધિકાર માટે જેલમાં જવું પડે અને પછી પોતાનો જીવ કદાચ આપવો પડે. ગાંધીજીએ કહ્યું કે હા જો તમારે અધિકારો મેળવવા હોય તો એવી તૈયારી રાખવી પડે અને કહ્યું હતું કે જો કસ્તૂરબા સત્યાગ્રહ કરી જેલ જશે અને ત્યાં અધિકારની લડાઈમાં મૃત્યુ પામશે તો તેઓ બાને જગદંબાની જેમ પૂજશે. આ સંવાદ પછીના દિવસોમાં ફિનિક્સ આશ્રમમાં એક વિશાળ સત્યાગ્રહની યોજનાએ આકાર લેવા માંડ્યો. ગાંધીજી બહેનો સાથે પણ મસલત કરી રહ્યા હતા. આ તમામ હિલચાલમાં ગાંધીજીએ કસ્તૂરબાને સામેલ નહોતા કર્યા. એક દિવસ બા એમની પાસે ગયા અને જાણવા માગ્યું કે ગાંધીજીએ એમને કેમ બાકાત રાખ્યા છે. ગાંધીજીએ કહ્યું કે તેઓ એવું ઇચ્છતા ન હતા કે બા તેમના કહેવા પરથી જેલ જવાની તૈયારી રાખે, અને બીજું બાની તબિયત ખરેખર નાજુક હતી. તેઓ માંદા પડીને મૃત્યુ પામે તો ગાંધીજી પોતાની જાતને કોઈ દિવસ માફ નહીં કરી શકે. એ ઘડીએ કસ્તૂરબાએ એવો નિર્ણય લીધો કે તેઓ પોતાના અધિકાર માટે પોતાની મુખ્તારીથી લડશે અને જેલ જવાનું આવશે તો તેને માટે પણ તેઓ પૂર્ણ રીતે તૈયાર છે. તેમનું સ્વાસ્થ્ય જેવું હોય તેવું. આપણે આગળ જોયું કે બાના ચરિત્રમાં એક દઢતા હતી જે નાની કસ્તૂરમાં મોહનને દેખાઈ હતી. ત્યારે તો મોહન એને જિદ્દ કે હઠ સમજેલા પરંતુ સમય જતાં સમજ પડી હતી કે એ કસ્તૂરબાનું મનોબળ હતું જે ખૂબ મજબૂત હતું. ગાંધીજીને ફરી એ પ્રતીતિ થઈ હશે. સપ્ટેમ્બર ૧૫, ૧૯૧૩ના દિવસે ફિનિક્સથી લગ્ન અંગેના નવા કાયદાનો વિરોધ કરવા પહેલી ઐતેહાસિક ટુકડી નિકળી. ઐતેહાસિક એટલે કારણ કે આ ટુકડીમાં કસ્તૂરબાની આગેવાનીમાં પહેલીવાર ૧૨ પુરુષો સાથે ચાર સ્ત્રીઓ જોડાઈ હતી. આ વાત સમગ્ર હિંદુસ્તાનીઓમાં ફેલાઈ અને શાસકોને પણ આંચકો લાગ્યો. કસ્તૂરબા મિસસ ગાંધી તરીકે ઓળખાયા હતાં, પણ સત્યાગ્રહ કરવાનો નિર્ણય કસ્તૂરબાએ જાતે લીધેલો એ નોંધાવું જોઈએ. આ ટુકડીને ટ્રાંસવાલની સરહદે રોકવામાં આવી અને સૌની ધરપકડ થઈ. કસ્તૂરબા અને બીજી બહેનોને પીટરમેરિત્સબર્ગ જેલમાં લઈ જવામાં આવ્યાં. ત્રણ મહિનાની જેલ થયેલી. બાએ પતિ અને પુત્રોની જેમ જેલવાસ કર્યો. આ ટુકડીમાં એમનો ત્રીજો દીકરો રામદાસ પણ હતો જે ૧૬ વરસનો થવા આવ્યો હતો. તેને પણ ત્રણ માસની જેલની સજા થઈ હતી. જેલમાં જઈ બાએ જમવામાં ફળ મેળવવા ઉપવાસ કર્યા હતો અને તે મેળવવામાં સફળ રહ્યા હતાં. નોંધપાત્ર બાબત એ છે કે તે સમયે કસ્તૂરબા શરીરે ખૂબ નબળાં હતા. એમને ફળોનો પૂરતો ખોરાક મળી શક્યો ન હતો. દૃઢ મનોબળથી એ જીવતાં અને પ્રવૃત્તિશીલ રહ્યા હતાં. એમના ચોથા દીકરા દેવદાસ જેઓ ૧૩ વરસના થયા હતા તેઓ ૨૩ ડિસેંબર ૧૯૧૩ ના રોજ કસ્તૂરબા જેલની બહાર આવ્યા ત્યારે પોતાની માને ઓળખી શક્યા ન હતા!

દક્ષિણ આફ્રિકાનો હિંદીઓનો સત્યાગ્રહ આખરી તબક્કામાં હતો. ગાંધીજી અને સાથીદારોએ એક મહાકૂચનું આયોજન શરૂ કર્યું. તેની તૈયારી રૂપે ગાંધીજી બધે ફરવા માંડ્યા. નવેમ્બર ૧૯૧૩માં ચાર્લ્સટાઉનથી પગપાળા કૂચનો આરંભ થયો જેમાં સવા સો જેટલી બહેનો ૫૫ જેટલા બાળકો સહિત ૨૦૦૦ થી ઊપર લોકો જોડાયા હતા. ગાંધીજીની ધરપકડ થઈ. નવ માસની સજા થઈ પરંતુ ૧૮ ડિસેંબરના એમને બિનશરતી છોડ્યા. જાન્યુઆરી ૧૯૧૪ની શરૂઆત થઈ અને જો વાટાઘાટો દ્વારા કાયદાઓ ન બદલાય તો ફરી આંદોલન કરવાની તૈયારી શરૂ કરી. તે જ સમયે રેલવે કર્મચારીઓએ હડતાલની ઘોષણા કરી. ગાંધીજીએ જાહેર કર્યું કે આપણે સરકાર સાથે અધિકારોની લડાઈ છે તેથી સરકાર દુશ્મન નથી થઈ જતી, જો સરકાર મુશ્કેલીમાં આવશે તો તેટલા સમય માટે તેઓ સત્યાગ્રહ મોકૂફ રાખશે. આ જાહેરાતની સારી અસર થઈ અને ગાંધીજીને વાટાઘાટો માટે સરકારે બોલાવ્યા અને એક કાચો કરાર થયો. એના આધારે સરકાર ખરડો પસાર કરે તો પાકું થાય તેમ હતું. તે પહેલાં ગાંધીજીએ લોકોમાં ફરીને સમાધાન અંગે સમજ આપવાનું શરૂ કર્યું અને ફેબ્રુઆરી મહિનામાં કસ્તૂરબા ગંભીર રીતે માંદા પડ્યા. શું બીમારી થઈ તેની માહિતી કોઈ પણ સ્રોતથી મળતી નથી. પણ ગંભીરતા એટલી હતી કે આ વખતે ગાંધીજી બધી તૈયારીમાંથી જાતને મુક્ત કરી બાની સેવામાં આવી ગયા. આ વખતે માત્ર ગાંધીજી જ નહીં ફિનિકસ આશ્રમવાસીઓને પણ લાગ્યું કે બા બચશે કે નહીં. ગાંધીજીએ એક પત્રમાં એવું લખ્યું કે સૌએ બાની મૃત્યુ અંગે માનસિક તૈયારી કરી લીધી છે. પણ બા માંદગીમાંથી

બહાર નીકળ્યાં અને ખૂબ નબળા હોવા છતાં પોતે ગાંધીજી જોડે જરૂર પડે ફરી આંદોલનમાં જોડાશે એવું નક્કી કર્યું. આવા શરીરે કસ્તૂરબા ગાંધીજી સાથે કેપટાઉન પણ ગયા હતાં. ૧૯૧૪ની સાલના જૂનના અંતમાં ટ્રાંસવાલની સરકારે ખરડો પસાર કર્યો. લગ્ન નોંધણી અંગેનો કાયદો રદ થયો અને હિંદીવાસીઓએ નાગરિક થવા માટે વાર્ષિક ત્રણ પાઉન્ડનો કર પણ કાઢી નાખવામાં આવ્યો. દક્ષિણ આફ્રિકાની લડતનું અંત આવ્યું.

ગોપાલકૃષ્ણ ગોખલેની, કે જેને ગાંધીજીએ રાજનીતિના ક્ષેત્રે ગુરુ સમા માન્યા હતા, સૂચના હતી જ કે ગાંધીજીએ હિંદુસ્તાન પાછા ફરી દેશની આઝાદીની લડતમાં સામેલ થવું જોઈએ. ગાંધીજી જાણે થોડો સમય પણ વિલંબ કરવા મગતા ન હતા. વતન પરત થવાની તૈયારી શરૂ કરી દીધી. પણ નીકળતા પહેલા ઘણી બધી જગ્યાઓએ ગાંધીજીનો સત્કાર થયો અને લગભગ દરેક સ્થળે કસ્તૂરબા સાથે હતા. ગાંધીજી તો સફળ નેતા હતા જ પણ સાથે કસ્તૂરબાની હિંમત અને દૃઢતાને પણ લોકોએ બિરદાવ્યાં. ૧૮ જુલાઈ ૧૯૧૪ના રોજ ગાંધીજી અને કસ્તૂરબાએ દક્ષિણ આફ્રિકા કાયમ માટે છોડ્યું અને ઇંગ્લેંડ થઈને ૯ જાન્યુઆરી ૧૯૧૫ના રોજ મુંબઈ બંદરે ઊતર્યાં.

કસ્તૂરબાના વ્યક્તિત્વનું મૂલ્યાંકન આજની નારીના સંદર્ભે કરવું તે અન્યાયી છે. તેમના સમયને ધ્યાનમાં રાખીને મૂલવીએ તે જ યોગ્ય છે. મેં ૧૮૯૬ થી ૧૯૧૫ સુધીનો કાલખંડ લીધો છે એટલે એમના સમગ્ર જીવનનું મૂલ્યાંકન કરવાનો અહીં આશય નથી. આપણે જોયું એક અભણ પણ સંસ્કારવાન, મહેનતી અને કોઠાસૂઝ ધરાવનારી યુવા સ્ત્રી પોતાના બે બાળકો સાથે પતિની પાછળ પોતાના વતનથી દૂર અજાણ્યા દેશમાં આવે છે. વીસેક વરસના આ ગૃહસ્થ જીવનમાં તેના વ્યક્તિત્વમાં નોંધપાત્ર બદલાવ આવે છે. કસ્તૂરબા બહુજ સમજપૂર્વક પારંપરિક સંસ્કાર ત્યજીને નવા સંસ્કાર ગ્રહણ કરી આત્મસાત કરે છે. જે એકાદશ વ્રત ગાંધીજી પાછળથી સાબરમતી આશ્રમમાં દાખલ કરે છે તે વ્રતોનો અભ્યાસ ફિનિક્સ આશ્રમમાં અને તે પહેલાં ગાંધીજી પોતાની ગૃહસ્થીમાં કરે છે. કસ્તૂરબા એની સહધર્મચારિણી પોતાને કર્તવ્યબદ્ધ માને છે. પરંતુ આંધળું અનુકરણ કરતાં નથી પણ સમજ અને વિવેક સાથે વ્રતો અપનાવે છે અને પાળવામાં કેટલીક વાર પતિ કરતા પણ આગળ નીકળી જાય છે. દક્ષિણ આફ્રિકાની પહેલી સ્ત્રી સત્યાગ્રહી બને છે અને તે પણ સામેથી દાખલ થઈને. ગાંધીજી તો એને આ સત્યાગ્રહમાં ખેંચવા જ માગતા ન હતા પણ નાજુક તબિયત સાથે પણ પૂરી મક્કમતાથી કસ્તૂરબા સત્યાગ્રહ કરી જેલવાસ કરે છે. તે વખતની સ્ત્રી માટે અપરિગ્રહી બનવું તે બહુજ મુશ્કેલ હતું. એક સ્ત્રી અને માતા તરીકે એ પોતે ત્યાગ કરીને પણ પતિ, બાળકો અને પરિવાર માટે પરિગ્રહ કરે જ. બા અપરિગ્રહની સાત્ત્વિકતા દક્ષિણ આફ્રિકામાં વિકસાવે છે જેની સુવાસ સાબરમતી અને સેવાગ્રામ આશ્રમમાં ચોમેર પ્રસરે છે. જીવનમાં આવેલા ઝંઝાવાતોમાં ગાંધીજી કેટલીક જગ્યાઓએ નબળા પડતા દેખાયા છે પણ બા અડીખમ ઊભાં છે. શારીરિક બ્રહ્મચર્યનું પાલન કસ્તૂરબા માટે તો સહજ જ હતું તે વર્તાઈ આવે છે. પતિ પરની કોઈ પણ અધિકારભાવના વગર નિર્વ્યાજ પ્રેમબળથી પત્નીનો ધર્મ પાળે છે અને આ ચકાસણીમાં તો કદાચ ગાંધીજી પણ પતિ તરીકે ક્યારેક ઊણા ઊતરતા દેખાય છે. આમ દક્ષિણ આફ્રિકામાં દાખલ થયેલી યુવા કસ્તૂરબાઈ ગાંધીજીના 'સત્યના પ્રયોગોની પ્રખર આંચમાં તપીને' કનક જેવી કસ્તૂરબા બને છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૯૮૬ ૩૬૯૧૬

### પ્રસીદતુ રુદ્યતે
### (કસ્તૂરબાના અવસાન પ્રસંગે)

અબુધ વયમાં ઝાલ્યો'તો આ કરે કર કોમલ
ગભરુ અબલાનો, તોયે તે રહ્યો જ બની બલ.
અડગ હૃદયે ઝાલ્યું સૂત્ર, સ્થિરા થઈ, હાથમાં;
વીતક કંઈ જે વ્હોર્યાં વીત્યાં, સહ્યાં સહુ સાથમાં.
જગઅનુભવે સ્હેજે હૈયા પછીથી હળી ગયાં,
જીવતર તણાં વ્હેણો બંને હતાં જ ભણી ગયાં.
કઠિન કપરી આયુર્યાત્રા સદા મુજ કારમી,
પણ તુજ અરે જીવ્યા સામે ગણું કુસુમો સમી.
પરિચય હવે સાઠ વર્ષે શું આમ પૂરો થવો?
દિન વિરતિનો છો આવ્યો, જો હતો કદી આવવો!

*

ગઈ જ શીખવી, ભોળી જેને ગણી હતી, ધર્મ તે;
સ્મરણ બની એ સાધ્વી, આત્મા **પ્રસીદતુ, रूद्यते ।**

– ઉમાશંકર જોશી

# સૌનાં બા ને મારાં બા

## વર્ષા દાસ

સત્યાગ્રહીઓના કુટુંબમાં જન્મ થયાનો એક મોટો ફાયદો એ કે નાનપણથી જ દેશની આઝાદી માટેનાં આંદોલનોની અને કસ્તૂરબા અને ગાંધીજીની વાતો સાંભળવા મળેલી. દરેક પ્રસંગ મેં વીસથી પચ્ચીસ વાર સાંભળ્યો હશે તોયે જાણે પહેલીવાર સાંભળતી હોઉં એવી ઉત્સુકતાથી અને એકાગ્રતાથી સાંભળતી હતી. એ વખતે વાર્તાના કુતૂહલથી સાંભળતી હતી, મોટા થયા પછી એના નવા અર્થો અને એની સાથે જોડાયેલા સંસ્કારો અને જીવદર્શનનાં મૂલ્યો સમજાવા માંડ્યાં. મારાં બા (લાભુબેન મહેતા)એ કહેલાં બે પ્રસંગોની અહીં વાત કરું.

૧૯૩૦ની વાત છે. ત્યારે મારાં બા ૧૫ વર્ષનાં હતાં. એમના પિતાશ્રી અમૃતલાલ શેઠના નેતૃત્વ હેઠળ ધોલેરામાં થયેલા સત્યાગ્રહ પછી એમની ધરપકડ થયેલી અને એમને સાબરમતી જેલમાં પૂરવામાં આવેલાં. એ જ જેલમાં કસ્તૂરબા પણ હતાં. તેઓ 'એ' ક્લાસમાં કેદી હતાં જ્યારે ૧૫ વર્ષની લાભુ 'સી' ક્લાસમાં કેદી

---

પૂ. બાના સહવાસમાં ૧૯૦૬ની સાલથી હું આવ્યો છું. દક્ષિણ આફ્રિકાના વસવાટ દરમિયાન મેં તેમની સાથે ઘણો વખત ગાળ્યો હતો. આજે તેઓ મારા જેવા અનેક પુત્રોને મૂકી ચાલ્યા ગયા છે.

પૂ. બાપુએ ઝુલુ બળવામાંથી પાછા ફર્યા બાદ કેટલાંક મિત્રોને ફિનિક્સમાં જમવા નોતર્યા હતાં. પૂ. બાએ પૂરણપોળી કરી હતી. તે બાપુનું ઘણું પ્રિય ભોજન હતું. બા-બાપુમાં શરત થઈ કે કોણ ખાતા હરાય છે કે કોણ ખવડાવતાં. પૂ. બા અમને બધાંને ગરમાગરમ પૂરણપોળી પીરસે છે. બાપુ એક પછી એક લઈને આનંદથી ખાય છે. અંતે હદ આવી. પૂ. બાને બીજી દાળ મૂકતાં બાપુએ જોયા અને હસ્યા. હવે નહીં પહોંચાય. બાએ હાર કબૂલી અને બન્ને ખડખડાટ હસ્યાં!

મારા જેવા સંસ્થામાં વસતા ઘણાને બા પુત્ર તરીકે અપનાવતાં અને પ્રેમથી નવડાવતા. બાપુના કડક નિયમોમાંથી પૂ. બાના માતૃહૃદયમાં અમને કોમળતા મળતી. હું જેલમાંથી છૂટ્યો ત્યારે મારી તબિયત લથડી હતી. ત્યારે બાએ માતાના ઉમળકાથી અને ભાવતા ભોજન કર્યાં. પણ બાપુએ એવું બધું ન ખવડાવતાં ફક્ત ફ્રૂટ ઉપર રાખવા જણાવ્યું. આટલે વખતે જેલમાંથી બહાર નીકળે અને સારું ન ખવાય ને ફ્રૂટ પર રાખવું એ બાને હૃદયની કઠોરતા લાગી. પણ બાપુને બધું ખવડાવવામાં માનું ખોટું વહાલ જણાયું. વાદવિવાદ થયો. અંતે બાપુએ કહ્યું, 'તારે મેઢને નારી નાખવા હોય તો ભલે આપજે.' બાએ થોડું થોડું બધું આપ્યું અને વધારે ફ્રૂટ ખાવા કહ્યું. રાતે તાવ સખત ચડયો બાપુએ બાને કહ્યું, 'પ્રેમથી ખવરાવ્યું હવે ચાકરી કર.' તે વખતે બાનો પશ્ચાત્તાપ તરવરતો ચહેરો હજી આંખ આગળ તરવરે છે.

પૂ. બાનું છેલ્લું જીવન તો સાધ્વી જેવું હતું. જ્યારે બા-બાપુ દક્ષિણ આફ્રિકામાં આવ્યા ત્યારે પૈસો કમાવા જ આવ્યા હતાં, પણ અહીં હિન્દીઓનું દુઃખ જોઈને બાપુએ ફકીરી પસંદ કરી. બાને પણ સાદા અને ફકીરી જીવન તરફ દોર્યાં. એક વાર ટોલ્સટૉય ફાર્મમાં બાપુ થીંગડાં દીધેલું પાટલૂન પહેરી લાકડા ફાડતા હતા. ત્યારે કોઈ યુરોપિયન તેમને મળવા આવ્યો. એમને એક છોકરા સાથે ઓફિસમાં બેસવા મોકલ્યા અને પછી ઘરમાં આવતાં જ બાપુએ બાને કહ્યું, 'જનરલ હર્ટઝોગ મળવા આવ્યા છે.' બાને ઘણું જ ખોટું લાગ્યું કે આવા મોટા માણસ મળવા આવે અને બાપુ આવા કપડે લાકડા ફાડતા હોય. ઝૂંપડા જેવા ઘરમાં આવા મહેમાનનો આદર-સત્કાર કેમ થાય? થોડીકવાર વાદ-વિવાદ થયો. મુલાકાતેથી પાછા ફરતાં બાપુએ બાને જીવનનો પાઠ ભણાવ્યો કે 'માણસના કપડાં નહીં પણ ગુણ જોઈને બધા ચાહે છે.'

મારા જીવન સાથે વણાયેલા પૂ. બાનાં ઘણાંય સ્મરણો છે. દક્ષિણ આફ્રિકાના હિન્દીઓના દુઃખો સાથે પૂ. બાએ પણ અનેક દુઃખો સહન કર્યાં હતાં. આવી એક આદર્શ માતાનું મૃત્યુ ધન્ય કરવા તેમની તપોભૂમિ 'ફિનિક્સ'માં એક ચિરસ્મારક કરવું યોગ્ય છે.

– સુરેન્દ્રરાય મેઢ

(ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સાથી)

✦ ✦ ✦

હતી. લાભુને જેલનું ખાવાનું દીઠું નહોતું ગમતું એટલે ખાવાની તો વાત જ ક્યાં? દાળમાં ઝીણાં જીવડાં ને નાનાં તણખલાં તરતાં હોય. ચાને બદલે જવના પાણીની પાતળી રાબ! ખાધાપીધા વિના બેસી રહેલી લાભુને જોઈને કોઈકે કસ્તૂરબાને સમાચાર આપ્યા કે 'સી' ક્લાસની એક નાની છોકરી કંઈ ખાતી નથી. કસ્તૂરબાએ લાભુને પોતાની પાસે બોલાવરાવી અને એમને મદદ કરવા માટે એ સાથે રહી શકે એવી વ્યવસ્થા કરી. એટલે હવે કસ્તૂરબાને જે ખાવાનું મળતું હતું તેમાં લાભુનો ભાગ પણ આવી જતો હતો! કસ્તૂરબા એટલે સૌનાં બા, કરુણા અને વાત્સલ્યનાં મૂર્તિ.

બે-ત્રણ દિવસ પછી બાએ લાભુને કહ્યું કે તું મને અંગ્રેજી શીખવાડ. લાભુને નવાઈ લાગી. બાને અંગ્રેજી શા માટે શીખવું હશે? લાભુએ એમને કારણ પૂછ્યું. બાએ કહ્યું કે જેલમાં જ્યારે ટપાલ આવે છે ત્યારે ક્યાં તો અંગ્રેજી જાણનાર એક બહેન બધી ટપાલો લઈને જેની જેની હોય તેને આપે છે, અથવા તો અંગ્રેજી વાંચી શકે તેવી બહેનો કાગળોની થપ્પીમાંથી પોતાનો કાગળ લઈ લે છે. બધી ટપાલો પર સરનામાં અંગ્રેજીમાં લખેલાં હોય, એટલે બા જાતે પોતાના પત્રો ન લાવી શકે, ખાસ કરીને બાપુએ લખેલા પત્રો. એટલે એમને થયું કે એમણે અંગ્રેજી શીખી લેવું જોઈએ. બા 'એ' ક્લાસનાં કેદી હતાં એટલે એમને પુસ્તકો, કાગળ અને પેન મળી શકતાં હતાં.

આ રીતે લાભુએ બાને એ બી સી ડી ભણાવવાનું શરૂ કર્યું. અને બા કવર પર લખેલાં નામ અને સરનામાં વાંચતાં થઈ ગયાં! આ નાનકડા પ્રસંગમાં બાનો બાપુ પરનો સ્નેહ પણ ઝળકી રહ્યો છે. બાપુના હાથે લખાયેલું પોતાનું નામ વાંચીને બાને કેટલો બધો આનંદ થતો હશે!

બીજો પ્રસંગ છે ૧૯૩૩નો. એ વખતે બાપુ યરવડા જેલમાં ઉપવાસ કરી રહ્યા હતા. બા ફરી એકવાર સાબરમતી જેલમાં હતાં અને લાભુ પણ એ જ જેલમાં હતી. એક દિવસ જેલરે બાને પૂછ્યું કે તેઓ બાપુની ખબર કાઢવા યરવડા જેલ જવા માગે છે કે કેમ? બાના હૃદયે તો 'હા' પાડી હશે, પણ એમનાં હિંમતવાળા સત્યાગ્રહી મને 'ના' પાડી, કારણ કે એ રીતે જવાનું સ્વતંત્રતા સેનાનીઓના નિયમની વિરુદ્ધ હતું. જેલર અને બા વચ્ચેની વાતચીત પૂરી થઈ. જેલર ચાલ્યો ગયો. ત્યાં ભેગી થયેલી બહેનો પણ પોતપોતાની જગ્યાએ ચાલી ગઈ. બા અને લાભુ એકલાં પડ્યાં. બાપુની તબિયત વિશે બાને ચિંતા થાય તે સ્વભાવિક હતું. એમણે ધીરેથી લાભુને કહ્યું, 'આમ તો મારે ચિંતા ન કરવી જોઈએ. મહાદેવ ત્યાં છે. મીરાં અને સુશીલા પણ છે.' અને પછી જે વાક્ય કહ્યું તેના પરથી બા-બાપુના સનાતન સાહચર્યનો સતત વહેતો સ્ત્રોત જોઈ શકાય છે. એ બોલ્યાં, 'પણ આપડે હોઈએ તો ફેર પડે ને!' આ લાગણી માત્ર બાની જ બાપુ પ્રત્યે નહોતી. બાપુને પણ બાની હાજરીથી ફેર પડતો હતો. બાપુની તબિયત વધુ બગડી અને બાને યરવડા જેલ લઈ જવામાં આવ્યાં. બાના આગમનની અસરનું વર્ણન કરતાં મહાદેવભાઈ દેસાઈએ કહ્યું, 'બાના આવવાથી બાપુમાં જાણે નવજીવનનો સંચાર થયો, શરીરમાં નવું લોહી આવ્યું, આશા અને આત્મવિશ્વાસથી જીવન ભરાઈ ગયું. આવા શૌર્યની સામે કોણ હિંમત હારી શકે?'

આ પ્રસંગ પરથી મને ૧૩મી સદીના જાપાનના એક બૌદ્ધ દાર્શનિક નિચિરેન દાઈશોનિનની એક પંક્તિ યાદ આવે છે : ''તીર કેટલું દૂર જશે તેનો આધાર ધનુષ્યની મજબૂતી પર છે. પતિ તીર છે અને પત્ની ધનુષ્ય.''

ચક્રવર્તી રાજગોપાલાચારી સાથેનો કસ્તૂરબાનો એક પ્રસંગ અહીં જણાવું. આમ તો લાભુબેન સાથે એ ઘટનાને સીધો સંબંધ નથી પણ બા લાભુ પાસે ૧૯૩૦માં જે અંગ્રેજી શીખેલા તે ભવિષ્યમાં કેવું કામ લાગ્યું તેની રમૂજી વાત છે. આ પ્રસંગ મેં રાજાજીના જીવનચરિત્રના લેખક આર. કે. મૂર્તિના પુસ્તક 'રાજાજી-લાઈફ એન્ડ વર્ક'માં વાંચ્યો હતો.

એકવાર રાજાજી કસ્તૂરબાને તામિલનાડુના તિરુચેન્ગોડ આશ્રમમાં ફેરવતા હતા. ગાંધીજીએ આર્થિક સ્વાવલંબન માટે ખાદી અને ગ્રામોદ્યોગના કાર્યક્રમોને મહત્ત્વ આપ્યું હતું. એ કામ આ આશ્રમમાં રાજાજી સફળતાપૂર્વક ચલાવતા હતા. ફરતાં ફરતાં તેઓ ખાદી જ્યાં રંગાતી હતી તે વિભાગમાં ગયાં. કસ્તૂરબાએ અંગ્રેજીમાં પૂછ્યું : ''કલર ગો?'' એ જાણવા માગતા હતાં કે રંગ પાકો છે કે ધોવાથી ઊતરી જશે? રાજાજીએ જવાબ આપ્યો : ''ધિસ ઈઝ નો-ગો કલર.'' આ સાંભળીને પાસે ઊભેલા કેટલાંક સાથીઓ હસી પડ્યા. બાએ સરળતાથી પૂછ્યું કે એમના અંગ્રેજીમાં કંઈ ભૂલ થઈ હતી કે શું? રાજાજીએ નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો : ''નો, ઈટ ઈઝ બા'ઝ ઇંગ્લિશ.''

આ પ્રસંગ પરથી મને એક વાત શીખવા મળી. ભાષાની વાક્યપટુતા કરતાં વધુ મહત્ત્વની બાબત છે. બીજાઓ પ્રત્યે નમ્રતા, વિવેક અને સદ્ભાવના. જ્યારે બંને પક્ષો એક-બીજાનો આદર કરે છે ત્યારે સંપ્રેષણ સફળ નીવડે છે.

✦ ✦ ✦

સંપર્ક : varshadas42@gmail.com

(સૌજન્યઃ સમીપે - ૫૩-૫૪ પાનાં નં. ૧૩૫)

# 'પ્રીતિયોગં પરસ્પરમ્' કસ્તૂરબા – હરિલાલ

નીલમ પરીખ

ગાંધી સાહિત્યના દરિયામાં ડૂબકી લગાવીએ છીએ ત્યારે બા-બાપુની એક અનોખી કળા વિશે આપણને પરોક્ષ જાણવા મળે છે અને તે છે પ્રેમ કરવાની કળા – પારકાને પોતીકા કરવાની કળા.

સમસ્ત વિશ્વમાં કોઈ પણ પ્રયોજન વિના આપણે કોઈએ ચાહીએ કે પ્રેમ કરીએ તો તે છે એક માત્ર 'મા'. સંતાન જ્યારે માને ચાહે છે ત્યારે તે પૂછતું નથી કે તે રૂપાળી ને વિદ્વાન છે! 'મા' છે એ જ તેનું ઐશ્વર્ય! અમીની ભરેલ એની આંખડી જોઈને વહાલનાં ભરેલાં એના વેણ સાંભળીને ગરીબનું બાળક પણ હાથ લંબાવીને બોલાવનાર રાણીના ખોળામાં પણ દોડી નથી જતું. આપણા ડાહ્યાઓએ કહ્યું છે, ''લોચોપોચો માડીનો ને છેલછબીલો લાડીનો'' – એ લોચોપોચો માના હૈયાનો ટુકડો છે. એ ધારે તોયે એને એકત્મ છૂટો નથી કરી શકતી. માયાના તાર એની સાથે બાંધાયેલા જ રહે છે. તેથી જ કસ્તૂરબા સત્યાગ્રાહી લડતમાં જેલમાં જનાર હરિલાલને તથા અન્ય યુવકોને કહે છે. 'દીકરાઓ મારા, નીતિથી ચાલજો. તમે જ્યાં હો ત્યાં હું તમને આશિષ પાઠવું છું. તમારી મહેનત ફળે. ઈશ્વર તમને સારા-નરવા રાખે. તમે સૌ હિંદ માના ઘરના દીવા છો?'

બા, કસ્તૂરબામાં સર્વતોમુખી પ્રતિભા હતી. તેમનું શરીર બાળપણથી આત્મવિશ્વાસ અને સાહસિકતાથી ભર્યું ભર્યું હતું. તેઓ સમૃદ્ધ અને બધી બાબતોમાં પહોંચી વળે એવા પિતા ગોકુળદાસ મકનજી અને માતા વ્રજકુંવરના લાડકી દીકરી હતાં. પાંચ સંતાનોમાં કસ્તૂર વચલાં હતાં. નાના ભાઈ માધવદાસ સિવાયના ત્રણ બાળકો નાનપણમાં જ ગુજરી ગયાં હતાં. કસ્તૂરનો ઉછેર ખૂબ સારી રીતે થયો હતો. માતા વ્રજકુંવરબા પોતાની પુત્રી બહાદુર અને દેશભક્ત બને એ માટે અવારનવાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની વાત કરતાં. સ્ત્રીનું જીવન તો કપરું છે જ એટલે બહાદુરી તો જોઈએ જ એવું તેઓ માનતાં. અને પછી ખરે જ આગળ જતાં પોતાના દેશના સમાજ તરફથી થતી ઉપેક્ષા અને જેમણે દેશને માટે પ્રાણ અર્પણ કર્યા તેના ત્યાગના સ્વીકારનો અભાવ-વગેરેથી પણ કસ્તૂરબા પાછા પડ્યા નહોતાં. માણસ જેટલી જાતનાં કષ્ટ ઉઠાવી શકે તેટલાં બધાં તેમણે ઉઠાવ્યાં હતાં. પોતાના ભૂખ-તરસ, લાભ-નુકશાન, ખ્યાતિ-પ્રતિષ્ઠાનો કશો જ ભય નહીં, સંકોચ નહીં, આરામ નહીં. કસ્તૂરબાનું આવડું મોટું આત્મસમર્પણ, તેની પાછળ કેવી મોટી શક્તિ, એની સાથે કેવી બુદ્ધિ, કેવું હૃદય, કેવો ત્યાગ અને પ્રતિતાની કેવી તેજસ્વી આંતદૃષ્ટિ રહેલી હવે તે આપણે સમજવું જોઈએ.

ઓછું ભણેલી પરંતુ વૈષ્ણવ પરિવારની સંસ્કારી કસ્તૂરને ઘરનું કામકાજ-ગૃહિણીનાં કર્તવ્યો શીખવેલાં એટલે મોહનદાસ (બાપુ)ના જીવનમાં કૌમાર્ય વયે પ્રવેશ કરનાર કસ્તૂરબાઈએ પતિના જીવનને અનુરૂપ કરકસરિયું, ખડતલ અને અગવડભર્યું જીવન પ્રામાણિક પ્રયત્નોથી ઘડવા માંડ્યું. કસ્તૂરબાઈ દરરોજ સવારે સાસુ પૂતળીબા સાથે મંદિરમાં કે બીજાનું ઘરના કામકામ માટે બહાર જતાં. કન્યા કસ્તૂર હવે ગૃહિણી બની એટલે નામ 'કસ્તૂરબાઈ' બન્યું. પૂતળીબા ભલાં, સમજુ અને પ્રેમાળ હતાં. ત્રણે વહુઓ પાસેથી ભેદભાવ વિના કામકાજ કરાવતાં. સૌની પહેલાં વહેલી સવારે ઊઠી જતાં અને રાત્રે સૌથી મોડાં સૂતાં. પોતે ધર્મિષ્ઠ મહિલા હતાં એટલે આત્મનિયંત્રણ માટે વ્રત-ઉપવાસ કરે, નવાં નવાં વ્રતો શોધતાં જાય. પ્રાર્થના કર્યા વિના મોંમાં અન્નનો દાણો ન મૂકે. કસ્તૂરબાઈ પણ આવાં વ્રત-ઉપવાસ, પ્રાર્થનાથી પરિચિત હતી. અને તેનાથી તે સુરક્ષા અનુભવતા.

સંસારમાં એક ત્યાગનો ધર્મ છે જે કહે છે કે સતત કંઈ છોડતા જવું અને આગળ વધવું. કોઈ જબરજસ્તીથી ત્યાગ કરાવે તો એમાં આનંદ કે ગૌરવ ન રહે. એટલે આપણે એવી રીતે ચાલવું જોઈએ કે આપણે જ સામે ચાલીને ત્યાગ કરવો જોઈએ. પ્રાર્થના, ઉપાસનાથી અને સમજણ વિકસતી ગઈ અને રોજ થોડો કંઈક ત્યાગ કરવા તૈયાર થતા. આથી જ એમણે સહજતાથી ને સરળતાથી પતિને ભણવા જવા માટે પોતાના ઘરેણાંનો ત્યાગ કર્યો! અને બાળકોને પણ ત્યાગનું મહત્વ સમજાવ્યું.

મોહનદાસના બાપ-દાદાના ડેલાના વેચાણ માટે સગીર વયના બાળકો વેચાણ ન કરી શકે પરંતુ ઉંમરલાયક થતાં તેઓ ત્યાગ કરવાનો હક-અધિકાર હરિલાલને મળે છે ત્યારે કંઈ પણ જાણકારી વિના તેના પરથી હક ઉઠાવી લેવાની સંમતિ આપી, સહી કરી દે છે.

એ જ રીતે ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાંથી વિદાય વખતે ઘણી કીમતી ચીજ વસ્તુઓ મળી. તેના પર હક ન રાખવા માટે કસ્તૂરબાને સમજાવવાનું દીકરાઓએ બીડું ઝડપ્યું અને માતાને સમજાવી એ બધી વસ્તુઓ પરત કરવી કે તેનું ટ્રસ્ટ બનાવવાની વાત કરી. કસ્તૂરબાએ થોડો ગુસ્સો કરી પાછું ન આપવાની જ વાત

કરી પણ અંતે માની જઈને બધાએ એ ચીજ-વસ્તુઓનો ત્યાગ કર્યો, તે વખતે બાળકોએ એવું ન વિચાર્યું કે તેઓનો તો ભોગનો અધિકાર છે, તેમને ત્યાગનો મહાન અધિકાર છે તેની કલ્પના ય નહોતી. રોજરોજના પ્રાર્થના-ઉપાસનામાંથી જ ત્યાગ સહેલો થતો આવે છે.

કસ્તૂરબામાં કોમળતા હતી, નમ્રતા હતી એટલે સંઘર્ષને બદલે સમજૂતી પર તેમની અધિક શ્રદ્ધા હતી. પ્રેમનો દ્રોહ કર્યા વગર તેજસ્વિતા દાખવી શકતા હતાં. અહિંસક પ્રતિકારનો માર્ગ તેઓ જાણતા હતાં. એટલે પરણ્યા પછી પતિનું ધણીપણું ખૂંચ્યું ત્યારે એમની આજ્ઞાઓને માન્યા વગર દઢતાથી પોતાનું ધાર્યું જ કરતાં. એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે પોતાની દઢતાનું સ્વરૂપ બતાવી શકતાં હતા. એમણે કદી કરી નથી પાછી પાની કોઈ પંથે!

મોહનદાસ ઇંગ્લેન્ડ ગયા ત્યારે દરિયો ઓળંગીને ઇંગ્લેન્ડ જનારને જ્ઞાતિજનો ધર્મવિરુદ્ધનું કૃત્ય ગણતા. તેથી જ્ઞાતિએ બાપુનો બહિષ્કાર કર્યો. નાત બહાર મુકાવું કસ્તૂર માટે પણ મુશ્કેલ બન્યું. પતિના વિદેશ ગયા પછી પોતે પિયર જતી રહેશે એવી કલ્પના કરી હતી. પરંતુ તેય શક્ય ન બન્યું કારણ પિયર પણ વણિક જ્ઞાતિનું જ એટલે એમને પણ બહિષ્કૃત થવું પડે. હવે કસ્તૂરબાઈને માત્ર હરિલાલનું જ એકમાત્ર આશ્વાસન હતું. જોકે સસરાના અવસાન બાદ સાસુ પૂતળીબાનું પરિવારમાં સર્વોચ્ચ સ્થાન હતું. સાસુવહુ બન્ને મોહનના વિયોગનું દુઃખ અનુભવતાં. બન્નેને સારું ફાવતું. હરિલાલના બાળપણના તોફાનો જોઈ પૂતળીબા મોહનનું બાળપણ તાજું કરી વાતો કરતાં. તે પરથી કસ્તૂરને પોતે ઘણું શીખવાનું છે અને હરિલાલને શીખવવાનું છે એ બધું વિચાર્યા કરતી. હવે પોતે અને હરિલાલે પિતાના ભાઈઓના આધારે – કાકાઓના આધારે રહેવાનું છે એ સમજવા લાગ્યા. પોતે માણેલી સુખ-સાહ્યબી ભૂલી જઈ પૂતળીબાની જેમ ખાવાપીવા પર કાપ મૂકવા માંડ્યો. પૂતળીબા હંમેશા છેલ્લે જમે અને કોઈવાર મહેમાન આવી ચડે તો રોટલી-શાક ખૂટી પડે ત્યારે દૂધ-ભાત ખાઈને ચલાવી લેતા તેથી પોતે પણ થોડા ભૂખ્યા રહીને હરિલાલને પૂરતું ખવડાવે, તેને સ્વચ્છ રાખવાનો પ્રયત્ન કરે.

કસ્તૂરબાઈ પરણીને આવી ત્યારે શાંત, મૂંગેમોઢે કામકાજ કર્યા કરતી. તેનું પ્રથમ સંતાન જન્મતાની સાથે જ મુરઝાઈ ગયું. જાણી કોમળ હૃદયની અસહ્ય વેદના અને શોકથી વિહ્વળ થઈ. ત્યારે પછી પૂતળીબાના પ્રેમાકર્ષણમાં તેનું ઘડતર થતું ચાલ્યું અને સંયુક્ત કુટુંબમાં ગોઠવાતા ગયાં. મોહન બૅરિસ્ટર થવા વિલાયત ગયા ત્યારે ૧૮૮૯માં હરિલાલનો જન્મ થઈ ચૂક્યો હતો. ત્રણ વર્ષના વિયોગના ગાળા દરમિયાન મોહનનો એક ફોટો આવ્યો. અને લક્ષ્મીદાસભાઈ પર પત્રો આવતા. તેનાથી પતિનાં થઈ રહેલા પરિવર્તનો તથા પત્રોમાં આવતી વિગતો વિશે જેઠાણીઓ જેટલું કહે તેનાથી સંતોષ માની લેતી.

મોહનના વિદેશવાસના ત્રણ વર્ષ પૂરા થવાની વેળાએ પૂતળીબાની તબિયત એકાએક બગડી અને મૃત્યુ પામ્યાં. મોહન તેમનો લાડકો દીકરો હતો એટલે પરિવારે આ દુઃખદ સમાચાર ઇંગ્લેન્ડમાં આપવાની બદલે હવે હિંદ આવે છે ત્યારે જ આપવા એવું વિચાર્યું. કસ્તૂરબાઈને પણ પૂતળીબાનો પ્રેમ અને સધિયારો ગુમાવવાનું દુઃખ ત્યારે હતું. પતિનેય આ દુઃખ કેટલુંય લાગશે એની કલ્પના કરવી છતાં મૂંગેમોઢે ધીરજથી રાહ જોવા લાગી. સાથે સાથે વિચારતી કે હવે તેને અહીં ફાવશે? આ ઘર, વાતાવરણમાં પતિ ગોઠવાશે?

પૂતળીબાની છેલ્લી ઇચ્છા એ હતી કે મોહન ફરી જ્ઞાતિમાં સ્થાન પામે. માની અંતિમ ઇચ્છા અને પરિવારની મુશ્કેલી જાણી ભાઈ લક્ષ્મીદાસ સાથે નાસિક જઈ વિધિ કરી, ત્યારે જ્ઞાતિના આગેવાનોએ મોહનને જ્ઞાતિમાં લીધો!

આજ સુધી ભાઈઓના આધારે પરિવારનું ચાલ્યું. હવે મોહન કમાણી કરતો થાય એવી લાગણી કસ્તૂરને થતી. ભાઈઓના ઉપકારનો બદલો વાળવા તેણે પતિને દઢ શબ્દોમાં ભાઈઓને ટેકો આપવાની તેની ફરજ છે એ સમજાવ્યું. હિન્દુ પત્નીની સહિષ્ણુતા મોહન સમજી ન શક્યો અને પત્નીને પિયર મોકલી દીધી. પરંતુ કસ્તૂરમાં પૂરું તેજ હતું. તે સમજી ગઈ કે જુદાં રહેવાથી પતિ આ સમજશે અને પછી ભવિષ્યનું વિચારી બોલાવી લેશે. તે પતિની જવાબદારી અને ફરજ ચૂક્યાનું કારણ બનાવ નહોતી માગતી. થોડા સમય પછી કસ્તૂર હરિલાલને લઈને પાછી આવી ત્યારે તેની – મોહનની ખરી ચિંતા સમજવામાં આવી. પતિને રાજકોટમાં પ્રૅક્ટિસ કરવા તરફ વાળ્યા. પણ તેને પોતાનામાં આત્મવિશ્વાસ નહોતો. ઇંગ્લેન્ડના અને હિંદના કાયદાઓ અલગ અલગ હતા તેથી તેમને ખાસ ખબર નહોતી. વળી પોતે 'ઇંગ્લેન્ડ-રિટર્ન બેરિસ્ટર' છે એટલે સ્થાનિક વકીલો કરતાં પોતાનું વધુ ફી લેવાના હકદાર છે એમ સમજતા. રાજકોટમાં વકીલો ઝાઝા અને અસીલો થોડો એટલે મોહન મુંબઈ જાય તો એને કામની તક વધુ મળે અને સાથે સાથે હિન્દી કાયદા વિશે પણ ભણી શકે એમ કસ્તૂરે સમજાવ્યું. મુંબઈ જઈ પોતે જુદું ઘર શરૂ કરે તો બે ઘરનો ખર્ચ વધી જાય તેથી હરિલાલ અને કસ્તૂર રાજકોટ રહ્યા અને મોહન મુંબઈ ગયા. પરંતુ ત્યાં પણ કંઈ બરાબર ન જામ્યું એટલે છ મહિના રહી પાછા આવી ગયા.

૧૮૯૨માં કસ્તૂરે બીજા પુત્ર મણિલાલને જન્મ આપ્યો. ત્યાર

પછી મોહન-કસ્તૂરના નસીબનું પાંદડું ફર્યું. દક્ષિણ આફ્રિકામાં પોરબંદરના જૂના મિત્ર દાદા અબ્દુલ્લાની કંપનીનો કેસ ચાલતો હતો ત્યારે ત્યાંના વકીલોની સહાયતા માટે એક હિન્દી વકીલની જરૂર હતી તે માટે મોહનને બોલાવ્યો. મોહનનો આત્મવિશ્વાસ અહીં ડગમગતો હતો ત્યારે આ તક ઝડપી લેવાનું વિચાર્યું. ફરી એક વર્ષ માટે કસ્તૂરને વિયોગ વસમો તો લાગતો હતો પણ પોતાની જાતને કાબૂમાં રાખી, પરિવાર પર આર્થિક વિટંબણાનો ભાર મન પર હતો એ વિચારથી સંમતિ આપી.

મોહનદાસ દક્ષિણ આફ્રિકા પહોંચ્યા તે સાથે જ ત્યાંની રંગભેદની નીતિ અને અપમાન સહન કરવા પડ્યા. આ બધું નીચી મૂંડીએ સહન કરવાની બદલે રંગભેદ સામે લડવાનો એક જ માર્ગ તેમને સ્વીકાર્યો. દાદા અબ્દુલ્લાના કેસમાં સમાધાન કરાવવાનું વકીલોનું જે ખરેખરું કાર્ય હોય છે તે પૂર્ણ કર્યાનો તેમને સંતોષ થયો અને આત્મવિશ્વાસ સાથે ૧૮૯૪ના મે માસમાં હિન્દ આવવા તૈયાર થયા હતા. પરંતુ દક્ષિણ આફ્રિકાના હિન્દીઓને અન્યાયી કાયદાઓની સામે લડવા તેમને આગ્રહ કર્યો અને તેમનું ધ્યાન સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં રહ્યું. સાથે સાથે કમાણી કરીને ભાઈઓને વતનમાં પૈસા પણ મોકલવા માંડ્યા. પણ કસ્તૂર વિચારે છે પતિ પોતાની જિંદગી બનાવવામાં વ્યસ્ત છે પણ એની જિંદગીમાં પોતે કે પુત્રો છે કે નહીં?

૧૮૯૬ના ઉનાળામાં ત્રણ વર્ષ બાદ મોહનદાસ હિન્દ આવ્યા ત્યારે તેમનામાં ખાસ્સુ પરિવર્તન થયું હતું. ફરી જ્યારે પાછા દક્ષિણ આફ્રિકા જાય ત્યારે પત્ની-પુત્રોને સાથે લઈ આવવાનું વિચારેલું. એ જાણ્યું ત્યારે કસ્તૂર વિચારે છે કે અજાણીભૂમિમાં પોતે ગોઠવાઈ શકશે ખરી? પરંતુ પ્રસન્નતાને કદી નવ તજીએ, પ્રસન્નતામાં જ સૌ જીવીએ એમ સમજણ સાથે ૧૮૯૭માં મોહનદાસ કસ્તૂર સાથે ત્રણ બાળકોને – નવ વર્ષના હરિલાલ, દસ વર્ષના ભાણેજ ગોકળદાસ અને પાંચ વર્ષના મણિલાલ સાથે દક્ષિણ આફ્રિકા આવે છે.

ગાતાં ગુલમહોર જેવા કસ્તૂરના જીવનની કસોટીઓ થવા લાગી. સ્ટીમરમાં જ મોહનદાસે સૌને સમજાવ્યું હતું કે, સભ્ય ગણાવા માટે પારસીઓના જેવો પોશાક અને સવારથી રાત સુધી બૂટ-મોજાં પહેરી રાખવાનાં. આવું તો કદી પહેરેલું નહીં. પગ બંધાઈ જતા, દુઃખતા અને મોજાં ભીંજાઈ જતાં. છતાં સૌને ટેવ પડે તે માટે બાપુ સ્ટીમરના તૂતક પર ચલાવતા. કસ્તૂરને ટકોર કર્યા કરે કે શરીર સીધું રાખી. ટટ્ટાર ઊંચા માથે ચાલવું. કસ્તૂરને રાજકોટના ઘરની સ્વતંત્રતા અને શાન્તિ યાદ આવતાં. જ્યાં આવી કોઈ મગજમારી નહોતી. વળી પગ લટકતા રાખી ખુરશીમાં બેસવાનું, ટેબલ પર જમવાનું, છરી-કાંટા વડે જ ખાવાનું અને ખાતી વખતે મોં બંધ રાખવાનું. ચાવતી વખતે અવાજ નહીં કરવાનો. બેસ્વાદુ બાફેલાં શાક અને બ્રેડ ખાવા મળે. ક્યારે ઘરે પહોંચીને ને હું રસોડું મારા હાથમાં લઉં એ વિચારતી કસ્તૂર દિવસો ગણતી. ઊંચા મોજાંઓ વખતે હાલકડોલક થતી સ્ટીમરથી ગભરાટ થતો. બાળકો પણ બીમાર પડતા. સૌ મોતની ઘડીએ સાથે છે એટલું એક આશ્વાસન લેતા. પણ 'લહરોંસે ડર કર નૌકા પાર નહીં હોતી' એમ દૂરથી ડરબનનો કિનારો દેખાયો એટલે ઉત્સાહમાં આવી ગયા.

સ્ટીમરમાંથી ઉતરવામાં ઘણો વિલંબ થયો. હરિલાલે કેટલીય વાર પૂછ્યું, 'આપણને ઉતારવામાં કેટલીવાર?' કસ્તૂરે ધીરજથી કહ્યા કર્યું, 'હમણાં જઈશું હોં બેટા?' અને તેનું માથું પોતાના ખભા પર ટેકવી દીધું. નીચે એક મોટું ટોળું ઊભેલું હતું જે મોહનદાસને મારવા માટે હતું એથી કમાન્ડરે એક ઘોડાગાડીની વ્યવસ્થા કરી કસ્તૂરને અને બાળકોને એમના એક મિત્ર જીવનજી રુસ્તમજીને ત્યાં મોકલી આપ્યાં. કમને કસ્તૂર ગઈ પણ ફફડતા કાળજે મોહનની રાહ જોતી રહી.

બે દિવસ પછી મોહનદાસ તેમને પોતાના મકાન 'બીચ ગ્રોથ વિલા'માં લઈ ગયા. રુસ્તમજીના પરિવારે તેમને આશ્રય આપેલો તે માટે કસ્તૂરનું મન આભારથી ભરાયેલું હતું. બન્ને પરિવારોનો અતૂટ સંબંધ જોડાયો અને જીવનભરની મૈત્રી મજબૂત રહી. તે છેક ૧૯૪૩માં એટલે મૃત્યુના એક વર્ષ પહેલાં આગાખાન મહેલમાં કેદ થયેલા ત્યારે દક્ષિણ આફ્રિકામાં રહેતા મણિલાલ-સુશીલાને પત્રો લખતા તેમાં જાલભાઈ રુસ્તમજીને પ્રેમભરી યાદી અચૂક લખતા. જાલભાઈ પણ પોતે ૧૮૯૭માં બાળક હતા ત્યારની ગોરાઓએ જે ઘેરો ઘાલ્યો હતો તેની સ્મૃતિ વાગોળતા.

ફિનિક્સના નવા ઘરમાં – અઠ્ઠાવીસ વર્ષની જિંદગીમાં પહેલીવાર – આ નવું ઘર તેનું પોતાનું સામ્રાજ્ય હતું. બાળકો પણ 'બાપુ, બાપુ' કરતાં પાછળ ફરતા રહેતાં. ત્યાં વસતા અને આવ-જા કરતા હિન્દીઓ એ પણ મોહનદાસને 'બાપુ' અને કસ્તૂરને 'કસ્તૂરબા'નું નામ આપ્યું – જે સમય જતાં 'બા' રહ્યું! દિવસ આખો તો કામકાજમાં બન્નેનો સમય વીતી જતો. પણ બાળકોના ભણાવવાનો પ્રશ્ન વિકટ થતો ગયો. હિન્દી બાળકો જ્યાં ન ભણી શકે તેવી શાળામાં બાળકોને મોકલવાનું બાજુને માન્ય ન હતું. ઘરે ભણાવવા આવી શકે તેવો કોઈ સારો ગુજરાતી શિક્ષક મળી શક્યો નહીં. બાપુ પોતે ભણવવાનો પ્રયત્ન કરે પણ તે અનિયમિત થતો.

હરિલાલ અને ગોકળદાસની જોડી જામી હતી. જ્યાં જાય ત્યાં સાથે જાય અને જે કરે તે હસતાં-રમતાં કરે. છાનાછૂપા ખેતરોમાં

ફરી વળી સંતરા વગેરે તોડીને ખાતા. વળી ગાંધીજીને ખાવા-ખવરાવવાનો પણ શોખ એટલે શરૂમાં મસાલાવાળું જાતજાતનું ખાવાનું બનતું પણ પછીથી ગાંધીજીને એ બંધ કરાવી અંગ્રેજી ઢબનું ખાવાનું શરૂ કરાવ્યું. ટેબલ-ખુરશી પર બેસીને ખાવાનું, ટેબલ પર ચાદર પાથરવાની – એના પર તપેલાના મેશના ડાઘા પડે નહીં એ માટે વિલાયતી પાટિયા વાપરવાનાં. આ પરિવર્તન માટે બહેનો અને બાળકોને પણ સૂગ રહેતી. દરમિયાનમાં મોટાઓના ચહેરા પરના ભાવ અને ચર્ચા પરથી એક દિવસ સાંભળ્યું કે 'બૉથા' કરીને કોઈક ગોરાએ ગાંધીજી અને હરિલાલ અને બીજાં કેટલાંકને જેલમાં પૂરી દીધા છે. ત્યાં એમને ખાવાનું ઘેંશ જ મળે છે. લાકડાના ચમચાથી ખાવું પડે છે, પૂરાં કપડાંયે પહેરવા નથી મળતાં વગેરે...

એટલે કસ્તૂરબા તથા આગળની બીજી બહેનોને પણ પોતાના ખાવા-પીવાના ચસકાને કાબૂમાં રાખી સાદું ભોજન, એકટાણાં વગેરે શરૂ કર્યાં. ગાંધીજીને સત્યાગ્રહનું કામ કમર કસીને તૈયારી કરવા માંડી. તેમણે લગભગ ત્રીસેક પ્રકારના જુદા જુદા પ્રયોગો કરવા માડ્યાં!

બીચ ગ્રોવ વિલામાં રહેતા સૌએ પોતપોતાના શૌચકર્મ માટે રાખેલાં વાસણ ઉપાડી સાફ કરી લેવાના એવો નિયમ હતા. વતનમાં તો આવું કામ હલકું ગણાતું અને એવું કરનારને અસ્પૃશ્ય ગણતા. પણ અહીં તો પતિ જાતે કરે છે અને બીજાં પાસે પણ એવું કામ કરાવે છે. એકવાર ખ્રિસ્તી મહેમાનનું પૉટ પણ બા પાસે કરાવવાનો આગ્રહ રાખ્યો. ગુસ્સાથી આંખમાં આંસુ સાથે બાએ ખેંચીને એ વાસણ લીધું પણ બાપુને એ ન ગમ્યું. કહે, 'સ્વેચ્છા, પ્રસન્નતાથી કર. મારા ઘરમાં આ નાટક નહીં ચાલે.' બાને આ શબ્દો બરાબર ખૂંચ્યા એટલે 'રાખો તમારું ઘર તમારી પાસે. હું જાઉં છું.' અને બાને બાપુ પણ દરવાજા સુધી બહાર ખેંચી ગયા. ત્યારે બા કહે છે, 'તમને શરમ નથી આવતી? હું ક્યાં જઈશ? તમારી પત્ની છું એટલે તમારી લાતો ખાવી રહી.' બાપુએ પણ મનમાં તો શરમ અનુભવી, દરવાજો બંધ કર્યો. આવા નાના-મોટા ઝઘડાઓ તો થતાં પણ બાની અજોડ સહનશક્તિથી હંમેશા વિજય થતો.

કસ્તૂરબા આંધળું આજ્ઞાપાલન નહોતા કરતાં. પોતે શક્તિથી ભરપૂર અને જવાબદારી સમજતા હતાં. ૧૮૯૮માં ત્રીજા પુત્ર રામદાસને જન્મ આપ્યો. તે પછી કસ્તૂરબા થોડો સમય બીમાર રહ્યાં. સાજા થયા બાદ પતિના સાદાઈના અને સ્વાવલંબી બનવાના આગ્રહથી નોકરોને વિદાય આપી અને બધાં કામ બા તથા બાળકોને સાથે મળીને કરી લેતાં. ઘરમાં રાખેલી ઘંટી પર વાતો કરતાં, હસતાં, ચર્ચાઓ કરતાં બાપુ અને મોટા ભાઈઓ કલાકેકમાં દળવાનું કામ પૂરું કરી નાખતા.

એકવાર અંગ્રેજો-યુરોપિયન લોકોએ સામેથી જમવાનું આમંત્રણ માગ્યું. તેઓએ આવીને બાના ગૃહજીવન વિશે અસભ્ય ગણાય એવા પ્રશ્નો પૂછવા માંડ્યા એટલે બાને ગુસ્સો ચડ્યો ને ત્યાંથી બહાર ચાલ્યા ગયા. ''મારા ઘરનો તાલ જોવા અને મારા ઘરની ઠેકડી ઉડાડનાર લોકોને તો હું જ જ મળું અને ન જ પીરસું.'' એમ સ્પષ્ટતાથી સંભળાવી દીધું!

ભલે બા અશિક્ષિત હતાં પણ અંગ્રેજોની વાતોનો ભાવ સમજી લઈ પોતાના વિચારો પણ જણાવવા અચકાતા નહીં. આથી જ ૧૯૪૨ની ૯મી ઑગસ્ટે પહેલી સવારે બાપુને ગિરફ્તાર કરવા પોલીસ અમલદાર આવી અને અંગ્રેજીમાં કહ્યું, બાને પણ સાથે જવાની ઇચ્છા હોય તો આવી શકે એમ છે, ત્યારે બા સમજી ગયા અને જણાવ્યું, 'નહીં, હું બાપુનું કામ કરીશ.' એ જ દિવસે સાંજે શિવાજી પાર્કમાં બાપુનું જાહેરસભામાં ભાષણ હતું એટલે બાએ તુરત કહી દીધું એ સભામાં ભાષણ પોતે કરશે. બા અંદર પહોંચે તે પહેલાં પોલીસે પકડી લીધા. જતાં જતાં બાએ સંદેશ લખાવ્યો, ''બહેનોએ પોતાનું નૂર બતાવવાનો અવસર આવ્યો છે ત્યારે બધી કોમની બહેનો આ લડત શોભાવે. સત્ય-અહિંસાનો માર્ગ ન છોડે.''

દક્ષિણ આફ્રિકામાં જ ૧૮૯૮માં રામદાસનો અને ૧૯૦૦માં દેવદાસનો જન્મ થયો. આમ ચાર ચાર બાળકો સાથે ય કસ્તૂરબા પતિના વ્રતો, આદર્શો અને સિદ્ધાન્તો પોતાના કરતા ગયાં. સાથે સાથે બાનો પણ વિકાસ થયો ગયો. એમની સહજવૃત્તિ બાપુને અનુકૂળ થવાની હતી. પોતાની સમજતા ક્ષેત્રની વાત હોય તો તેમાં બાના પોતાના સ્વતંત્ર વિચારો રહેતા અને તેમાં મક્કમ રહેતાં. પોતાની ઇચ્છા-અનિચ્છાનો ત્યાગ કરી, અનેક મુશ્કેલીઓ અને પરિવર્તનો સહી લેવામાં એમનું મૂળ આત્મબળ અને અપૂર્વ સમર્પણની ભાવના કામ કરી ગઈ. આમ બા જીવન તરી ગયાં! કેટલાંક ને એમ લાગતું કે બાને તેનું દુઃખ રહેતું હશે, પણ બા તો એ તાવણીમાંથી કેટલા આનંદ અને ઉત્સાહથી પસાર થતાં તેની માહિતી એક ટીકા કરનાર બહેનના પત્રમાંથી મળે છે. બા પત્રમાં લખે છે : 'આપણે કોઈ દિ' વાતચીત કરી નથી તો તમે કેમ જાણ્યું કે બાપુ મને દુઃખ આપે છે અને મારો ચહેરો હંમેશાં ઊતરેલો દેખાય છે? મારા જેવો પતિ કોઈનો નહીં. સત્યથી તે પૂજાય છે... એને લીધે તો હું આખા જગતમાં પૂજાઉં છું. મારા સગાસંબંધીઓમાં મારું ઘણું માન છે અને પ્રેમ છે. હું તમારા જેવી આજકાલના જમાના જેવી નથી કે ખૂબ છૂટ લેવી અને પતિ તમારા તાબામાં રહે તો સારું નહીં તો તારો ને મારો રસ્તો જુદો. સનાતની હિન્દુને તે ન છાજે.'

બાપુ ત્યારે કામમાં હોવા છતાં બાળકોની કેળવણી વિશે ચિંતા કરતા. બાને પણ હરિલાલની કેળવણી માટે ચિંતા રહેતી. હરિલાલનું પણ મોટા થયા પછી કંઈક રોષ પણ હતો. 'બાપુએ સારી કેળવણી લીધી છે તો અમને કેમ સારી કેવળણી નથી આપતા? બાપુ સેવાભાવની, સાદાઈની અને દેશસેવાનાં કામો એમને મળેલી સારી કેવળણીને લીધે જ કરી શકે છે ને? અમે પણ ભણીને એમના જેવું સેવાપરાયણ અને સાદું જીવન ગાળી શકીશું.' વગેરે દલીલો કરતા. પોતાના બાળકો મોટાં થાય અને નામના કાઢે એવી મહત્ત્વાકાંક્ષા કસ્તૂરબાને પણ હતી જ. એમના બધા બાળકો ચતુર અને તેજસ્વી હતાં.

૧૯૦૪થી હરિલાલને બાપુનું ક્રાન્તિકારી પરિવર્તન કે તેઓ (બાપુ) ધનસંગ્રહ ન કરે એનું દુઃખ ન હતું. હરિલાલને બાપકભાઈ ઉપર નભવું ન હતું. ભણીગણીને પોની જાતમહેનતથી જ મોટા થવાની હોંશ હતી. દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડતમાં તેમણે સારો ભાગ લીધો હતો અને ઓછામાં ઓછા દસેક વખત જેલ પણ જઈ આવ્યા હતા. પિતાનું બધું કામ તેમણે ઉપાડી લીધું હતું. પોતાની પ્રતિભા, નિષ્ઠા, કર્મઠતા અને હસમુખા સ્વભાવને કારણે લોકપ્રિય બની ગયા હતા. હિન્દી સમાજમાં તો 'છોટે ગાંધી' તરીકે જાણીતા થયા. પિતાને પગલે સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ, કાચો આહાર લેવો, દૂધ છોડવું વગેરે સહજતાથી સ્વીકારી લીધેલું. જેલની ભારે અગવડો વેઠી. તેમનામાં દંભ, છળકપટ કે ઈર્ષા ન હતાં. ગાંધીજીને પણ એક સક્ષમ, વિશ્વાસપાત્ર સ્વયંસેવક મળી ગયાની લાગણી અને આનંદ થતો. પરંતુ હરિલાલને તો પિતા જેવું શિક્ષણ લેવાનો આગ્રહ હતો.

હરિલાલ જ્યારે જેલમાં હતા ત્યારે ઇંગ્લેન્ડના એક મિત્રે ગાંધીજીને શિક્ષણ માટે એક યુવાનને મોકલવા લખ્યું હતું. ત્યારે તેમણે હરિલાલને ન મોકલતાં એક દૂરના સગા છગનલાલને મોકલ્યા. તેને ત્યાં ન ફાવ્યું અને છ માસમાં પરત આવ્યા ત્યારે બીજા એક પારસીને – સોરાબજી અડાજણિયાની મધ્યમ સ્તરની લાયકાતવાળા યુવાનને મોકલ્યા. તે જ્યારે હરિલાલે જાણ્યું ત્યારે તેમને આઘાત લાગ્યો અને કોઈનેય કહ્યા વિના પિતા સામે બંડ કરી ૧૯૧૧માં હિન્દ આવવા નીકળી ચૂક્યા. પણ અધવચ્ચેથી જ ગાંધીજીને ખબર પડતાં તેમને પાછા બોલાવી લીધા. પુત્રે દિલની વ્યથા, ભણવાની ઉત્કંઠા વગેરે સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ બન્ને વચ્ચે મનમેળ ન થવાથી સ્ટેશન પરથી જ માતાને મળ્યા વિના પાછા હિન્દ ભણી વળી ગયા.

ચોવીસ વર્ષના હરિલાલને કાકાઓ અને ફોઈની ખટપટોથી દૂર ભાગી જઈ ભણવું હતું. પરંતુ ગાંધીજીને આગ્રહ અમદાવાદમાં જ ભણે તેવો રહ્યો. ૧૯૮૬માં હરિલાલની સગાઈ પોતાના મિત્ર હરિદાસ વકીલની દીકરી ગુલાબ સાથે થઈ હતી. તે વખતે તેઓ મુંબઈની હાઈસ્કૂલમાં ભણતા હતા. પણ તેમને દક્ષિણ આફ્રિકા જવું જ છે. એવું તેમના મનમાં હતું. દરમિયાનમાં તેમના કાકાએ હરિલાલના લગ્ન કરી નાખ્યા પછી આફ્રિકામાં બા-બાપુને જાણ કરી. પોતાના પહેલા પોતાના દીકરાના લગ્ન પોતે ન માણી શક્યા તેનું બાને અત્યંત દુઃખ થયું. લગ્ન પછી ત્રણેક માસમાં જ હરિલાલ એકલા જ આફ્રિકા આવી ગયા. પણ થોડા વખતમાં જ પત્રમાં 'ગુલાબ મૂંઝાય છે' એવા સમાચારથી કોઈ સથવારો ન મળતાં પોતે જાતે હિન્દ આવીને આફ્રિકા લઈ ગયા. બાપુની સત્યાગ્રહની લડત જોરમાં ચાલતી હતી, તેમાં હરિલાલ ખૂંપી ગયા. વારંવાર જેલમાં જવાનું થતું. થોડા સમય બાદ ગુલાબે પુત્રીનો જન્મ આપ્યો. તે દિવસે રામનવમી હતી એટલે બાપુએ તેનું નામ 'રામી' પાડ્યું!

સત્યાગ્રહનો જુવાળ ઓસરી જતાં ૧૯૧૦માં બાપુએ તોલ્સતોય ફાર્મમાં રહેવાની શરૂઆત કરી. હરિલાલ - ગુલાબ ફિનિક્સ આશ્રમમાં જ હતા. હવે ગુલાબને બીજી સુવાવડ આવવાની જાણ થતાં ગુલાબ અને રામીને હિન્દ મોકલવાનું નક્કી કર્યું. હરિલાલ જેલમાં હતા ત્યારે કોઇ મારા સથવારા સાથે બાપુએ તેમને હિન્દ મોકલી આપ્યા તે તેમને ન ગમ્યું. પોતે મૂકવા જાય તો ખર્ચ વધુ આવે એટલે બાપુએ હરિલાલને એવી સમજ આપી.

હરિલાલ પોતાને સોંપાયેલા દરેક કામમાં ચપળતા અને ચંચળતા રાખતા. પોતાની કર્તવ્યનિષ્ઠામાં ઊણા ઊતરે એવા નહોતાં. કોઈ બિનવારસ દરદીનું અવસાન થાય તો એની લાશના નિકાલની હરિલાલ ગોઠવણ કરતા. હિન્દીઓના મોટા શુભેચ્છકો વિલાયત જતા ત્યારે રેલ્વે સ્ટેશને વળાવનારમાં ગાંધીજીના પ્રતિનિધિ તરીકે હરિલાલ જતાં. જેલમાંથી છૂટનારને આવકાર આપતા. હરિલાલ જેલ પર પણ જતા. આમ બધું કામકાજ કરવા છતાં હરિલાલ બહુ ઉદ્વેગમાં રહેતા હતા. એમના મનમાં બાપુને માટે કંઈક અસંતોષ હતો. અઢાર વર્ષની ઉંમરે લગ્ન લેવાયા ત્યારે ગાંધીજીએ ઉત્સાહ બતાવેલો નહીં. દક્ષિણ આફ્રિકા આવ્યા બાદ પોતાના ભણતરમાં બાપુએ ઉદાસીનતા દાખવી તેને કારણે તેમને ઉપેક્ષા જેવું લાગ્યું.

હરિલાલ પોતાની સાથે ગાંધીજીનો એક ફોટો, પોતાની થોડીક વસ્તુઓ અને લોકમાન્ય તિલકનું 'ગીતા-રહસ્ય' પુસ્તક લઈને નીકળ્યા હતા. મુંબઈ પહોંચી તેમને પંજાબમાં કોઈ ઠેકાણે ભણવું હતું પણ બાપુએ તેમને રોક્યા અને અમદાવાદ અભ્યાસ શરૂ કરવા તેમના ખર્ચની વ્યવસ્થા કરી. પણ હરિલાલ અભ્યાસમાં પાર ઉતરી

શક્યા નહીં. બેવાર મૅટ્રિકમાં નાપાસ થયા. અભ્યાસ છોડી દઈ ધંધામાં પડ્યા. શરૂઆતમાં તેમાં સારી સફળતા મળી એટલે તેમણે 'મારા પિતાશ્રી, મિ. એમ. કે. ગાંધી બાર-એટ-લો'એ નામથી એક પત્ર લખ્યો. જેમાં બાને, પોતાને તથા પોતાના નાના ભાઈઓને થયેલા અન્યાયનું વર્ણન કરી પોતાનો રોષ ઠાલવ્યો. મને તો તમે ભલે ન ભણાવ્યો પણ હજી મારા ભાઈઓને ભણાવો એવો બાપુને અનુરોધ કર્યો હતો. તેમને અભ્યાસના સમયમાં બીજાં કામો સોંપોછો અને ...ની ચાકરી કરો છો. એ તમારો ઉત્તમ અભ્યાસ છે એમ કહો છો. અક્ષરજ્ઞાન તો પાછળથી પણ મેળવાય, પણ ચાકરી કરવાનો અવસર પાછળથી આવે એમ ન કહી શકાય. આવું આવું કહીને તમે તેમને નકામા ચડાવો છો. પેલી કહેવત છે ને કે 'વરો મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો' – એ પ્રમાણે ગમે તે થાઓ પણ બાપુને રાજી કરો એમ આશ્રમમાં સૌ વર્તે છે વગેરે વગેરે... લખ્યું.

પુત્રના જીવનમાં પિતાની માનસિક સ્થિતિનું પ્રતિબિંબ પડે છે એમ ગાંધીજી માનતા. હરિલાલના જન્મકાળે ગાંધીજીનું મન વિષયો પાછળ દોડતું હતું એટલે હરિલાલને તેઓ પોતાના વિકારનો દીકરો માનતા અને મણિલાલનું પોતાના વિચારનો દીકરો માનતા.

બાપુએ લખેલા હરિલાલના પત્રોમાં વારંવાર વાંચવા મળે છે : 'હું તમારી પાસેથી કંઈ પણ પરાણે કરાવવા માગતો નથી.' 'સમજાવીને કામ લેવા માગું છું.' 'ધાર્યું તમારું જ કરજો.' 'તમને જે યોગ્ય લાગે તે ગ્રહણ કરજો.' બસ 'યર્થચ્છસિ કુરુ, યથેચ્છસિ કુરુ' – એમ જ ઘૂંટાતું રહ્યું. પિતાના વિચારોનું અને કામનું મૂલ્ય હરિલાલને મન તરીકે ઓછું નહોતું. એક પત્રમાં હરિલાલ લખે છે : 'આપની રહેણી અને કરણી બહુ કઠિન છે. હું તેને માટે મને નાલાયક માનું છું.' 'હું તમારી સાથે નહીં ચાલી શકું.' એમ કહેવાના અધિકાર સાથે પિતા-પુત્ર વચ્ચેના ભંગાણની કરુણ કથની વધતી ચાલી.

હરિલાલ પોતાના જીવનમાં પાછળથી વ્યસન-વ્યભિચારનો ભોગ બન્યા તેમાં પરિસ્થિતિએ જ એમને ફરી બેઠા થવા દીધા જ નહીં. બેઠા થવા માટે જે દઢ મનોબળ જોઈએ તેનો એમનામાં અભાવ જ રહ્યો. તેમાંયે ધર્મપત્ની ગુલાબના એકાએક મરણે એમને સાવ ભાંગી જ નાખ્યા. બાર વરસની અંદર જ દાંપત્ય જીવન નંદવાઈ જતાં સુકાની વિનાના નાવ જેવી એમની સ્થિતિ થઈ ગઈ. અને જીવનનો કરુણ અંજામ આવ્યો! આવી વિકટ-વિષમ પરિસ્થિતિમાંય બાપ-દીકરા વચ્ચે તીવ્ર લાગણીનો તંતુ અતૂટ રહ્યો. મતભેદ અને સ્થિતિભેદ છતાં બન્ને પક્ષે કડવાશ જરીકે ય નહોતી. બાપુ એક કાગળમાં લખે છે : 'મહાદેવે તમારી ગરજ સારી છે. તમે તેની જગ્યાએ હો એવી મમતા હજી નથી જતી. તમારી જગ્યા છે જ.' ૧૯૩૩માં બાપુએ ૨૧ દિવસના ઉપવાસ જાહેર કર્યા ત્યારે હરિલાલે ભાવપૂર્વક લખ્યું : 'આપના વતી હું ઉપવાસ કરવાને તૈયાર છું.' ત્યારે ત્યાં કાકાસાહેબ કાલેલકર હતા તેમને બાપુએ કહ્યું કે હરિલાલ જો પાછો મળતો હોય તો હું એને માટે ૪૨ ઉપવાસ કરું.

૧૯૩૪માં હરિલાલ રાજકોટમાં ખાદીકામમાં જોડાઈ ગયા અને પોતે કોઈ ગામડામાં બેસી સેવા કરવાની ઇચ્છા છે એમ જણાવ્યું ત્યારે તો બાપુ ખૂબ ખુશ થઈ લખે છે : 'તો તો હું તારા ખોળામાં મરવા ઇચ્છું છું.' પરંતુ દુર્ભાગ્યે તેમના જીવનમાં વળાંક બિંદુ ન જ આવ્યું!

ગુલાબબહેનના મૃત્યુ પછી કસ્તૂરબા અને બાપુ હરિલાલના સંતાનોને પોતાની પાસે લઇ આવ્યા અને શક્ય તેટલી સાર-સંભાળ રાખી, એમને કાયમ પ્રેમથી નવડાવ્યાં. કસ્તૂરબાએ પણ ઘણી ચિંતા રાખી એમના ઘડતર વિકાસમાં યે સક્રિય રસ લીધો. હરિલાલના દીકરા કાન્તિને નિશાળમાં જઈને ભણવાનું મન થયું તો ગાંધીજીને વિરોધ ન કર્યો અને ત્રણેય કાકાઓનું તેના અભ્યાસનો ખર્ચ ઉપાડી લેવાની ભલામણ કરી. ગાંધીજીને પણ પુત્રો પાસે બે-ત્રણ વાર માફી માગી કહ્યું : 'તમારા બધા ભાઈઓની જે સેવા કરી છે તે તમારું સારું સમજીને કરી છે. મારા અખતરાઓનો ભોગ જેમ હું થયો તેમ તમે અને બા થયાં... મારા દોષ બધા અજાણ્યે થયા હશે એમ જાણી મને ક્ષમા આપશો.'

હરિલાલના ભાઈ રામદાસ અને દેવદાસ એમને વિશે લખે છે : 'જેવો બાપ તેવો જ બેટો – તેજસ્વી, વિચક્ષણ અને બહાદુર હતો. એમની વાતચીતની શક્તિ મુગ્ધ કરે એવી હતી. દલીલ તો એવી કરે કે ગાંધીજીને ય કેટલીકવાર જવાબ આપતાં વિચાર કરવો પડે. એમનામાં એવું કાંઈક હતું કે જે તત્ત્વ લોકોને એમના પ્રત્યે આકર્ષતું અને જેને કારણે લોકો એમની ક્ષતિઓ તરફ દુર્લભ કરી શકતા. હરિલાલ સંજોગના ભોગ બન્યા. એમના જીવનમાં જે વિકૃતિઓ આવી, તે વિકૃતિઓ એમની પ્રકૃતિ નહોતી.'

બા-બાપુ બન્ને માટે એમના દિલમાં નિતાંત આદર, પ્રેમ અને અમાન્યા રહેલાં. કલાકત્તામાં વેપાર શરૂ કર્યો તો પોતાની પેઢીનું નામ રાખ્યું – 'સત્યાગ્રહી બ્રધર્સ' ભારતમાં બાપુએ અસહકારની ચળવળ શરૂ કરી તો હરિલાલે ખાદીની ગાંધી ટોપી પહેરવાનું શરૂ કરેલું. થોડો સમય કસ્તૂરબા પણ પણ કલકત્તા એમની સાથે રહેલાં. ગુલાબબહેનની સુવવાડ વખતે ત્યાં હાજર હતાં. ત્યાર પછી હરિલાલની આર્થિક સ્થિતિ બરાબર ન હોવાથી ગુલાબબહેન પિયરમાં તબિયત સારી કરવા અને હવાફેર માટે રાજકોટ ગયા. લાંબો સમય રહ્યા પછી ત્યાં પહેલા પુત્ર શાંતિનું તથા ગુલાબનું ૧૯૧૮ના ઑક્ટોબરમાં

અવસાન થયું. કસ્તૂરબા ત્યાં પણ રાજકોટ પહોંચી ગયા. હરિલાલને પણ કારી ઘા લાગ્યો. બાપુની આંખમાંથી આંસુ સરી પડ્યાં!

હરિલાલના ચારે ય બાળકો રામી, કાન્તિ, રસિક અને મનુને સંભાળવાની - ઉછેરવાની જવાબદારી બા-બાપુએ લીધી તેમને સાબરમતી આશ્રમમાં લઈ ગયા. જ્યારે બા આશ્રમમાં ન હોય ત્યારે બાળકોને મોસાળમાં એમની બે માસીઓ – બલિબહેન અને કમુબહેન – પાસે રાજકોટ મોકલી આપતા. આમ મા વિનાના બાળકો અમદાવાદ અને રાજકોટ વચ્ચે રઝળપાટ કરતાં મોટા થયાં! બા પણ કહેતા કે તમે બન્ને માસીઓ બાળકોની સેવા-સાંભાળમાં જ જીવતી હો એમ લાગે છે.

પત્નીના ગયા બાદ હરિલાલ એકાકી થઈ ગયા. એમનું જીવન રખડુ થઈ ગયું. સંસાર સાથેનો પ્રેમસંબંધ તૂટી ગયો અને દારૂનું શરણ લીધું. પૈસા કમાવાના લોભમાં ઊંધાચત્તાં કામો કરવાથી ધંધામાં ફસાઈ ગયા. બાપુના ૧૯૨૦ના અસહકારના આંદોલનમાં સત્યાગ્રહમાં ભાગ લીધો ત્યારે પકડાઈ ગયા અને છ મહિનાની સજા થઈ, જેલમાં ગયા. ત્યાર પછી રાષ્ટ્રીય આંદોલનમાં એમણે કોઈ કામ ન કર્યું.

૧૯૨૮માં એમનો પુત્ર રસિક દેવદાસ કાકા સાથે દિલ્હીમાં જામિયા મિલિયામાં બાળકોને કાંતણ શીખવતો. કાંતણ કરવામાં પોતે પણ પ્રવીણ હતો. સત્તર વર્ષની ઉંમરે એ ટાઈફોઇડનો ભોગ બન્યો અને મૃત્યુ પામ્યો. કસ્તૂરબા ત્યારે ત્યાં હતાં. હરિલાલને રસિકના અવસાનથી ભારે દુઃખ થયું હતું. એ સમયે પણ હરિલાલ ત્યાં આવી પહોંચ્યા હતા. કુટુંબે એમને તરછોડ્યા હતા પણ દુઃખની વેળાએ તેઓ અચૂક દર્શન દઈ જવાનું ચૂકતા નહીં. બાપુના કેટલાંય ગંભીર ઉપવાસો વેળાએ તથા આગાખાન મહેલની જેલમાં બા મરણ પથારી પર હતાં ત્યારે ત્યાં પણ હાજર હતા. ગાંધીજીના મૃત્યુ વખતે અગ્નિદાહના સમયે પણ ત્યાં પહોંચ્યા હતા.

એમના જીવનનાં છેલ્લાં વીસ વર્ષો અતિ કરુણાજનક હતાં. એમણે જ્યારે ઈસ્લામને અપનાવ્યો એ એક દેખાવ માત્ર જ કર્યો હતો. પણ એ ઘટનાના ગૂંચવણભર્યા પરિણામો આવ્યાં. એ ઘટનાને મોટું સ્વરૂપ આપી જે લોકોએ સહાય કરી તેમાંથી લાભ મેળવવાને બદલે તેમની ભારે બેઆબરૂ થઈ. મુસ્લિમ તરીકેના એમના જીવન અંગેની અણછાજતી વાતો થવા માંડી ત્યારે બાને માટે એ દુઃખ અતિ અસહ્ય થઈ પડ્યું. 'એક માતાએ પોતાના પુત્રને લખેલો ખુલ્લો પત્ર' બાએ પોતાની લાગણીનો ઊભરો હૃદયદ્રાવક અને કરુણાસભર શબ્દોમાં ઠાલવ્યો. જે મુઠ્ઠીભર મુસ્લિમો એ બનાવનો લાભ ઉઠાવી પોતાના ધર્મને કેટલો તિરસ્કારપાત્ર બનાવી રહી છે તેનો ખ્યાલ તેમાં કરાવી આપ્યો અને હરિલાલે પણ પોતાનું પગલું સવારે પાછું વળ્યું!

કસ્તૂરબાને પોતાના દીકરા માટે લાગણી હોય એ સ્વાભાવિક છે. હરિલાલને પણ બા માટે બહુ જ માન અને પ્રેમ હતાં. એમને એમ થયા કરતું કે રાજરાણી થવા સર્જાયેલાં બાને બાપુ નાહકનું આટલું કષ્ટ સહન કરાવે છે. એકવાર તદ્દન બેહાલ હાલતમાં બા-બાપુને મળવા હરણી સ્ટેશને ગયા. બધાં સ્ટેશનો કરતાં જુદો જયધ્વનિ સંભળાયો. 'માતા કસ્તૂરબા કી જય' – એટલે આશ્ચર્ય સાથે બાએ બારીમાંથી મોં બહાર કાઢીને જોયું તો સામે હરિલાલ ઊભા હતા! લથડી ગયેલું શરીર, બોખું મોં અને ફાટેલાં કપડાંમાંથી બારી પાસે આવીને ખિસ્સામાંથી એક મોસંબી કાઢી 'બા, આ તમારે સારું લાવ્યો છું.' બાપુ પણ બારી પાસે આવી પૂછે છે 'મારે માટે કાંઈ નથી લાવ્યો?' તો હરિલાલને જવાબ આપ્યો, 'ના, આ બા માટે જ લાવ્યો છું. તમને તો એટલું જ કહેવાનો છું કે, આ બાને પ્રતાપે જ તમે આટલા મોટા થયા છો.' બાપુ કહ્યું, 'એમાં તો શક જ નથી. પણ તારે હવે અમારી સાથે આવવું છે?' 'ના, હું તો બાને મળવા આવ્યો છું. બા, આ મોસંબી હું પ્રેમથી લાવ્યો છું. તમારે જ ખાવાની છે. તમે ન ખાવાનાં હોય તો મને પાછી આપી દો.' 'ચાલ અમારી સાથે.' 'એવી તો વાત જ ન કરશો. મારાથી આ સ્થિતિમાંથી નહીં ઊગરાય.' ટ્રેન ચાલી, 'બા, તમે જ મોસંબી ખાજો હોં!' અશ્રુથી ભરાઈ ગયેલી આંખે બાને યાદ આવ્યું કે, એમણે તો બચારાને કાંઈ ફળ પણ ન આવ્યાં! ભૂખે મરતો હશે. બહાર જોયું તો દૂરથી એક ક્ષીણ અવાજ સંભળાયો. 'માતા કસ્તૂરબા કી જાય!' માતા-પુત્રનું પ્રેમબંધન એટલું દઢ અને મુલાયમ હતું કે પ્રેમસંબંધમાં ક્યારેય તૂટ ન પડી!

હરિલાલે પોતાની મર્યાદાએ જાળવી. તેઓ એક ખાનદાન જીવ હતા. પોતાના અશુદ્ધ જીવનનો પડછાયો ગાંધીજી અને અન્ય કુટુંબીઓ પર ન પડે, તેની બને તેટલી કાળજી તેઓ રાખતા. ઘણી વાર કહેતા : 'આ અપવિત્ર દેહ આશ્રમમાં શોભશે? હવે હું કુટુંબમાં સમાવાને પાત્ર રહ્યો નથી. જીવનભર રખડવાનું જ મારા ભાગ્યમાં નિર્માયેલું છે!' તેમના પુત્ર ડૉક્ટર કાન્તિભાઈ અને તેમના પત્ની સરસ્વતીબહેન સાથે છ મહિના ગાળ્યા ત્યારના તેમણે લખેલાં સંભારણાં હૃદયદાયક અને માણસાઈમાં ગૌરવગાન સમાં છે. સરસ્વતીબહેન લખે છે : 'એમનામાં, બીજાઓમાં – અરે, ગાંધીવાળાઓમાં પણ – હું જોઈ શકી નથી તેવા ઘણા ગુણો હતા. સંજોગો જુદા હોત તો એ બધાથી ચડી જાત. દુનિયાને જે જોયું હોય તે કહે, એ એક દુર્જન તો નહોતા જ!'

તા. ૧૮.૬.૧૯૪૮ના શુક્રવારના રોજ મુંબઈની શિવરીની હોસ્પિટલમાં એમનું અવસાન થયું. એ વખતે એમની બન્ને પુત્રીઓ-જમાઈઓ સાથે હતાં. મૂંગા મૂંગાં આંસુ સારી માટુંગામાં રામીબહેનના ઘરે શાન્તિ પ્રાર્થનામાં પરિવાર સાથે ઘણાં હાજર હતાં! કસ્તૂરબા હરિલાલનાં આ બાળકો સાથે છેવટ સુધી એના સંપર્કમાં રહેતા અને ખબર અંતર પૂછતાં.

બા ઓછું ભણેલાં છતાં છાપાં વાંચી દેશની પરિસ્થિતિનો પરિચય રાખતાં. દક્ષિણ આફ્રિકામાં તો એક એવો કાયદો ઘડાયો કે ભારતમાં પરણેલી સ્ત્રી તેના પતિની રખાત ગણાય. તેનો વિરોધ કરવા સરકારને હંફાવી જેલમાં જનારી બહેનોની ટોળીમાં બા મોખરે હતાં. ત્યાંના ગંદા વાસણોમાં ખાવાનું ન ખાય – ભૂખ્યા રહે. ફળની માગણી કરી પણ ત્રણ-ચાર દિ' સુધી ન મળ્યાં. તબિયત સાવ નાજુક થઈ ગઈ છતાંય માફી માગી બહાર છૂટવાના વિચારને તો નકારી જ કાઢ્યો! કહે, 'કરેંગે યા મરેંગે!' બાપુની વંટોળિયા જેવી મુસાફરીઓમાં ઘણી યે સગવડો અને મુશ્કેલીઓ વચ્ચે પણ બાપુનું ખાવાનું અને માલિશ કરવાનું કામ બા પોતાના હાથમાં જ રાખતાં. સવાર-સાંજના પ્રાર્થનામાં નિયમિત હાજરી આપે.

નિયમિત કાંતવામાં બા સૌથી આગળ. વ્યવસ્થિત સફાઈદાર કાંતવું. દરેક ચીજવસ્તુની સફાઈનો આગ્રહ. રસોડામાં જમ્યા પછી દરરોજ પાટલા પણ સાબુ-પાણીથી ધોવાના જ. બાળકો મશ્કરી કરે

**મ**રવાનાં બે વરસ અગાઉ સેવાગ્રામમાં પોતાની ઝૂંપડીના પશ્ચિમાભિમુખ ઓટલા ઉપર બેઠેલાં બાનું ચિત્ર મારી નજર સામે ખડું થાય છે. આખા દેશમાંથી બાપુને મળવા આવનારાઓને બાપુની ઝૂંપડીએ જવા માટે આ ઓટલા આગળથી પસાર થવું પડતું. ઘણા બાને પણ નમસ્કાર કરવા જતા અને તેમના હસતા વદનના દર્શનનો આનંદ મેળવતા. સૌને માટે માયામમતાના બે મીઠા શબ્દો બા પાસે હોય જ. બાનું એ શાન્ત અને મધુર દર્શન કોઈ પણ નહીં ભૂલી શકે. મને તો બાનો અવાજ કદી ભુલાય જ નહીં એવો લાગે છે. એ અવાજમાં એક અજબ માર્દવ હતું; પંખીના મીઠા કૂજન જેવું કાંઈક હતું. બા ચિડાયાં હોય અને કોઈને વઢતાં હોય ત્યારે પણ એમના અવાજમાંથી મૃદુતા જતી નહીં. કારોબારી સમિતિના સભ્યો ગાંધીજી સાથે કલાકો સુધી ચર્ચા કરીને ગમે તેટલા થાક્યા હોય, પણ પેલા ઓટલા ઉપર બાને મળ્યા વિના કદી જતા નહીં. બાને મળવાની દરેકની રીતે જુદી. વલ્લભભાઈ તો નાના મસ્તીખોર કહાનાને જ ચીડવે અને તેની સાથે ધિંગામસ્તી કરવા માંડે. કહાનો પણ વલ્લભભાઈને ચબરાક જવાબો આપીને હસાવે. મૌલાના તો ગંભીરતાથી બા પાસે આવી તેમની તબિયતના સમાચાર પૂછે અને નમસ્કાર કરીને ચાલ્યા જાય. જવાહરલાલ જો મોજમાં હોય તો કાંઈક ક્રાંતિકારી તુક્કો કહી બાને ચીડવવા પ્રયત્ન કરે. એમના મનમાં કે બા ગુસ્સે થઈને વિરોધ કરશે, પણ બા તો પોતાનું મધુરું હાસ્ય હસીને ધીમેથી કહે કે, ભાઈ તમારી વાત ખોટી છે, તમે કાંઈક ભૂલ્યા છો. જો જવાહરલાલ થાકેલા હોય તો બાને બે હાથ જોડી નમસ્કાર કરીને કુશળ સમાચાર પૂછી ચાલ્યા જાય. પણ બાને એ ન ગમે. તે દિવસે બાપુ ઉપર સવાલોની ઝડી વરસે. ''આજે જવાહર કેમ કોઈ ઉદાસ દેખાતો હતો? તમે એને કશું કહ્યું તો નથી ને?'' બાપુ હસીને જવાબ આપે કે, ''તું પણ જવાહર જેવી તરંગી તો બની ગઈ નથી ને? અમારે આજે તો કશો મતભેદ નથી પડ્યો.'' રાજેન્દ્રબાબુ સાથે તો કશી ખટપટ જ નહીં. કદાચ બંનેના સ્વભાવનાં ઘડતર એક જાતનાં તેથી બેયના દિલમાં કડવાશ જેવી તો વસ્તુ જ ન મળે. અને વિરલ વ્યક્તિત્વ ધરાવતા પેલા મહાન પઠાણ, ખાન અબ્દુલ ગફાર ખાન. તેમના દિલમાં યુદ્ધ અને હિંસા પ્રત્યે ગાંધીજીના જેટલો જ તીવ્ર અણગમો છે. એ તો બા પાસે જઈને જ બેસે અને પશ્ચિમના ઊતરતાં અજવાળાં સામે જોઈ રહે. કારોબારીના બીજા બધા સભ્યો સાંજે વર્ધા જાય, પણ ખાનસાહેબ તો સેવાગ્રામમાં જ રહે.

બા છેલ્લાં જેલમાં ગયાં ત્યારે હું ત્યાં હતી. પોલીસ અમલદાર આવી પહોંચ્યો ત્યારે એટલી જ મીઠાશથી તેઓ પોતાની વસ્તુઓ બાંધવા મંડ્યાં. શિવાજી પાર્કની સભા, જેની જાહેરાત આગલે દિવસે થઈ હતી, ત્યાં જઈને બા બાપુનો સંદેશો આપવાનાં હતાં. ધરપકડનો વિધિ બહુ વિચિત્ર પ્રકારનો થયો. મોટો કદાવર અમલદાર બા સામે હાથ જોડીને ઊભો રહ્યો. (અલબત્ત, એ હિંદી હતો) અને નીચું મોં રાખી બાને પૂછવા લાગ્યો કે, ''આપ ઘેર જ રહેશો કે સભામાં જવાનાં છો? આપનો શો હુકમ છે?'' તેને પણ અડવું અડવું લાગ્યું હશે કે, પોતાના જેવો અલ્પાત્મા શરીરે આવો કદાવર છે અને બા જેવાં મહાત્મા શરીરે આટલાં નાનાં અને નાજુક છે. બાએ તો પોતાના એ જ મધુર સ્મિત સાથે ઝટ જવાબ આપ્યો : ''હું તો સભામાં જ જવાની છું.'' પેલા અમલદારને વધારે મૂંઝવણ થઈ. છેવટે તે બોલ્યો : ''ત્યારે આપ આ મોટરમાં બેસશો? હું આપને બાપુ પાસે લઈ જઈશ.'' બાની ધરપકડનો આ વિધિ.

**– ગોશીબહેન કેપ્ટન**

કે બા પાટલાને શરદી થઈ જશે – તો ના હસવામાં સાથ આપે. આશ્રમમાં બાને માટે અલગ ઓરડો નહોતો. એમના રૂમમાં જે કોઈ આવે તે સમાઈ જતા. સર્વ જન નિવાસ હતો.

કસ્તૂરબા ધર્મપરાયણ પણ ખરાં. નાનપણથી મંદિરે જવું, દીવાબત્તી કરવાં, ગીતાના શ્લોકો વાંચવા વગેરે સાથે બામાં ઊંડી ધર્મભાવના હતી. જગતની કોઈપણ શક્તિ એમની ધર્મભાવના અને ભક્તિને ડોલાવી નહોતી શકતી. તુલસીમાતાની હંમેશાં પૂજા કરતાં. મીરાંબહેને પોતાના ઓરડામાં બાલાકૃષ્ણની મૂર્તિ રાખેલી તેને ફૂલ ચડાવતાં. આ બે તો બાના મંદિર હતાં જ. તેમાં ત્રીજું મંદિર આગાખાન જેલમાં મહાદેવભાઈની સમાધિ બન્યું હતું! શક્તિ હતી ત્યાંસુધી ચાલીને સમાધિની પ્રદક્ષિણા કરતાં અને પ્રણામ કરતાં. બાનું એ મહાદેવનું-શંકરનું મંદિર હતું!

આજના જમાનામાં બાળકોને વગર માગ્યે બધું જ સહેલાઈથી મળી જાય છે. આટલી સહેલાઈથી દક્ષિણ આફ્રિકામાં કે સાબરમતી કે સેવાગ્રામ આશ્રમમાં ગાંધી પરિવારના બાળકોને કશું મળતું નહોતું. કેટલીયે નજીવી ચીજો પણ એમને માટે દુર્લભ હતી. એનું ફળ એ આવ્યું કે તે વખતે એમને મામૂલીમાં મામૂલી જે કંઈ મળતું તેનો પૂરેપૂરો રસ તેઓ વસૂલ કરી લેતા. એના છાલ-છોતરાંથી માંડીને ગોટલા-ઠળિયા સુધી કશુંય ફેંકી દેવામાં આવતું નહીં. કસ્તૂરબા પોતાના બધા પૌત્રો-પૌત્રીઓને આ બધું શીખવતાં. હું કચરો કેમ વાળવો, બાથરૂમ ધોતાં, સંડાસ સાફ કરતાં, સૂગ ન આવે તેમ કરાવતાં. કપડાં ધોતાં, સૂકવતાં અને પછી ગડી વાળી એના યોગ્ય સાથને ગોઠવી આપવાનું એ પણ સમજાવે. ફૂલની માળા ગૂંથવી, ચોપડીઓનાં પૂઠાં ચડાવવાં, કપડું સાંધવું આ બધી પણ કલા છે એમ બતાવતાં. રોજિંદી રસોઈ બનાવી અને આળસ ન બતાવવી એ પણ કલા. કહે – આંગણે આવેલાને ખાલી હાથે એમ ને એમ જવા ન દેવાય. ભગવાનના રોટલામાં સૌનો ભાગ છે એવું પણ સમજાવે. રોજ રોજના જીવનોપયોગી એવાં કૌશલ્યો હરિલાલનાં બાળકોને બાએ શીખવ્યાં. જીવન સફળ-સરળ બનાવવા નિર્ભયતા અને નિયમિતાના પાઠ પણ સૌને શીખવ્યાં. આશ્રમનાં બધાં જ બાળકોને મહેનતુ, પ્રભુશ્રદ્ધા અને સમય-પાલન કરતાં કદી દીધાં. ખોટા કામમાં સહકાર નહીં આપવાની – ના કહેવાની શક્તિ બાએ આપી. સૌને માટે બા પ્રેમની જીવતી જાગતી મૂર્તિ જેવા. કડક પણ ખરાં, ખોટી જીદ આગળ નમતું ન જોખે. લાડ પૂરેપૂરાં લડાવે ને બને ત્યાં સુધી બાળકોની ઇચ્છા પૂરી કરે. પત્રમાં બા લખે, 'દૂરને દેશ તમારો વાસ પણ તોય લાગે તમે સૌ મારા અંતરની પાસે.'

આગાખાન મહેલમાં બાના છેલ્લા દિવસોમાં તેમને હરિલાલને મળવાની ખૂબ ઇચ્છા જાગેલી. દેવદાસ અને રામદાસને જેલમાં અંદર આવવા દેતા. હરિલાલને અટકાવે ત્યારે બા બોલતા હે સરકારને આ શું સૂજે છે? એ શું ગરીબ છે માટે એને અટકાવે છે? પણ પછી તો હરિલાલ પણ આવી પહોંચ્યા હતા. આશ્રમની બહેનો મળવા આવે ત્યારે કહેતા, 'કૃષ્ણ ભગવાન આ કૌરવોથી ઘેરાયેલા આપણા દેશ સામું જુએ તો સારું!' જેલમાં ગયેલા બધાંને સંભારી સંભારીને બોલે, 'સરકાર અમને બેને ભલે જેલમાં રાખે, પણ બીજા સહુનો છુટકારો થાઓ.' આ પ્રેમાળ માતાનું વાત્સલ્ય સૌને માટે અમૂલ્ય હતું!

કસ્તૂરબા લોકમાતા હતાં. પરિવારની બહાર એક આખા દેશ ઉપર પોતાને ફેલાવી શકે તેવી મૂર્તિ માતૃ હતાં. પોતાના જીવનનું સર્વ સમર્પણ દેશને અર્પણ કર્યું હતું. તેમની એ પ્રેમભાવનાથી દેશની આમજનતાને વિશેષ વ્યક્તિની પેઠે જ ચાહતાં હતાં. અને તેમાંથી જ આત્મસુખ લઈ શકતાં.

છેલ્લે આગાખાન મહેલમાં જ પ્રાર્થના સાથે બોલવા લાગ્યાં, 'કોક દિવસ તો મારે જવાનું જ છે તો આજે શિવરાત્રિએ જ શા માટે નહીં?' અને મહાદેવ-શિવશંકરના સાન્નિધ્યમાં તેમણે બાપુના ખોળામાં દેહ છોડ્યો – ૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪માં.

બહુ વર્ષો પહેલાં આશ્રમના રસોડામાં હરિજનને દાખલ કરવાના મુદ્દા પર 'બાને સમજાવવી કઠણ છે' એ શબ્દો બાપુ બોલ્યા અને પછી તરત જ બોલ્યા, 'તેમ છતાં મારે જન્મોજન્મ સાથીની પસંદગી કરવાની હોય તો હું બાને જ પસંદ કરું.' બાપુના આ શબ્દો કરતાં બીજા કોઈ શબ્દોથી બાના ખરા સ્વરૂપનું વર્ણન થઈ શકે ખરું?

'આરાધનામાં સ્મરું રૂપ માનું
ને મા સ્મરીને પ્રભુરૂપ પામું...'

પુત્ર હરિલાલે પણ બા-બાપુના દેહાંત પછી દેવદાસના ઘરમાંથી નીકળતાં સ્વામી રામદેવજીના આ ભજનનું સ્મરણ કર્યું હશે.

'તેરી મહેરબાની કા, હૈ બૌજ ઇતના કિ
ઉસે મૈં ઉઠાને કા કાબિલ નહીં હૂં,
મૈં આ તો ગયા હૂં ચરણોં મેં તેરે,
તુઝે સર ઝુકાને કે કાબિલ નહીં હૂં...'

બા-બાપુ-હરિલાલને...
અર્જલિ અમ હૈયાંની, અશ્રુથી સ્નેહથી ભરી...

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૩૩૭ ૦૮૪૯૪

# કસ્તૂરબા : ખાદી, અહિંસા અને સ્વરાજ્ય

પ્રો. વિભૂતિ પટેલ

**જ્યા**રે આપણે 'કસ્તૂરબા બાલિકા વિદ્યાલય', સરકારની યોજનામાં 'કસ્તૂરબા ગાંધી આવાસીય બાલિકા વિદ્યાલય' કે પછી 'કસ્તૂરબા સૂર્યઊર્જા ખાદી મહિલા સમિતિ'નો ઉલ્લેખ થતો જોઈએ છે તો મનમાં પ્રશ્ન થાય કે માધ્યમો અને ઇતિહાસકારોએ જે કસ્તૂરબાને ગાંધીજીના પડછાયા સમા દર્શાવ્યા છે. તેમને આટલું બધુ માન કેમ? આ લેખમાં કસ્તૂરબાની આગવી પ્રતિભા, મજબૂત ચરિત્ર, મક્કમ રાષ્ટ્રપ્રેમી, બહાદૂર સત્યાગ્રહી, સુવ્યવસ્થિત આશ્રમ સંચાલક, દીર્ઘદષ્ટિ જેવા પાસાઓ પર પ્રકાશ નાખવાનો નમ્ર પ્રયાસ કરીને કસ્તૂરબાના અનેકવિધ યોગદાનોનું પૃથ્થકરણ કરવામાં આવશે.

**બાળપણ :**

૧૮૬૯માં જન્મેલા કસ્તૂરબા પણ ગાંધીજીની જેમ પોરબંદરનાં રહેવાસી હતા. તેમનું બાળપણ, એક વૈષ્ણવ કુટુંબમાં જે સંસ્કારો દીકરીના સામાજિકરણમાં મળે, તેમ ગુજર્યું અને ૧૪ વર્ષની ઉંમરે તેમના લગ્ન કરી દેવામાં આવ્યા. એમનું નામ કસ્તૂરબા ગોકળદાસ કાપડિયામાંથી કસ્તૂરબા મોહનદાસ ગાંધી બન્યું. લગ્નજીવનમાં પતિ અને પત્નીની ઉંમર એક જ હતી. ઘણીવાર પતિ પોતાનું જોર જમાવવા જાય ત્યારે કસ્તૂરબા તેનો વિરોધ કરતા અને ભૂખહડતાલ પર ઉતરી જતા, ઉપવાસ કરી નાખતા. મહાત્મા બનવાની પ્રક્રિયામાં ગાંધીજી પોતાના જાહેરજીવનમાં કસ્તૂરબા પાસેથી શીખેલ શાંતિમય અસહકાર અને સત્યાગ્રહને જાહેરજીવનમાં લાવ્યા. ૭ સાલની ઉંમરે કસ્તૂરબાની સગાઈ દિવાનના દિકરા એટલે કે મોહનદાસ ગાંધી સાથે કરી દેવામાં આવેલ અને એ જ પ્રમાણે પિયરમાં પણ એમનું ઘડતર કરાયું હતું. વડીલો પ્રત્યે આદર, કુટુંબીજનો માટે સ્નેહ અને અનુકંપા એમના વ્યક્તિત્વનો અવિભાજ્ય હિસ્સો હતાં.

કસ્તૂરબા અને અહિંસા-ગાંધીજી એ ઘણી વાર જાહેરમાં કબૂલ્યું હતું કે અહિંસક સત્યાગ્રહની બારીકી તેઓ કસ્તૂરબા પાસેથી શીખ્યા હતા. ગાંધીજીના શબ્દોમાં, "મેં ઘણીવાર એની નિર્ણયશક્તિ બદલવાની કોશિષ કરી. એક બાજુ કસ્તૂરબા મારા દબાણનો અડગપણે વિરોધ કરતા તો બીજી બાજુ મારી મૂર્ખાઈ સામે શાંતિથી નમતું જોખતા અને પોતે દુઃખ સહી લેતા. આ જોઈ આખરે મને મારા પ્રત્યે શરમની લાગણી આવતી અને હું મારી જાતને સુધારવા માંડ્યો. મારી માન્યતા કે 'કસ્તૂરબા પર અધિકાર જમાવવાનો મારો જન્મસિદ્ધ હક્ક છે' એ મેં બદલી કાઢી. આખરે તો કસ્તૂરબાએ મને અહિંસક બનાવી મારા ગુરુ બની ગયા."

૧૯૦૩માં દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ અહિંસક સત્યાગ્રહના નિયમને રંગભેદી સરકારના દમન, અન્યાય અને શોષણ સામેના સંઘર્ષમા અમલમા લાવ્યો. સાથે સાથે ફિનિક્સ વસાહતમાં સહકારના પાયા પર રચાયેલ આશ્રમના ધારાધોરણો પર અહિંસક મૂલ્યોને વરેલ હતા. સ્વનિર્ભર રહી બધા જ કામો-સફાઈ, ખેતીકામ, વ્યવસ્થાપનમા આશ્રમવાસીઓ સ્ત્રી-પુરુષો-બાળકો યોગદાન આપે. અહીં કસ્તૂરબાને મોટા પાયા પર વ્યવસ્થાન કરવાની ફાવટ આવી ગઈ. ૧૯૧૩મા પ્રવાસી શ્રમિકો, જેને ગોરી રંગભેદી સરકાર – કૂલી કે ગિરમિટીયા કહેતી, ના અતિશોષણ, ક્રૂર-બર્બર-દુર્વ્યવહાર સામે લડતમાં બહેનો અગ્રસર હતી. શેરડી-બાગાનની પ્રતિકૂળ પરિસ્થિતિમાં કામ કરી મહિલાઓ, ખાણોની અંદર જઈ કામ કરતી શ્રમિક બેનો ગુલામીપ્રથા, માર-હાણ-અત્યાચાર સામે સામૂહિક સંઘર્ષમાં કસ્તૂરબા પોતાના નાના-નાના બાળકો હોવા છતાં – કપરી પદયાત્રા, સત્યાગ્રહોમા જોડાયાં. કેટલીવાર તેઓની ઘરપકડ થઈ અને કારાવાસ પણ ભોગવવો પડ્યો. છતાં પણ તેઓએ કદી પોતાની શાલીનતા અને ગરિમાને ઠેસ નહીં પહોંચાડી. ઇતિહાસકારોએ કસ્તૂરબાના ત્યાગ-બલિદાન અને યોગદાનને અદશ્યમાન કરીને તેમની સાથે ઘણો મોટો અન્યાય કર્યો છે.

**કસ્તૂરબાની નૈતિક તાકાતની આભા :**

કસ્તૂરબા ગાંધીજી માટે એક મજબૂત ટેકો હતો. મોહનદાસ જ્યારે એક સામાન્ય-સંઘર્ષશીલ વકીલ હતા ત્યારથી માંડીને સ્વાતંત્ર્ય સંગ્રામના અતિશય ઉગ્ર સમયગાળામાં કસ્તૂરબા તેમની સમગ્ર નૈતિક તાકાત સાથે ગાંધીજી સાથે રહ્યા. તેઓ એક જ વ્યક્તિ હતા કે જેમાં ગાંધીજી મહામાનવ બન્યા બાદ પણ તેમની સાથે અસહમત થવાની તાકાત હતી, ગાંધીજીની ભૂલો પર અંગુલિનિર્દેશ કરવાની હિમ્મત હતી. જ્યારે ગાંધીજીને 'રાષ્ટ્રપિતા'નું બિરૂદ મળ્યું ત્યારે કસ્તૂરબાને માતાનું બિરુદ મળવા પાછળ તેમના આગવા યોગદાનની કદર હતી, નહીં કે તેઓ ફક્ત પત્ની હોવાને લઈને આ 'હુલામણુ' નામ પામ્યાં.

કસ્તૂરબા બધાને સાથે લઈને ચાલનારા નેતા હતા. નવા નવા આફ્રિકામાં પહોંચ્યા ત્યારે ગાંધીજી ચોર, ભૂત, સાપ, ડાકુ-લુટારાથી ડરીને રાત્રે ઘરની બહાર નીકળવાનું ટાળતા, બત્તી ચાલુ રાખ્યા વગર સૂઈ ન શકતા. જ્યારે તેમની બાજુના સૂતેલા કસ્તૂરબાને ના સાપનો ડર, ના ભૂતનો, અંધારામાં ગમે ત્યાં જવાની તૈયારી.

કસ્તૂરબાની આ હિમ્મતથી ગાંધીજી પણ શરમાઈ જતા. માટે જ ગાંધીજીએ સ્વીકાર્યું કે, ભારતદેશની સુખ-શાંતિ ભારતીય સ્ત્રીઓના બલિદાન અને જાગૃતિ પર નિર્ભર છે. કસ્તૂરબાના વ્યક્તિત્વને લઈને ગાંધીએ પ્રસંશાત્મક સૂરમા કહ્યું છે કે, 'મારું માનવું છે કે સ્ત્રીઓ પુરુષોની તુલનામાં નૈતિક રીતે વધારે બળવાન છે.' કસ્તૂરબા પોતાના આત્મબળથી, કોઈના પણ દબાણ વગર સત્યાગ્રહમાં જોડાયાં. તેમને ગાંધીજીને પ્રશ્ન પૂછ્યો, 'જ્યારે તમે બધાને સત્યાગ્રહમાં જોડાવાનું એલાન આપો છે, તો મને કેમ નહીં? શું હું જેલમાં જવાને માટે નાલાયક છું?' આમ ૧૯૦૪માં ડર્બનથી તેમની તેમની અહિંસક સત્યાગ્રહની યાત્રા શર થઈ તો ૧૯૪૪માં તેમના મૃત્યુ સુધી ચાલુ રહી. ૪૦ વર્ષના જાહેરજીવનમાં કસ્તૂરબા પોતાના સિદ્ધાંતોને ચુસ્તતાથી વળગી રહ્યાં.

**દૈનંદિન જીવનમાં અહિંસા અને સહૃદયતા :**

કસ્તૂરબાની આત્મશિસ્તથી તેમના સહનિવાસી અને સહકાર્યકરો ખૂબ પ્રભાવિત હતા. આશ્રમજીવનમાં આબાલ-વૃદ્ધની સમસ્યાઓને જાણી, સમજી અને માનવીય પ્રેમ અને આદર હાંસલ કર્યા હતા. ખૂબ ઓછાબોલા પણ પોતાની કર્તવ્યનિષ્ઠાથી કસ્તૂરબાએ અંગત અને જાહેરજીવમાં પોતાનું આગવું સ્થાન ઊભું કર્યું છે. તેઓ હિસાબમાં નિપૂણ હતા. તેમના લાગણીસભર અને મૃદુ વ્યવહારને લઈને તેમને 'બા'નુ બિરુદ મળ્યું હતું. તેઓ એક વાર જે કામ હાથમાં લે, તે ગમે એટલી અડચણો આવે પણ પૂરું કરીને જ જંપતાં. તેમનો સરળ સ્વભાવ એમને રાજકારણના કાવાદાવા-છળકપટ-વેરાઆંતરાથી હંમેશ દૂર રાખતા. આ વર્તન એક અહિંસક વ્યક્તિ માટે ખૂબ જ મહત્ત્વનું છે. હિંસા ફક્ત શારીરિક, માનસિક અહિંસા એટલી જ મહત્વની છે. રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા તેઓ પોતાને અને આસપાસના લોકોને વિકાસલક્ષી અને સકારાત્મક અભિગમ તરફ રાખતાં. રોજબરોજ સાથે કામ કરવાને લઈને મતભેદ થાય તો તેને કેવી રીતે શાંતિમય રીતે સુલઝાવી શકાય એવો કસ્તૂરબાનો આગ્રહ રહેતો. ગાંધીજી સાથે પણ ઘણા બધા નિર્ણયોમાં મતભેદ થાય તો પોતાનો મત આગ્રહપૂર્વક રાખતા પણ ગાંધીજી પોતાના મત પ્રમાણે જ પગલું ભરે તો પાછા પોતે પણ જોડાઈ જતા. સાબરમતી આશ્રમનું સંચાલન ઘડિયાળના કાંટા પ્રમાણે સમયસર થતું. સવારે ઊઠીને નિત્યક્રમ, પ્રાર્થના, આશ્રમના વિવિધ કામોની વહેંચણી, વ્યવસ્થાપનમાં કસ્તૂરબાની માનવતા-સંવેદનશીલતાના આર્વિભાવ જોવા મળતા. માંદા સહકર્મીઓની સેવા, સૂતરનું કાંતણ, ગૃહઉદ્યોગોને ટેકો અને સ્વયંસેવકોની તાલીમ એમ અનેકવિધ કામો અહિંસક રીતે કોઈને વઢ્યા વગર, ટોક્યા વગર, પ્રેમથી સફળતાપૂર્વક પાર પાડતા.

**કસ્તૂરબા અને ખાદી :**

દેશમાં વિવિધ રાજ્યોના કસ્તૂરબાના નામ સાથે ખાદી અવિભાજ્ય રીતે સંકળાયેલ છે. કસ્તૂરબા ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાનનું નામ આપણે બધાએ ઘણી વાર સાંભળ્યું, વાંચ્યુ અને જોયું છે. ખાદીને લોકપ્રિય બનાવવા કસ્તૂરબા સક્રિય પ્રયાસો કરતા. પોતાના કુટુંબમાં બધા જ ખાદી પહેરતા, ખૂબ ગરિમાયુક્ત પહેરવેશને લઈને સમૃદ્ધ વર્ગની બેનો પણ મોટા પ્રમાણમાં ખાદી પહેરવા માંડેલી.

જ્યારે ગાંધીજીને જેલમાંથી છોડવામાં આવ્યા ત્યારે વાઈસરોયએ ગાંધીજીને વાટાઘાટો માટે બોલાવ્યા ત્યારે કસ્તૂરબા પણ તેમની સાથે ગયા. બ્રિટિશકાળમાં પહેલીવાર વાઈસરોયની પત્નીએ કોઈ પણ ભારતીય નેતાની પત્નીને પોતાના આવાસમાં આમંત્રણ આપ્યું હતું. જ્યારે વાઈસરોયના પત્ની, લેડી વિલિંગ્ડને કસ્તૂરબાને જણાવ્યું કે તેઓને હાથથી વણાયેલ ખરબચડી ખાદી જે કસ્તૂરબા અને ગાંધીજીએ ખૂબ સુપ્રસિદ્ધ કરી દીધી છે તે જોઈએ છે. તો કસ્તૂરબાએ કહ્યું હા. તેમની સાથે અનસૂયાબેન સારાભાઈ અંગ્રેજી-ગુજરાતી-અંગ્રેજી અનુવાદ કરવા માટે હતા. લેડી વીલીંગ્ડને જ્યારે જણાવ્યું કે તેઓએ 'મોબ' જાંબલી રંગની ખાદી જોઈએ છે. ''ખાદીના ઉપયોગ દ્વારા હું ભારતીયોની નજીક આવવા માંગું છું.'' તો કસ્તૂરબાનો જવાબ હતો, ''ચોક્કસ, હું તમે આવા'' રંગની ખાદીનું કાપડ જરૂર મોકલીશ. મને તમારો ભારતીય જનતાની નજીક આવવાનો વિચાર, તે પણ, ઘરમાં કાંતેલી ખાદી વસ્ત્રો પહેરીને, ખૂબ ગમ્યો. તદ્દુપરાંત, તમારે ખરેખર ભારતીય પ્રજાના જીવનને સ્પર્શવું હોય તો તમે જમીન પર નીચે ઊતરો, અત્યારે જેમ પર્વતના શિખર પર રહો છો તેમ નહીં.'' કસ્તૂરબાની દૃષ્ટિએ ખાદી એ સાદગી અને સાત્ત્વિક જીવનનું પ્રતીક હતા. ગરીબોની બેલી, રોજગાર અને રોજી-રોટીનું સાધન ખાદી સ્વદેશીનું પ્રતીક બની એના કસ્તૂરબાનો ઘણો મોટો ફાળો રહ્યો છે.

**કસ્તૂરબા અને સ્વરાજ :**

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની માટે સ્વાતંત્ર સંગ્રામના સત્યાગ્રહોમાં જ્યારે જ્યારે કસ્તૂરબાને કારાવાસ ભોગવવો પડ્યો ત્યારે જેલ જીવનમાં પણ તેઓ પોતાની જાતને ભૂલી સાથી કેદીઓની સેવામાં લાગી જતાં, એમની હિમ્મત વધારતાં, માંદી બેનોને સુશ્રુષામાં લાગી જતા. બધા કેદીઓ એમને એક 'આદર્શ સત્યાગ્રહી' તરીકે વધાવતા. ગાંધીજીની ગેરહાજરીમાં ઘોર જંગલમાં આવેલ ફિનિક્સ આશ્રમમાં એકલા ઝૂઝવાને લઈને તેઓના વ્યક્તિત્વ એટલી શક્તિ આવી ગયેલી કે તેઓ પોતાની આસપાસના બધાને ખુશ રાખવા પ્રયત્ન કરતા. કપરા સંજોગોએ તેમને ૧૯૦૪માં પણ અજાણ્યા

દેશ, દક્ષિણ આફ્રિકામાં નહોતા ડરાવ્યાં. જોકે તેઓ લખી-વાંચી નહોતા શકતા છતાં પણ તેમની આંતરિક તાકાત તેમને આશ્રમવાસીઓનું નેતૃત્વ સંભાળવા કોઠાસૂઝથી જ તૈયાર કરતી. 'સ્વરાજ' માટે આત્મનિર્ભરતા અનિવાર્ય છે. કસ્તૂરબા શરીર-મન-મસ્તિષ્કથી સ્વયંસિદ્ધ હોવાને લઈને 'સ્વરાજ્ય'ના સિદ્ધાંતને ખૂબ સહેલાઈથી આત્મસાત કરી અન્યોને પણ સ્વરાજ્યના માર્ગ પર લાવવા કટિબદ્ધ કરી શકતાં. કસ્તૂરબા ખૂબ વિનમ્ર સ્વરૂપે પોતાની આભા-પ્રભાન પાડી સહકર્મીઓનો સહકાર અને આદર પામતાં. સ્વરાજ્ય માટે સામાજિક, આર્થિક અને રાજકીય સમાનતા હોવી અનિવાર્ય છે એવું જ્યારે કસ્તૂરબા પોતાની જવાનીમાં જ સમજી ગયા ગયા ત્યારે તેઓએ કોઈ પણ પ્રશ્ન યા પાછી પાની નહીં કરી. હંમેશા ખેડૂતોનો કે શ્રમિકોનો, રંગભેદ કે સંસ્થાનવાદ, સરકારી વટહુકમ કે મીઠા પર કર, જમીનનો સંઘર્ષ કે બાગાનના કામદારો સાથે ક્રૂરતા, કસ્તૂરબા વિરોધી પ્રદર્શનની પહેલી હરોળમાં ઊભા રહે. સંસ્થાનવાદની ધૂરાને લલકારવા અને સ્વતંત્ર ભારતના નિર્માણ માટે 'હિંદ સ્વરાજ' માટે કસ્તૂરબા મક્કમતા સાથે અડીખમ ઊભા રહ્યાં, જીવનના છેલ્લા શ્વાસ સુધી અડગ રહ્યાં.

### અહિંસક સ્વતંત્રતા સેનાની તરીકે કસ્તૂરબા :

૧૯૧૪માં ગાંધીજી અને કસ્તૂરબાએ પોતાના બાળકો સાથે દક્ષિણ આફ્રિકા છોડ્યું. વચ્ચે થોડો સમય ઇંગ્લેન્ડમાં ગાળ્યો. ૧૯૧૫માં ગાંધી કુટુંબનું ભારતમાં આગમન થયું. દક્ષિણ આફ્રિકાનાં તેમનાં કામોની પ્રસિદ્ધિ ભારત મોટા પ્રમાણમાં થઈ ચૂકી હતી. માટે ભારતીય જાહેરજીવનમાં ગાંધીજીની સાથે સાથે કસ્તૂરબા પણ સક્રિય બન્યા. ફિનિક્સ આશ્રમના અનુભવોને ધ્યાનમાં રાખી ભારતમાં પણ વિવિધ આશ્રમોની સ્થાપના કરી. સાબરમતી આશ્રમ, અમદવાદ અને વર્ધાન આશ્રમ આજે પણ મહત્વના ગાંધીવિચાર કેન્દ્રો છે. ચંપારણના ગળીકામદારોને સંગઠિત કરી ગાંધીજીએ સત્યાગ્રહ આદર્યો ત્યારે ૧૯૧૭માં કસ્તૂરબા પણ અડીખમ સાથે રહ્યા. ૧૯૨૨ના બોરસદ સત્યાગ્રહમાં પણ કસ્તૂરબા ખેડૂતોની પડખે રહ્યા. દાંડી સત્યાગ્રહમાં કસ્તૂરબાને આશ્રમની જવાબદારીઓ સંભાળવાની હોવાથી નહીં જોડાઈ શક્યો. ૧૯૩૩માં ગાંધીજી ભૂખ હડતાલ પર ગયા ત્યારે તેમની તબિયત કથળી હતી. કસ્તૂરબાએ એમની ખૂબ સેવા કરી. ૧૯૩૯ના રાજકોટના અહિંસક સત્યાગ્રહમાં પણ કસ્તૂરબા જોડાયાં. ૧૯૪૨માં 'હિંદ છોડો'નું જબરજસ્ત આંદોલન છેડાયું ત્યારે બ્રિટિશ સરકારે કસ્તૂરબાને નજરકેદમાં રાખ્યા. શિવાજીપાર્કની જાહેર સભાને સંબોધવા જઈ રહેલ કસ્તૂરબાને સંબોધવાની હતી કારણ ગાંધીજીને તો વહેલા જ જેલમાં પૂરી દેવામાં આવેલ. કસ્તૂરબા જાણતા હતા કે તેઓ શિવાજીપાર્ક પહોંચે એ પહેલા જ પોલિસ તેમને આંતરી લેશે. એટલે તેઓએ ડૉ. સુશીલા નય્યરને પોતાનો સંદેશ લખાવ્યો અને નારીશક્તિને ઉજાગર કરતી હાકલ કરી. અને લાખો બેનો 'ભારત છોડો' આંદોલનમાં જોડાઈ. જેલમાં જે કોટડીમાં કસ્તૂરબાને રાખવામાં આવેલ તે ગંધાતી હતી અને કસ્તૂરબા ખૂબ માંદા પડી ગયા.

છેલ્લા દિવસો : કસ્તૂરબાના જીવનના છેલ્લા ૨ વર્ષ ગાંધીજી સાથે આગાખાન પેલેસના નજરકેદમાં ગયા. આ વખતે બંને વચ્ચેના વિચારોની આપલે અંગતથી માંડી વૈશ્વિક સવાલો પર થયાં. કસ્તૂરબાની લથડતી તબિયત માટે ગાંધીજી ખૂબ ચિંતિત હતા અને એમણે છેવટ સુધી કસ્તૂરબાની ચાકરી કરી. ૧૯૪૪માં કસ્તૂરબાના દેહવિલય પછી ગાંધીજી ભાંગી પડ્યાં હતાં.

કસ્તૂરબાને યાદ કરતી વખતે તેમને અંજલિ આપતાં ઘણા બધા સ્વાતંત્ર સેનાનીઓએ કહ્યું કે કસ્તૂરબાએ પોતાને ઘરના આખા દેશ અને સ્વતંત્રતા સંગ્રામ માટે ખોલી નાખેલું. જ્યારે ગાંધીજી જેલમાં હતા ત્યારે કસ્તૂરબા ઉપવાસ રાખતા. પોતાને ગમતી બધી જ વસ્તુઓ – ઘરેણા, સારી વાનગીઓ અને ધાર્મિક ભાવના – વૈષ્ણવધર્મની આભડછેટ પણ ત્યજી દીધી. ગાંધીજીએ પણ જણાવ્યું, ''કસ્તૂરબા મારાથી ઘણા ઊંચા સ્તરે હતા. તેમણે મને મારા દરેક કાર્યમા સહકાર આપ્યો. તેઓએ મને હંમેશા મારા કર્તવ્યો અને વચનો પ્રત્યે જાગૃત બનાવ્યો. મારી રાજકીય લડતોના સાથ આપ્યો અને ''યા હોમ કરીને ઝુકાવી દીધું.'' ભલે તેઓ નિરક્ષણ હતા પણ મારી દૃષ્ટિએ કસ્તૂરબા શિક્ષણનો આદર્શ નમૂનો હતા.

છેલ્લા કારાવાસ દરમ્યાન પોલિસ દ્વારા ત્રાસ અને શરીર પર આવેલા માંદગીના બોજ, રોજના સંઘર્ષોએ કસ્તૂરબાના દેહને ક્ષીણ કરી નાંખ્યો હતો. સરોજિની નાયડૂના શબ્દોમાં, કસ્તૂરબા ભારતીય નારીનું જીવતું જાગતું પ્રતીક હતાં. તેમના પગ કદી ખોટી દિશામાં નહોતા વળ્યાં. બલિદાનના પથ પર તેમનો હરદમ આગળ વધતા રહ્યાં.

આજે કસ્તૂરબા અસત્યમાંથી સત્ય, મૃત્યુમાંથી અમરત્વ પામ્યાં છે. આખું વિશ્વ તેમને ખાદી, અહિંસા અને સ્વરાજ્યના ખમીરવંત નારી ગરિમાના પ્રતીક તરીકે જુએ છે. ઇતિહાસમાં કસ્તૂરબાનાં કાર્યોને નારી અભ્યાસના ચશ્માથી જોવાની શરૂઆત છેલ્લા ૩૦ વર્ષમાં વેગવંત બની ગઈ છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૨૧૦ ૪૦૦૪૮

# કસ્તૂરબા અને નારીચેતના

## સોનલ શુકલ

**કો**ઈએ કસ્તૂરબાને હસતાં જોયા છે? ગાંધીજીના સેંકડો અને હજારો ફોટામાં કસ્તૂરબા ઠીક ઠીક દેખાતા હોય, લગ્ન પછીના, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના કે આશ્રમની કુટિરમાં ગાંધીજીની સેવા કરતા કસ્તૂરબા દેખાય છે, ત્યાં ક્યારે પણ એકેવાર એ મને સ્મિતમુદ્રામાં જોવા ન મળે. કેમ એમ હશે? એ સુખી નહીં હોય? ગાંધીજીનું ઘડપણમાં બોખું પણ આકર્ષક સ્માઇલ અનેક વાર જોવા મળે છે; પણ તે જ સમયે જો બરાબર એમની બાજુમાં ઊભેલા કસ્તૂરબાના ચહેરા પર કશાયે હાવભાવ દેખાતા નથી. ગાંધીજી જનસંપર્કમાં, પબ્લિક રિલેશન્સમાં માહેર હતા. કમ્યુનિકેશન કરવામાં, લોકોને સીધા ઉદ્દેશવામાં કે પછી એમનાં પ્રકાશનો દ્વારા કે પછી ભારતીય અને આંતરભારતીય પત્રકારોને એમણે ઇન્ટરવ્યૂઓ આપેલા છે. કસ્તૂરબાઈએ? મળે છે એમના અંગત વિધાનો કે ઇટરવ્યૂ! લખવાનો તો સવાલ જ ઉઠતો નથી, જિંદગીભર પ્રચલિત પ્રયત્નો કર્યા, અનેક લોકો પાસે અક્ષરજ્ઞાન મેળવવા પ્રયાસ કર્યા, પણ માંડ બાળક જેવા અક્ષરો કાઢી થોડું ઘણું લખી શક્યા, એટલી જ સાક્ષરતાથી અંતરના ભાવો વ્યક્ત ન કરી શકાય, ગાંધીજીની ભાવનાઓ અને સિદ્ધાંતો વિશેષ ઘણું ઘણું લખાયું છે અને પોતાના વિચારો પ્રગટ કરવા અને તે માટેના અનુયાયીઓ તૈયાર કરવા એ તો આગળ જતાં એમના ડાબા હાથનો ખેલ થઈ ગયેલો. કસ્તૂરબાનું જીવન જાહેરજીવનમાં નહીં પણ ગૂઢ અંગત બાબતોમાં સમાઈ ગયું. આજે હવે આપણે એંસી વર્ષે જાણવા મથામણ કરીએ છીએ. ૧૯૪૪માં જેલમાં ગાંધીની જોડે પ્રણેતા આગાખાન પેલેસમાં હતા અને ત્યાં જ ગુજરી ગયા.

**એક જાહેર સંદર્ભ :**

હજી તો ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી આવેલા. પ્લુરસી એટલે કે ટી.બી.ની પ્રાથમિક અસરમાં સપડાયેલા હતા. અહીં હિંદુસ્તાનમાં તો એમના આગમન માટે ભારે ઉત્સુકતા હતી. અત્યાર સુધીમાં આ એક જ માણસ હતો જે હિંદુસ્તાનીઓને એકત્રિત કરી આયોજનપૂર્વક અંગ્રેજો સામે લડેલો હતો. ગાંધીજીની સત્યાગ્રહ ચળવળ દક્ષિણ આફ્રિકાથી શરૂ થયેલી, ભારતમાંથી નહીં. શરૂઆતના ત્રણ દિવસ ભારતમાં રહ્યા અને અહીંના નેતાઓ જોડે મુલાકાત કે પત્રવ્યવહાર કર્યો, ત્યારે કહ્યું પણ ખરું કે ખરા વીરનાયક તો દક્ષિણ આફ્રિકાના ગિરિમિટિયા હિન્દી મઝદૂર હતાં અને આમ કહેવામાં એમને લાગતું કે પોતાની પત્ની પણ સામેલ હતા. 'પત્ની પણ' ગાંધીજી બોલ્યા, પત્ની, જેમણે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહમાં ભાગ લીધેલો, સ્ત્રીઓનું નેતૃત્વ કરેલું. નોંધાયેલું છે કે કસ્તૂરબાના નેતૃત્વમાં ધાવણાં છોકરાંવાળી સ્ત્રીઓએ પણ દોડીને જેલ ભરી દીધેલી.

ગાંધીજીનાં માટે સન્માન સમારંભો પણ આયોજાયેલા. પહેલો સમારંભ ખેતવાડીમાં ગાર્ડન પાર્ટી તરીકે થયો. મંગળદાસ હાઉસમાં અતિથિ પરિચય કૉંગ્રેસ નેતા કનૈયાલાલ મા. મનુશીએ કરાવ્યો અને સભાપતિ હતા એમનાથી મોટા નેતાઓ જૂના કૉંગ્રેસી મહમદઅલી ઝીણા કે જિન્નાહ. ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના કાર્યને બિરદાવતી વખતે જિન્નાહે જે કહ્યું કે માત્ર ભારત નહીં આખું જગત કસ્તૂરબાને (એમણે તો મિસિસ ગાંધી જ કહ્યું હશે. તે વખતે ગાંધીયુગલ દેશના બાપુ અને બા બની ગયાં નહોતાં) સન્માને છે, એમને માટે અહોભાવ રાખે છે કારણ કે એમણે પોતાના મહાન પવિત્ર ભવ્ય કાર્યમાં જોડે રહીને અદ્‌ભૂત સાથ આપેલો. ગાંધીજીને સન્માનવામાં આ પ્રથમ સભાનાં પ્રમુખ ઝીણા હતાં.

આમ, કસ્તૂરબાના જાહેર જીવનની નોંધ પૂરી થતી લાગે છે. ત્યાર પછી આપણે મુખ્યતઃ એમને પતિના સ્વાસ્થ્ય ઈત્યાદિનું ધ્યાન રાખતા અને પતિએ સ્થાપેલ આશ્રમના અધિષ્ઠાત્રી તરીકે જોઈએ છીએ, ત્યારે ભારતમાં સરોજિની નાયડુ હતાં. જયશ્રી બહેન રાયજી, શારદા મહેતા વગેરે ઘણા સુશિક્ષિત સાથે પોતાનો મત વ્યક્ત કરી શકે તેવી અને નેતૃત્વ ઉપાડી લઈ શકે તેવી મહિલાઓ જાહેર તખ્તા પર આવી ચૂકી હતી. જાહેરજીવનમાં સક્રિય થવાથી અને કોઈ પણ ઈન્સાફ માટેનાં આંદોલનમાં સક્રિય હોવાથી નારીચેતના પ્રગટવાની સંભાવના રહે છે. ગુલામી નાબૂદી માટે કામ કરનાર મતાધિકાર માટેની કે મઝદૂર સ્ત્રીઓની પરિસ્થિતિની સંદર્ભમાં અવાજ ઉઠાવતી સ્ત્રીઓમાંથી સર્વપ્રથમ સામુહિક કે અંગત નારીચેતના ઉદ્‌ભવી તે માત્ર 'બા', ગૃહમાતા કે રાષ્ટ્રમાતા થવાથી કસ્તૂરબામાં ઊભી થવાની નહોતી. નારીચેતનાના સંદર્ભમાં કસ્તૂરબા અંગે લખવાનું આમંત્રણ મળ્યું છે, તેથી આમ કહેવું પડે. બાકી વાણિયાની વહુ વાણિયણ કહેવાય કે ગોરની પત્ની ગોરાણી કહેવાય એવી જડબેસલાક રીતે વીરપત્ની વીર હોવી જ જોઈએ કે પ્રગતિશીલ પતિની પત્ની આધુનિકા જ હોવી જોઈએ એવો મારો કોઈ આગ્રહ નથી.

## કસ્તૂરબા વિશેની માહિતી :

અહીં ઉલ્લેખ થઈ ગયો છે કે એમના મરણ પછી આપણે એમનાં મૂળ શોધવા નીકળ્યાં છીએ. કસ્તૂરબાની પ્રકૃતિ કેવી હતી તેની એક ઝાંખી ગાંધીજીની આત્મકથામાંથી મળે છે. તેર વર્ષની વયે તેમનાં સાડા તેર વર્ષનાં કસ્તૂરબાઈ જોડે લગ્ન થયા ત્યારે પત્ની નિરક્ષર હતી, તેને સાક્ષર બનાવી પોતાનાં જેવા પુસ્તકો વાંચી શકે તેવી મોહનદાસ ગાંધીની ઇચ્છા હતી. ગોવર્ધન ત્રિપાઠી કાંઈક અંશે સુધારક વૃત્તિના હોવાને નાતે લખે છે કે ઘરકામમાંથી મુક્ત થઈ સ્ત્રી પતિ પાસે રાતે આવે ત્યારે પતિએ તેને વધુ ભણાવવી. પિતાએ ૧૪ વર્ષ સુધી પુત્રી ભણે પછી જ તેને પરણાવવી. પોતે જોકે આવું માત્ર પ્રથમ પુત્રી માટે જ કરેલું. ત્યાર પછીની દીકરીઓને તો વહેલી પરણાવી દીધેલી. આ જ રીતે પોતે ભણાવે એવી મોહનદાસ ગાંધીની ઇચ્છા હતી, જોકે વિષયસુખની (સેક્સની) પ્રબળ ઇચ્છાને કારણે એ બની શકતું નહીં. આ સાથે ગાંધીની સેક્સને માત્ર ''વિષયથી દુષિત પ્રેમ'' ગણવાની સમજ શરૂ થાય છે. જોકે આ સમજ પાછળથી આવી હશે અને આત્મકથામાં ગ્રંથિત થઈ છે. અહીં એક પ્રશ્ન ઊભો થાય છે. પિતાના અવસાનને દિવસે/વિષયઇચ્છાને કારણે પોતે પત્ની પાસે ગયા હતા. પિતા ગુજરી ગયા એવી ઊભી થયેલી અપરાધવૃત્તિ ગાંધીજીને જિંદગીભર નડી. પોતે તો ઠીક પારકા પાસે પણ એ સોગંદ લેવડાવતા કે પોતે લગ્નજીવનમાં સેક્સને સ્થાન નહીં આપે, કહે છે કે જયપ્રકાશ નારાયણ અમેરિકામાં અભ્યાસ કરતા હતા ત્યારે પણ પ્રભાવતીદેવી પાસે એમણે આવું વ્રત લેવડાવેલું. પત્નીએ જે. પી.ને બીજાં પત્ની કરવાનું કહ્યું પણ તેમણે એની ના પાડી. ગાંધી આશ્રમની સેવકની એકાદશ પ્રાર્થના છે, 'અહિંસા, સત્ય, અસ્તેય' તેમાં બ્રાહ્મચર્ય પણ આવે જ છે.

પત્નીની સંમતિ વિના પતિ શરીરસંબંધ છોડી દેવાની ઇચ્છા રાખે અને ધીરે ધીરે એ ક્ષેત્રે સફળ થાય તો તે આવું પત્નીની ઇચ્છા વગર કરી શકે? મને લાગે છે કે જૈન ધર્મમાં પણ સામી વ્યક્તિની ઇચ્છા હોય તો જ દીક્ષા લેવાય કે 'ચોથું વ્રત' કે **કષ્ટવાસિયા - અંધારિયા**ના દિવસો મુજબ સંબંધ કરવાની પ્રથા છે, હું બરાબર આ સમજી ન હોઉં એવું બની શકે છે. ગાંધીજીનાં ખુલ્લાં લખાણોમાં ક્યાંય દેખાતું નથી કે કસ્તૂરબાના આ અંગેનાં પ્રતિભાવ શા હતા, કોઈના પણ લગ્નનાં આવા પાસાંની માથાકૂટ કરવાનો આપણને હક નથી, પણ ગાંધીજી સતત બ્રહ્મચર્ય પાળવા વિશે બોલતા કે લખતા હોય ત્યારે ભાવકથી પત્નીના અનુભવ કે વિચારો અભિપ્રાય આપવાનો હક મળે છે, મને એવું લાગે છે કે ગાંધીજી શરીરસંબંધ એટલે પત્ની ઉપર પતિનો અત્યાચાર એમ સમજે છે. એ બંને બાબતે કસ્તૂરબા શું કહે છે, એ આપણે જાણતા નથી. કામેચ્છા માત્ર પતિ કે પુરુષને હોય અને સ્ત્રીને નહીં એવી તે કાળની વિભાવના હશે અથવા તો ગાંધીજી પોતે અત્યાચારીની જેમ પત્નીના શરીરનો ભોગવટો કરતા હશે, પત્નીને પ્રેમ કે ખુશીની પળો ન આપી શકતા હોય. માર્ગરેટ થેંજર નામના વિખ્યાત સંતતિનિયમન વિશેષજ્ઞા અને પ્રચારક ભારત આવેલા ત્યારે ગાંધીજી સાથે મુલાકાત કરેલી. એમનો લેખ એમણે કરેલા ઈન્ટરવ્યુ પર આધારિત છે. જાણીએ છીએ કે ગાંધીજીની દષ્ટિએ બાળક માટેની ઇચ્છા માટે સંબંધ કરાય એવી માન્યતા છે. તે સિવાય આ સંબંધ ન રખાય તેવું એ કહે છે અને કહે છે કે પત્નીની અનિચ્છાએ જો પતિ સેક્સ ચાહે તો પત્નીએ શયનખંડમાં પણ સત્યાગ્રહ કરવો.

કસ્તૂરબા કિશોરાવસ્થામાં કેવા હતા તે વિશે થોડાં જ વાક્યો ગાંધીજી એ પ્રારંભમાં નોંધ્યાં છે. એ કહે છે, ''હું શીખું તે શીખે, હું ભણું તે ભણે અને અમે બંને એકબીજામાં ઓતપ્રોત રહીએ, એ ભાવના હતી. કસ્તૂરબાઈને એ ભાવના હતી એવું મને ભાન નથી, તે નિરક્ષર હતી. સ્વભાવે સીધી, સ્વતંત્ર, મહેનતુ અને મારી સાથે તો ઓછું બોલનાર હતી. તેને પોતાના અજ્ઞાનનો અસંતોષ નહોતો. આગળ જતાં 'ધણીપણું' પ્રકરણમાં ગાંધીજી લખે છે કે ''મારે કાંઈ પત્નીની પવિત્રતા વિશે શંકા લાવવાનું કારણ નહોતું, પણ અદેખાઈ કારણ જોવા ક્યાં બેસે છે?'' પત્ની ક્યાં જાય છે તે વિશે પોતે જાણવું જ જોઈએ અને એમની રજા સિવાય એણે ક્યાંય જવાય જ નહીં એવો એમનો આગ્રહ હતો. ''રજા વિના ક્યાંયેય ન જાય એ તો એક જાતની કેદ જ થઈ; પણ કસ્તૂરબાઈ એવી કેદ સહન કરે એમ હતી જ નહીં, ઇચ્છામાં આવે ત્યાં જરૂર મને પૂછ્યા વિના જાય. જેમ હું દાબ મૂકું તેમ તે વધારે છૂટ લે. ''અહીં કસ્તૂરબાનું આછું ચિત્ર દેખાય છે તેમાં જાતે કાંઈક કરી શકે તેવી હિંમત દેખાય છે, એમના જમાનાના કાઠિયાવાડી વણિક જ્ઞાતિની સ્ત્રીને એવી કોઈ તક ક્યાંથી મળે? જાહેરજીવનમાં તો માત્ર દેવીપુત્ર (હવે કોઈ વ્યક્તિ માટે શબ્દ વાપરવાની મનાઈ છે કે 'વાઘર' જ્ઞાતિ) સ્ત્રીઓ બહાર ફરતી દેખાતી હશે કે તે પ્રકારની કોઈ કામદાર સ્ત્રી અને તે પણ લાજ કાઢેલી હોય તેવી બહુ બહુ તો દેખાય. અહીં સ્ત્રી તરીકે કે કોઈ ઓળખ બનતી નહોતી, માત્ર પત્ની કે માતા કે પુત્રી તરીકે ઘરની અંદર અંદર જ સ્થાન હતું. ભલે પુરુષોને થોડી વધુ મોકળાશ હોય પણ એમને માટે પણ વ્યક્તિ-સ્વાતંત્ર્યનો કોઈ સવાલ જ ઊભો થતો નહોતો. બધી ઓળખ કુટુંબ અને જ્ઞાતિની જોડે સંકળાયેલી

હતી. જુદી જુદી જ્ઞાતિના પુરુષો પારસીઓ જોડે મળીને કામ કરવા મંડળીઓ બનાવે તેવું તો હજી માત્ર સુરત, મુંબઈ અને અમદાવાદમાં સુધારકો તેમજ આધુનિક સાહિત્યકારોની બાબતે થયું હતું, જેનો પ્રવેશ હજી સૌરાષ્ટ્રમાં થયો નહોતો. આખા ભારતમાં ૫૦૦થી વધારે નાના-મોટાં રજવાડાં હતાં તેમાંના લગભગ પોણા ભાગનાં તો માત્ર સૌરાષ્ટ્રમાં હતાં. અહીં સમાજમાં પણ સંપૂર્ણ મધ્યયુગી અંધારયુગનું સામ્રાજ્ય હતું. લગ્ન ક્યાં, કોની જોડે અને કેટલી વયે કરવા તે પણ વડીલો જ નક્કી કરતા અને તે અંગે બાળવિવાહના સંદર્ભમાં ગાંધીજીએ બળાખા કાઢેલાં છે. વિદ્યાર્થીકાળમાં વિષયવાસના જાગે અને સંતોષાય તે અભ્યાસ અને કુટુંબ કે સામાજિક સેવામાં ખલેલ પહોંચાડે તે એમણે કહ્યું છે, પણ એક બાળક કે કિશોરની જોડે જ, એ જ વખતે, એક બાળકી કે કિશોરીનું લગ્ન થાય છે અને એથી એને ઘરકામ વગેરેની તાલીમ અપાય છે પણ એને નિરક્ષર કે અર્ધશિક્ષિત રખાય છે એની ચિંતા કરી નથી. પત્નીની નિરક્ષરતા એમને સતાવે છે, પણ તે માટેનાં કારણો માટે છેક ૧૯૨૨માં પચાસ ઉપરની વયે આત્મકથા લખે છે ત્યારે પણ બાળલગ્નને કારણે કસ્તૂરબાને શો ગેરફાયદો થયો તેની આલોચના કરતા નથી. આધુનિક્તા હજી માંડ માંડ છોકરાઓ કૉલેજ જાય તેમાંથી નહીં જેવી આવતી હતી. ગુજરાતમાં હજી તો થોડા જ વર્ષ અગાઉ દલપતરામે અંગત લિરિક કાવ્યો એમના મેન્ટર ફાર્બસની પ્રેરણાથી લખવાની શરૂ કરેલી. તે સિવાય કાવ્ય એટલે પ્રભુ ભજન હતું, એની અંદર ક્યારેક સામાજિક ચેતના દેખાતી, સ્ત્રી સંત કવિઓ પોતાની કૃતિઓમાં વિદ્રોહની વાતો કરતાં પણ એ બધું ધાર્મિક કાવ્યોની અંદર હતી. સાહિત્યમાં અંગત એ વિશ્વઅંગત, અંગત લાગણી વ્યક્ત કરતા કાવ્યોનું યુનિવર્સલાઇઝેશન થતું ભાગ્યે જ બને છે, તો પછી કોઈ સ્ત્રી કેવળ અંગતની બહાર આવી સામુહિક નારીચેતના કે અંગત વ્યક્તિ સ્વાતંત્ર્ય માટે પગલાં ન લઈ શકે, એ તો માત્ર ગરબામાં વરાળ કાઢી લેવાનાં ગીત ગાઈ શકે. જૂનાં લોકગીતોમાં માત્ર એક જ ખેતમજૂર સ્ત્રીનું ગીત દેખાય છે કે, 'હવે નહીં જાઉં વીડી વાઢવા રે લોલ.' ઘરનાં ખેતર નથી, કોઈકને ત્યાં કાપણીના કામમાં પતિની જોડાજોડ રોકડા રમે છે. માત્ર પોતાનું ખેતર હોય તો વાત કૌટુંબિક બની જાય. પારકાને ત્યાં રોજી રળવા પોતાની મહેનતથી રોજી કમાય છે. ખેતર પતિનું કે પરિવારનું નથી જેમાં એ કામ કરીને પતિને 'સહાય' કરે છે. અહીં તો એ અડગ અને વ્યક્તિગત રીતે રળતર અને તે પણ વધુ રળતર પામે છે. અહીં એની અંગત કથા ચિત્રિત થાય છે. 'પરણ્યો લાવે છે એક પાવલી રે લોલ, હું રે લાવું છું રૂપિયો દોઢ'થી માંડીને પોતાના દાંપત્યનો ચિતાર આપે છે, ''પરણ્યારો ભાગે મેં ચડાવિયો લોલ, હું રે ઊભી વનવાટ, મુંજા વહાલમજી હો, હવે નહીં જાઉં...''

**કસ્તૂરબાની અગ્રભૂષણ રચના :**

મારી એક મુસ્લિમ સખીએ મને પૂછેલું કે તમને ઈસ્લામ માટે ધિક્કાર છે? મેં કહ્યું કે આવું શું કામ પૂછે છે? મારે નથી પ્રેમ કે નથી ધિક્કાર, એ કહે કે તમે મુસ્લિમ સ્ત્રીઓને હક ઓછા છે વગેરેની ચિંતા કરો છો અને તે વિશે સક્રિય હોય એવા નારી આંદોલન સાથે જોડાયેલા છો તેથી પૂછું છું. હજી હું બહુ સમજી નહોતી. મેં કહ્યું કે હું તો સ્ત્રીઓના માનવહકની વાત કરું છું, એમાં ઈસ્લામને અલગ પાડીને નથી કહેતી, સ્ત્રી વિરુદ્ધનાં રીતરિવાજ બધા ધર્મોમાં ક્યાંક ને ક્યાંક દેખાય છે. તમારામાં પ્રમાણ વધારે છે એવું મને લાગે છે, એ કહે કે ''અમારે વિચારી જોવું પડે કે મુસ્લિમ સ્ત્રીઓની વહારે ધાવતા લોકો અમારી કોમને પછાડવા અમારી તરફેણ કરતા હોય એવું બનતું હોય છે. તેવે સમયે અમારે કોમ અને સ્ત્રી બંને તરીકે પસંદગી કરવાની હોય છે.'' એમને લાગતું હતું કે એમની કોમના પુરુષોને, એમના ભાઈ, બાપ, વર અને દીકરાને, એમના ધર્મગુરુઓ માટે વેર કે તિરસ્કાર રાખતા હોય તેમની સહાય શી રીતે લેવાય? આવો પ્રશ્ન અંગ્રેજોને કારણે ઊભો થતો હતો. એમણે ભારતની સ્ત્રીઓની કે હિંદુ ધર્મની સ્ત્રીઓને આગળ કરી આપણે પછાત છીએ, તર્કશુદ્ધ નથી કે ક્રૂર છીએ અને પોતે આપણો ઉદ્ધાર કરવા આવ્યા છે, સિવીલાઇઝ્ડ એટલે સુસંસ્કૃત કે સુધરેલા બનાવવાને શ્વેતપુરુષ તરીકે બોજો ઉઠાવવા આવ્યા છે, 'વ્હાઇટ મેન્સ બર્ડન' ઉઠાવા આવ્યા છે એમ કહેતા. સાચું છે કે આપણે ત્યાં વિધવા ને જીવતી બાળવી કે દીકરીઓને જનમથી મારી નાખવી ઈત્યાદિ રિવાજો હતા અને તે રોકવા એમણે કાયદા બનાવેલા, એ કાયદાઓનો લેખિત અને અદાલતી વિરોધ પણ આપણા લોકોએ કરેલો કારણ કે સ્ત્રીહત્યાની રસમ તેમણે પોતાની ધાર્મિક આવશ્યક્તા લાગતી હતી. આવું નાનું મોટું ઘણું એમણે આગળ ધરેલું, પરંતુ આપણે ત્યાં પાઠશાળાઓ જેવા અધ્યાપન કેન્દ્રો હતાં. સાહિત્યના ભંડારો હતા, ઘણી સમૃદ્ધિ હતી, મોટી નિકાસ હતી અને પોતાનો દેશ હિંદુસ્તાનને ચૂસી લઈને ધનિક બનેલો એ વિશે મૌન રહેલા. અત્યારે આથી જ યુવાનો અને કિશોરો એમની પેલી આપણી પછાતતા નિવારણ માટે અંગ્રેજોએ રાજ કરેલું એમ માને છે. કસ્તૂરબાની ભૂમિકા આગળ લાવી ગાંધીજીને થપાટ મારવાની વાત આવે છે કે કેમ તે એક પ્રશ્ન છે. ગાંધીજીને બદબોઈ છાની

છાવણીઓમાં તાલીમ આપીને, ક્યાંક ગોડસેની પૂજા કરીને થાય છે. સામી છાતીએ એમને ગાળો આપવાની, જાહેરનીતિ થકી બોલવાની કે નકામા ગણવાની હિંમત કોણ કરે જ્યારે નોબેલ પ્રાઇઝ સમિતિ વસવસો કરે, તે દિલગીરી વ્યક્ત કરે ત્યારે નેલ્સન મંડેલા કે માર્ટિન લૂથર કિંગ કે આઇવન ઇલીચ જેવા ગાંધીજીને પોતાના પ્રેરણાસ્ત્રોત ગણતા હોય! કસ્તૂરબા આ બંને દૃષ્ટિકોણથી અલિપ્ત છે. શાળા-અભ્યાસ દરમ્યાન 'અમારાં બા' મનુબહેન ગાંધી અને સુશીલા નય્યરે લખેલ પુસ્તિકા વાંચેલી. તેમાં પહેલી વાર 'કોળાની ગરબી'નો ઉલ્લેખ આપેલો, ગૃહમાતા કે ઘરના દાદી તરીકે એમણે બાફેલા કોળાનું મીઠા-મસાલા કે વઘાર વગરનું શાક બનાવવા માટે એમણે કોરચબ આશ્રમના અંતેવાસીઓ, સાથે ખાસ કરીને સ્ત્રીઓ વતી, એમણે વિરોધ કર્યો. ભારત પરત થયા પછી આ એમની એક માત્ર આગેવાની દેખાય છે અને તે પણ ઘરગથ્થુ બાબતમાં, જાહેર જીવનમાં નહીં.' ૧૯૭૦ના દાયકામાં પ્રારંભમાં વર્ષોમાં ગાંધીજીના અંગત સેક્રેટરી અને બુદ્ધિવાન રાષ્ટ્રપ્રેમી મહાદેવભાઈ દેસાઈના પુત્ર નારાયણ દેસાઈનું પુસ્તક 'સંત સેવતાં સુકૃત પામે?' પુસ્તક બહાર પડે છે, જેમાં દક્ષિણ ગુજરાતના એક સ્ટેશન પર ગાડી રોકાય છે. ગાંધીજી એમાં પ્રવાસ કરી આવ્યા છે. સ્ટેશનને લોકો એમને લેવા આવેલા છે અને જયઘોષ કરે છે તે વખતે પાછળથી એક એકલવાયો નારો સંભળાય છે, 'કસ્તૂરબાનો જય'. કસ્તૂરબા અને ગાંધીજીનો જ્યેષ્ઠ પુત્ર હરિલાલ ફળ લઈને આવે છે અને બાને આપે છે, 'તમને નહીં આપું' એમ પિતાને કહે છે, કોઈ પણ માતાને સગો દીકરો, એનું પ્રથમ બાળક, એની જિંદગીમાંથી જતું રહે અને દુઃખી થાય તે ક્યાંથી સહન થાય? આ જ મુદ્દાને ભાર આપી ગાંધીજીની ઘણી ભૂલોમાંની એક કે વધુ લઈને નાટક રચાય છે અને અતિ લોકપ્રિય થાય છે, અહીં પેલા હિંદુ કુરિવાજોને અંગ્રેજો ભારતનો પરિચય આપવામાં અગ્રક્રમ આપતા તેમ કસ્તૂરબાનાં દુઃખને અગ્રક્રમ અપાય છે, કેટલાંક દુઃખ સ્થળકાળને કારણે અન્ય સ્ત્રીઓએ પણ સહેલાં છે અને કેટલાંક ગાંધીજીની વિચિત્રતાને કારણે ગાંધીજી પત્નીને સમજાવે છે કે પોતાની વિષયવાસનાના કાળમાં પેદા થયેલું આ બાળક છે, પુત્રને વાંધો પડે છે ગાંધીજીએ લંડન ભણવા જવા માટે એની શૈક્ષણિક લાયકાત હતી પણ બાપે પોતાને બદલે અન્યને પસંદ કર્યો. એમને જવા ન મળ્યું તે અન્યાય કહેવાય પણ એ ગયા હોત તો પછી બીજાને અન્યાય કરીને ગયા એમ ન કહેવાત? ઉપરથી સગાવાદ કર્યો ગણાય તે જુદું હરિલાલને મોકલ્યા હોત તો લોકો એમ જ કહે, એક વધુ દૃષ્ટિકોણ પણ વિચારવા જેવો છે. સગા બાપે અન્યાય કર્યો હોય એવા કિસ્સા મળી આવે છે, સગી માથી આવું થયું હોય એવું પણ જોવા મળે છે. આવાં સંતાનોને દુઃખ થાય, આક્રોશ જાગે કે હતાશા થાય એવું બની શકે; પણ કોઈને તમે આટલી હદે જતાં જોયાં છે? હરિલાલના મૂળ સ્વભાવ, ચરિત્ર કે વ્યક્તિત્વમાં કશું ખૂટતું હતું અથવા કશુંક ન હોવા જેવું હતું. જેનો કદાચ પિતાને અંદાજ આવ્યો હોય, ક્યાંક એમની લંડન જઈ પ્રગતિ કરવાની, સમાજસેવા અને દેશસેવા કરવાના સામર્થ્યમાં ઓછપ દેખાઈ હોય તે પણ શક્ય છે. પેટ્રીસાઇડ એટલે માત્ર પિતૃહત્યા નહીં પણ પિતાને હીન દેખાડવાની વૃત્તિ પણ હોઈ શકે, દારૂની લત પડી જાય તેટલું પીવાની, માંસાહાર કરવાની, બાપને નીચો પાડવા છેક મુસલમાન બની જવાની અને વેશ્યાવાડે છડેઆમ જઈને દુષ્કાર્ય કરવાની વૃત્તિ કેળવવી એ રાહ પસંદ કરનારના દુઃખને, આપણે માત્ર પિતાએ અન્યાય કર્યો એ જ કારણભૂત હતું એમ કહી શકીએ? કસ્તૂરબા અહીં ચૂપ છે એમની સાથે એમના પતિ સિવાય કોઈએ આ અંગે એમની જોડે વાતચીત કરી દેખાતી નથી.

**કસ્તૂરબાને સ્ત્રી તરીકે સૌથી મોટો અન્યાય :**

આમ તો આ હકીકત પર નજર ગયેલી પણ પ્રસ્તુત નાટક જોતાં વધુ આઘાત લાગેલો તે દક્ષિણ આફ્રિકાથી પાછા વળતાં કસ્તૂરબાએ કરેલી એક દલીલ. ગાંધીજી સપરિવાર કાયમી ધોરણે હિંદુસ્તાન પાછા ફરતા હતા. એમના જાહેર કામના અનેક અનુયાયીઓએ મોટી ભેટસોગાદ આપી, તેમાં હીરા, સોના, ચાંદીની અનેક વસ્તુઓ હતી. કસ્તૂરબાઈ માટે ૫૦ ગીનીનો મોટો હાર હતો. ગાંધીજી સમજી ગયેલા કે આ બધા દાગીના પાછાં આપી દેવાની વાત ઘરે કરવી અઘરી પડશે. કહે છે, "ધર્મપત્નીને સમજાવવાનું મુશ્કેલ પડશે એ હું જાણતો હતો. બાળકોને સમજાવવામાં મુદ્દલ મુશ્કેલી નહીં આવે એવી મને ખાતરી હતી. તેમને વકીલ નીમવાનો વિચાર કર્યો." આશ્રમમાં ઊગેલા જ શાક ખાવા અને તે પણ મીઠું મસાલા અને વઘાર વિના, તે બાબતે મીઠા વગરનું બાફેલું કોળું ખાવા સામેના અંતેવાસી સ્ત્રીઓનું કસ્તૂરબાએ નેતૃત્વ લીધેલું પછી ગાંધીજીની મરજી હતી તેમ મીઠા વગેરે વાળું પોતે નહીં ખાય કહીને જુદી પંગત બેઠેલી. બાળકો ગાંધીજીની પંગતમાં બેઠેલા. વયસ્કો સામે બાળકોની મદદ લેવી તે કેટલા અંશે 'સત્યના પ્રયોગ' કહેવાય. કસ્તૂરબા ગમે તે કહે પણ ઘરેણાં નહીં લેવાનું માન્યા જ નહીં, દીકરાને ના જોઈએ તો ભવિષ્યમાં આવનાર વહુઓનું શું એવો પ્રશ્ન પણ તેમણે કાઢ્યો. ગાંધીજીએ સામે દલીલો કરી અને કહ્યું, "આમ

છતાં કંઈ કરાવવું પડે તો હું ક્યાં નથી બેઠો?'' તે વાતને કસ્તૂરબાએ જે જવાબ આપ્યો તે પતિ ઉપરની લપડાક છે. એ હવે કહે છે, ''જાણ્યા તમને... મારાં ઘરેણાં પણ લઈ લીધાં એ જ તમે ના?'' આ બહુ મોટી વાત છે. ગુજરાતમાં ચરોતરમાં, જ્યાં રોકડિયા પાક અમેરિકન આંતરયુદ્ધો સમયે બ્રિટનની સિગરેટ અને કાપડ મિલોના કાચામાલ માટે ઉગાડવાનું પ્રોત્સાહન મળ્યું, તમાકુ ને કપાસની ખેતી મોટી વિકસી ત્યાં પાટીદાર કોમમાં અને જમીનદારી જેવી ખેતી કરાવનાર અનાવિલ બ્રાહ્મણોના એક વિભાગમાં દહેજપ્રથા શરૂ થઈ. આજે પણ ઉત્તર કે દક્ષિણ ભારતમાં લોકોને નવાઈ લાગે છે કે ગુજરાતમાં બ્રાહ્મણ વાણિયામાં પરંપરાગત ભેટમાં આપેલાં દાગીના કસ્તૂરબાએ કમને પાછાં વાળવા પડે છે. આ તો મેં કરેલી જાહેર સેવાને કારણે મળ્યાં છે એમ કહેનાર ગાંધીજી કસ્તૂરબાએ કરેલી જાહેર સેવાનું અવમૂલ્યાંકન કરે છે. આમ કસ્તૂરબા એમને સંભળાવી દે છે તે એકદમ સચોટ છે. એમને બંને બાજુએ અન્યાય થયો છે. પરંપરાગત રીતે મળેલાં દાગીના પણ ગયા અને જાહેરજીવનમાં એમના કામની તેમ જ ગાંધીજીની પત્ની તરીકે મળેલા આધુનિક જીવનના પણ ગયા, છેલ્લે ધણીનું ધારેલું થયું. જેમ પાશ્ચાત્ય બૂટ વગેરે બાબતે, ખ્રિસ્તી મહેમાનનું સંડાસ સાફ કરવા માટે અને પોતડી ધારણ બેરિસ્ટરના પત્ની તરીકે. દક્ષિણ આફ્રિકામાં અવાજ ઉઠાવે છે, તે એક વાર વૈષ્ણવ સ્ત્રી તરીકે માંસાહાર સામે ડૉક્ટરની વિરુદ્ધે જઈને, છેલ્લે મળેલાં દાગીના પાછી આપવા બાબતે, જાહેર સેવકો આવું બધું ન લેવું તે અલગ સિદ્ધાંત છે અને બેરિસ્ટર બનવા સ્ત્રીધન વાપરી નાખવું તે અલગ નિર્ણય છે. દાગીના બાબતની દલીલ પરંપરામાં જીવેલી સ્ત્રીનો અંગત પોકાર છે.

**નારીચેતના :**

નારીચેતના કોઈ શૂન્યવકાશમાંથી ઊભી થતી નથી, કે નથી એ ઈશ્વરના દેવદૂતના કહેવાથી કે કોઈ વડના ઝાડ નીચે બેસી તપશ્ચર્યાથી. એ સર્વથી ધાર્મિક ચેતના ઊભી થાય છે જે કોઈ એક પયગંબરને, એક કોઈ ઓલિયાને, એક કોઈક ધર્મ સ્થાપકને કે એવા કોઈ પુરુષને થાય છે. જ્યારે રાષ્ટ્રીય ચેતના, સમાજસુધારા અંગેની ચેતના, આફ્રિકન – અમેરિકન રાષ્ટ્રીય ચેતના, દલિત ચેતના કે નારીચેતના અમુક સંયોગો ભેગા થાય ત્યારે નીપજે છે. ઘણી બહેનો શિક્ષિત થાય, સુધારાની ચળવળ થાય, રાષ્ટ્રીય આંદોલનમાં સ્ત્રીઓ ભાગ લે, સમાજના અન્ય પછાત વિભાગોનાં ઉત્કર્ષમાં સ્ત્રીઓ જોડાય ત્યારે સ્ત્રીઓ પોતાના પ્રશ્નો તરફ પણ જાગ્રત થાય છે, અભ્યાસ શિરસ્તો એવો છે કે છોકરીવાળા 'કંકુ અને કન્યા' આપે તો ચાલે પણ છોકરાવાળા તો વહુને દાગીના ચડાવે જ. આવી હોંસાતોસીમાં દેખાડા વધી ગયા છે, કન્યાનું અવમૂલ્યાંકન વધતું હતું છે તેથી કાંઈક ફેરફાર થયા છે. એવું પણ બનેલું છે કે બહુ જ જૂનવાણી માબાપ વહુને બોડી બામણી જેમ લઈ આવે પણ પ્રણાલિકા એવી રહી છે કે છોકરાવાળા નાગર કોમમાં પલ્લુ આપે અથવા તો કાંઠલો ચડાવે, આ સ્ત્રીધન છે. આમાં ક્યાંક રોકડા રૂા. ૧૫૦૦/- પણ હોઈ શકે. આ ધન માત્ર પિયર કે પરગામ લગ્ન થયાં હોય તો પિયરના સગાં પાસે રહે. જરૂર પડ્યે દીકરી એ પહેરી પાછાં સલામતીની માટે મૂકે છે. આપણે ગોવર્ધન ત્રિપાઠીની દુવિધા એમની નોંધપોથીમાં જોઈ શકીએ છીએ. મોટી દીકરીના જૂનાગઢી વર અને સાસરિયાં ગરીબ પણ છે. દીકરી પોતાના સ્ત્રીધનમાંથી વાપરે છે તો ગોવર્ધનરામ નોંધે છે કે એક બાપ તરીકે એમને દુઃખ થાય છે તો બીજી બાજુએ ગર્વ થાય છે કે દીકરી કેટલી બધી કુટુંબપરાયણ વહુ છે. સ્ત્રીધન વિધવાની સલામતી છે. એવો દાંભિક પરિવારની વાત સાંભળી છે જ્યાં એક યુવાન વિધવાએ મોહન માળા કે મગમળા જેવી સેરના એક એક મણકો વેંચીને જિંદગી ગુજારેલી. આપણી પરંપરામાં તેમ જ આધુનિક કાનૂનમાં માન્ય રખાય છે કે લગ્ન પ્રસંગે તેને અપાયેલી રકમ, દાગીનાઓ અન્ય ભેટસોગાદ તે સ્ત્રીધન છે અને એની પર માત્ર એનો જ હક છે.

ગાંધીજીને બી.એ. સુધી કોલેજમાં વર્ષો ગાળવા કરતાં કુટુંબના એક વડીલ મિત્રે સૂચવેલો લંડન જઈ બેરિસ્ટર થવાશે વિચાર બહુ જ આકર્ષક લાગેલો. ખર્ચતા પૈસાનો કોઈ મેળ બેસતો નહોતો. ગાંધીજી લખે છે, ''મારી નજર સ્ત્રીનાં ઘરેણાં ઉપર ગઈ. (કુટુંબની આભૂષણ સમૃદ્ધિમાંથી) મેં મારી સ્ત્રીના ભાગનાં ઘરેણાં કાઢી નાખવાની સૂચના કરી. તેમાંથી રૂપિયા બે-ત્રણ હજારથી વધુ નીકળે તેમ નહોતું. ભાઇએ...'' અહીં પોતાનાં ઘરેણાં વેંચી પતિ બેરિસ્ટર થવા જાય ત્યારે કસ્તૂરબાને પુછાયું નથી. સમાજે થઈ વાસ્તવિક્તાના આંકડા બહાર આવે, માધ્યમો આ વિષય પર ધ્યાન આપે, લખે અને સ્ત્રીઓ જાહેરક્ષેત્રોમાં સામેલ થાય એવા અનેક તત્વોની નારીચેતના પ્રગટ થાય છે. ઘણી સ્ત્રીઓ ઘણે ઠેકાણેથી અને ઘણાં મુદ્દાઓ લઈને કામ કરે અને ખાસ કરીને એમને બીજું કોઈ મોટા આંદોલનોમાં ભાગ લેવાની તક મળે ત્યારે નારીચેતના પ્રગટે છે. સ્ત્રીઓ અંગ્રેજો સામેની ચળવળોમાં ભાગ લેવા માંડી પછી ટપોટપ સ્ત્રીમંડળો ઊભાં થયાં. શિક્ષિત બહેનોએ થોડાં શરૂ કરેલાં હતાં. આ બધાં મળીને અખિલ વૃંદ મહિલા પરિષદ ઊભી થઈ અને છેલ્લે સુધી હિંદુ

કોડ બિલ પાસ કરાવવા માટે ઝઝૂમી. બીજી વાર બને છે ચારેગમ ફેલાયેલા દહેજ મૃત્યઓ બળાત્કારી બનાવથી શરૂ થાય છે, ઈન્દિરા ગાંધીએ લાદેલી ઇમર્જન્સી પછી લોકો આક્રોશમાં હતા. નાગરિક અધિકારો જોડે સ્વાસ્થ્ય અધિકાર, સારા પર્યાવરણના અધિકાર, માનવ અધિકાર જેવા માટેની મંડળીઓ રચાઈ જેમાં સ્ત્રીઓ પણ હતી. એમાં મજદૂર અલંકાર પણ સામેલ હતા. મોટા મોટા અભ્યાસી કિસ્સાઓએ આ બધામાં આવેલી સ્ત્રીઓએ પ્રવાસ પ્રબળ કર્યા અને એક ટીનેજર આદિવાસી કન્યા ઉપર બે પોલીસે દરવાજા બંધ કરી બાળાત્કાર કર્યા અને એ બાબતે સુપ્રિમ કોર્ટમાં છૂટી ગયા પછી ચાર કાનૂનશાસ્ત્રીઓએ આ જજમેન્ટનો જાહેર વિરોધ કર્યો પછી મોટું આંદોલન શરૂ થયું. નાનામોટા અન્યાયો ઇતિહાસમાંથી કુટુંબોમાંથી, કાર્યસ્થળેથી બહાર આવ્યા, તે તરફની દૃષ્ટિ બદલાઈ. બળાત્કારનો ભોગ બનનારે નહીં પણ બળાત્કારીએ મોઢું છુપાવવું જોઈએ કે દહેજ એટલે મુરતિયો વત્તા પૈસા વગેરે વ્યાખ્યાઓ થઈ અને 'વાત ચાલી ને એવી તો ભાઈ ચાલી' સૌજન્ય  અનિલ જોષી, બચત ગઠમાં કામ કરતી બહેનોને ઘણી વાર નારી હકોની તાલમ અપાય છે. આવી રાજસ્થાનના સદીઓ જૂના જુલમોમાં સડતી બહેનોનું એક ગીત છે, ''ચેન સકે તો ચેન થીમણો આયો ચેતણરો... એક દો તો પહેલે ચેતી કુછ ચેતી કુછ નહીં તો ફરકો આયો. દોચાર કે ચેતસુ કુછ ઝણકારો આયો, ગાંવો કી સબ મહિલા એકીય ધરતી પલટો ખાયો.'' કસ્તૂરબા પાસે આવી ચેતના મેળવવાના સંયોગ નહોતા, તક નહોતી.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૪ ૪૭૭૯૯

**એ**ક વાર બાપુએ મને કહ્યું, ''બાને તારી પાસે ગીતા શીખવી છે. સમય આપી શકીશ? પાંચેક મિનિટ રોજ શીખવ.'' મેં કહ્યું, 'ભલે, ૨૪ મિનિટ શીખવીશ.' '૨૪ મિનિટ કેમ?' તેમણે પૂછ્યું. મેં કહ્યું, '૨૪ મિનિટ એટલે એક ઘટિકા. માટે ૨૪ મિનિટ શીખવીશ.' જેટલો સમય ધ્યાન ધરી શકાય તે ઘટિકા. અને અમારો ૨૪ મિનિટનો વર્ગ શરૂ થયો. બારમા અધ્યાયથી મેં શરૂઆત કરી. બાપુએ પૂછ્યું, 'બારમા અધ્યાયથી શરૂઆત કેમ કરી?' મેં કહ્યું, 'આ સંસાર અનિત્ય છે. શિક્ષણકાર્ય કેટલો વખત ચાલશે એ કોણ જાણે છે? માટે કૌરવ-પાંડવના નામ શા સારુ રટાવવાં? તેથી બારમો અધ્યય લીધો. સરલ છે અને ભક્તિનો અધ્યાય પણ છે.' બાપુએ કહ્યું, 'બરાબર છે.' પછી તો બાપુએ જે લગ્નવિધિ બનાવી એમાંયે બારમો અધ્યાય રાખ્યો.

બા અને બાપુ વચ્ચેનો સંબંધ અવર્ણનીય હતો. આપણે ત્યાં લગ્નવેળા દંપતીને વશિષ્ઠ અને અરુંધતીનાં દર્શન કરાવે છે. બીજા ઋષિઓ પત્નીઓને પોતાનાથી દૂર રાખતા હતા. પણ વશિષ્ઠ અને અરુંધતી બંને સાથે રહ્યાં. એકમેકથી અળગાં ન થયાં. એવાં એ વિલક્ષણ હતાં. 'તમારું જીવન પણ નિર્મળ અને અનુશાસિત હો, એકમેકનો સાથ છોડશો નહિ', એવી એ દર્શન પાછળ ભાવના છે. પતિના માર્ગમાં અવરોધ પેદા ન કરે તે અરુંધતી. વશિષ્ઠ-અરુંધતીનો આદર્શ બહુ ઓછાં દંપતીમાં જોવા મળે છે.

બા-બાપુનું દૃષ્ટાંત પણ એવું જ છે. પત્ની સાથે માતા જેવો વ્યવહાર રાખવો એ બહુ ઊંચો આદર્શ છે. શાલા વિવાહ તો विसरुनि समूल वर्तने निर्मल। એ છે ગાંધીનો વ્રતવિચાર. એના પર વિનોબાએ અભંગ લખ્યો છે. લગ્ન થયું તે વીસરી જવું અને એ સ્ત્રીને માતા, બહેન કે કન્યા માનવી એ સુવર્ણ નિયમ છે. એનાથી વૃત્તિ ઊંચે ચઢે છે અને જીવન નિર્મળ બને છે. આવો આદેશ બાપુએ આપ્યો. એટલું જ નહીં, એનું એમણે પાલન કર્યું. અને સ્વાનુભવના આધારે એ અંગે લખ્યું પણ ખરું.

આ જમાનામાં આ રીતે, રામકૃષ્ણ પરમહંસ વર્ત્યા. ગાંધીજીએ ફૂલ, અક્ષત ચઢાવીને કસ્તૂરબાની પૂજા તો ન કરી પણ એમને 'બા' કહીને સંબોધવા લાગ્યા. 'બા' એટલે માતા. એ રીતેનો વ્યવહાર તેમણે શરૂ કર્યો. આવું જ ઉદાહરણ શ્રી અરવિંદનું છે. યોગાભ્યાસ કરવાનો તેમણે નિર્ણય કર્યો ત્યારે પોતાની પત્ની મૃણાલિનીને લખ્યું કે 'હું ભગવતમાર્ગે જઈ રહ્યો છું. તેમાં તારી સંમતિ હશે તેમ માનું છું.'

**– આચાર્ય વિનોબા ભાવે**

# કસ્તૂરબા : An Unsung She-ro

**ડૉ. રંજના હરીશ**

**૨૨** ફેબ્રુઆરી, ૧૯૪૪ની નમતી સાંજ હતી. આકાશમાં જ્યારે સૂર્યદેવનો રથ પશ્ચિમ ભણી ગતિ કરી રહ્યો હતો ત્યારે દિલ્હીના આગાખાન પેલેસમાં કસ્તૂરબાનો અંતિમસંસ્કાર થઈ રહ્યો હતો. પુત્ર દેવદાસે મુખાગ્નિ આપ્યા બાદ સર્વે આપ્તજનો બાના નશ્વર દેહને અંતિમ પ્રણામ કરી રહ્યા હતા. પતિ મોહનદાસ કરમચંદ ગાંધી પોતાની ૬૨ વર્ષ જેવા સુદીર્ઘ સમયની જીવનસંગિની કસ્તૂરબાને મનોમન વિદાય આપી રહ્યા હતા. તેમનું મન ક્ષુબ્ધ હતું. આ પળ હતી જીવનભરના સરવૈયાની. તો સ્વગત બોલી રહ્યા હતા, 'હું તારા વિના આજે નોધારો થઈ ગયો. પોતાનાં બાળકોની ઇચ્છાપૂર્તિની જવાબદારી મા-બાપની હોય છે, પણ હું તે ન કરી શક્યો. હું તો સંન્યાસીની જેમ સર્વ કલ્યાણમાં મંડેલ રહ્યો અને હરિલાલ અને બાળકોને અવગણ્યાં, હું સતત જાણતો હતો કે તું મારાથી દુઃખી હતી. મેં તને દૂભવી. હરિદાસે સાચું જ કહેલું, ''તમને બાએ મહાન બનાવ્યા છે.'' મારા ખાતર તેં હરિને ત્યજી દીધો હતો એ કંઈ નાનીસૂની વાત ન હતી. મેં હરિલાલને ના બોલાવ્યો અને તે પોતે ક્યારેય આવ્યો જ નહીં. બસ એટલું જ... 'ગાંધી સદ્‌ગત પત્નીને કહી રહ્યા હતા, 'તું મારા કરતાં સાચ્ચે જ મુઠી ઉંચેરી ઊંચી હતી.' (પૃ. ૨૭૯) પતિ, પુત્રો, પરિવાર તેમ જ સઘળા રાષ્ટ્ર કાજે કસ્તૂરબાએ આજીવન કરેલ તપ, ત્યાગ, સેવા અને સમર્પણનો આ સરપાવ હતો. પતિની આવી શ્રદ્ધાંજલિ પામનાર કસ્તૂરબા એક અસાધારણ સ્ત્રી હતાં. જેમણે પોરબંદર ગામના ગભરુ, અતિ સાધારણ એવા મોનિયાને રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી બનવામાં સતત મૌન ફાળો આપ્યો હતો.

કસ્તૂરબાના જીવન પર આધારિત હિન્દી નવલકથાકાર પદ્મશ્રી ગિરિરાજ કિશોરે લખેલ 'બા' (૨૦૧૬) નવલકથાનો પ્રારંભ પોરબંદર ખાતે કસ્તૂરબાના ઘરની સામે એક વૃદ્ધ સાથે થયેલ સંવાદથી કરે છે. લેખક ગાંધીજીના જીવન પર આધારિત નવલકથા 'પહેલા ગિરમીટયા' માટે સંશોધનાર્થે પોરબંદર ગયેલા અને ત્યાં તેમને સાંભળવા મળ્યું કે કસ્તૂરબાના પિયરનું મકાન પણ એ જ નગરમાં છે. ગાંધીજીનું જન્મસ્થળ જોયા બાદ તેઓ શોધતાં શોધતાં કસ્તૂરબાના મકાને પહોંચ્યા. મકાનની બહાર એક વૃદ્ધ મળી ગયો. તેમણે પૂછ્યું, 'આ કસ્તૂરબાનું મકાન છેને?' વૃદ્ધે જવાબ આપ્યો, 'વાહ તમે કસ્તૂરબાને જાણો છો?' તેમણે કહ્યું, 'બા વિશે વાંચેલું છે.' પેલા વૃદ્ધ બોલી ઊઠ્યા, 'કસ્તૂરની કોઈનેય પડી નથી. બધા ગાંધીને જાણે છે, પૂજે છે. ભૂલ્યુંભટક્યું કોઈ અહીં આવી ચડે તો અમારું ભાગ્ય.' એ વૃદ્ધની આંખમાં વેદના અને ફરિયાદ હતી.

સાચે જ બાની કોઈને નથી પડી એ વાત 'હમારી બા' લખનાર વનમાલા પરીખ અને સુશીલા નૈયર પણ નોંધે છે. તો વળી ગાંધીજીના પૌત્ર અરુણ ગાંધી તથા સુનંદા ગાંધીએ બાના જીવન પર લખેલ પુસ્તકને તેમણે 'ફરગોટન વુમન' નામ આપવું ઉચિત માનેલું. વળી તેમનું આ પુસ્તક છાપવા માટે ભારતીય પ્રકાશકોએ ઘસીને ના પાડેલી. કહેલું, 'ગાંધી પર પુસ્તક હોત તો ચોક્કસ છાપત.' છેવટે કોઈ અમેરિકન પ્રકાશકે કસ્તૂરબા પરનું આ પુસ્તક પ્રકાશિત કરેલું. અરુણ ગાંધી તથા સુનંદા નોંધે છે. 'અમારી દાદીની જીવનકથા ફક્ત એટલી જ કે જ્યારે મોહનદાસ સત્યના પ્રયોગો કરતા હતા ત્યારે બા તે પ્રયોગોનો તાપ જીરવતાં હતાં, તે પતિના પ્રયોગોને જીવતાં હતાં. કસ્તૂરબાનું સઘળું જીવન ગાંધીજીની સત્યની શોધની સૂક્ષ્મતમ પ્રક્રિયાના પ્રત્યક્ષ અનુભવમાં વીત્યું.' ગાંધીજી તથા કસ્તૂરબાના સહજીવન તથા પારસ્પરિક વિકાસની ભાગીદારીની વાત અગણિત પુસ્તકોમાં ચર્ચાઈ ચૂકી છે. અહીં તો એટલું જ નોંધવાનું કે, બાપુના પારસ સ્પર્શે કસ્તૂરબા કંચન બન્યાં તે વાત સાચી તો ખરી, પરંત તે ફક્ત સ્પર્શમાત્રનો કમાલ નહોતો. બા દરેક પગલે બાપુના વિચારો તથા આગ્રહોના તાર્કિક સ્વીકાર સાથે બધું અપનાવતાં ગયાં. તેમણે ક્યારેય પણ ફક્ત પતિના આગ્રહને વશ થઈને કોઈ સિદ્ધાંત સ્વીકાર્યો નહોતો. ચાર પુત્રોનાં માતા-પિતા બન્યા બાદ વર્ષ ૧૯૦૬માં જ્યારે બાપુએ બ્રહ્મચર્યનું વ્રત લીધું ત્યારે તે વ્રતનો સ્વીકાર કસ્તૂરબાએ પતિની ઇચ્છાને વશ થઈને કર્યો નહતો. તેઓ પોતે બ્રહ્મચર્યમાં માનતાં થયાં હતાં. અને તેમની સંપૂર્ણ સંમતિ સાથે બાપુ આ વ્રત લઈ શક્યા હતા. આ સઘળી વાતો એક જ સત્ય તરફ આંગળી ચીંધે છે કે ગાંધીના પડછાયાની જેમ પળેપળ તેમની સાથે રહેનાર કસ્તૂરબાને સુયોગ્ય યશ કે માન નથી મળ્યાં. તેઓ એક 'અનસંગ શીરો' છે, બા-બાપુના દોઢસોમા જન્મ શતાબ્દી વર્ષે આ પ્રશસ્તિવંચિત કસ્તૂરબાનું સ્મરણ યથોચિત છે.

ગિરિરાજ કિશોરે લખેલ બાયોફિક્શન 'બા'ના ચુનંદા પ્રસંગોના અનુવાદ થકી તેમને શ્રદ્ધાસુમન અર્પણ છે. કિશોર મોનિયો કિશોરી

પત્ની કસ્તૂર પર પતિ હોવાનો રોફ ચલાવતો. તેણે ક્યાં જવું, કોની સાથે બોલવું તે બધું મોનિયને પૂછીને જ થવું જોઈએ. એક દિવસ સાસુજી પૂતળીબાએ કસ્તૂરને કહ્યું, 'હું મંદિર જઉં છું, તું ચાલ મારી સાથે.' કસ્તૂર કોઈને પૂછ્યાકર્યા વગર સડસડાટ પૂતળીબા સાથે મંદિર જતી રહી. મોનિયો ઘરે જ હતો. પણ કસ્તૂરે તેની પરવા જ ના કરી. બીજે દિવસે, ત્રીજે દિવસે, ચોથે દિવસે આ જ ક્રમ ચાલ્યો. મોનિયાને કસ્તૂરનું આવું વર્તન જરાય ન ગમ્યું. છેવટે ધીરજ ત્યજીને તેણે કસ્તૂરને સંભળાવી દીધું, 'હું તારો પતિ થાઉં, મારી પરવાનગી વગર ક્યારેય તારે ક્યાંય જવાનું નથી તે તું જાણે છે અને તોય મને પૂછ્યા વગર બા સાથે જતી રહે છે તે યોગ્ય નથી.' કસ્તૂર કેટલાંય વખતથી કિશોર પતિ મોનિયાની જોહુકમીથી કંટાળેલી હતી. પણ તેણે પતિના ગુસ્સાનો જવાબ ધીમા સ્વરે આપ્યો. કહ્યું, 'તમે ઇચ્છો છો કે હું બાને બદલે તમારું કહ્યું માનું?' પતિદેવ બિચારા શું બોલે. મોનિયો સમસમી ગયો અને બરાબર સમજી ગયો કે આ છોકરીની સંમતિ વગર તેની પાસે કશુંય કરાવી શકાય તેમ નહોતું. (પૃ. ૩૯)

* * *

મોનિયો વિલાયતમાં બેરિસ્ટરી ભણીને બાબુ બનીને પાછો ફર્યો. એક પુત્રની માતા તેવી તેની પત્ની કસ્તૂર બારણાની ઓટમાં રહીને આ વિલાયતી માણસને જોઈ રહી હતી. તેને મોનિયાની વિદાયનું દૃશ્ય યાદ આવી ગયું. તે વખતે પણ કસ્તૂરે મોનિયાને બારણાની પાછળથી જ વિદાય આપેલી. પણ આ નવો મોનિયો તો તદ્દન બદલાઈ ગયો હતો! ક્ષણાર્ધ માટે કસ્તૂરને પોતાની જાત પર દયા આવી ગઈ... ગઈ કાલનો મોનિયો આજે વિલાયતી સાહેબ બનીને પાછો ફર્યો છે. અને પોતે જેવી હતી, જ્યાં હતી, ત્યાંની ત્યાં જ ઊભી છે! તદ્દન અજાણ દેખાતો મોનિયો જીવનની દોડમાં તેનાથી ઘણો આગળ નીકળી ગયો છે... તે વિચારી રહી, સ્ત્રી સાથે આવું કેમ થતું હશે? કૂદકે ને ભૂસકે આગળ વધતા પુરુષના પ્રમાણમાં તેની પત્ની કેમ જ્યાં હતી ત્યાંની ત્યાં રહી જતી હશે? (પૃ. ૬૪)

* * *

પતિ તથા ત્રણ પુત્રો સાથે દરિયાઈ માર્ગે ડર્બન પહોંચેલ કસ્તૂર માટે અહીંના બધા જ અનુભવો તદ્દન નવા હતા. તેણે જોયું કે વહાણ ન લાંગરવા દેવા માટે પ્રયત્નશીલ તેવા ગોરાઓ પોતાના પતિને દુશ્મન માનતા હતા. એટલું જ નહીં ગાંધીને ફાંસી આપવાના નારા બોલાવી રહ્યા હતા. આ વાત લંડન પહોંચતાં ત્યાંથી આદેશ આવેલો કે ગાંધી વિરુદ્ધ વર્તન કરનારને પોલીસ પકડી જશે. ગોરી પોલીસે ગાંધી પાસે નામો માગ્યાં તો ગાંધીએ નામો આપવાની ના પાડી દીધી અને કહ્યું, 'મારા આવા નકારાત્મક સ્વાગત માટે હું તે બધાઓને

## મન વાળી લીધું

**બા**પુજી દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમ ચલાવતા હતા ત્યારે ૧૯૧૩માં એક સવારે પોતાના રિવાજ અનુસાર સૌને જમાડ્યા પછી જમવા બેઠા હતા. બાપુના કુટુંબના એક મુરબ્બી કાળિદાસભાઈ ગાંધી નજીક બેઠા હતા. તે ટોંગાટ નામના ગામમાં રહેતા હતા, ત્યાંથી થોડા દિવસ માટે આવ્યા હતા. બા ઊભાં ઊભાં રસોડાની કાંઈક સાફસૂફી કરતાં હતાં.

દક્ષિણ આફ્રિકામાં એક સામાન્ય વેપારીને ત્યાં પણ રસોડાનું તથા બીજું સાફસૂફીનું કામ કરવા સારુ નોકર હોય જ. બાને અહીં બધાં કામ હાથે કરતાં જોઈને કાળિદાસભાઈએ બાપુને કહ્યું : ''ભાઈ, તમે તો જીવનમાં ફેરફાર કર્યો. સાવ સાદાઈ દાખલ કરી દીધી. આ કસ્તૂરબાઈએ પણ કાંઈ વૈભવ ન માણી જાણ્યો.''

બાપુએ ખાતાં ખાતાં જવાબ આપ્યો : ''મેં ક્યાં એને વૈભવ માણવાની ના પાડી છે?''

બાએ હસતાં હસતાં ટોણો માર્યો : ''ત્યારે તમારા ઘરમાં વૈભવે શો ભોગવ્યો છે?''

બાપુએ પણ એ જ ઢબે હસતાં હસતાં કહ્યું : ''મેં તને જણસો પહેરતાં કે સારી રેશમી સાડીઓ પહેરતાં ક્યારે રોકી છે? અને તારી ઇચ્છા થઈ ત્યારે સોનાની બંગડીઓ પણ કરાવી લાવ્યો હતો ને?''

બા કંઈક ગંભીર ભાવે બોલ્યાં : ''તમે તો બધુંયે લાવી આપ્યું. પણ મેં ક્યારે તે વાપર્યું છે? જોઈ લીધું કે તમારો રસ્તો જુદો છે. તમારે તો સાધુ-સંન્યાસી થવું છે. તો પછી મારે મોજશોખ માણીને શું કરવું હતું? તમારું મન જાણી લીધા પછી આપણે આપણું મન વાળી દીધું.''

માફ કરી ચૂક્યો છું.' ગાંધીની આવી ક્ષમાવૃત્તિએ ત્યાંના ગોરાઓનું મન જીતી લીધું. કસ્તૂર પોતાના પતિ મોનિયાને સમ્માનિત જનનાયક બનતો જોઈ રહી. તે સાક્ષીભાવે વિચારી રહી, જેમ પ્રેમથી પ્રેમનો રસ્તો ખૂલે છે તેમ ક્ષમાથી સમ્માનનો રસ્તો મોકળો થતો હોય છે. મનોમન તે પોતાના પતિને બિરદાવી રહી. (પૃ. ૯૪)

* * *

ડર્બનના પ્રારંભિક દિવસોમાં કસ્તૂર અને બાળકોએ એક પારસી સજ્જન રુસ્તમજીના પરિવાર સાથે રહેવું પડેલું. એ પરિવારે કસ્તૂર અને તેનાં બાળકોને પ્રેમથી અપનાવેલાં પરંતુ કસ્તૂરને કેમેય કર્યું ગોઠતું નહોતું. આ તે કેવો દેશ? આખો દિવસ બધાએ બૂટ પહેરીને રહેવાનું! બૂટ પહેરીને રસોડામાં જઈને રાંધવાનું અને તે પણ વળી ઊભાં ઊભાં! વળી આ લોકો માછલી ખાતા હતા. અને ચુસ્ત વૈષ્ણવ સંસ્કાર ધરાવતી કસ્તૂરને આ જરાય ગમે તેમ નહોતું. માછલીની ગંધ જાણે આખા ઘરમાં વ્યાપેલી રહેતી. એ ગંધથી કસ્તૂરને ઊબકા આવતા. આવી પરિસ્થિતિમાં પહેલી વાર કસ્તૂરને સમજાયું કે જીવનમાં ખોરાકનું શું મૂલ્ય હોય છે... આ રહેવાસ દરમિયાન કસ્તૂરનાં બાળકોનું બા સંબોધન સાંભળીને રુસ્તમજી પરિવારે તેને કસ્તૂરબા કહેવાનું શરૂ કર્યું. કોને ખબર હતી કે પ્રેમાળ રુસ્તમજી પરિવારે કરેલ આ સંબોધન કસ્તૂર માટે જીવનપર્યંતનું સંબોધન બની રહેશે? હવે કસ્તૂર કસ્તૂર ન રહી, તે કસ્તૂરબા હતી. (પૃ. ૯૫)

* * *

સફળ પતિ અને પરિવાર સાથે ડર્બનથી સ્વદેશ પાછા ફરવાનો કસ્તૂરબાનો અનુભવ અનેરો હતો. મુંબઈ બંદરે પહોંચતાંની સાથે પતિ મોહનદાસ કોઈ કામે કલકત્તા જવા નીકળી ગયા. કસ્તૂરે જોયું કે ભારતીયોએ તેમના સત્કાર માટે મોટો સમારંભ યોજેલો હતો. આયોજકોને ખબર હતી કે ગાંધી આ સમારોહમાં રોકાઈ શકશે નહીં. અને તોય સમારંભ યથાવત્ રાખ્યો હતો. તેના કેન્દ્રસ્થાને કસ્તૂરબા હતાં. તેમને પોતાને આશ્ચર્ય થયું! ગાંધીજીની હાજરીમાં સમારંભ થાય તે તો સમજાય પરંતુ તેમને માટે આવું આયોજન! કસ્તૂરબાને આ પલે થોડાં વર્ષો પહેલાં નાતીલાઓએ મોહનલાલના વિદેશગમનને કારણે સમગ્ર પરિવારને નાત બહાર મૂકેલો તે ઘટના સ્મરી આવી. તે જોઈ રહ્યાં હતાં કે આજે દશ્ય તદ્દન વિપરીત હતું. અપમાનિત કરી નાત બહાર મૂકનારાઓ જ આજે તેમને માન સાથે પોંખી રહ્યા હતા. કસ્તૂરબા વિચારી રહ્યાં, આ સઘળું મારા પતિ મોહનલાલની તપસ્યાનું ફળ છે. (પૃ. ૧૧૦)

* * *

બાપુના બગડતા જતા સ્વાસ્થ્યની બધાને ચિંતા હતી. ડૉ. દલાલે બાપુને દર બે કલાકે દૂધનું સેવન કરવા જણાવ્યું. પરંતુ બાપુએ ના પાડી દીધી. તેમણે કહ્યું કે તેઓએ દુધાળાં પશુ પર મનુષ્ય દ્વારા થતા અત્યાચારોને કારણે દૂધ ન પીવાની પ્રતિજ્ઞા કરેલ છે. બધા જાણતા હતા કે ગાંધીની પ્રતિજ્ઞાને કોઈ જ ન તોડાવી શકે. ત્યાં તો તેમની પથારીની પાસે બેઠેલ કસ્તૂરબાએ શાંત ભાવે કહ્યું, 'બરાબર છે. તો પછી તમને બકરીનું દૂધ પીવામાં વાંધો ન હોવો જોઈએ.' બાની વાત સાંભળીને બાપુ વિચારમાં પડી ગયા. સરળ, પ્રેમાળ, અને બુદ્ધિશાળી જીવનસંગિનીએ તેમને અનાયાસે પરાસ્ત કરી દીધા હતા. પ્રતિજ્ઞા લેતી વેળાએ દૂધાળાં પશુઓમાં તેમણે બકરીને ગણી નહોતી. એટલે પ્રતિજ્ઞા તોડ્યા વગર બકરીનું દૂધ લઈ શકાય તેમ હતું. તેઓ કશું કહ્યા વગર ચૂપચાપ બેસી રહ્યા. બા સમજી ગયાં. થોડી વારમાં બકરીના દૂધથી ભરેલ ગ્લાસ તેમણે બાપુના હાથમાં મૂકી દીધો. ત્યારબાદ આવનાર સમય માટે બકરીનું દૂધ બાપુ હંમેશાં લેતા. (પૃ. ૨૧૩)

* * *

હરિજન આશ્રમથી આરંભાતી દાંડીકૂચ વેળાએ બાએ ગોરાઓની સામે પડનાર પતિનો હિંમતથી સાથે આપેલો. ગોરાઓનો ગુસ્સો અને આતંક વહોરવા જઈ રહેલ પતિને તેમણે તિલક કરીને વિદાય કરેલા. એક વીરાંગનાને શોભે તે રીતે... (પૃ. ૨૩૩) પોતાનાં પૌત્ર-પૌત્રીઓને જોઈને બા હંમેશ કહેતાં, 'અમારી જેલયાત્રાઓ રૂપી જીવનધનનું વ્યાજ છે આ બાળકો'... જીવનના અંતિમ દિવસ સુધી બા આગાખાન પેલેસના પ્રાંગણમાં ચિર નિદ્રામાં પોઢેલ પોતાના સૌથી મોટા પુત્ર સમા મહાદેવભાઈ દેસાઈની સમાધિ પર સવાર-સાંજ દીવો કરતાં. કોક વાર પોતે ન કરી શકે તો અંતેવાસી સુશીલા નૈયરને કહેતાં, 'બેટા મારા શંકર-મહાદેવને દીવો કરજે.' અંતિમ સાંજે પણ તેઓ એ ટકોર કરવાનું નહોતાં ભૂલ્યાં. (પૃ. ૨૭૮)

મહાન પુરુષ-નાયક હીરો તરીકે નવાજાતા હોય છે. તે સંદર્ભે સ્ત્રી-નાયક માટેની નવી અંગ્રેજી સંજ્ઞાછે 'શીરો' કસ્તૂરબા સાચે જ એક મહાન શીરો હતાં. જેમને ઇતિહાસે અને સમાજે યથોચિત યશ ન આપ્યો. તેઓ એક પ્રશસ્તિવિહીન 'શીરો'નું જીવન જીવી ગયાં.

(સૌજન્ય : 'નવનીત સમર્પણ' - સપ્ટેમ્બર ૨૦૨૦)


✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૦ ૦૦૭૩૬


# કસ્તૂરબા વિશેનાં પુસ્તકો: થોડું લખ્યું, ઝાઝું કરી વાંચવું

દીપક મહેતા

**"સ**મય મળશે તો (કસ્તૂરબા વિષે) વિસ્તૃત લખવાની મારી ધારણા છે.'' ૧૯૪૫ના ફેબ્રુઆરીની ૧૮મી તારીખે ગાંધીજીએ આ વાક્ય લખ્યું હતું. શબ્દો તોળી-જોખીને વાપરવાની ગાંધીજીની પ્રકૃતિનો પરિચય આ સાવ નાનકડા વાક્યમાંથી પણ મળી રહે. લખે છે : 'ધારણા છે.' 'ઇચ્છા છે' એમ લખતા નથી. અને એ ધારણા પણ બિનશરતી નથી. 'સમય મળશે તો.' પછીનાં લગભગ ત્રણ વરસમાં ગાંધીજીને સમય મળ્યો નહિ, અને તેઓ તેમની ધારણા પૂરી કરી શક્યા નહિ. જો ગાંધીજીએ કસ્તૂરબા વિષે વિસ્તૃત રીતે લખ્યું હોય તો બીજા લખનારાઓનું કામ ઓછું મુશ્કેલ બન્યું હોત. સેજલ-સોનલની જોડીએ આ લેખ લખવા કહ્યું ત્યારે પહેલો પ્રતિભાવ તો એ હતો કે કસ્તૂરબા વિષે તો બહુ ઓછું લખાયું છે. બે-ચાર પુસ્તકો કરતાં વધુ નહિ હોય. પણ પછી જેમ જેમ અમે ત્રણેએ





ખાંખાખોળાં કર્યા તેમ વધુ ને વધુ પુસ્તકોની ભાળ મળતી ગઈ. જો કે, બધાં પુસ્તકો મેળવી શકાયાં હોવાનો દાવો નથી જ. પણ આ બધાં પુસ્તકો વાંચ્યા પછી પણ લાગે છે કે કસ્તૂરબા વિષે મૌલિક, પોતીકું, આગવું, તો ઓછું જ લખાયું છે.




કસ્તૂરબા વિષે લખતી વખતે સૌથી મોટી મુશ્કેલી છે ગાંધીજી. વિભૂતિરૂપ પતિના પડછાયામાં સતત જીવનાર સ્ત્રીના વ્યક્તિત્વને પામીને ઉઘાડવાનું અશક્ય નહિ તોય ઘણું કપરું કામ તો છે જ. અને આવું કપરું કામ ભાગ્યે જ કોઈ કરી શક્યું છે. કેટલાંક લેખકોએ તો સહેલો રસ્તો જ અપનાવ્યો છેઃ ગાંધીજીના જીવનના મુખ્ય પ્રસંગો વર્ણવતા જવા અને તેની સાથે કસ્તૂરબાની વાત સાંકળતા જવી, અને તે પણ મુખ્યત્વે ગાંધીજીની આત્મકથાને આધારે. પોતીકા પરિચય અને અનુભવોને આધારે લખાયાં હોય તેવાં તો બે જ પુસ્તકો જોવા મળ્યાં છેઃ વનમાળા દેસાઈ અને સુશીલા નૈયરનું પુસ્તક 'અમારાં બા'. બંને લખાયાં છે સ્વતંત્ર રીતે પણ આજ સુધી ગુજરાતીમાં પ્રગટ થતાં રહ્યાં છે એક પુસ્તક રૂપે. શરૂઆતમાં ગાંધીજીનું જે વાક્ય ટાંક્યું છે તે પણ આ પુસ્તકની પ્રસ્તાવનાનું છે.


અલબત્ત, કસ્તૂરબા વિશેનાં આ પહેલાં પુસ્તકો નથી. કસ્તૂરબાનું અવસાન થયું એ જ વરસે, ૧૯૪૪માં, બે પુસ્તક પ્રગટ થયાં, એક અંગ્રેજી અને એક ગુજરાતી. દયાશંકર ભ. કવિનું 'ભારતજનની કસ્તૂરબા' મુંબઈની એન.એમ. ઠક્કરની કંપનીએ પ્રગટ કરેલું. કસ્તૂરબા વિશેનું આ પહેલું ગુજરાતી પુસ્તક. તેની એક વિશિષ્ટતા એ છે કે તેમાં કસ્તૂરબાના ફોટા ઉપરાંત કનુ દેસાઈ અને ચાંદવડકરનાં ચિત્રો મૂક્યાં છે, એટલું જ નહિ, કસ્તૂરબાના હસ્તાક્ષરમાં બે પત્રો




પણ છાપ્યાં છે. આ જ લેખકે કેપ્ટન લક્ષ્મી અને સરદાર વલ્લભભાઈ પટેલ વિષે પણ પુસ્તકો લખ્યાં છે અને કેટલીક બંગાળી કૃતિઓના અનુવાદ પણ આપ્યા છે.

Sati Kasturba: A Life-sketch પુસ્તકનું સંપાદન આર.કે. પ્રભુએ કર્યું છે, આમુખ લખ્યું છે એમ.આર. મસાણીએ. આ મીનુ મસાણી એ વખતે મુંબઈના મેયર હતા. આઝાદીની લડતમાં સક્રિય ભાગ લઈને જેલમાં પણ ગયેલા. લડત દરમ્યાન જવાહરલાલ નેહરુના મિત્ર એવા મસાણી આઝાદી પછી નેહરુની સમાજવાદી વિચારણાથી દૂર થતા ગયા અને એટલે રાજાજી સાથે મળીને એમણે 'સ્વતંત્ર પાર્ટી' સ્થાપેલી. મુંબઈના 'હિન્દ કિતાબ્સ' નામના પ્રકાશકે આ પુસ્તક પ્રગટ કરેલું. કસ્તૂરબાનું અવસાન ફેબ્રુઆરીની ૨૨મી તારીખે થયેલું અને મસાણીની પ્રસ્તાવના એ જ વરસની ૧૧મી માર્ચે લખાઈ છે, એટલે કે વીસેક દિવસમાં આ પુસ્તક તૈયાર થયેલું. તેમાં કસ્તૂરબાની જીવનકથા ટૂંકમાં આલેખી છે. પણ આ પુસ્તકની ઉપયોગીતા એ છે કે એ વખતની અગ્રગણ્ય વ્યક્તિઓએ, દેશ અને દુનિયાનાં કેટલાંક છાપાંઓએ આપેલી અંજલિઓ અહીં સમાવી છે. એટલે આજે હવે દસ્તાવેજી દૃષ્ટિએ આ પુસ્તક મહત્ત્વનું બની રહે છે.

વનમાળા દેસાઈ અને સુશીલા નૈયર બંનેનાં પુસ્તકનું લેખન સ્વતંત્ર રીતે થયું છે, પણ એ બંને એક પુસ્તક રૂપે ૧૯૪૫માં પ્રગટ થયેલાં. નૈયરનું પુસ્તક મૂળ હિન્દીમાં લખાયેલું. એનો અંગ્રેજી અનુવાદ ૧૯૪૮માં અમેરિકાથી પ્રગટ થયેલો. નવજીવન પ્રકાશન મંદિરે પ્રગટ કરેલ 'અમારાં બા'માં નૈયરના લખાણનો ગુજરાતી અનુવાદ કોણે કર્યો છે તે જણાવ્યું નથી. વનમાળા બહેનના પુસ્તકમાં ૧૧૦માં પાનાં ઉપર નૈયરના પુસ્તકનો ઉલ્લેખ છે એટલે વનમાળાબહેનના પુસ્તક કરતાં કંઈ નહિ તો તેની હસ્તપ્રત તો વહેલી તૈયાર થઈ ગઈ હોવી જોઈએ. એટલે આ અનુવાદ વનમાળાબહેને જ કર્યો હોય એ બનાવજોગ છે. બીજું કસ્તૂરબા વિશેનું આ એક જ પુસ્તક એવું છે જેની પ્રસ્તાવના ખુદ ગાંધીજીએ લખી છે. એટલે કે, પરીખ અને નૈયરનાં લખાણ ગાંધીજી વાંચી ગયા છે ને તેને પ્રગટ કરવાની અનુમતિ તેમણે આપી છે. આ બંને લેખિકા ગાંધીજી અને કસ્તૂરબાનાં નિકટવર્તી. વનમાળાબહેન આશ્રમવાસી નરહરિ પરીખનાં દીકરી. સસરા વાલજી ગોવિંદજી દેસાઈ પણ ચુસ્ત ગાંધીવાદી અને આશ્રમવાસી. ગાંધીજીના આશ્રમમાં ઘણાં વરસ રહેલાં એટલે અનુભવો તો ઘણા હોય. છતાં કોણ જાણે કેમ, તેમણે પણ ગાંધીજીની આત્મકથા પર ઘણો મદાર રાખ્યો છે. પિતા નરહરિભાઈનું જીવનચરિત્ર લખવા ઉપરાંત વનમાળાબહેને મેડલિન સ્લેડ ઉર્ફે મીરાંબહેનની આત્મકથાનો ગુજરાતી અનુવાદ પણ કર્યો છે. સુશીલા નૈયર વ્યવસાયે ડૉક્ટર, ઘણાં વરસ ગાંધીઆશ્રમમાં રહેલાં. કસ્તૂરબાની છેલ્લી માંદગી અને અવસાન વખતે પણ તેઓ તેમની સારવાર માટે આગાખાન જેલમાં તેમની સાથે જ હતાં. આઝાદી પછી તેઓ સક્રિય રાજકારણમાં પડ્યાં હતાં અને ૧૯૫૨થી ૧૯૫૫ અને ૧૯૬૨થી ૧૯૬૭ સુધી તેઓ કેન્દ્ર સરકારમાં સ્વાસ્થ્ય મંત્રી રહ્યાં હતાં. તેમનાં ગાંધીજી વિશેનાં દસેક પુસ્તકો અંગ્રેજીમાં પ્રગટ થયાં છે. ગાંધી જન્મશતાબદી વખતે ૧૯૬૯માં નૈયરના પુસ્તકના લખાણને આધારે હિન્દીમાં કોમિક રૂપે કસ્તૂરબાનું જીવન ચરિત્ર પ્રગટ થયું હતું. એરિક ફ્રાન્સિસ દ્વારા તૈયાર થયેલું આ પુસ્તક મુંબઈના 'પુરોહિત એન્ડ સન્સ' નામના પ્રકાશકે પ્રગટ કરેલું. તો ૧૯૪૬માં પ્રગટ થયેલું 'પુરાતન બૂચ'નું 'આપણાં કસ્તૂરબા' મુખ્યત્વે 'અમારાં બા' પુસ્તકને આધારે ઓછું ભણેલી સ્ત્રીઓને ધ્યાનમાં રાખીને સીધી સાદી ભાષામાં લખાયું છે.




ગણપત રાયના અંગ્રેજી પુસ્તક Gandhi and Kasturba: The Story of their lifeમાં તેની પ્રકાશન સાલ છાપી નથી, પણ પુસ્તક અર્પણ કર્યું છે ગાંધીજીને તેમના

૭૬મા જન્મ દિવસે. એટલે તે ૧૯૪૫ના અરસામાં પ્રગટ થયું હોય. કસ્તૂરબા મેમોરિયલ પબ્લિકેશન્સ તરફથી તે પ્રગટ થયું છે. ગણપત રાયે ગાંધીજી, જવાહરલાલ નેહરુ, અને આચાર્ય જે.બી. કૃપલાની વિષેનાં અંગ્રેજી પુસ્તકોનું પણ સંપાદન કર્યું છે. કસ્તૂરબા વિશેના તેમના પુસ્તકની પ્રસ્તાવના જાણીતાં મહિલા કાર્યકર અને નેહરુ કુટુંબમાં પરણેલા રામેશ્વરી નેહરુએ લખી છે. પુસ્તક વાંચવાનું શરૂ કરતાં પહેલે કોળિયે જ કાંકરો આવે છે. કસ્તૂરબાનો જન્મ ૧૮૬૯માં રાજકોટ રાજ્યના પાટનગર પોરબંદરમાં થયો હતો એમ લેખક કાહે છે! પણ આ પુસ્તકમાંથી કેટલીક દસ્તાવેજી સામગ્રી આજે પણ ઉપયોગી થાય તેવી છે. છેલ્લી માંદગી વખતે કસ્તૂરબા જેલમાં હતાં ત્યારે તે અંગે, તેમની તબિયત અંગે, તેમને જેલમાંથી છોડી મૂકવા અંગે બ્રિટિશ પાર્લામેન્ટમાં જે સવાલો પૂછાયા હતા અને ગ્રેટ બ્રિટનની સરકારે જે જવાબો આપેલા તે અહીં શબ્દશઃ રજૂ કર્યા છે. તેવી જ રીતે આ અંગેનો ગાંધીજી અને હિન્દુસ્તાનની સરકાર વચ્ચેનો પત્રવ્યવહાર પણ આપ્યો છે. આ પુસ્તક જ્યારે પ્રગટે થયું ત્યારે 'ગાંધીજીનો અક્ષરદેહ'નાં પુસ્તકો પ્રગટ થયાં નહોતાં. અને ગૂગલદેવની મદદથી બ્રિટિશ પાર્લામેન્ટના સવાલ-જવાબ મેળવી શકાય એવી સગવડ નહોતી. એટલે આ સામગ્રી વધુ નોંધપાત્ર બને છે.




ગાંધીજીના પૌત્ર અરુણ મણિલાલ ગાંધીના પુસ્તક 'ધ ફરગોટન વુમન'નો અત્યંત પ્રવાહી, વાંચતાં અનુવાદ છે એમ ન લાગે એવો અનુવાદ 'બાઃ મહાત્માનાં અર્ધાંગિની' સોનલ પરીખ પાસેથી મળ્યો છે. તેની પહેલી આવૃત્તિ ૨૦૧૬માં અને બીજી ૨૦૧૭માં પ્રગટ થઈ. ૧૯૪૪માં કસ્તૂરબાનું અવસાન થયું ત્યારે અરુણભાઈની ઉંમર દસેક વરસની. છતાં દાદી કસ્તૂરબાના જીવન અને વ્યક્તિત્વ વિષે ઘણી રસપ્રદ અને કેટલક નવી માહિતી આ પુસ્તકમાંથી મળી રહે છે. ગાંધીજીની આત્મકથા અને તેમનાં બીજાં લખાણો ઉપરાંત લેખકે મૌખિક ઇતિહાસ - oral historyનો આશરો લીધો છે. કસ્તૂરબાના પરિચયમાં આવી હોય તેવી વ્યક્તિઓને શોધી શોધીને તેમની મુલાકાતો રેકર્ડ કરી. આ પુસ્તક અંગે એક રસપ્રદ વાત એ છે કે તેની અંગ્રેજી આવૃત્તિ પ્રગટ થઈ તે પહેલાં જર્મન અને સ્પેનિશ આવૃત્તિ પ્રગટ થઈ હતી. કારણ અંગ્રેજી પુસ્તકોના પ્રકાશકો તો લેખકને કહેતા : ''કસ્તૂરબામાં કોને રસ પડે? તમે તમારા દાદા મહાત્મા ગાંધી વિશે કેમ નથી લખતા?'' અરુણ ગાંધીનું પુસ્તક વાંચ્યા પછી આવો સવાલ પૂછવાની જરૂર ન રહે.

૨૦૧૮માં બે પુસ્તક મળે છે. Kasturba Gandhi: A Bio-fiction અને Kasturba Gandhi: The Silent Sufferer. તેમાં પહેલું પુસ્તક ૨૦૧૬માં હિન્દીમાં પ્રગટ થયેલ ગિરિરાજ કિશોરની જીવચરિત્રાત્મક નવલકથાનો મનીષા ચૌધરીએ કરેલો અનુવાદ છે. દેખીતી રીતે જ અહીં નવી સામગ્રીને ઝાઝો અવકાશ નથી. અગાઉ પ્રગટ થયેલાં પુસ્તકોની માહિતીમાં થોડા કલ્પનાના રંગો ઉમેરીને આ પુસ્તક લખાયું છે. N.C. Beoharનું પુસ્તક Kasturba Gandhi: The Silent Sufferer કસ્તૂરબાને મૂંગે મોઢે સહન કરી લેતી એક અબૂઝ, અસહાય સ્ત્રી તરીકે રજૂ કરે છે, જે હકીકતથી સાવ વેગળું છે. મુખ્યત્વે હરિલાલ, અને તે ઉપરાંત બીજા પુત્રો સાથેના ગાંધીજીના વર્તનને તેમણે કેવું મૂંગે મોઢે સહી લીધું તે બતાવવાનો લેખકે પ્રયત્ન કર્યો છે. તો ૨૦૨૦માં પ્રગટ થયેલું બી.એમ. ભલ્લાનું પુસ્તક Kasturba Gandhi: A Biography સામે છેડે જઈને ગાંધીજી સાથે ખભે ખભો મિલાવીને કસ્તૂરબા પહેલાં દક્ષિણ આફ્રિકામાં અને પછી હિન્દુસ્તાનમાં સ્વાતંત્ર્ય માટેની ચળવળમાં, અને ખાસ કરીને નારીમુક્તિની ચળવળમાં, સહભાગી થયા હતા એવું ઠસાવવાનો પ્રયત્ન કરે છે.

૨૦૨૦માં ફેબ્રુઆરી અને માર્ચમાં જેની ઉપરાઉપરી બે આવૃત્તિ પ્રગટ થઈ હોવાનું પુસ્તકમાં નોંધાયું છે તે Kasturba Gandhi: An Embodiment of Empowerment મુંબઈના ગાંધી સ્મારક નિધિ દ્વારા પ્રગટ થયું છે. તેના લેખક સિબી. કે. જોસેફ વર્ધાની ઇન્સ્ટિટ્યૂટ ઓફ ગાંધીયન સ્ટડીઝમાં અભ્યાસ અને સંશોધન વિભાગના ડીન છે. પ્રસ્તાવનામાં તેઓ કહે છેઃ This book is not a comprehensive biography of Kasturba. My primary attempt has been to present Kasturba

Gandhi in a nutshell as an embodiment of empowered women who had an identity of her own. એટલે કે કસ્તૂરબા સશક્ત સ્ત્રી હતાં એમ બતાવવાનો લેખકે અહીં પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકની એક વિશેષતા એ છે કે એમાં પરિશિષ્ટ તરીકે કસ્તૂરબાએ આપેલાં ચાર પ્રવચનો અંગ્રેજી અનુવાદ આપ્યો છે. અલબત્ત, દરેક પ્રવચનને મથાળે નોંધ્યું છે કે પ્રવચન કસ્તૂરબાએ પોતે આપ્યું નહોતું. તેમના વતી કોણે રજૂ કરેલું તે પણ જણાવ્યું છે. આ પ્રવચનો વાંચતાં મનમાં એક પ્રશ્ન થાય: આવાં પ્રવચનો લખવા જેટલી કસ્તૂરસ્ની સજ્જતા હતી ખરી? પ્રવચનો ખરેખર કસ્તૂરબાએ લખ્યાં હશે, કે પછી તેમના વતી કોઈએ લખ્યાં હશે?

આ બધાં પુસ્તકો વાંચ્યા પછી કેટલાંક સવાલ મનમાં ઊઠ્યા વગર રહે નહિ. એક : વનમાળા દેસાઈ લખે છે કે કસ્તૂરબા નિયમિત રીતે ડાયરી લખતાં. તો એ ડાયરીઓ ક્યાં છે? પ્રગટ થઈ છે કે નહિ? બીજું, કેટલાંક લોકો માને છે કે કસ્તૂરબા સાવ અભણ હતાં. હા, લગ્ન થયાં ત્યારે હતાં. પણ પછી ધીમે ધીમે લખતાં વાંચતાં શીખેલાં, પહેલાં ગુજરાતી અને પછી થોડું અંગ્રેજી પણ. વનમાળા દેસાઈ કહે છે કે આપણાં જાણીતાં લેખિકા, પત્રકાર, અને આઝાદી માટેની ચળવળમાં સક્રિય ભાગ લેનાર લાભુબહેન મહેતા અને કસ્તૂરબા એક જ જેલમાં સાથે હતાં ત્યારે કસ્તૂરબા નિયમિત રીતે લાભુબહેન પાસેથી અંગ્રેજી શીખતાં.

કસ્તૂરબા વિષે લખતી વખતે એક વાત ઘણી વાર ધ્યાનમાં રહેતી નથી એમ લાગે છે, અને તે છે એમનાં સ્થળ-કાળનો સંદર્ભ, તેમનાં વિચાર-વાણી-વર્તનને આજનાં ધોરણે જોવા-આલેખવાનું ઉચિત ન ગણાય. ઓગણીસમી સદીની ત્રીજી પચ્ચીસીમાં પોરબંદર જેવા કોઈ રીતે પ્રગતિશીલ ન કહી શકાય એવા દેશી રાજ્યમાં જન્મ અને ઉછેર. તેમના જન્મ સુધી પોરબંદરમાં નહોતું એકે છાપખાનું કે નહોતું પ્રગટ થતું એક પણ અખબાર. કન્યા કેળવણી નહિવત હતી. બાળલગ્નો સામાન્ય હતાં. આ બધી મર્યાદાઓ હોવા છતાં કસ્તૂરબા પોતાની ઇચ્છાશક્તિથી અને ગાંધીજીનાં પ્રેરણા અને સહકારથી તેમાંની કેટલીક મુશ્કેલીઓને ઓળંગી ગયાં. છતાં આજનાં ધોરણે તેમના જીવનની મૂલવણી કરવી યોગ્ય ન ગણાય.

વાતની શરૂઆત આપણે કસ્તૂરબા વિશેના ગાંધીજીના શબ્દોથી કરી હતી. અંતે પણ તેમના શબ્દો પાસે જ જઈએ. ''બાનો ભારે ગુણ કેવળ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. એ કાંઈ મારી ખેંચથી નહોતું બન્યું. પણ બામાં જ એ ગુણ સમય આવ્યે ખીલી નીકળ્યો...તેણે મિત્ર થવા છતાં સ્ત્રી તરીકે ને પત્ની તરીકે પોતાનો ધર્મ મારા કાર્યમાં સમાઈ જવામાં જ માન્યો.''

**નોંધઃ** આ લેખ લખાઈ ગયા પછી જાણવા મળ્યું કે કસ્તૂરબાએ લખેલી ડાયરી સચવાઈ રહી છે અને તેનો અંગ્રેજી અનુવાદ તુષાર ગાંધી કરી રહ્યા છે. ટૂંક સમયમાં એ પ્રગટ થશે એવી આશા છે.

---

## કસ્તૂરબા વિશેનાં અન્ય પુસ્તકો યાદી


૧૯૪૪. ભારતજનની કસ્તૂરબા/દયાશંકર ભ. કવિ. એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ.

૧૯૪૪. Sati Kasturba : A Life-Sketch with Tributes/ Ed. R. K. Prabhu. Hind Kitabs, Mumbai.

૧૯૪૫. અમારાં બા/વનમાળા દેસાઈ, સુશીલા નૈયર. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

૧૯૪૫. Kasturba : A Personal Reminiscence/ SushilaNayar. Navjeevan Publishing House, Ahmedabad.

૧૯૪૫. Gandhi and Kasturba : The Story of Their Life/Ganpat Rai. Kasturba Memorial Publications, Lahore.

૧૯૪૬. આપણાં કસ્તૂરબા/પુરાતન બુચ. હંસ પ્રકાશન, અમદાવાદ.

૧૯૬૯. કસ્તૂરબા (હિન્દીમાં, બાળકો માટે કોમિકરૂપે)/સુશીલા નૈયર, એરિક ફ્રાન્સિસ. પુરોહિત એન્ડ સન્સ, મુંબઈ.

૨૦૧૬. બા : મહાત્માનાં અર્ધાંગિની (The Forgotten Womanનો અનુવાદ/લેખક અરુણ ગાંધી, અનુ. સોનલ પરીખ. નવજીવન, અમદાવાદ.

૨૦૧૮. Kasturba Gandhi : A Bio-Fiction/Giriraj Kishore, Trans. Manisha Chaudhry (હિન્દીમાંથી અનુવાદિત). Niyogi Books, New Delhi.

૨૦૧૮. Kasturba Gandhi : The Silent Sufferer/N. C. Beohar. Notion Press, Chennai.

૨૦૨૦. Kasturba Gandhi : A Biography/B. M. Bhalla. The Lotus Collection, New Delhi.

૨૦૨૦. Kasturba Gandhi : An Embodiment of Empowerment/Siby K. Joseph. Gandhi Smarak Nidhi, Mumbai.



✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૮ ૩૨૨૭૦

# બાની ડાયરી

**સંકલન : તુષાર ગાંધી**


**આ** ડાયરી કસ્તૂરબા સ્મારક પ્રતિષ્ઠાન ઈંદોરમાંથી ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન, જલગાંવના કર્મીઓને મળી આવી બહુ ખરાબ હાલતમાં હતી અને કોઈને એના વિશે ખબર નહોતી. જીઆરએફમાં ડાયરી લાવી એની સફાઈ કરી એને સચવાઈ રહે એવી ટ્રીટમેન્ટ કરી કસ્તૂરબા સ્મારકને પાછી સોંપી છે. એ પહેલા એને સ્કેન કરી ડિજીટલ કોપી સાચવી રાખી છે એ પરથી મેં એને ઉકેલી હવે સાથે સાથે એનું અંગ્રેજી ભાષાંતર કરું છું.




**પ્રથમ પાનું**

સાષ્ટાગ દંડવત

પ્રણામ સ્વીકારશો.





**પાનું ૧**

તા. ૨૨-૧-૩૩ (૧૯૩૩) રવિવાર

આશ્રમમાથી નીકરી હું બોરસદ તાલુકામાં ફરવા રાતના ૮॥ વાગે નીકળ્યા. રાત્રે ભાદરણ સુઈ રહ્યા.

૨૩-૧-૩૩

દિવસના ભાદરણ રહ્યા ત્યાથી ૭॥ બળદગાડામા બેસીભાસી ગામમાં ગયા હતાં ત્યાંના ભાઈ બહેનોને મળ્યા ત્યાથી ૧॥ વાગે નીકળી ભાદરણ આવ્યા પ્રાર્થના કરી સુઈ ગયા.





**પાનું ૬**

તા. ૩૦-૧-૧૯૩૩.

૬॥ સવારે, પ્રાર્થના નિત્યક્રમ. કન્યાશાળામાં અને અંત્યજવાડે જઈ હરિજનોને મળી આવ્યા તેઓ શું ધંધો કરે છે તે બધું જોયું ત્યાર બાદ પ્રાર્થના.

તા. ૩૧-૧-૩૩

પ્રાર્થના નિત્યક્રમ ૮ વાગે ભાદરણ આવવા નીકળ્યા, ભોજન, કાગળો લખવાં, છાપું વાચવું, ગીતા વાંચી, પ્રાર્થના.




**પાનું ૭ અને પાનું ૮**

તા ૧-૨-૧૩૩

પ્રાર્થના નિત્યક્રમ, છાપુ વાંચવું, ફરવું, ભાઈ બહેનોને મળવું, પ્રાર્થના, સૂઈ જવું.

તા. ૨-૨-૩૩


પ્રાર્થના, નિત્યક્રમ, છાપું વાંચવું, પ્રાર્થના, સૂઈ જવું.

તા. ૩-૨-૩૩

પાંચ વાગે શાન્તા, લલિતા આવ્યાં એમની સાથે વાતો, પ્રાર્થના, નિત્યક્રમ, છાપું વાચવું, બાપુજીને કાગળ લખવો, પ્રાર્થના, રાસ જવા નીકળવું. વચ્ચે ગામડામાં મળવું, રાસ જઈને બહેનોને મળી, સુઈ જવુ.

તા. ૪-૨-૩૩

પાંચ વાગે ઉઠવું પ્રાર્થના નિત્યક્રમ ૮ વાગે પરિષદનો પ્રોગ્રામ હતો તેમાં જતા સાત બહેનોને પકડ્યા, પછીથી ચોરામાં લઈ ગયા, નામ લખી લીધાં, ત્યાર બાદ ભોજન માટે પૂછ્યું, ગામમાંથી આવ્યું એટલે જ્યાં સ્ટેશન જવા નીકળ્યા ૧૨ વાગે કઠાણા સ્ટેશને ઊતર્યાં.





પાનું ૯

ફોજદારે આવીને પાણી વગેરે પૂછ્યું, પછીથી સ્ટેશને જ બેસાડ્યાં, નામ લખ્યાં અને ફોજદારે વોરન્ટ તૈયાર કર્યા પછીથી ૩ વાગે ગાડીમાં બેઠા બોરસદ આવતા રાસ સ્ટેશને ભાઈ બહેનો મળવા આવ્યા હતા. ૫ વાગે બોરસદ આવ્યા ચલાવીને લોકઅપમાં લાવ્યા. મેજિસ્ટ્રેટને મળવું. પ્રાર્થના

તા. ૫-૨-૩૩

પ્રાર્થના, નિત્યક્રમ, ગીતા વાંચવી.





પાનું ૪૩

સાંજની પ્રાર્થના, ભજન ગાવા વાગે સૂવું

તા. ૩-૫-૩૩, મે, બુધવાર.

૪.00 વાગે પ્રાર્થના, ગીતા વાંચવી, નિત્યક્રમ કોફી પીવી, વાચવું કાંતવું છાપું આવે ત્યારે વાંચવું, ભોજન. ગઈકાલે છાપા દ્વારા ખબર પડી કે બાપુજી હરિજનને માટે બીજો ઊપવાસ કરવાના છે. મેની તા. ૮-૫-૩૩ સોમવારને દીથી સરુ થશે પોતાના અનુયાયીઓમાંથી ગાંધીજીનો ઊઠી ગયેલો વિશ્વાસ.


૪૬
10829
૪૭
10829
10861

### પાનું ૪૬ અને પાનું ૪૭

નિત્યક્રમ હમણા તો છાપાની વાટ જોવાય છે કે તેમા શુ હશે. હરિજન વાંચ્યું, જીવ તો ઊંચો ને ઊંચો જ રહે છે.


તા. ૮-૫-૩૩ મે સોમવાર.

૪.૦૦ વાગે પ્રાર્થના ગીતા વાંચી, આજથી બાપુજીના મહાયગ્ન શરુ થાય છે. અહીં હમે પ્રાથના કરી હતી. આશા રાખી હતી કે મને બાપુજી પાસે લઈ જસે પણ આજે ત્રીજો અપવાસ થ્યો છે મને બોલાવી નથી.

તા. ૯-૫-૩૩ મંગળવાર.

૪ વાગે પ્રાર્થના, ગીતા વાંચી, નિત્યક્રમ, વાંચવું, કાંતવું, છાપું આવે તે વાંચવું, ૧૦ાા ભોજન કરવું કાંતવુ તાર ૫:, આરામ ૨.૦૦ વાગે હિંદી લખવું વાંચવું સાંજની પ્રાર્થના કરવી, ભોજન, ગાવું, સુવાનો ૯ વાગાનો ટામ છે ગઈકાલે ચિ. રામદાસ મલવા આવ્યો હતો.

તા. ૧૦-૫-૩૩ મે બુધવાર.


+48

10829

49

10829

**પાનું ૪૮ અને પાનું ૪૯**

તેની સાથે ચી. મનુ હતી. આ વખતે મારા નશીબ ફૂટી ગયા છે, નહીં તો હું ને કેમ ન લઈ જાય શું કરુ. ચિંતા બહુ થાય છે. આ વખતે પણ હું દૂર બેઠી છું. વાગે પ્રાર્થના ગીતા વાંચી, કાંત્યુ તાર ૫૦૦. નિત્યક્રમ.


તા. ૧૧-૫-૩૩ મે. પ્રાર્થના, ગીતા વાંચી, ગુરુવાર, નિત્યક્રમ, મે બાપુજીને તાર કર્યો તો કે મારે આપની પાશે આવું છે અહીં મારો જીવ મુઝાય છે, તેનો તાર આવ્યો ધીરજ રાખવી.

છે બીજો તાર આવ્યો કે આપણાથી સરકારની પાસે રજા ન મગાય, શાન્તિ રાખો. પછે હુ તો કાતતી હતી પ્રાર્થના કરતી હતી, બીજુ કાઈ પણ ગમતુ નોતું.

તા. ૧૨-૫-૩૩.

૪ વાગે પ્રાર્થના, ગીતા વાંચી નિત્યક્રમ, શુક્રવાર, બપોરે ૨.૦૦ વાગે બાપુજીના કાગળ આવ્યા સાતમીનો ૯મીનો ૧૦મી નો ત્રણે ય સાથે આવ્યા ચિ. દેવીદાસ નો કાગળ ચિ. રામદાસ ઉપર હતો તે મને વાંચવા મોક્લ્યો હતો પછી જરા આરામ થયો.


તા. ૧૩-૫-૩૩ મે



**પાનું ૫૦**

૪ વાગે પ્રાર્થના, ગીતા વાંચી નિત્યક્રમ, કોફી પીધી, મનોરમાબહેનને બોલાવ્યા કાગળ વાંચ્યા છે લખાવ્યા, સનિવાર ૧૦ વાગે અડવાણી આવ્યા કહ્યું તમને છોડવામાં આવે છે. હુ ત્યાર થઈને બાર આવી ત્યાં દરવાજા પાશે રામદાસ હતો પછે હુ આશ્રમમાં ગઈ સાંજની પ્રાર્થના કરીને પુના આવવા સારુ નીકરી મને લેવાને નારણદાસ મીલવાળા હતા. પ્રેમલીલાબેનના ભાણ્યા હતા.

તા. ૧૪-૫-૩૩ મે રવીવાર પ્રાર્થના, ગીતા વાંચી.



**પાનું ૫૧**

નિત્યક્રમ, સવારે ૬॥ વાગે હમારી ટ્રેન દાદર આવી જમનાબહેન મને લેવા આવ્યા હતા ચિ. હરીલાલ પણ સ્ટેશન ઉપર હતો હુ માટુગા ગઈ હતી, નાઈ કોફી પીધી ગંગાબ્હેન ઝવેરી મારી સાથે હતા. હુ પૂના આવવા સારૂ સવારે ૮ની ટ્રેનમા નીકરી હતી. અહી ૧૧॥ વાગે આવી હતી. મને લેવાને પ્રેમલીલાબ્હેન અને મથુરાસ આવ્યા હતા. મારી સાથે હરીલાલ આવ્યો હતો. હું બાપુજીને ખુશીથી મલી હતી, રોઈ નોતી. પણ હવે બાપુજીને નબરાઈ બહુ લાગે છે.

તા. ૧૫-૫-૩૩ મે

# બાના પોષાકના પ્રયોગો

સોનલ પરીખ

**સ્ત્રી** અને શણગાર જુદાં પાડી ન શકાય એ ખરું છે, એમાં એક આકર્ષણ છે, એની એક કલા છે અને આસપાસના લોકો પર એતો થોડો પ્રભાવ પણ પડે છે એ ય સાચું, પણ ગાંધીયુગની શ્વેત ખાદીધારિણી, અલંકાર વિનાની અને પોતાના તેજથી જ આથતી સ્ત્રીઓની શોભા જ નિરાળી છે.

કસ્તૂરબા શ્રીમંત વેપારીની દીકરી અને મોહનદાસ દીવાનનો દીકરો એટલે ત્યારના રિવાજ પ્રમાણે નાની ઉંમરે કસ્તૂરબાએ સરસ પહેર્યુંઓઢ્યું હશે એમાંથી તેઓ ખાદીધારિણી બન્યા એ આખી વાત રસપ્રદ છે. પહેરવેશની આ પસંદગી તેમના પતિના પોષક-પ્રયોગોનું પરિણામ હતી.

બાએ ખાદી ધારણ કરી ૧૯૧૯-૨૦માં, પણ એ એ પહેલા ૧૮૯૬માં બાપુ જ્યારે બાને પહેલી વાર દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે બાપુએ બાના પોષાકમાં કેવા ફેરફાર કરાવ્યા હતા તે બાપુના જ શબ્દોમાં જોઈએ : આત્મકથામાં તેઓ લખે છે,

'કુટુંબ સહિતની આ મારી પહેલી દરયાઈ મુસાફરી હતી. મેં ઘણી વેળા લખ્યું છે તેમ હિન્દુ સંસારમાં વિવાહ બાળવયે થતા હોવાથી અને મધ્યમ વર્ગમાં પતિ મોટે ભાગે સાક્ષર અને પત્ની નિરક્ષર હોવાથી બંનેના જીવન વચ્ચે અંતર રહે છે અને પતિએ પત્નીના શિક્ષક બનવું પડે છે. મારે મારી ધર્મપત્ની ને બાળકોના પોષાકની, ખાવાપહેરવાની તેમજ બોલચાલની સંભાળ રાખવી રહી હતી; મારે તેમને રીતભાત શીખવવી રહી હતી. કેટલાંક સંસ્મરણો મને અત્યારે ય હસાવે છે.'

'જે સમય વિશે હું લખી રહ્યો છું તે સમયે હું એમ માનતો કે સુધરેલા ગણાવાને સારું અમારો બાહ્યચાર બને ત્યાં સુધી યુરોપિયનોને મળતો હોવો જોઈએ. તેથી પત્નીનો અને બાળકોનો પોષાક મેં જ પસંદ કર્યો. તેમને કાઠિયાવાડના વાણિયા તરીકે ઓળખાવવા એ કેમ સારું લાગે ? પારસી વધારેમાં વધારે સુધરેલા ગણાય. એટલે જ્યાં યુરોપિયન પોષકનું અનુકરણ અઠીક લાગ્યું ત્યાં પારસીનું કર્યું. પત્નીને સારુ સાડીઓ પારસીઓ પહેરે છે તેવી લીધી. બાળકોને સારુ પણ પારસી કોટપાટલુન લીધા. બૂટમોજા તો જોઈએ જ. પત્ની તેમ જ બાળકોને આ બંને વસ્તુ ઘણા માસ લગી ન ગમી, પણ તેમણે લાચારીથી આ ફેરફાર સ્વીકાર્યાં. તેટલા જ અણગમાથી છરીકાંટાનો ઉપયોગ પણ શરૂ કર્યો. જ્યારે મારો મોહ ઊતર્યો ત્યારે બૂટમોજાં, છરીકાંટા ઈત્યાદિનો એમણે ત્યાગ કર્યો.

## 'આપણે હોઈએ તો ફેર પડે ને!'

**હ**રિજન પ્રશ્નને અંગે બાપુએ ૧૯૩૨માં યરવડા જેલમાં આમરણ ઉપવાસ આદર્યા હતા. તે વખતે બા સાબરમતી જેલમાં હતાં.

પોતે બાપુની પડખે નથી એનો બાને મનમાં ખૂબ ઉચાટ રહ્યા કરતો. પોતાના પતિની જિંદગી આમ હોડમાં મુકાયેલી જોઈને બાને દિલમાં શુંનું શું થઈ જતું! આ વાતનો વલોપાત કરતાં બા એક વાર જેલની બહેનોને કહેવા લાગ્યાં : ''આ 'ભાગવત' વાંચીએ છીએ, 'રામાયણ' – 'મહાભારત' વાંચીએ છીએ, 'રામાયણ' – 'મહાભારત' વાંચીએ છીએ, એમાં ક્યાંય આવા ઉપવાસની વાતો નથી! પણ બાપુની તો વાત જ જુદી. એ આવું જ કર્યા કરે છે! હવે શું થશે?''

એટલે બહેનો કહે : ''બા, બાપુને સરકાર બધી સગવડો આપશે, તમે શા માટે ફિકર કરો છો?''

ત્યારે બા કહે : ''બાપુ કશી સગવડ લે તો ને! એમને તો બધી વાતનો અસહકાર! એમના જેવું માણસ તો મેં ક્યાંય નથી સાંભળ્યું! પુરાણની ઘણી ઘણી વાતો સાંભળી છે, પણ આવું તપ ક્યાંય ન જોયું!''

પછી થોડી વાર અટકીને બા પાછાં કહે : ''જોકે કાંઈ વાંધો નથી. એમ તો મહાદેવ છે, વલ્લભભાઈ છે, સરોજિનીદેવી છે; પણ આપણે હોઈએ તો ફેર પડે ને!''

ફેરફારો જેમ દુખઃકર્તા હતા, તેમ ટેવ પડ્યા પછી તેનો ત્યાગ પણ દુઃખકર હતો. પણ અત્યારે હું જોઉં છું કે અમે બધા પછી સુધારાની કાંચળી ઉતારી હળવા થયા છીએ.'

બા-બાપુ બાળવયે પરણેલાં, સાથે સાથે ઉંમરના, વિકાસના, સમજ-અણસમજના તબક્કાઓ વટાવ્યાં એટલે બા સહેલાઈથી બાપુને ગાંઠતા નહીં. ગળે ઊતરે તે ચોક્કસ કરે, પછીથી તો 'બાપુ કરે તે સાચું જ હોય' એવી શ્રદ્ધા સાથે ગળે ન ઊતર્યું હોય તે પણ કરે. પણ અનેક પ્રસંગે તેઓ ગાંજ્યા ન જાય અને બાપુને પોતાની વાત એમને ગળે ઉતારતા મુશ્કેલી થાય એવું પણ બનતું.

બાને ખાદી પહેરાવતા પણ બાપુને ઘણા પ્રયાસ કરવા પડ્યા. ૧૯૨૦ની આસપાસની વાત. રોલેટ એકટ સામેના સત્યાગ્રહની લડત મુલતવી રાખ્યા બાદ બાપુએ સ્વદેશીનું કામ પૂરજોશમાં ઉપાડ્યું. તે વખતના સ્વદેશીવ્રતમાં થોડો વખત મિલનું કાપડ પણ મંજૂર રાખવામાં આવ્યું હતું, પણ બાપુને તરત ખ્યાલ આવ્યો કે ખરી જરૂર તો પરદેશથી આવતું કાપડ અટકાવવા માટે વધુ કાપડ ઉત્પન્ન કરવાની છે અને તે રેંટિયા મારફત જ ઉત્તમ થઈ શકે એમ છે. એટલે બાપુએ સૌને ખાદી પહેરવા અને રેંટિયો ચલાવવાનો આગ્રહ કરવા માંડ્યો.

તે વખતે મોટા પનાની ખાદી બનતી નહીં. ૩૭ ઇંચ પનાની ખાદી પણ માંડ વણાતી. ધોતિયાં અને સાડી બન્નેમાં એટલી લંબાઈ ઓછી પડે, એટલે સળંગ આડો સાંધો કરવો પડે. ત્યારની ખાદી મૂળે જાડી તેમાં સાંધાવાળી જ થાય એટલે તેનું વજન બહુ થઈ જાય. 'આવી વજનદાર સાડી ઊંચકાતી નથી' એવી ફરિયાદ બાએ કરી ત્યારે બાપુ કહે, 'નવ નવ મહિના સુધી ગર્ભના બાળકનું વજન ઊંચકનારી બહેનોને દેશની ગરીબ બહેનોની આબરૂ ખાતર આટલી સાડી શું કામ ભારે લાગવી જોઈએ?'

સાડીના વજનની વાત બાપુએ આમ ઉડાવી દીધી. પણ પછી ધોવાની મુશ્કેલીની વાત આવી. આશ્રમની બહેનોએ બાને ફરિયાદ કરી. બાને પણ આ તકલીફ તો હતી જ બધાં ગયાં બાપુ પાસે. બાપુએ ઘનું સમજાવ્યાં, પછી કહ્યું, 'બાની સાડી હું ધોઈ આપીશ. આશ્રમના બધા પુરુષો તેમની પત્નીની સાડિઓ ધોઈ આપશે. હવે તો વાંધો નથી ને?'

આ મામલે કે બીજા કોઈ પણ પ્રશ્નમાં મહિલામંડળની આગેવાની બા એ લીધેલી હોય. બાપુ કહેતા, બાને બૂટમોજાં પહેરાવતી વખતે મારે કંઈ બાની ઓછી ખુશામત નથી કરવી પડી. પાછા છોડાવતી વખતે પણ થોડી ખુશામત તો કરવી જ પડેલી, પણ હવે જોઉં છું કે ખાદીની સાડી પહેરાવતાં મારે વધુ ખુશામત કરવી પડશે.'

પછી તો બા ખાદીધારિણી બન્યા. ટાગોરનાં ભાણેજ સરલાદેવી ચૌધરાણી ખાદીની સાડી પહેરનાર દેશનાં પ્રથમ મહિલા હતાં. એમના પછી તરત બા એ ખાદીની સાડી પહેરવી શરૂ કરી. થોડા વખતમાં આશ્રમની અને આશ્રમ બહારની બહેનો ખાદીધારિણી બનવા લાગી.

ત્યાર પછી તો બા, કંઈ વાગ્યું હોય તો પાટો પણ ખાદીનો જ પહેરે, ઘણું કાંતે વહુઓને પોતાના હાથની કાંતેલી સાડી આપે.

મૃત્યુ વખતે બાએ બાપુના હાથે કાંતેલા સૂતરની સાડી આગાખાન મહેલમાં મગાવી રાખી હતી અને 'મરી જાઉં પછી મને આ જ ઓઢાડજો.' એવી સૂચના આપી હતી.

અલંકારો પણ ધીરે ધીરે છૂટી ગયા. બાપુ ઇંગ્લેન્ડ ભણવા ગયા ત્યારે બાએ પોતાના દાગીના કાઢી આપ્યા હતા. બા-બાપુનાં પૌત્રી સુમિત્રા કુલકર્ણીએ એમની વિરાસત શ્રેણીમાં બાએ બાપુને ૨૯૩ ગ્રામ સોનું કાઢી આપ્યું હતું એવો ઉલ્લેખ છે. દક્ષિણ આફ્રિકાથી ભારત આવતી વખતે ગાંધીદંપતીને મળેલી ભેટોમાં સોનાના દાગીના પણ હતા. 'જાહેર સેવાને માટે ભેટો ન લેવાય' કહી બાપુ બધી ભેટોનું ટ્રસ્ટ બનાવી સોંપી દેવા માગતા હતા. પણ બા પુત્રવધૂઓ માટે થોડાંક દાગીના તો રાખવા, એવા મતનાં હતાં. પતિપત્ની વચ્ચે તણખા ઝર્યા અને અંતે બાએ બાપુને એ દાગીના સોંપી દીધા. એમના શરીર પર સૌભાગ્યચિહ્ન સમી કાચની બંગડીઓ જ રહેતી, જે એમના અગ્નિદાહ પછી અસ્થિ એકઠા કર્યા ત્યારે અકબંધ મળી આવી હતી.

બાનું સમર્પણ ફક્ત બાપુની ઇચ્છા પૂરી કરવા માટે ન હતું. તેમનું સમર્પણ તેમની પોતાની એ પ્રતીતિને લીધે પણ હતું કે બાપુનો રસ્તો સાચો છે. તેમને નિષ્ક્રિય અનુગામિની કરતાં સમજદાર સંગિની કહેવાનું હું પસંદ કરું.

✦ ✦ ✦

# ગાંધીજીની કસ્તૂરી : બા

## દર્શના ધોળકિયા

**હિં**દુ ધર્મ જીવનને ચાર ખંડોમાં વહેંચે છે. એ ખંડોનું હિંદુઓની આરણ્યક સંસ્કૃતિની અસર હેઠળ 'આશ્રમ' એવું નામાભિધાન કરવામાં આવ્યું છે. આ આશ્રમો અનુક્રમે 'બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને સંન્યાસ' છે. મનુષ્યના જીવનનો તે સમયના લોકશિક્ષકો એવા ઋષિઓએ દોરેલો આ એક આલેખ છે. માનવી જો આ ક્રમાનુસાર જીવનને પસાર કરે તો એની જીવનયાત્રા સહજ રીતે વિકસિત થતી રહે એવો એક મનોવૈજ્ઞાનિક ખ્યાલ આની પાછળ કામ કરતો જણાય છે. આ ક્રમમાંથી પસાર થતા માનવને માટે જીવનનો કોઈ અનુભવ કરવાનો રહી જતો નથી. આથી એ અંતે પરિપક્વ સિદ્ધ થઈને બહાર પડે છે. આ ચાર આશ્રમોમાંથી જ હિંદુ ધર્મના ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ સિદ્ધ થાય છે. આ ચારેય પુરુષાર્થોમાંથી પસાર થવાની અનિવાર્યતા ડાહ્યા માણસોએ જોઈ છે. આથી જ તો 'ભાગવત'માં નોંધાયું છે તે મુજબ મહર્ષિ વ્યાસ શુકદેવને પ્રમાણિત કરવા માટે વિદેહી એવા જનક રાજા પાસે મોકલે છે. રાજા જનક પણ શુકદેવના સંન્યાસને, જો એ શુકદેવનો સંન્યાસ ન હોત તો આત્યંતિક – ગણે છે કેમકે એ બીજા ત્રણ આશ્રમોને પુરુષાર્થોમાંથી પસાર થયા વિનાનો છે!

ભારતમાં યુગની માંગ પ્રમાણે, દરેક સમયે જે મહાત્માઓ અવતર્યા, બલકે તેમનો આશ્રય લઈને સત્ય અવતર્યું તેમાં વૈવિધ્ય છે. રઘુવંશના રાજાઓ, શિબિ, જનક જેવા મહર્ષિ સમાન રાજર્ષિઓ ઋષિઓએ આંકેલી જીવનરેખાને રસ્તે ચાલીને ક્રમશઃ વિકસ્યા, પરંતુ યુગ બદલાતાં આપણને બુદ્ધ અને મહાવીર જેવા યુગપુરુષો સાંપડ્યા, જેમના જીવનમાં અચાનક વળાંકબિંદુ આવ્યું. આ મહાપુરુષોએ આશ્રમવ્યવસ્થાને કાપી નાખીને, તેનું અતિક્રમણ કર્યું. જીવનને એક છલાંગે નાથીને સત્યનો મહિમા કરવામાં તેઓ આગળના મહાપુરુષોથી જુદા પડ્યા.

બુદ્ધ અને મહાવીરના સમયથી આગળ આવતાં, આધુનિક યુગમાં સત્યનું સંસ્થાપન નવી રીતે થયેલું જોવા મળ્યું. સત્ય કેટલીકવાર સામાન્ય દેખાતા મનુષ્યમાં પણ આશ્રય લઈને વિસ્ફોટક રીતે અવતરી શકે છે તેનું ઉત્તમ દૃષ્ટાંત આ સદીમાં મહાત્મા ગાંધીએ પૂરું પાડ્યું. કાઠિયાવાડી કુટુંબમાં, સામાન્ય દેખાવ, સામાન્ય સમજ ધરાવતા મોહનદાસ કરમચંદ ગાંધીમાં કોઈ અકસ્માતે સત્યનો ગર્ભ રહ્યો જે શાંત ભાવે જન્મ્યો, ઊછર્યો, વિકસ્યો ને પરાકાષ્ઠાએ પહોંચ્યો. દુનિયાભરના મહાપુરુષો, ચિંતકો, વિચારકો, પ્રજાસમગ્ર સત્યનું આ પ્રકારનું પ્રાકટ્ય એક પ્રકારના વિસ્મયથી નિહાળી રહ્યાં.

ગાંધીજીમાં ઊછરતું સત્ય ક્રમશઃ વ્યાપક પણ બન્યું તેમના સત્યના ચેપથી અનેક લોકો તેમના ભણી ભારે આકર્ષાયા ને ગાંધીજીનો વિસ્તાર વધતો ગયો. એમના આરંભકાળના જીવનમાં, કૌટુંબિક દૃષ્ટિએ ગાંધીજી કદાચ એકલા હતા. માતા-પિતા તો અભ્યાસ દરમિયાન જ મૃત્યુ પામેલાં. મોટા ભાઈને ભાભી સાથે સ્નેહનો સંબંધ રહ્યો પણ ગાંધીજીના આફ્રિકાવાસને કારણે આ સંબંધોમાં નિકટતા ઓછી થતી ગઈ. વળી ગાંધીજીની સત્યનિષ્ઠા અને સિદ્ધાંતનિષ્ઠા પણ તેમના સંબંધોનું પોત પાતળું રાખવાનાં કારણો બન્યાં. આ સંજોગોમાં માત્ર પત્ની કસ્તૂર જ તેમની બાજુમાં હતાં. ગાંધીજીની બાજુમાં રહેવાનો શો અર્થ હતો એનો અંદાજ તો 'આત્મકથા'માં ગાંધીજીએ આપ્યો જ છે. આ ઉપરાંત ગાંધીજીના મિત્રોએ તેમના પર કરેલા નર્મ-મર્મો પરથી પણ આ વાત સમજાય તેમ છે. ગાંધીજીનું જીવન એક પ્રકારની તપસ્યા બની રહ્યું તો કસ્તૂરબાનું જીવન બીજા પ્રકારની. ગાંધીજીનું તપ મૂલ્યોને ખાતર હતું, બાનું પતિને ખાતર. પહેલા તપનું તો એક પરિણામ પણ મળવાનું હતું જ્યારે બીજા તપની ફળશ્રુતિ માત્ર પ્રેમને આત્મસંતોષમાં જ સમાયેલી હતી. આથી સ્વાભાવિક રીતે જ બીજું તપ વધારે ચડિયાતું સિદ્ધ થતું હતું.

કસ્તૂરબાના જીવનને તપાસતાં તેમને ક્યા પ્રકારની સ્ત્રીમાં મૂકવાં એવો પ્રશ્ન સહેજે થાય. ગાંધીજી પહેલાંના આપણા દેશના મહાપુરુષોની પત્નીઓએ ક્યાંક તો પતિથી પણ આગળનું સ્થાન ભોગવ્યું છે તેમની વિદ્યાપ્રીતિને લઈને, ગુણવાન હોવાને કારણે કે રૂપની અસાધારણતાને લીધે. કસ્તૂરબા માટે આમાંનું કોઈ ધોરણ કદાચ કામ ન લાગે. તેનું એક કારણ એ છે કે જીવનના પ્રારંભે જો ગાંધીજી સામાન્ય વ્યક્તિ હતા તો બા પણ સામાન્ય જ હતાં. ગાંધીજી માનવીમાંથી મહાત્મા બન્યા એ આખીય યાત્રામાં બાનો અસાધારણ સાથ હોવા છતાં એમણે પતિનું અનુકરણ કરવાનો કોઈ પ્રયત્ન કર્યો નથી. તેમના વ્યક્તિત્વનાં જે પાસાંઓ આકર્ષે તેવાં છે તે તેમનાં પોતીકાં છે, ગાંધીચીંધ્યાં નથી. વ્યક્તિત્વની આ મૌલિકતાને લઈને કસ્તૂરબા સૌથી વધુ ધ્યાન ખેંચનારું મહિલા પાત્ર બની રહે

છે. તેમનાં ચરિત્રને તપાસીને તેમને પ્રમાણવાનું કે તેમના પગલે ચાલવાનું મન થવાને બદલે એક પ્રકારનો મૈત્રીમિશ્રિત આદરનો ભાવ જાગે છે, સાથોસાથ સુખદ આશ્ચર્ય પણ જન્મે છે.

સને ૧૮૬૯ના એપ્રિલમાં, પોરબંદરમાં, ગાંધીજીથી છ માસ પહેલાં જન્મેલાં કસ્તૂરબા તેર વર્ષની ઉંમરે જ સાદા-સીધા મોહન સાથે દામ્પત્યની ગાંઠે ગંઠાયાં ત્યારે મહાન નારી થવાનાં ઝાંખાં-પાંખાં ચિહ્નો પણ તેમનામાં વરતાયાં નહોતાં. સંસારની માંડણીનાં આરંભકાલીન વર્ષોમાં મોહને તેમના પર 'ધણીપણું' અજમાવવા યત્ન કર્યો છે તો સામે પક્ષે કસ્તૂરબા પણ ધણિયાણી થઈને પતિના પ્રયત્નોને નિષ્ફળ કરવામાં સફળ થયાં છે. પોતાની રજા વિના પત્ની

**આ**ઠ-દસ મહિના પહેલાં ફિનિક્સમાં 'કસ્તૂર ભુવન'નો પાયો નખાયો અને દોઢેક માસમાં અમે ત્યાં રહેવા ગયાં. અમને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે પંદર દિવસમાં જ 'કસ્તૂર ભુવન'માં અમારા મિત્રોને કસ્તૂરબાનો શૉક પ્રદર્શિત કરવા આવવું પડશે! કેવી વિધિની વિચિત્રતા!

પૂજ્ય બા આપણી વચ્ચેથી ચાલ્યા ગયાં પણ તેમની સુવાસ બધે ફેલાવતાં ગયાં. તેમની સેવા અને ત્યાગથી કૃશ થયેલા મૂર્તિ અમારી આંખ સામે હજીયે તરવરે છે. ધૂપસળીનો ગુણ છે કે પોતે બળી બીજાને સુવાસ આપે. બાએ પણ શું પોતાનો જીવન દીપક એમ જ નથી બાળ્યો?

પૂ. બા સમસ્ત નારીજીવનનો આદર્શ હતાં. એમના પચાસ વર્ષો ત્યાગ અને સેવામાં જ ગયાં, ગૃહસંસાર અને પતિ-બાળકોમાં રાચી રહેલા જીવનને, સંસાર, સ્ત્રીઓને પ્રિય એવો શૃંગાર, પતિની ધીકતી કમાણી અને સંસારની બીજી અનેક સાહેબીઓ મૂકી ત્યાગ અને સેવાને પંથે પતિ પાછળ જતાં પૂ. બાને અનેક માનસિક દુઃખોમાંથી પસાર થવું પડ્યું હતું. પણ પૂ. બા આદર્શ પત્ની હતાં. તેમણે લગ્ન પ્રસંગે લીધેલ સપ્તપદીની પ્રતિતા મુજબ પતિની સહધર્મચારિણી બની ટાઢ, તડકો અને સેવાના કાંટાળા માર્ગે પતિની સાથે જ રહ્યા રહ્યા અનેક સુખ-દુઃખો આનંદથી સહ્યાં. એક વખતના રાજ-રજવાડામાં ફરનારાં બા બાપુ સાથે માઈલોના માઈલો, સખત તાપમાં, વરસતા વરસાદમાં કાદવ-કીચડમાં ફર્યા છે. જેલમાં કારાવાસના દુઃખો સહન કર્યા છે અને આશ્રમના કડક નિયમોમાંથી પણ પસાર થયાં છે. ભોગ-વિલાસ અને સંસાર-સંપત્તિના ત્યાગે પૂ. બાને બાપુનો નિર્મળ અને વિશુદ્ધ પ્રેમ મળ્યો અને તેમનું જીવન ધન્ય બન્યું! એ જ ત્યાગે પૂ. બાને તેમના ચાર પુત્રોની માતામાંથી પ્રત્યેક હિન્દીની માતા-બા બનાવવાં!'

અમારા આશ્રમવાસ દરમિયાન કૌટુંબિક જીવનનો કાંઈક લ્હાવો બાને અને અમને મળતો. ઘડીક પૌત્ર-પૌત્રીઓને લાડ લડાવવા અને તેમની સાથે કાલીઘેલી વાતો કરવાની ફુરસદ બાપુ પોતાના અનેક કામોમાંથી ક્યાંથી જ મેળવે? પણ બા તેનો આનંદ મેળવતાં અને આપતાં. એવો આનંદ લેતાં બાને બાપુ જ્યારે જોતા ત્યારે અનેક મીઠી મશ્કરીઓ પણ કરતા. એક પ્રસંગે પૂ. બાપુએ મશ્કરી કરી હતી : 'આપણે આ બધું મૂકી એક સારો બંગલો વસાવીએ અને ચારે પુત્રોને અને વહુઓને બોલાવીએ. પછી તું હિંડોળા ખાટે ઝૂલજે અને વહુઓ સેવા કરશે.' તે જ પ્રસંગે મને કહ્યું હતું : 'તું બાની સેવા કરે છે તો તે તને શું આપે છે?' મેં કહ્યું : 'બાપુ, તમારી સેવા કરવાથી તો ચાર તાંતણા સૂતર પણ મળે તો ભાગ્યશાળી. પણ બા પાસેથી તો કંઈક વધુ જ મળશે.' બાપુ ડીંગો બતાવી ચાલ્યા ગયા. વિદાય વેળાએ બાએ મને પોતાને હાથે કાંતેલ સૂતરની સાડી આપી. મેં તે જ ક્ષણે બાપુને સાડી બતાવી મારી સેવાનું મૂલ્ય બતાવ્યું. બાપુ હસીને કહે, 'આમાં મારું પણ અરધું સૂતર છે તે જાણે છે!'

પૂ. બાપુના જીવનમાં પણ પૂ. બાનું એક ન પુરાય એવું સ્થાન હતું. તેમની સેવા કરનાર ઘણાં છે પણ પૂ. બાની તોલે કોઈ ન આવે.

પૂ. બા આઝાદીની વેદી પર પોતાનું બલિદાન આપી આ દુનિયામાંથી સ્વર્ગમાં ગયાં. હજી આઝાદીની ઝાંખી પણ થઈ નથી. ગુલામી દેશમાં અવતરેલા એ અમૂલ્ય રત્નને અંતિમ વિદાય પણ ગુલામોને ધ્વજે તેવી જ માની! એમના જીવનના ઘણાં વર્ષો જેલમાં ગયા અને જીવનદીપ પણ જેલમાં જ લય થયો.

પૂ. બાપુ પોતાનું જીવન ખરચી રહ્યા છે તે આઝાદી, ત્યાગ ભાવના તથા તેમના આદર્શોને પહોંચી વળવા તમારો આત્મા અમને પ્રેરો અને બળ આપો એ જ અંતિમ અશ્રુભીની યાચના.

આજે પૂ. બાનો આત્મા ગુંજે છે :

'અબ હમ અમર ભયે ન મરેંગે,
દેહ વિનાશી, હું અવિનાશી, અપની ગતિ પકરેંગે.'

– સુશીલા ગાંધી

(મણિલાલ ગાંધીના પત્ની)

ક્યાંય બહાર ન જાય એવું ઇચ્છતા ગાંધીજીને કસ્તૂરબાએ ધાર્યું કરવા નથી જ દીધું. ગાંધીજી જેમ તેમના પર દાબ મૂકે તેમ કસ્તૂરબા વધારે છૂટ લેવાની હિંમત બતાવે. પાછળથી પોતાનાં આ 'ધણીપણા' વિશે જાગ્રત થયેલા ગાંધીજીએ કસ્તૂરબા પાસે તેનો એકરાર કરતા એક પત્રમાં લખ્યું છે : 'આત્મબળ વગરનું બીજું બળ જ નકામું છે. એવું આત્મબળ મોટેભાગે બહેનોમાં જોવામાં આવે છે. તારા અને મારા જીવનનો તો એ સચોટ પુરાવો છે જ, ...જો ને, મેં તારા પર કેટલી વાર ધણીપણું અજમાવ્યું છે? આજે એનો વિચાર કરું છું ત્યારે એ ધણીપણાનો તેં આત્મબળથી મારી સામે જે જવાબ આપ્યો છે તે જ મારે મન ઈશ્વરી બક્ષિસ છે, અને એ પરથી જ હું માનું છું કે હિંદની સ્ત્રીઓનો જો વિકાસ સાધવામાં આવે અને સ્ત્રીઓમાં પડેલું સુસ્ત આત્મબળ જાગ્રત થાય તો તેઓ દેશનો વાનપલટો કરી શકે.'

કસ્તૂરબાએ જે કર્યું છે તે આ. પોતામાં સુષુપ્ત રીતે પડેલાં આત્મબળને સમય-સંજોગ આવતાં તેમણે સંકોર્યું છે, મક્કમ નિર્ણયાત્મકતાથી. ગાંધીજીની ને બાની બાલ્યાવસ્થાથી જ બાનાં આત્મબળે કોર કાઢી છે. હાઈસ્કૂલમાં ભણતા ગાંધીજીએ જ્યારે એક વ્યસની મિત્રની સોબતને લઈને દારૂને માંસાહારનું સેવન કરેલું ત્યારે તેમને વારવામાં માતાપિતાની સાથે કસ્તૂરબાએ પણ પતિ સામે વાંધો નોંધાવેલો. બાના સ્વતંત્ર મિજાજની આ પહેલી ઓળખ હતી.

બાની યુવાનીનો ઘણો સમય પતિથી જુદા રહેવાનો ગયો છે. એ સમયગાળામાં તેમની લાગણીઓ શી હશે તે વિશે બહુ જાણવા મળ્યું નથી. છેક ૧૮૯૩માં ગાંધીજી બીજી વાર દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે બાને સાથે લેતા ગયા છે. આટલા સમય સુધી, એટલે કે ૧૮૮૨થી '૯૩ સુધીમાં આ દંપતીને પરસ્પર ઓળખવાનો, પારખવાનો સમય જ મળ્યો નથી. પહેલાં ભણવા ને પછી નોકરી અર્થે વિદેશ ગયેલા ગાંધીજીનું અંગત કહેવાય એવું જીવન ૧૮૯૩ સુધી બહુ ઓછું ઊપસી શક્યું છે. આ સમયગાળા દરમિયાન કસ્તૂરબાનું અસ્તિત્વ જ જાણે કે વીસરાઈ ગયું છે. ગાંધીજીનો તેમના સાથેનો કોઈ પત્રવ્યવહાર પણ થયો જણાતો નથી. કદાચ એમાં જુનવાણી સમાજવ્યવસ્થા ને કુટુંબવ્યવસ્થા પણ જવાબદાર હોય. દેશમાં રહેતા તે દરમિયાન ગાંધીજીએ પત્નીને એક સ્ત્રી તરીકે જ જોઈ છે એવી કબુલાત 'આત્મકથા'માં અનેક જગાએ તેમણે કરી જ છે.

દક્ષિણ આફ્રિકામાં આ દંપતીનું શરૂ થયેલું દામ્પત્યજીવન આરંભથી જ બા માટે કસોટીભર્યું બની રહે છે. સુધરેલા ગણાવાની હોંશમાં બાપુએ કુટુંબમાં યુરોપિયન પોશાક દાખલ કર્યો, જેમાં બૂટ-મોજાં જેવી વસ્તુઓ હતી, જે બાને પસંદ ન પડી. તેવું જ ખાવામાં વપરાતા છરી-કાંટા અંગે થયું. પછીથી બાપુનો મોહ ઊતરતાં વળી એ બધું છોડવાનું થયું. આથી ફરી મુશ્કેલી સર્જાઈ. આ બધી કસ્તૂરબાની નાની-નાની કસોટીઓ હતી.

૧૯૦૬માં, લગભગ ૩૬-૩૭ વર્ષની ઉંમરે ગાંધીજીએ પોતાના જીવનમાં બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ કર્યો એને બાની મોટી કસોટી કહી શકાય. આ બાબતમાં પતિને સમ્મતિ આપવી એ કંઈ જેવી તેવી વાત નહોતી. પરંતુ બાનો બાપુને આ બાબતમાં સંપૂર્ણ સહયોગ મળ્યો. આ ક્ષણથી જ કસ્તૂરબાએ એક સ્ત્રી મટીને સાધ્વી બનવાની શરૂઆત કરી એમ કહેવામાં અતિશયોક્તિ નથી. કદાચ આ જ ક્ષણથી તેઓ 'બા' પણ બન્યાં. સ્ત્રી જ્યાં સુધી કોઈની પત્ની હોય છે ત્યાં સુધી એ 'સ્ત્રી' રહે છે. પુરુષના ઉપભોગનું સાધન મટતાંવેંત એના માતૃત્વનો ઉદય થતો હોય છે. કસ્તૂરબાના માતૃત્વનાં મૂળ આ ક્ષણમાં પડેલાં હશે. પાછળથી જેઓ રાષ્ટ્રપિતાનાં પત્નીને નાતે રાષ્ટ્રમાતા બનવાનાં હતાં તેનો આ ક્ષણે પ્રાદુર્ભાવ થયો ગણાય. બ્રહ્મચર્યનું પાલન કસ્તૂરબા માટે તો બાપુ કરતાંયે મોટી સિદ્ધિ ગણાય કેમ કે ગાંધીજી માટે તો એ સંકલ્પ હતો, જ્યારે બા માટે હતો માત્ર સ્વીકાર, પોતાની ઇચ્છાથી કરેલું વ્રત. ગાંધીજીને આ વ્રતનું પાલન કરવા માટે ખૂબ મથવું પડ્યું છે પણ કસ્તૂરબાને એવી કોઈ મથામણ થઈ હોવાનું જણાતું નથી. ક્યારેક તો એવું પણ કહેવાનું મન થાય છે કે બ્રહ્મચારી થયા પછીના ગાંધીજીને બાએ વધુ ચાહ્યા છે. બાને કદાચ 'પતિ' મોહનદાસ સાથે મતભેદ છે, પણ પછીથી 'મહાત્મા' મોહનદાસ સાથે ઓગળવું તેમને ખૂબ જચ્યું છે. કારણ કે પછીથી તેમનું પુરુષપણું તેમના વ્યક્તિત્વમાંથી બાદ થયું છે. કોઈ પણ સ્ત્રીની એક તબક્કે આ માંગ હોય છે જેનો લાભ કસ્તૂરબાને જ સાંપડ્યો છે. આ લાભ સાંપડતાંવેંત બા, ગાંધીજીનાં પત્ની મટીને શિષ્યા થઈ ગયાં છે. અવિકારી બનેલા મહાત્મા ગાંધી સાથે તાલમેલ મેળવવો તેમને સહજ જણાય છે.

કસ્તૂરબા પરિવર્તન પામતાં જીવનમાં, એટલે કે ગાંધીજીના દરેક સિદ્ધાંત સાથે એકરૂપ બની શક્યાં એના મૂળમાં ગાંધીજીના હીરને પારખવાની તેમનામાં રહેલી શક્તિ દેખાય છે. તેમનું વ્યક્તિત્વ ગાંધીજીની હામાં હા ભેળવે તેવું તો નહોતું જ. વળી ગાંધીજી સાથે ચાલવાથી તેમની પત્ની તરીકે તેમનું ગૌરવ કે પ્રતિષ્ઠા વધે એની પણ એમને દરકાર જણાતી નથી. તટસ્થ રહીને એમણે પતિને પારખ્યા છે ને એમની સાથે ચાલવાની હામ ભીડી છે. આ હામ તેમણે છેક સુધી ટકાવી રાખી છે – એવી રીતે કે એ ટકાવવાની ગંધ

પણ ન આવે. ખુદ ગાંધીજી પણ પત્નીના આ ગુણથી ચકિત થયા છે. કસ્તૂરબામાં ટકેલી હામનાં બીજ દક્ષિણ આફ્રિકાના એક પ્રસંગમાં પડેલાં જોવા મળે છે. ગાંધીજીના એક કુટુંબીજન શ્રી કાળીદાસભાઈએ એક વાર ગાંધીજીને કહેલું, 'ભાઈ, તમે તો જીવનમાં બહુ ફેરફાર કર્યો... આ કસ્તૂરબાએ પણ કંઈ વૈભવ ન માણી જાણ્યો.' જવાબમાં ગાંધીજીએ જણાવ્યું તે મુજબ તેમના તરફથી બાને બધી જ છૂટ હતી. બાપુએ બાને રેશમી સાડી પહેરતાં કે સોનાની બંગડી પહેરતાં પણ રોક્યા નહોતાં. બાપુએ કરેલાં આ પ્રકારના સંવાદનો માર્મિક ઉત્તર આપતાં બાએ જણાવ્યું, 'તમે તો બધુંય લાવી આપ્યું પણ મેં ક્યારે તે વાપર્યું છે? જોઈ લીધું કે તમારો રસ્તો જુદો છે. તમારે તો સાધુ સંન્યાસી થવું છે. તો પછી મારે મોજશોખ માણીને શું કરવું હતું? તમારી વાત જાણી લીધા પછી તો આપણે મન વાળી લીધું.' મન વાળી લેવાની આ વાત પરાણે સ્વીકારેલી નથી પણ આંતરિક સમજમાંથી નિષ્પન્ન થયેલી છે. જો એ પરાણે સ્વીકારાઈ હોત તો કસ્તૂરબાને 'બા' બનવામાં અડચણ પડત. ગાંધીજીએ પણ તેમનો સ્વીકાર ન કર્યો હોત. બાની સ્વેચ્છાપૂર્વકની સમજનો ગાંધીજીએ આપેલા આ અભિપ્રાયમાં કૃતજ્ઞતાપૂર્વકનો ટેકો છે : 'બાનો ભારે ગુણ કેવળ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. એ કંઈ મારી ખેંચથી નહોતું બન્યું, પણ બામાં જ એ ગુણ સમય આવ્યે ખીલી નીકળ્યો. હું નહોતો જાણતો કે આ ગુણ બામાં છુપાયેલો હતો. મારા પ્રથમ કાળના અનુભવ પ્રમાણે બા બહુ હઠીલી હતી. હું દબાણ કરું તોય તે પોતાનું ધાર્યું કરતી. તેથી અમારી વચ્ચે ક્ષણિક કે લાંબી કડવાશેય રહેતી. પણ મારું જાહેર જીવન જેમ ઉજ્જવળ થતું ગયું તેમ બા ખીલતી ગઈ, અને પુખ્ત વિચારે મારામાં એટલે મારા કામમાં સમાતી ગઈ. દિવસ જતાં એમ થયું કે મારામાં અને મારા કામમાં – સેવામાં ભેદ ન રહ્યો.' ગાંધીજીએ કરેલો 'પુખ્ત વિચાર' પ્રયોગ સાર્થ છે. કસ્તૂરબામાં વિચારની પ્રૌઢિ છે જે પાછી સ્વયંસ્ફુરિત છે. આ પ્રૌઢિ ગાંધીજીનું અનુકરણ કરવામાંથી નહીં પણ જીવનની સમજમાંથી જન્મી છે ને વિકસી છે.

બામાં ખીલી ઉઠેલી મક્કમતા, નિર્ણયાત્મકતાનાં કેવાં કેવાં રૂપ જોવા મળે છે! દક્ષિણ આફ્રિકામાં તેમને રક્તસ્ત્રાવની તકલીફ થયેલી ત્યારે ડૉક્ટરે ક્લોરોફોર્મ વિના જ શસ્ત્રક્રિયા કરેલી! આ પછી તેમનું શરીર વળ્યું નહીં ત્યારે ડૉક્ટરે તેમને માંસ આપવાની અનિવાર્યતા જોઈ. ગાંધીજીને આ અંગે ડૉક્ટરે ફોન કર્યો. સ્વાભાવિક રીતે જ ગાંધીજી આ બાબતમાં સંમત નહોતા પણ બાની જો ઇચ્છા હોય તો પોતાની ના નથી એવું તેમણે ડૉક્ટરને જણાવ્યું. પછીથી ગાંધીજીને ખબર પડી કે ડૉક્ટરે ફોન કરતાં પહેલાં જ બાને સેરવો પાઈ દીધેલો! નારાજ થયેલા બાપુએ બાને આ અંગે પૂછ્યું ત્યારે બાએ સેરવો લેવાની ચોખ્ખી ના પાડી. મનુષ્યદેહ વારંવાર આવતો નથી તેથી એને ન વટલાવવાનું ઇચ્છતાં બાએ બાપુના ખોળામાં દેહ પાડવાની તૈયારી બતાવી. છેવટે કસ્તૂરબાને તેમની નાજુક હાલતમાં જ બાપુ ડર્બનથી ફિનિક્સ ને ફિનિક્સથી અઢી માઈલ પગરસ્તે લઈ ગયા ને કેવળ પાણીના ઉપચારથી તેમનું દર્દ મટાડ્યું. આ ઘટના પછી ગાંધીજીને ઘેર આવેલા એક સ્વામીએ બા-બાપુ પાસે મનુસ્મૃતિને ટાંકીને માંસાહારની નિર્દોષતા સિદ્ધ કરવા ઘણી દલીલો કરી ત્યારે બાનો જવાબ આટલો જ હતો : 'મારે માંસનો સેરવો ખાઈને સાજા નથી થવું. હવે તમે મારું માથું ન દુઃખવો તો તમારો પાડ. બાકી વાતો તમે છોકરાઓના બાપની સાથે પાછળથી કરવી હોય તો કરજો. મેં મારો નિશ્ચય તમને જણાવી દીધો.'

કસ્તૂરબાએ જ્યાં જ્યાં ગાંધીજીની વાત કે મતને સ્વીકાર્યા છે તે પોતાની માન્યતા તેમને મળતી હોવાને કારણે. જરૂર જણાય છે ત્યાં તીવ્ર વિરોધ કરીને પણ તેમણે પોતાની વિચારધારાનું સન્માન જાળવ્યું છે. 'આત્મકથા'માં નોંધાયેલો એક જાણીતો પ્રસંગ આ વાતની સાક્ષી પૂરે છે. ડર્બનમાં વકીલાત કરતા ગાંધીજીને ઘેર એક ખ્રિસ્તી મહેતાજી રહ્યા. ગાંધીજીના ઘરમાં પેશાબને સારુ ખાસ વાસણ રાખવામાં આવતું, જેને ગાંધીજી કે બા જ ઉપાડતાં. ક્યારેક આવાં વાસણ મહેતાજીઓ પણ ઉપાડતા. પણ આ મહેતાજી નવા હતા. આ વખતે કસ્તૂરબાને હદ આવી ગયેલી લાગી. આ વાસણ બાપુ ઉપાડે એ પણ તેમને ગમતું ન હતું અને પોતાને ઉપાડવું ભારે લાગતું હતું. આથી તેમણે ઠપકાભરી, રડતી આંખે વાસણ ઉપાડ્યું. બા આ પ્રકારનું કામ હસતાં હસતાં કરે એવો આગ્રહ સેવતા બાપુએ નારાજગીથી બાને ઠપકાના બે બોલ કહ્યા, જવાબમાં 'રાખો તમારું ઘર, હું ચાલી.' કહેતાં બાનો બાપુએ હાથ પકડ્યો ને દરવાજા સુધી તેમને ખેંચી ગયા. દરવાજે પહોંચીને આ શાણી સ્ત્રીએ જણાવ્યું, 'તમને તો લાજ નથી, મને છે. જરા શરમાઓ. હું બહાર નીકળીને ક્યાં જવાની હતી? અહીં મા-બાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઈ એટલે મારે તમારા ધુંબા જ ખાવા રહ્યા. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઈ જોશે તો બેમાંથી એકે નહીં શોભીએ.' આ પ્રસંગે ગાંધીજી શરમાયા પણ છે ને પછીથી સસંકોચ એકરાર કરતાં નોંધ્યું છે, 'અમારી વચ્ચે ઝઘડાઓ તો પુષ્કળ થયા છે પણ પરિણામ હંમેશાં કુશળ આવ્યું છે.' પત્નીએ પોતાની અદ્‌ભૂત સહનશક્તિથી જીત મેળવી છે.

વિદ્યા, વિચારસરણી, જીવન પ્રત્યેની દૃષ્ટિ જેવી અનેક બાબતોમાં સ્વાભાવિક રીતે જ ગાંધીજી ને બા વચ્ચે ઘણું અંતર છે. આથી

કરીને ગાંધીજીના કેટલાંક વિચારોનો અમલ કરવા માટે બાએ મનને કેળવવું પડ્યું છે ને પછી એની આદત એમને પડી છે. અપરિગ્રહ ને ખાદી વિચાર આનાં ઉપદારહણો છે. અપરિગ્રહ ગાંધીજીનું તો વ્રત જ હતું. બાએ પણ તેમાં સાથ આપેલો. પણ બા આખરે એક ગૃહસ્થ સ્ત્રી હતાં. તેમને કુટુંબ, સંતાનો વળગેલા હતાં. આથી ક્યારેક બાને તંગ પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો. એક વાર આશ્રમમાંથી બે ટ્રંક ભરીને બાનાં કપડાં ચોરાયાં. ગાંધીજીને આશ્ચર્ય થયું કે બા પાસે આટલાં કપડાં ક્યાંથી? તપાસ કરતાં જણાયું તે મુજબ બાને ભેટ આવેલી સાડીઓ તેમણે પુત્ર હરિલાલની દીકરીઓ માટે રાખી મૂકેલી. ગાંધીજીએ આ બનાવ પછી તેમણે સંગ્રહ કરવાની સખત મનાઈ કરેલી – ત્યાં સુધી કે દીકરાઓ કે પૌત્ર-પૌત્રીઓ આવતાં ત્યારે તેમની પાસેથી પણ ખાધાખોરાકીનું બીલ લઈને એ પૈસા આશ્રમમાં જમા કરાવવામાં આવતા! અપરિગ્રહની વૃત્તિ પછી તો બાએ એવી કેળવી કે મુસાફરી વખતે ગાંધીજીને કહેવું પડતું : 'બા આપણને બધાંને હરાવે છે. આટલો જૂજ સામાન અને આટલી જૂજ જરૂરિયાતો બીજા કોઈને છે? સાદાઈ માટેનો મારો આટલો બધો આગ્રહ છતાં મારી સામગ્રી તેના કરતાં બમણી છે.'

અપરિગ્રહ જેવું જ ખાદી ધારણ કરવા અંગેનું બાનું વલણ રહેલું. પહેલાં તેમને ખાદી પહેરાવવા માટે બાપુને ખુશામત કરવી પડેલી. પણ પછી જ્યારથી તેમણે ખાદી અંગીકારી કે થયું. આંગળીમાંથી નીકળેલા લોહી પર પાટો પણ ખાદીનો જ બાંધે. એ ખરબચડી હોય તો બાને ન ખૂંચે. ગાંધીજી માટેનું દૂધ જો મિલના કાપડથી ગળાતું બા જુએ તોપણ તરત જ ખાદીનું કાપડ મંગાવે. પતિની સિદ્ધાંતનિષ્ઠા પૂરેપૂરી સચવાય એ માટે બા મરી પડે.

બાની આ અટલતા અનન્ય હતી. તેમને એક જ ટેવ રહી ગયેલી અને તે કૉફીની. આશ્રમમાં એક વાર નવા આવેલા ભાઈએ બાપુ પાસેથી ચા-કૉફી વિરુદ્ધની દલીલો સાંભળીને પૂછેલું, 'બા કેમ કૉફી પીએ છે?' ત્યારે ગાંધીજીએ કહેલું, 'તમને ખબર નથી કે બાએ બીજું શું છોડ્યું છે. હવે જો કૉફી પણ છોડવાનું તેને કહું તો મારા જેવું જુલમી બીજું કોઈ ન હોય.' જોકે છેવટે બાએ કૉફી પણ છોડી દીધેલી.

બાનો ગાંધીજી પ્રત્યેનો આ પરિપક્વ પ્રેમ તેમનાં દામ્પત્યને ઈર્ષ્યા આવે એ રીતે ખીલવી શક્યો છે. સૌને સમાન ગણતા ગાંધીજીના હૃદયનો એક ખૂણો માત્ર બા માટે જ અનામત હતો એવી ક્ષણો પણ અનેક વાર ગાંધીજીના જીવનમાં ઝબકી ગયેલી દેખાય છે. બાપુની સેવા આમ તો સૌ આશ્રમવાસીઓ સરખા હિસ્સામાં કરતા પણ બાપુના પગે ઘી ઘસવાનું કામ તો બાનું જ. બાનાં મૃત્યુ પછી બાપુએ આ કામ અન્ય કોઈ પાસે કરાવવાનો ઇન્કાર કર્યો. એક વાર આશ્રમની બાળાઓએ તે માટે આગ્રહ કર્યો ત્યારે કંઈક ગમગીન થઈને બાપુએ કહેલું, 'મારે જો ઘી જ ઘસાવવાનું હોત તો ચાલી શા માટે જાત?' બાના અંત સમયે બાપુએ તેમની ખડે પગે ચાકરી કરેલી ને એ તક આપવા માટે ઈશ્વરનો અત્યંત આભાર માનેલો. આ સમય દરમિયાન કોઈ બાપુને વિરામ લેવા જણાવતું ત્યારે બાસઠ વર્ષના આ સાથીદારને અંત સમયે છોડવાની બાપુ ચોખ્ખી ના પાડી દેતાં. બાનાં મૃત્યુની રાત્રે પોતાના સાથીઓ સમક્ષ અનાસક્ત મહાત્માએ નિખાલસભાવે એકરાર કરતાં કહેલું, 'બા-વિહોણા જીવનની હું કલ્પના જ કરી શકતો નથી. મારા જીવનનું એ અવિભાજ્ય અંગ હતી. એના જવાથી મારા જીવનમાં જે ખાલીપણું પેદા થયું છે તે કદી ભરાઈ શકવાનું નથી.'

બાનાં અવસાન પછી વાઈસરોય લોર્ડ વેવેલના શોકસંદેશના ઉત્તરમાં બાપુએ બાને જે અંજલિ આપીછે તે તેમના ક્રમશઃ વિસેલા દામ્પત્યનું એકદમ વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે : '...જો કે એના મૃત્યુને લીધે સતત વેદનાથી એ છૂટી, એટલે એને ખાતર મેં એના મૃત્યુને આવકાર આપ્યો છે, તો પણ મને લાગે એમ મેં ધાર્યું હતું એના કરતાં આ ખોટથી મને વધારે લાગે છે. અમે અસાધારણ દંપતી હતાં. ૧૯૦૬માં એકબીજાંની સંમતિ પછી અમે આત્મસંયમનો નિયમ નિશ્ચિત રૂપે સ્વીકાર્યો. આને પરિણામે અમારી ગાંઠ પહેલાં કદી નહોતી એવી દૃઢ બની તેથી મને ભારે આનંદ થયો... તે બહુ જ આગ્રહી સ્વભાવની બાઈ હતી. નાનપણમાં હું એને જક્કીપણું ગણતો. પણ આ સત્યાગ્રહી સ્વભાવે તેને તદ્દન અજાણતાં અહિંસક અસહકારની કળા અને અમલમાં મારી ગુરુ બનાવી.'

બાપુએ એક વિદેશી વ્યક્તિ પાસે ખોલેલી અંગત ક્ષણોમાંથી સ્પષ્ટ દેખાય છે કે બ્રહ્મચર્ય બાને વિશેષ ભાવ્યું છે. આ વ્રતે એમનાં સ્વમાન ને આત્મગૌરવને જાળવવામાં મદદ કરીછે. આ ઘટના પછી પતિ એમના પરમેશ્વર બન્યા છે. આ ઘટનામાં પણ જોવા હોય તો એમના વૈષ્ણવધર્મના દૃઢ સંસ્કાર જોઈ શકાય.

બાના જીવનની અનેક ઘટનાઓને જોઇ રહેલાં બીજાં લોકોને બા પ્રત્ય સમભાવ થયો છે ને બાપુ પ્રત્યે કંઈક નારાજગી જન્મી છે. ઘણાંને બાપુ જુલમી પતિ લાગ્યા છે. લીલાવતી મુનશીએ બાને આ અંગે પત્ર લખ્યો છે તેના ઉત્તરમાં ઘવાઈને બાએ જણાવ્યું છે : 'તમે કેમ જાણ્યું કે ગાંધીજી મને બહુ દુઃખ આપે છે? ...મારા જેવો પતિ તો કોઈને દુનિયામાં પણ નહીં હોય... મારામાં લાંબા વિચાર ન આવે, ટૂંકી દૃષ્ટિ હોય તો કહે. તે તો આખા જગતમાં ચાલતું આવ્યું છે...' બા પાસે જીવનનું સમાધાન છે. એ તેમને શોધ્યું નથી, તેમને

મળ્યું છે.

કસ્તૂરબાએ ગાંધીજીને હક્ક-દાવા વિનાનો નિરપેક્ષ પ્રેમ કર્યો. ગાંધીજીના જીવનમાં કેન્દ્રસ્થાને રહેવાનો કદી પ્રયત્ન ન કર્યો. હંમેશાં બીજાંઓને બાપુની નજીક જવા દેવામાં મદદ કરી. આ કારણે તેઓ જિંદગી ને એના કરતાંયે ખતરનાક એવા પોતાના મહાત્મા પતિને જીવી શક્યાં. મીરાંબહેને ચકિત થઈને બા વિશે વિસ્મયમુગ્ધ થઈને નોંધ્યું છે : 'તેઓ વધારે પડતી વાતો કરીને બાપુનો સમય કદી બગાડતાં નહિ. બાપુની આસપાસનાં બધાં માણસોમાં બાપુને તે ઓછામાં ઓછી તકલીફ આપતાં અને વધારેમાં વધારે સેવા કરતાં.' કદાચ આ જ કારણે બાપુને અને બાને એ ખબર હતી કે બા જ બાપુના જીવનમાં હંમેશાં મોખરે રહ્યાં. બાએ ક્યારેક કોઈને વાગે નહીં એવી નાજુક રીતે પોતાનો 'વિશેષ પ્રેમ' વ્યક્ત પણ કર્યો છે. ૧૯૩૨માં ગાંધીજીએ કરેલા ઉપવાસ સમયે બા સાબરમતી જેલમાં ને બાપુ યરવડા જેલમાં હતાં. આ સમયે બાપુની ચિંતા કરાં બા કહેતાં, 'ઘણી પુરાણની વાતો સાંભળી પણ આવું તપ ક્યાંય ન જોયું... જોકે કાંઈ વાંધો નથી. એમ તો મહાદેવ છે, વલ્લભભાઈ છે, સરોજિની દેવી છે; પણ આપણે હોઈએ તો ફેર પડે છે?' આ એક જ વાક્ય બંનેની એકબીજાં માટેની અનિવાર્યતા પ્રગટ કરવા માટે પૂરતું છે.

ગાંધીજીને આટલો પ્રેમ કરવાને કારણે જ બાપુને વિશે કાંઈ પણ કહેવાનો તેમનો હક્ક છે. પતિની નાડને બરાબર પારખતી આ સ્ત્રી ગાંધીજીના ઉપવાસ સમયે તેમના વિશે ફરિયાદ કરતા દાક્તરને સાધિકાર કહે છે, 'Yes, yes I know my husband. He always mischief.' પોતાના તોફાની પતિને નાથતાં તેમને બરાબર આવડ્યું છે. આથી જ તો ગાંધીજીએ તેમને જન્મોજન્મ પત્ની તરીકે ઇચ્છ્યાં છે. આવી પત્નીને કૃતજ્ઞતાપૂર્વક અભિવંદતાં બાપુએ નોંધ્યું છે : 'મારી પત્ની વિશેનો મારો પ્રેમ અને લાગણી હું વર્ણવી શકું તો હિંદુ ધર્મ વિશેનો મારો પ્રેમ અને લાગણી વર્ણવી શકું.' બાને હિંદુ ધર્મનો પર્યાય માનતા બાપુને માટે બા શું નહીં હોય?

મહાત્મા ગાંધી જેવા પતિ પાસેથી આવી કોમળ લાગણીઓ મેળવતાં બાને સીતા, દ્રૌપદી કે શારદામણિદેવી જેવાં નારીરત્નો કરતાં વધુ નસીબદાર ઠેરવવાં પડે. બાને આવી અંજલિ મળી તેમાં આ યુગની આધુનિક વિચારધારાનો પ્રભાવ છે. ગાંધીજીનું સત્ય રામ, રામકૃષ્ણ પરમહંસ કે બાપુના આરાધ્ય એવા હરિશ્ચંદ્ર કરતાંયે વધુ સૂક્ષ્મતલને પામવા મથતું સત્ય છે. એમનું દર્શન યુગનાં સંદર્ભે કરીને વધુ સાફ સાબિત થયું છે, જેનો લાભ તેઓ પત્નીને આપી શક્યા છે. યુગમાં મૂલ્યોને અતિક્રમી ન શકતા રામ ને સંન્યાસીની મર્યાદા જાળવતા રામકૃષ્ણ પરમહંસ જે કરવા ધારવા છતાં ન કરી શક્યા એ વિચાર ગાંધીજી અમલમાં મૂકી શક્યા છે. આ અર્થમાં બાનાં તપને એક ફળશ્રુતિ સાંપડી છે એટલું તો ચોક્કસ.

બાના જીવનને જોતાં અનાયાસે આ યુગનાં બીજાં શ્રેષ્ઠ નારીરત્ન શારદામણિદેવીનું સતત સ્મરણ થાય છે. આ બંનેની સરખામણી કરવાનો તો કોઈ સવાલ જ ઊઠતો નથી. બા ગૃહસ્થ સ્ત્રી છે, શારદાદેવી સંન્યાસિની છે, સંન્યાસીનાં પત્ની છે ને સંન્યાસીઓનાં ગુરુ છે. તેમને હેસિયત જુદા પ્રકારની ને ઘણી ભારે છે. પણ અહીં તેમનું સ્મરણ થવાનું એક કારણ એ છે કે આ બંને સ્ત્રીઓને પતિ પ્રત્યેનો માલિકીભાવ બિલકુલ જતાવ્યા વિના સૌના પિતા એવા પુરુષોને પરણીને સૌની માતા થવામાં આનંદપૂર્વકનું ગૌરવ અનુભવ્યું છે. પોતાનાં માતૃત્વને વ્યાપક બનાવતાં બનાવતાં આ બંને સ્ત્રીઓ પતિની પણ મા બની ગઈ છે જે તેમનાં માતૃત્વનાં અંતિમ ચરણ સૂચવે છે.

એક સામાન્ય સ્ત્રી હોવાના નાતે બા સતત ઘડાતાં રહ્યાં છે, તેમના વ્યક્તિત્વમાં શારદાદેવી જેવી સરળતા ને સૌમ્યતા નથી. તેમના જીવનમાં અનકે ગાંઠો આવી છે. આથી જ તેઓ વધારે પોતીકાં લાગે છે, ને અનુકરણીય પણ. તેમની વિકાસયાત્રાને સફળ બનાવવામાં ગાંધીજીનો ક્યાંય હાથ નથી એ તેમણે મેળવેલી મોટી સિદ્ધિ ગણાવી જોઈએ. આ અર્થમાં તેમણે સ્વનામને ધન્ય કર્યું છે.

૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪માં મૃત્યુ પામેલાં બાને સરોજિની નાયડુએ આપેલી અંજલિ બાનું અંતિમ, ઉપયુક્ત મૂલ્યાંકન કરતી બની રહે છે : 'હિન્દી સ્ત્રીત્વના જીવન્ત પ્રતીક સમાં, એ નાજુક છતાં બહાદુર નારીના આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાવ. જે મહાપુરુષને તેઓ ચાહતાં, જેની સેવા ઉઠાવતાં અને અજોડ શ્રદ્ધા, ધૈર્ય અને ભક્તિપૂર્વક જેને અનુસરતાં, એને ખાતર કાયમ ભોગ આપ્યા કરવાનો જે કપરો માર્ગ તેઓએ સ્વીકાર્યો હતો, તે માર્ગે ચાલતાં ક્ષણ પણ તેમના પગ ડગ્યાં નથી અથવા તેમનું દિલ પાછું પડ્યું નથી. તેઓ મૃતત્વમાંથી અમરત્વમાં ગયાં અને આપણી ગાથાઓમાંની, આપણાં ગીતામાંની અને આપણી તવારીખમાંની વીરાંગનાઓની મંડળીમાં પોતાનું હક્કનું સ્થાન પામ્યાં, તેનો આપણે આનંદ માણીએ.' એક વીરાંગનાએ બીજી વીરાંગનાને આપેલી આ અંજલિમાં બાની સ્વચ્છ પ્રતિભાનો થયેલો સાદર સ્વીકાર, સૌને સ્વીકાર્ય બને, એવો સાચો છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૦૯૯૦ ૧૭૫૫૯

# એક કલ્પના ચિત્ર, બાની સાથે

ડૉ. સેજલ શાહ

વહેલી સવારે ચારવાગે હજી આંખની પાંપણેથી ઊંઘ ખરે ન ખરે ત્યાં તો મારા ઘરમાં ખાદીનો સફેદ સાડલો પહેરેલી વ્યક્તિને જોઈ હું આંચકો ખાઈ ગઈ. તેમના ચહેરાની રેખાને ઉકેલી પરિચય મેળવ્યું. પણ એ ચહેરા પર વહેલી સવારની નીંદરને બદલે સ્ફૂર્તિલું તેજ મને ચોંકાવી ગયું. મારા નાનકડા નિવાસ સ્થાનમાં ધરપતથી બેઠેલા તેમને જોઈમને સમજાતું નહોતું કે હું શું કરું! મુખાકૃતિ તો જાણીતી હતી, તો પણ વિશ્વાસ નહોતો બેસતો. મેં નજીક જઈ સ્પર્શીને ખાતરી મેળવવાનો પ્રયત્ન કર્યો, ત્યાં તો તેમનો જ અવાજ સંભળાયો, 'શું માંડ્યું છે આ, તે અને સોનલે?'

મને ખાતરી થઈ ગઈ, બાના મારા ગૃહપ્રવેશની! મારા ઘરે કસ્તૂરબા હોઈ શકે!

તેમના અવાજમાં રોષ નહોતો પણ મારે એ સવાલનો જવાબ આપવાનો હતો, તેવો આદેશ તો હતો જ. તેઓ મને જોઈ રહ્યાં હતા કે હું શું જવાબ આપું છું!

મેં ધીરેથી કહ્યું, 'બા સોનલ બહેન અને મને, કસ્તૂરબાને ઓળખવામાં-સમજવામાં રસ પડ્યો છે. તમારા જીવનને, તમને સમજવા છે, અમે બંને પાછા સ્ત્રી એટલે વધું સમજવાની સહજ ઈચ્છા થઇ આવી છે.'

એમ, શું સમજવું છે, તારે અને સોનલે. તારે શું કરવું છે બાને સમજીને? હજી ગયે વર્ષે તો નારીશક્તિનીવાત કરી અને હવે બાની શક્તિ વાત. આ બધાથી કાઈ વળે નહીં!! સમજણ માટે જીવનના, વિચારના પ્રયોગો કર્યા તમે? પહેલા એમ જીવવું પડે, જીવવાના પ્રયોગ કરવા પડે.

બા, એજ તો પ્રયત્ન કરી રહી છું, તમને સમજીશ તો જ અપનાવી શકીશ ને. તમારા વિચારોની સૃષ્ટિ સમજવા તો દો.

મારા વિચાર? વિચાર એ વિચાર હોય, સાચા અને ખોટા. અમારે કઈ તમારી જેમ વિચારોનો જુદો ચોખો નથી. મારે તો બાપુના જ વિચારો અને તેમનો જ સ્વીકાર. હા, મને એમ લાગે કે આ સાવ ખાલી-ખાલી અવાજ કરે છે, તો હું એ સામે થાઉં પણ બાપુની વાતમાં એમ નહોતું, એ જાણતા હતા, મને એમના વિચારોમાં શ્રધ્ધા હતી અને જરૂરી લાગે ત્યારે મેં અહિંસક વિરોધ પણ કર્યો છે. વિચારનું મહત્વ છે, વ્યક્તિનું નહીં. અને એને માટે પહેલો પ્રયોગ જાત પર કરવો પડે.

હા, બા. તમારી વાત સાચી. હું જાતે જ મારું કામ કરું છું. પણ....

જાતે કામ કરવું એટલે વિચારનો અમલ પોતાના જીવનમાં કરવો, એનો સૌથી પહેલો પ્રયોગ પોતાના પર કરવો. મારે ચંપારણમાં સ્વચ્છતા લાવવી હતી, તો મેં જાતે ત્યાં જઈને ત્યાના લોકો સાથે વાત કરી, બાળકો અને સ્ત્રીઓને તેનો રસ્તો દેખાડ્યો, હું એમની સાથે હતી, સામે નહીં... બાપુ દરેક નિયમનો અમલ પહેલા પોતે કરતા. આશ્રમમાં એક કલાક કાંતવાનો નિયમ અમને બન્નેને લાગુ પડતો. તેમને પોતાના સિધ્ધાંતો માટેનો આગ્રહ ખૂબ જ હતો. તો પણ મેં જરૂરી અહિંસક/મૌન પ્રતિકાર કર્યા છે. પણ તમારા પ્રતિકાર તો કેવા હોય છે? ઘોંઘાટ અને ઉપરછલ્લા, પ્રતિકારમાં અભિમાન નહીં, સત્યનો પક્ષ હોવો જોઈએ.

બા, હવે સમય બદલાયો છે, પહેલા જેવું નથી, આપણે આઝાદ થઈ ગયા છીએ, જેમ કરવું હોય તેમ કરવાનું. દરેક વ્યક્તિને પોતાની ઇચ્છા મુજબ જીવવાનો અધિકાર હોય છે.

અધિકારનો અર્થ તો સમજો પહેલા. તમારા અધિકારની વ્યાખ્યા મને સંકુચિત લાગે છે. અધિકાર જાગૃતિ આપે, અને તેમ મેળવવા સક્ષમ બનાવે. તમે આટલું ભણ્યા પણ સ્વતંત્ર વિચારણા નથી કેળવી શક્યા. મને તું અત્યારે વધારે લાચાર લાગે છે. તમારી આજુબાજુ કારણ વગરના કેટલા જાળા નિર્માણ કર્યા છે! બાના શબ્દો મને ઉઘાડ આપી રહ્યા હતા.

હું ઉત્સાહથી બોલી ઉઠી, હા, બા. હું પણ મારા પગભર છું. પોતે જ કમાઉ છું, સ્વતંત્ર છું, તમારી જેમ અમારે અમારા પતિને પૂછીને કાઈ નહીં કરવાનું. જે કરવું હોય તે પોતપોતાની રીતે સ્વતંત્ર.

બાએ મને વચ્ચે જ રોકી, 'એમ કે? તો પરણ્યા કેમ? જો જુદાં જ જીવવું હતું તો હિંદુ વિધિથી લગ્ન કેમ કર્યા? સ્વતંત્રતા એટલે એકલતા? જાતે જાતે એકલા કરવું? હું નહોતી કમાતી એટલે સ્વતંત્ર નહોતી? બાપુ કહે છે કે તેઓ મારી પાસેથી અહિંસક પ્રતિકાર શીખ્યા છે. એને માટે જરૂરી છે મક્કમતા જોઈએ, મક્કમતા, સત્યમાંથી પ્રગટે અને જેની પાસે એ છે તેની પાસે નિર્ણય લેવાની શક્તિ આપોઆપ આવી જાય છે. એમાં સ્વતંત્રતા નથી? મેં મારા બાળકોને સતત ઉચ્ચત્તમ સંસ્કાર અને તાલીમ આપી. બાપુની

કઠોર તાલીમ સાથે મારી મક્કમતા અને પ્રેમાળ માર્ગદર્શન. મને મારા બાળકોએ ખૂબ સન્માન આપ્યું એનું કારણ એ નહોતું કે હું રાષ્ટ્રપિતાની પત્ની હતી, પણ કારણ એ હતું કે તેઓ પોતાની માતાના સ્વતંત્ર વ્યક્તિત્વને ઓળખી શક્યા.

બા, પણ ત્યારે તો વાતાવરણમાં કેટલી સંકુચિતતા હતી, આ જુઓ, તમે આજે પણ માથે સાડલો ઓઢીને ફરો છો, હવે આવું કાઈ ન મળે. અમે તો જે મન ફાવે તે પહેરીએ અને સાથે જ બધું કરીએ. એમાં પતિ-પત્ની બન્ને સરખા.

વાહ, શું તમારી પ્રજાના વિચાર અને શું સંકલ્પના. અમે તમારી કરતા બમણું કાર્ય કરતા, તમે તો આજે તમારા માટે જીવો છો, પણ તમને રાષ્ટ્ર કે સમાજકાર્ય ક્યાં સમજાય છે? આશ્રમની બહેનોને કેટલું બધું કામ શીખવવામાં આવતું. બધાને સ્વતંત્ર બનાવવાનો પ્રયત્ન થતો. અહી બધા જ કાર્ય કરતા. પૈસા દ્વારા અડધો સમાજ, બાકીના અર્ધા સમાજ પર સત્તા કરે, એવા દેશની કલ્પના બાપુએ નહોતી કરી. કર્તવ્ય માટે પરિવારથી આગળ જોવું અને અને આશ્રમના બધા જ બાળકોને પોતાના સમજી કેળવવા. એ અભિગમ બાપુએ પોતે તો કેળવ્યો પણ બીજામાં પર કેળવ્યો, હવે આમાં મારી સ્વતંત્રતા ક્યા ઓછી થઈ? જો મારા લગ્ન બાપુ સાથે ન થયા હોત તો શું આમ વિચારતી હોત? આ પ્રશ્નનો જવાબ જ તમને બધું કહી દેશે. હું બાપુમાં એકાકાર થઈ તેમાં મારી સ્વતંત્રતા ઓછી નથી થઈ પરંતુ મને પણ એમ કરવું ગમ્યું, એટલે મેં કર્યું. મને જેલમાં જવાનું પ્રોત્સાહન બાપુએ જ આપ્યું હતું અને ત્યાં જતા પહેલા મારા મનની કસોટી પણ કરી હતી. જો બાપુ, મને નબળી સમજતા હોત તો મને એ જવાબદારી સોંપત જ નહીં. છતાં એ કહેતા કે જેલમાં જવાનો નિર્ણય તો 'કસ્તૂરબા'નો પોતાનો હતો, મારો નહીં. હું જ્યારે પણ સફળ થતી ત્યારે એ કદી પણ એ બાબતનો શ્રેય લેવા જેવું નબળું કાર્ય ન કરતા. તમે આજકાલની પ્રજા તો એમ કહો છો કે અમે સ્વતંત્રતા આપી, તમારી તો સ્વતંત્રતાની વ્યાખ્યા જ મારે તપાસવી પડશે. બાની વાતમાં સચ્ચાઈ હતી અને હું તેમનો પ્રતિકાર ન કરી શકી. આપણે કેટલીયેવાર વસ્ત્ર અને દેખાવથી, માન્યતા અને સંકુચિતતાથી માણસને પામવામાં ઉણા ઉતરીએ છીએ. બાનું અંગ્રેજી ભલે નબળું હતું પણ સમજ બહુ જ સ્પષ્ટ હતી, જે એમની સાચી ઓળખ હતી. તેમના નાના અને સચોટ ભાષણો તેમની ઉંચાઈને સ્પષ્ટ કરતા હતા.

બા આગળ કહે છે, મારા પતિ જ્યારે જેલમાં જતા ત્યારે મને પણ દુઃખ થતું પરંતુ એને જ મારી શક્તિ બનાવી જાહેરજીવનમાં હું આવી અને એમના રચનાત્મક કામોને આગળ વધાર્યાં. હવે તમે એને મારી શક્તિ કહેશો કે બાપુની શક્તિ? મારી સીધી સરળ વાણી લોકોને સમજાતી ને રાનીપરજમાં લોકોને મેં દારૂ છોડાવી રેંટિયો કાંતતા કર્યા, હવે તું કહે જ સેજલ, આ માથું ઓઢેલી સ્ત્રીની શક્તિ કાઈ ઓછી કહેવાય?

મારી પાસે, બાના સવાલોના જવાબ નહોતા.

બાના એક પછી એક જવાબ સાંભળીને હું વિચારમાં પડી ગઈ, કે બા જેવી વિચારોની સ્પષ્ટતા લાવવી ક્યાંથી? મને લાગ્યું કે કોઈક માળખું હલી રહ્યું છે અને બા એ જોઈ રહ્યા છે. તેઓ હંમેશની જેમ આજે પણ વિજયી બનશે. મારે હવે એ સમજવું હતું કે બા પાસે કેટલી બધી શક્યતા હતી અને છતાં બા એવી કોઈ લાલસામાં ન સપડાયા.

બા, મને યાદ છે જ્યારે બાપુ એ કહ્યું હતું કે 'મેં કદી બાને સોનાના દાગીના માટે ના નહોતી પાડી, અને તમે પણ જાણતાં હતાં કે સોનાનાં દાગીના તમે રાખો તો બાપુને નહીં ગમે, હવે તમે જ મને કહો કે આ એક પ્રકારનું બ્લેકમેલિંગ ન કહેવાય?

બાએ મારી સામે તીણી નજરે જોયું અને પહેલા તો મને લાગ્યું કે બા, ગુસ્સે થશે પણ એમ ન થયું, તેઓ બોલ્યાં, તને એમ લાગે છે કે મને સોનાના દાગીનાનો શોખ હતો અને મેં તે બાપુ માટે છોડી દીધા? જો એમ લાગતું હોય તો તે ખોટું નથી અને તેમ કરવામાં મને કોઈ અન્યાય નથી લાગતો. જે દેશની પ્રજા પારવાર ગરીબીમાં જીવતી હોય, ભૂખ્યા બાળકો શિક્ષણને બદલે ભીખ માંગતા હોય ત્યારે હું સોનાના દાગીના પહેરીને અથવા સંગ્રહ કરીને મારી લાલસા સંતોશું, તો કેવી લાગુ? મને તેમના સિધ્ધાંત અને તેમના વિચારો પર શ્રધ્ધા હતી. તેમને જાહેરજીવનમાં ઝંપલાવ્યું હતું, ત્યારે પરિવાર પણ આપોઆપ એમાં આવી જ જાય છે. મારા ભાષણો/ શબ્દો લોકો સુધી પહોંચતા કારણ મારા વર્તનમાં બાપુના વિચારોનું પ્રતિબિંબ હતું. અન્યોન્ય સખ્ય કોને કહેવાય? રાધા જો ફરિયાદ જ કર્યા કરે તો કૃષ્ણનો પ્રેમ ન પામે! પ્રેમને સમકક્ષ બનવું પડે. મને પૂરણપોળી ખાવાનો શોખ હતો પણ જો હું ખાઉં તો મારી તબિયત પર અસર પડે, અને આટલા કામોની વચ્ચે પણ બાપુને એ વાત યાદ રહેતી, એટલે જ તો મનુ જ્યારે પૂછવા ગઈ ત્યારે બાપુએ કહ્યું કે 'બા. ન ખાય તો હું ખાઈશ', મારી કાળજી એમને ઘડીભર બાજુએ મૂકી નથી, હવે તું આને શું અન્યાય કહીશ! સંયમ અને

શોખ, બન્ને મેં બાપુ સાથે ઉજવ્યા છે, એ કદાચ તને નહીં સમજાય, અમારો વ્યવહાર જ જુદો.

તો બા, તમે એટલે જ બાપુના ખોળામાં મરવાનું પસંદ કર્યું?

બા હસ્યાં. બાસઠ વર્ષનો સાથ. આટલા વર્ષો પછી તેમાં જે કેળવાય છે, તે માત્ર સ્ત્રી-પુરુષનો સંબંધ નથી હોતો. અસ્તિત્વના સ્વીકાર અને સન્માનનો સંબંધ હોય છે. એમને મારી શક્તિ અને મેં એમના વિચારોને એકબીજામાં ગૂંથી લીધા હતા. એટલે દેહથી પર થઈ શક્યા. અંતિમ સમયનું સાંનિધ્ય એમના મનમાં કોઈ અભાવ ન રહે એ માટે જરૂરી હતું. હું મારી ઇચ્છા અનેકવાર જિદ્દથી પણ વ્યક્ત કરતી પણ બાપુની જાગૃતિએ કદી એમ નથી કર્યું, ભૌતિક સાધનો તો છોડ્યા જ હતા, પણ અંગત સંબંધોને પણ પ્રથમક્રમ નહોતો આપ્યો. જો અંતિમ સમયે ફરવા ગયા હોત તો પછી આજીવન મનમાં રહી જાત કે બાના અંતિમ સમયે હું હાજર નહોતો. હું અને બાપુ – એકબીજાની સાથે માત્ર એકમેક માટે નહોતા, પણ વિચારો, સિધ્ધાંતો, અન્યાય સામેની લડત અને પ્રજાહિતના કાર્ય માટે હતા. કોઈ શરત અને કાયદા વગર અમે નક્કી કરેલા હતા કેટલાક નિયમો. બધાને હું બાપુના પગે માલિશ કરતી તે દેખાય છે પણ કોઈને એ નથી જોવું કે મારી માંદગી વખતે મારા કપડા ધોતા બાપુ ક્યારેય પાછા પડ્યા નથી. શરીરને પાર કરીને આત્મા સુધીનો, એકમેકને સમજી પુખ્ત થયેલો બહુ જ અનુપમ સંબંધ હતો. આ અમારું સહિયારું તપ હતું.

મારાથી બોલી પડાયું, વાહ બા. કેટલું બધું રોમાંચક! આજે તમારી સાથે આટલી લાંબી વાત કરીને ખૂબ જ મજા આવી. મને ઘણીવાર નારી સ્વાતંત્ર્યની દૃષ્ટિએ તમારી સાથે થયેલો અન્યાય ખૂંચે છે. પણ આજે સમજાય છે કે તમને જોવા માટે મારે તમારા સમયમાં જીવવું પડે. ''તમારા પરિવેશને સમજવો પડે.''

બા જરાક મલકાયા. કોઈ પણ બાબતને સમજવા પહેલા આપણે આપણા વિચારોને સમજવા પડે અને જોવું પડે કે ક્યાંક આપણા વિચારો તો કેટલીક મર્યાદાનો ભોગ નથી બન્યા ને! હું માનુ છું કે બાપુએ ધણીપણું આદર્યું પણ મેં એ સ્વભાવનો સ્વીકાર કર્યો. આરંભમાં વિરોધ કરીને અણગમો વ્યક્ત કર્યો હતો, પણ સ્ત્રી પાસે વ્યવહારની સમજ વધુ હોય છે અને જાળવવાની કુશળતા પણ. મને લાગે છે કે મારી એ કુશળતાને કારણે જ સંઘર્ષને બદલે અમે વધારે વિસ્તાર તરફ જઈ શક્યા અને પછી તો એ જ અમારો જીવનપથ હતો. બાપુએ મને સન્માન અને વિશ્વાસ બન્ને ભરપૂર આપ્યા અને એ જ અમારા સંબંધની દીપશિખા. મને જે સમજાયું તે મેં કર્યું, મારી એ આવશ્યકતા હતી કે સમજણ, એ તમારી બુધ્ધિની તીવ્રતા અને તર્કોને આધારે તમે ગોઠવ્યા કરો. પણ હું માનું છું કે જાહેરજીવનમાં ઉતરેલી વ્યક્તિનું જીવન જાહેર હોય છે અને તેમને પોતાની અંગતતા છોડવી પડે છે, અંગત સ્વાર્થ ભૂલવા પડે, શબ્દો અને વર્તનમાં સમાનતા હોય તો જ પ્રજા સ્વીકારે. તમારા સમય પછી પણ પ્રજા તમને/તમારી વાતોને યાદ કરે. બાપુનું જીવન પણ એકદમ ખુલ્લું હતું, પોતાની પત્નીને તેમને જાહેરમાં જ પત્રો લખીને પોતાની લાગણી વ્યક્ત કરી છે અને મેં પણ તેમ કર્યું છે. જો એ દંભ હોત તો ભારતની પ્રજાએ ક્યારનો પકડી લીધો હોત. અમારા સત્યની ઉર્જા આજે અમારા પૂરતી મર્યાદિત નથી રહી પણ સહુ કોઈની ઉર્જા બની છે, તો મને લાગે છે કે એ પ્રકાશમાં આપણે પરાણે અંધારું ન જ શોધવું જોઈએ. અમે એક જીવનમાં માત્ર બાસઠ વર્ષના સહવાસમાં જે પરિવર્તન સાધ્યું અને જીવનની ઉજ્જવળતા પ્રાપ્ત થતી ગઈ, જાણે કે જીવન સાકાર થઈ ગયું, બીજું શું જોઈએ? સહવાસની સિદ્ધિ કોને કહેવાય, તે સમજશો, પછી ફરિયાદ નહીં રહે. મેં તો વર્ષો સુધી સાંજે કોફી પીધી અને બાપુ એ ન પીધી, હવે તમે એ બાબત પર જો ચર્ચા કરવા ઇચ્છો તો કરી શકો, હું જાઉં છું હવે. મારે તો હજી કેટલાયને મળી સમજાવાનું છે કે અમે આત્માને છળ્યો નથી, તમે વાદોથી તેને માપવાનું મૂકી દો.

બાને આટલું બોલતા હાંફ ચડી હતી. તેમને મૌન ધારણ કર્યું અને મારા માથે હાથ મૂકી ઉભા થયા અને રામાયણ ખોલી પાઠ કરવામાં રત થયા. હું બાને જોતી રહી, મારી બુદ્ધિને તપાસતી રહી. મને થયું આપણે મહાન વ્યક્તિને મહાન બનાવ્યા પછી, એની જ પાસે એની સાબિતી માંગતા હોઈએ છીએ. હું ઉભી થઈ પુસ્તકના ઢગલામાં ફરી એકવાર શોધવા માંડી મારું ખોવાયેલું સત્ય. બા હજી પણ રામાયણ વાંચતા હતા, મને ખબર છે કે તેઓ મને જોઈ રહ્યા છે અને હવે તે નહીં બોલે.

*(આ એક કલ્પનાચિત્ર બાને સમજવાનો અત્યંત નમ્ર પ્રયાસ છે, ઘણીવાર મનુષ્ય સંબંધો/તેમનું સત્ય સમજાતું નથી. આપણે આપણા પૂર્વગ્રહો કે પછી માન્યતાથી જ વ્યક્તિને માપવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ. પણ કેટલીક વ્યક્તિઓ માટે આખો વરંડો છોડીને ખુલ્લા મેદાનમાં આવી જોવું પડે છે, પામવું પડે છે. અને પછી પણ કંઇક બાકી રહી ગયાનું લાગ્યા કરે છે)*

✦ ✦ ✦

# Kasturba Gandhi, Mahatma Gandhi And The Kasturba Gandhi National Memorial Trust

**Sukanya Bharatram**

The Kasturba Gandhi National Memorial Trust (KGNMT) was established in 1945 by Mahatma Gandhi in the memory of his wife Kasturba, following her death in the Aga Khan Palace prison, in Pune, in February 1944. Despite a long illness she had refused to be released from imprisonment.

Mahatma Gandhi decided that the indomitable yet gentle spirit of Kasturba would best be honoured by reaching out to the needy women and children in villages across India, in order to give them self reliance and as a result create a just and balanced society. This was also in harmony with Gandhiji's vision of Sarvodaya – a new awakening in the consciousness of Man to live in harmony with nature and all forms of life.

The establishment of The Kasturba Gandhi National Memorial Trust is set against the backdrop of the history of India's freedom struggle. Eminent people as well as the anonymous masses mobilised their resources to set up this organisation, with its Headquarters in Kasturbagram, Indore.

The Deed Of Settlement of the Trust, dated 1945, is a historic document. The first Chairperson was Mohandas Karamchand Gandhi. The original 26 Trustees were all stalwarts of the independence movements, amongst them Chakravarti Rajagopalachari (who became the first Indian Governor General of India), Dr S. Radhakrishnan and Dr Zakir Hussain (both subsequently Presidents of India), Shri GD Birla, Mr JRD Tata, Shri Kasturbhai Lalbhai, and Smt Sarojini Naidu. Shri Vallabh Bhai (Sardar) Patel was the Chairman after Gandhiji's assassination, till his own death in 1950.

Mahatma Gandhi's life - his mind, his actions, everything about him is a subject of discussion. He had a view on everything and wrote extensively. He was never afraid of espousing a view yet if he felt that somewhere he had erred he would admit it and in fact many times he changed his position on issues and topics - always giving a cogent and lucid argument. This was a disarming trait and as a result it was difficult to second guess him. He was a product of his time but he became through his own constant unrelenting inner search a figure that is timeless, a figure that belongs to the whole world and to the whole of humanity.

Gandhiji could not have been the Mahatma if it had not been for Kasturba - and about her he said "I learnt the lesson of non-violence from my wife Kasturba".

Yet Gandhiji remains - for me at least - a mystery. He cannot be pigeonholed into an ism. His autobiography 'My Experiments with Truth', which although extremely candid and brutal in its honesty, does not explain his ability to mobilize public opinion, garner support, influence masses as well as individuals. He must have been brilliant and definitely possessed of immense charisma. When did Gandhiji realise his destiny? Was it as a child when he confessed to his father about stealing some money, or was it later as a disenchanted lawyer in Rajkot when he refused to be a part of the political intrigues in the Kathiawar Court? Was it in the U.K. when he steadfastly stuck to the vow he made to his mother - no alcohol, no women, no meat. Or was it on the train at Pietermaritzburg? We don't know and we shall never know.

However, if Gandhi the phenomenon is a mystery, then the woman, Kasturba, who stood shoulder to shoulder with him from the age of 13 till her death is a source of fascination. In June, 1947 Gandhiji commented "it is because of her that today I am what I am". He had earlier, said "if I had to choose a companion for myself after life, I would only choose Ba".

Kastur was unschooled, yet after her death

Gandhiji would write:

"In the current sense of the word, she was uneducated, but to my mind she was a model of education".

Just as I wondered earlier about Mohandas, I also wonder about Kastur - what were her thoughts every time her husband responded to the call of his conscience or when he tried to mould her to his wishes. He was a hard task master and he most certainly denied her the traditional life that she must have envisaged for herself. Their life together was from the start marked by departures and separations. How much she was consulted in these decisions in the first phase of their marriage we do not know. We do not know for instance what she went through when he left for England in 1888 to become a Barrister, although she sobbed inconsolably.

Gandhiji came back to India in 1891 - and found work first in Bombay and then in Rajkot - he could not adjust to the practices of corruption and subservience that existed and when the opportunity of work presented itself in South Africa - he set sail, leaving Kasturba and their 2 eldest sons, Harilal and Manilal. This was in 1893.

AgainKastur and her husband were separated and when Mohandas came back to India in 1896, to bring his family back to SA, he must have been a totally different person. He had faced racism, violence. His "religious quest was awakened" (Mohandas p74) in this period and he had embarked upon political activism. And he had in a short time become a champion for those who were discriminated by racial laws and he had made a name for himself. He was only 27 years old. He was earning well.

We do not know how Kasturba dealt with the unfamiliar. The weather, the language, the dress, the food, the customs and usages of a new land. Gandhiji was inexorably following his destiny and she was being dragged along. Gandhiji was a domineering husband (which he acknowledges in his autobiography), yet Kasturba was not afraid of voicing her opinions. How did Kastur, manage with the cosmopolitan, multi religious, diverse group of people, she who had only known a certain tradition and was steeped in that. It was an era of inventions - the telephone, aeroplanes, electricity, era of new ideas such as socialism and psychoanalysis. The old order was being questioned all over the globe. How did she deal with a husband who was now influenced by writers from across the world and who sought to bring these ideas within their domestic walls.

Kasturba had to adjust to everything – including a "new" husband !

Their two younger sons Ramdas and Devadas were born in Durban, in 1898 and 1900.

In South Africa Gandhiji became the Mahatma and Kasturba was transformed into a formidable force. She went as a woman who was part of the Indian joint family tradition, whose only identity was that of a wife and mother. She was unlettered. By the time they returned to India in 1915 she had become his companion and comrade. She had become a warrior in her own right. She along with 15 other women were imprisoned for 3 months in 1913, when she had joined in the Satyagraha in the Transvaal against racial laws - at a time when even the Suffragette Movement was in its nascent stage in Europe and women activists were unheard of. Kasturba had faced up to all the challenges that had been thrown at her and emerged as a power in her own right. Her fame had spread wide and in 1915 Sarojini Naidu (the famous Indian poetess & freedom fighter and future close associate of Gandhiji) wrote about Kasturba "by her race, qualities of courage, devotion, and self-sacrifice has so signally justified and fulfilled the high traditions of Indian womanhood".

Kasturba's last satyagraha was when she was going to address a meeting that was supposed to have been given by her husband who had been arrested after the Quit India Movement was launched on August 9, 1942 She was arrested along

with Dr. Sushila Nayar before she reached the venue. She joined her husband in the Aga Khan Palace Prison. This was to be their last home together. Ba was very frail and unwell by this time and she died there on 22nd February, 1944.

Kasturba was the mirror in which Mahatma Gandhi could see his reflection with all his flaws and defects. Through Kasturba's sacrifice and strength and spirit Gandhiji understood and empathised with issues relating to women. She was the one who inspired Gandhiji to write "woman is the incarnation of ahimsa. Ahimsa means infinite love, which again means infinite capacity for suffering. Who but woman, the mother of man, shows this capacity in the largest measure". (Exploring Gandhi p233 Manmohan Choudhuri.)

The spirit of Matrishakti as epitomised by Kasturba still pervades the Kasturba Gandhi NationalMemorial Trust – even 75 years after its creation.

The headquarters are located in Kasturbagram, Indore and there are 22 Branches in almost every part of India. There are dedicated workers who continue to serve their communities till today.

I started working with The Kasturba Trust in 1994 during its Golden Jubilee celebrations. It was my honour that Dr Sushila Nayar, who was the Chairperson at the time, welcomed me and guided me literally holding my hand at every step. Particularly poignant for me is the memory of her holding my hand and saying "The Trust needs you – I'm not letting you go!" Sushila Masi, as I called her, had been imprisoned with Kasturba at the Aga Khan Palace Prison and had nursed her throughout till her final days.

The issues that were close to Mahatma Gandhi's heart – such as creation of village industries, poverty alleviation, financial independence, education and healthcare for women in disadvantaged areas – all these topics are as relevant today as they were in 1945. However, additional issues havebeen added – for example the impact of a burgeoning population on rural India, the demographic shift in our country, subjects like GM foods, new illnesses etc. The Trust today faces a time where in order to continue to be relevant it has to engage in introspection and has to recognise that Gandhiji's vision can still be implemented in a totally transformed society yet where the youth isactively looking for answers and solutions. The Trust – by which I mean the Trustees and all the Karyakartas have to recognise that a New Order can be evolved which is true to the original spirit of Mahatma Gandhi and the exceptional men and women who created and led this historic institution. In Gandhiji's mind The Trust was supposed to be a Vehicle for Change – a movement, not a static organisation – in which the spirit of Matrishakti would be combined with Satyagraha and whichwould be the best practical expression of Sarvodaya. The Trust has to be willing to renew itself inorder to continue to motivate people and bring young people on board. We have to remember that Mahatma Gandhi's message of Ahimsa – a concept ingrained in the soul of our land – motivated theyouth of his time and continues to do so today worldwide.

Young people have to be encouraged, their ideas have to be listened to, their aspirations should not be dismissed. The older generation, of which today I am a part, needs to guide without judgementand prejudice but with kindness. This is the only way The Kasturba Gandhi National Memorial Trustwill survive and thrive in the future. After all Sushila Masi and the other Trustees reposed their faithin me so many years ago when I was myself young and I was appointed as the Pratinidhi of the Delhi Branch. Today as a Trustee I feel it is my duty to encourage new ideas and talk to young people – this is a sacred institution that attracted historic figures from politics, business families, academics – allluminaries who worked for this Trust – inspired by the memory of the unique woman who was Kasturba Gandhi.

✦ ✦ ✦

Contact: 98101 59115

# વાત્સલ્યમૂર્તિ બા

## લેડી પ્રેમલીલા ઠાકરશી

**પૂ**નાની મારી 'પર્ણકુટી'ની અગાસી પરથી આગાખાન મહેલ સ્પષ્ટ દેખાય છે. એ તરફ નજર પડતાં જ પૂજ્ય બાના મૃત્યુનો પ્રસંગ નજર સન્મુખ ઊભો રહે છે. ને નમણું, મોટા લાલ ચાંલ્લાવાળું વ્યથાપૂર્ણ છતાં એમનું શાંત નિર્મળ વદન નજર સન્મુખ સ્પષ્ટ દેખાય છે.

૧૯૧૫માં શ્રીમતી જાઈજી પીટીટે પોતાના ભવ્ય નિવાસસ્થાનમાં પૂ. ગાંધી દંપતીને આપેલી પાર્ટીમાં મેં એમને પહેલાં જોયાં. સંપત્તિ ને સૌંદર્યના એ આવાસમાં ગાંધી દંપતી પોતાની સાદાઈ અને સરળતાથી જુદાં જ તરી આવતાં હતાં. બાએ એ દિવસે લાંબી બાંયનો કબજો અને છાપેલી સાડી પહેરી હતી. પ્રથમ દર્શને બા મને સીધાંસાદાં ને ભલાંભોળાં લાગેલાં પણ એમનો પ્રત્યક્ષ પરિચય તો મને ઈ.સ. ૧૯૨૮માં જ્યારે હું સાબરમતી આશ્રમમાં ગઈ ત્યારે થયો.

પૂજ્ય બા આશ્રમમાં રસોડાની વ્યવસ્થા સંભાળતાં. મહેમાનોનો આદરસત્કાર પણ એ જ કરતાં. દેશપરદેશના મહેમાનોએ એમના આતિથ્યની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. ભિન્નભિન્ન સ્વભાવનાં અને ભિન્નભિન્ન ટેવોવાળાં અનેક સ્ત્રી-પુરુષો આશ્રમમાં એકત્રિત રહી શકતાં તે બાને લીધે. બા દયાની સાક્ષાત મૂર્તિ હતાં. એ બધાંને સંભાળતાં ને બધાંની આવશ્યક્તાઓનો ખ્યાલ રાખતાં. એક વાર આશ્રમમાં ગોશીબહેન કૅપ્ટન મહેમાન હતાં. આશ્રમમાં દરેકને પોતાનું કામ જાતે જ કરવું પડતું. ગોશીબહેનને એની ટેવ નો'તી. એટલે જમ્યા પછી થાળી અજવાળતી વખતે એ મૂંઝવણમાં પડ્યાં. એ વિચાર કરતાં હતાં ત્યાં તો ધીમેથી બાએ એમના હાથમાંથી થાળી ખેંચી લીધી ને કહ્યું : 'બહેન, તમને એ ટેવ નથી. તમારાથી નહિ મંજાય. અને એક થાળી માંજતાં મને થાક નહિ લાગે.'

બાનો સ્નેહ નિરાળો જ હતો. ઘણી વાર એ આશ્રમમાં બહેનોનો પક્ષ લઈ બાપુ સાથે ઝઘડતાં ને જીતતાં. જેટલા પ્રેમ ને લાગણીથી એ આશ્રમમાં બહેનોનો પક્ષ લેતાં તેટલી જ લાગણીથી બા બહેનોને જેલમાં સાંભળતાં. હું સેવાગ્રામમાં બાને મળવા ગઈ ત્યારે બા ઓટલા પર બેઠાં હતાં. એમની આસપાસ બહેનોનું મંડળ જમા થયું હતું. બા હસતાં હસતાં એમની સાથે વાતો કરતાં હતાં. આ દશ્ય અદ્ભૂત હતું.

બાપુ જ્યારે જ્યારે પૂના આવતા ત્યારે પૂર્ણકુટી પાવન કરતા. બા પણ સાથે હોય જ. પરંતુ એ તો ઊડતી મુલાકાતો હતી. ૧૯૩૩માં બાપુએ હરિજન અપવાસ પર્ણકુટીમાં કર્યો ત્યારે એમની સાથે ઝાઝો સમય ગાળવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું. બાપુ ઉપવાસ કરતા હોય ત્યારે બા અન્ન ન લેતાં. ફક્ત એક વાર ફળાહાર કરતાં. કોઈ વાર તો એ પણ ન કરતાં. ફક્ત એકાદ પ્યાલો કૉફીથી ચલાવી લેતાં. ઉપવાસ નિર્વિઘ્ને પૂરા થયા પછી એક દિવસ અમે બધાં આનંદથી બેઠાં હતાં. સાંજ હતી. વાતમાં ને વાતમાં દેવદાસના લગ્નની વાત નીકળી. મેં સ્ત્રીસુલભ સ્વભાવથી ઘરેણાં-કપડાંની વાત કાઢી, બાપુ ચીઢાઈને બોલ્યા, 'તમારે તો લક્ષ્મીને સોનાથી મઢવી હશે પણ જાણો છો, મેં બાની પાસે પણ કંઈ રાખ્યું નથી.' બા તરત હસતાં હસતાં બોલ્યાં : 'સાચું છે. એમણે આફ્રિકામાં મારાં બધાં ઘરેણાં લઈ લીધાં હતાં. મને કંઈ પહેરવા નથી દીધું તો વહુને શું પહેરવા દેશે?'

બાપુએ એક વાર કહ્યું હતું કે 'બાની વિશેષતા એ છે કે ઇચ્છા હોય કે ન હોય, પણ એ મને અનુસરે છે' કદાચ આને ઉદ્દેશીને જ બાએ મને કહ્યું હતું. 'બહેન, આ દુનિયામાં કોણ કોનું છે? અમારું જીવન એવું છે કે જે સંબંધ બાંધ્યો તે નિભાવવો જ રહ્યો. બાપુનો માર્ગ કોઈ વાર તો હૃદય વીંધી નાખે એવો હોય છે. એમને સંતોષ આપવો મારા ગજા બહારની વાત છે. એ ખડગની ધાર પર હું શી રીતે ચાલું? પણ બીજો રસ્તો યે ક્યો? જેમને સારો સંસાર પૂજે છે તેમને હું કેમ છોડું? મારે મારું સર્વસ્વ હોમી એમને સાથ આપવો જોઈએ.'

પૂજ્ય બાપુના આગાખાન મહેલમાં ઉપવાસના સમયે સૌથી પહેલાં એમને મળવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. બા એ વખતે ખૂબ વ્યાકુળ હતાં. મને કહે 'આ આવો ને આવો તુક્કો કર્યા કરે છે.' બાપુ હસ્યા પણ મેં જોયું કે બાના મોં પર વિષાદની ઘેરી છાયા હતી. એમણે મહાદેવભાઈના મૃત્યુની વાત છેડી. ને બોલ્યાં, 'મારે જવું હતું ને મહાદેવ કેમ ગયો?' મહાદેવભાઈના અકાળ મૃત્યુની બા પર ઊંડી છાપ પડી હતી. મેં બાપુના ઉપવાસ વિશે ચિંતા વ્યક્ત કરી ત્યારે એમણે કહ્યું, 'તમે ચિંતા ન કરો. હું બાપુના પહેલાં જવાની છું. બાપુ જરૂર સારા થશે, પણ હું અહીંથી જીવતી બહાર નીકળવાની નથી. આ તો મહાદેવનું મંદિર છે. મહાદેવ ગયો એ રસ્તે હું જઈશ, અને એમ જ બન્યું.

ઉપવાસ દરમિયાન એક દિવસ બાપુની તબિયત ઘણી ખરાબ હતી. એવામાં બાની બંગડી તૂટી ગઈ. અનેક અમંગળ શંકાઓથી બા વ્યાકુળ થઈ ગયાં. નરગિસબહેને ત્યાંથી આવી મને આ વાત કરી. મેં તરત જ બંગડીઓ મોકલાવી. એ પહેરી ત્યારે એમને સાંત્વન મળ્યું. આશ્ચર્યની વાત તો એ છે કે એમના અગ્નિસંસ્કાર પછી ફૂલ એકઠા કરતી વખતે એ બંગડીઓ એવી ને એવી મળી આવી.'

નારી લડતના આ જમાનામાં બાએ પુરાણી સતીઓનું જીવન જીવી બતાવ્યું, અને સીતા સાવિત્રીની પંક્તિમાં જઈ બેઠાં. બાના વ્યક્તિત્વમાં કોઈ આકર્ષણ નો'તું પણ સૌને જીતવાની કળા એમને સાધ્ય હતી. ગાંધીજીના કેટલાયે સિદ્ધાંતો એમને પચાવવામાં મુશ્કેલી પડતી, શરૂઆતમાં ખાદી અપનાવવામાં એમને ત્રાસ થયો. પણ પછી એટલાં બધાં ખાદીનિષ્ઠ થઈ ગયાં, કે એક વાર એમના અંગૂઠા પર વાગ્યું ત્યાં પટી બાંધવા મિલનું કપડું આપ્યું તેનો અસ્વીકાર કર્યો ને ખાદીનો ટુકડો જ માગ્યો.

ભારતે એમને બા કહ્યાં, અને બા તરીકે જ સન્માન્યાં. બાપુએ પણ બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યા પછી એમને 'બા' કહ્યાં, એમનો પ્રેમપ્રવાહ સારાયે વિશ્વમાં વહી રહ્યો છે.

✦ ✦ ✦

# પ્રથમ જેલવાસ

**વૉ**લક્રસ્ટની જેલમાં દાખલ થયા ને બીજે દિવસે પિતાશ્રીને દુભાષિયાનું કામ કરવાનું આવ્યું ત્યારે ભારે વિનોદ થયો. જેલના કારકુને પૂજ્ય બા વગેરેને તેમનાં નામ, ઠેકાણું ને ઓળખ લખી લેવા બોલાવ્યાં. એમાં જ્યાં કુંવરબહેન અંગ્રેજી જાણતાં હોઈ બધાંની વતી બોલી શકત, પણ તેઓ મૂંગાં જ રહ્યાં. નછૂટકે મારા પિતાશ્રીને જેલરે ઑફિસમાં બોલાવ્યા અને કારકુનના એક એક સવાલનો જવાબ મેળવવા કહ્યું.

કારકુન : (પૂજ્ય બાને બતાવને) આ પહેલાં ઊભાં છે એમનું નામ પૂછો.

પિતાશ્રી : (પૂજ્ય બાને) આ કૃષ્ણભવન (જેલ)ની પહેલી રાત કેવી ગઈ?

પૂ. ભા : અમે તો અંધારું થયું એટલે ભજન-કીર્તન ગાઈ નિરાંતે ઊંઘી ગયેલાં.

પિતાશ્રી : (કારકુનને અંગ્રેજીમાં) એમનું નામ કસ્તૂરબા.

કારકુન બિચારો એ નામની જોડણી ન કરી શક્યો એટલે પિતાશ્રીને જ એ નામ લખી આપવું પડ્યું.

કારકુન : એ પરણ્યાં છે?

પિતાશ્રી : (પૂ. બાને) રાતે વાળુ કર્યું?

પૂ. બા : મારે તો ફળાહાર જોઈએ. અને આ બધીયુંએ તો રોટી અને શાક આવ્યાં તે સૂંઘીને મૂકી દીધાં. કહે, આવા સૂગામણા ઠામમાં કેમ ખવાય? અને એવું રેઢિયાળ શાક મોઢામાં કોને નાંખવું ગમે?

પિતાશ્રી : (કારકુનને) તેઓ પરણ્યાં છે અને તેમના પતિનું નામ મોહનદાસ કરમચંદ.

આ પછી ઉંમર, જાત, વતન વગેરે સવાલો એક પછી એક ચારેયને પૂછ્યા અને પિતાશ્રીએ કેદખાનાની પહેલી રાતના પૂરા ખબર જાણ્યા અને આપ્યા. બાના ફળાહારનું શું થશે એ ચર્ચા પણ કરી અને જણાવ્યું કે હનુમાનજી (મિ. કેલનબેક) વૉલક્રસ્ટમાં આવી પહોંચ્યા છે અને જેલરને મળી ફળ પહોંચાડવાની ગોઠવણ કરતા હોવાના ખબર મળ્યા છે.

પછી સૌની બદલી મેરિત્સબર્ગની જેલમાં થઈ. મેરિત્સબર્ગથી પહેલાં ખબર આવ્યા કે બાને ફળ નથી અપાયાં, જ્યારે બાની તો પ્રતિજ્ઞા હતી કે ગમે તે ભોગે જેલમાં ફળાહાર જ કરવો. જો જેલવાળા ફળ પૂરાં ન પાડે તો ભૂખ્યા રહેવું, મરવાવારો આવે તો મરી જવું. પણ પ્રતિજ્ઞાને જેલના અધિકારીઓએ તુચ્છકારી કાઢી અને કહ્યું : 'એવા ચાળા કરવા હતા તો જેલમાં શા સારું આવ્યાં?'

બા પાસે બીજો ઉપાય ન રહ્યો. તેમણે ઉપવાસ આદર્યા. એક, બે ત્રણ દિવસ થયા ત્યાં એમના ઉપર તાડૂકતી મેટ્રન ઢીલી થઈ ગઈ; કહે, ''અમને રોંઢાની એક ટંકની ચા નથી મળતી ત્યાં અમારું માથું ફરી જાય છે અને તમે સુકલકડી શરીરે ત્રણ-ત્રણ દિવસ ખાધા વિના કેમ ચલાવો છો? અમે લાચાર છીએ. તમારે માટે કંઈ કરી શકીએ એમ નથી. જેલમાં માગ્યું ખાવા ન મળે. મહેરબાની કરી જે મળે છે તેથી ચલાવો.''

પાંચમે દિવસે સરકાર ઝૂકી અને બાને ફળ મળ્યાં પણ એ એટલી ઓછી માત્રામાં મળ્યાં કે ખરું જોતાં બાને ત્રણ મહિના અર્ધ ઉપવાસી જ રહેવું પડ્યું. ફક્ત ત્રણ કેળાં, ચાર પ્રન્સ (એક જાતનાં ફળ) બે ટમેટાં અને બે લીંબુ, આમાં મગફળી જેવી કોઈ પણ ચીજ ન હતી કે જેથી ઘી તેલની ગરજ સરે. ત્રણ મહિને પૂજ્ય બા જેલના દરવાજામાંથી બહાર આવ્યાં ત્યારે સાવ હાડપિંજર થઈ ગયાં હતાં. એમનાં દર્શન કરનારની આંખમાંથી આંસુ ટપકી પડ્યા વિના ન રહ્યાં.

**– પ્રભુદાસ ગાંધી (ગાંધીજીના ભત્રીજાના પુત્ર અને સાથી)**

# બાપુના પત્રો, બાને

## સંકલન : સોનલ પરીખ



**બા**-બાપુના દાંપત્યમાં વિયોગના લાંબા ગાળા આવતા રહ્યા. પહેલો વિયોગ બાપુ તરુણ વયે ઇંગ્લેન્ડ ગયા એ. ૧૮૮૮ની સાલ હતી. સંપર્ક માટે પત્ર સિવાય કોઈ માધ્યમ નહીં. પત્ની નિરક્ષર લગભગ, અને વળી પરિવારની, સંબંધોની મર્યાદાઓ. મોહનદાસ ભાઈ પર પત્ર લખે, એ ભાભી કસ્તૂરને વાંચી સંભળાવે.

પછી દક્ષિણ આફ્રિકામાં તો મોટા ભાગનાં વર્ષો બન્ને સાથે હતાં. ૧૯૧૫માં ભારત આવ્યા પછી બાપુનું જાહેર જીવન પૂરજોશમાં શરૂ થયું. પ્રવાસ, જેલવાસ, વિયોગના નિમિત્ત બનતા. બાપુ નિયમિત, લાંબા પત્રો બા પર લખતા. નાનીનાની માહિતી, નાનીનાની પૂછપરછ, નાનીનાની કાળજી અને બાની માગણીથી ક્યારેક પ્રાર્થના વખતે કરેલું પ્રવચન અથવા ચિંતન. બા પરના આ પત્રોમાં આત્મીયતાની સુગંધ છે, વિચારો વહેંચવાનો પ્રસન્ન ભાવ છે.

બાના નિધનને ચારેક વર્ષ થયાં ત્યારે દક્ષિણ આફ્રિકામાં બાપુના બા પરના પત્રોની એક પુસ્તિકા તૈયાર થવા માંડી. એમાં બાપુના ઘણા પત્રોનો સમાવેશ થયો હતો. પણ એ પ્રગટ થાય એ પહેલા બાપુ પણ ચાલ્યા ગયા.

બાપુના બા પરના પત્રોમાં એમના દાંપત્ય ક્યારાની તુલસીની મંજરી મહેક છે. ૧૯૩૯માં રાજકોટ સત્યાગ્રહ વખતે બા જેલમાં હતા ત્યારે બાપુ વર્ધાથી રોજ તેમને પત્ર લખતા. બાના પત્રો ધાર્યા મુજબ ન આવે ત્યારે ચિંતા વ્યક્ત કરતા, માગણી પણ કરતા.

૧૯૩૪માં બા જેલમાં હતાં. દેવદાસ એમને મળી પછી બાપુ પાસે ગયા. બાપુ લખે છે, 'દેવદાસે તારે વિશે બધું કહ્યું છે. ખાવાનું બરાબર હોય અથવા ન હોય છતાં તું આનંદમાં રહે છે એ જાણીને રાજી થયો છું. ગીતા અને બીજાં ધર્મપુસ્તકો વાંચ્યાનું એટલું ફળ ન આવે તો તે ન વાંચ્યા બરોબર જ સમજવાં.'

પછીના પત્રમાં લખે છે, 'એક પંથ ઔર દો કાજ એવી આપણામાં કહેવત છે. એવો ક્યો પંથ છે જે લેવાથી હંમેશા દો કાજ સરે? દો કાજ એટલે બે જ કાર્ય એમ નથી. દો નો અર્થ અહીં એક કરતાં વધારે એવો છે. તો એવો સોનેરી પંથ કયો જે કરવાથી બધા અર્થ સરે? એ માર્ગ કેવળ પરોપકાર છે. ત્યારે જેલમાં બેઠા કેવી રીતે પરોપકાર થાય? આખા જગતનું કલ્યાણ ઇચ્છીએ અને આપણે હાથ જે સેવા આવે તે કરી છૂટીએ.'

તે પછીનો પત્ર : 'હરિલાલનું તેં પૂછ્યું છે. તે પોંડીચેરી ગયો હતો. હમણાં ક્યાં છે તે ખબર નથી. પૈસા આવે ત્યારે દારૂ પીએ છે. એનું એમ જ ચાલશે. ઈશ્વર તેને સન્મતિ આપે. હરિલાલનો ગર્ભ રહ્યો ત્યારે હું કેવો મૂઢ હતો? જેવાં મેં ને તેં કર્યાં હશે તેવું જ આપણે ભરવું રહ્યું. છોકરાઓના વર્તનને સારું. આમ માબાપ જવાબદાર છે જ હવે આપણે તો એટલું જ કરી શકીએ કે આપણે શુદ્ધ થઈએ. આપણી શુદ્ધિની અસર જાણ્યેઅજાણ્યે હરિલાલ પર પડતી જ હશે.'

૧૯૩૪ થી ૧૯૩૬નાં વર્ષો દરમ્યાન બા-બાપુ ઘણું અલગ રહ્યાં. પહેલા જેલવાસ, પછી સાબરમતી આશ્રમ હરિજન સેવક સંઘને આપી દીધો હોવાથી 'ઘર' વગરના હોવાની સ્થિતિ. બા ક્યારેક બાપુ સાથે પ્રવાસે ગયાં હોય, ક્યારેક પુત્રોને ત્યાં હોય, ક્યારેક કોઈ ગામડામાં ખાદી કે બહેનોનું કામ કરતાં હોય. એવા એક વિયોગ દરમ્યાન બા બીમાર પડ્યાં. બાપુએ લખ્યું, 'બા, તારી પરીક્ષા ઈશ્વર ઠીક કરી રહ્યો છે. તું ગભરાતી નહીં. જે દાક્તરો કરે તે કરવા દેજે. મને કાગળ બરોબર લખ્યા કરજે.' પછીની એક બીમારી વખતે લખે છે, 'તેં તો મને બરાબર ચિંતામાં નાખી દીધો. તારી તબિયત વિશે આ વખતે મેં ભોગવી એવી ચિંતા કદી નથી ભોગવી. મારી ચિંતાનું કારણ મેં તને દુઃખી છોડી હતી એ હતું. તું એ ભૂલી ગઈ, પણ હું કેમ ભૂલું? ઝટ સાજી થઈ જા.' આ પત્ર લખ્યો ત્યારે બાપુ સરહદ પ્રાંતમાં ફરતા હતા. બા દિલ્હી દેવદાસને ત્યાં હતાં. બીજા દિવસના પત્રમાં લખે છે, 'તારી ચિંતા થાય છે. તારી ને ધર્મની વચ્ચે મન હીંડોળા ખાધા કરે છે. મન કહે છે, તારી પાસે દોડી આવું. ધર્મ કહે છે, જ્યાં છે ત્યાંનું પૂરું કરું. હવે તું ઝટ સાજી થા તો મારી ચિંતા દૂર થાય.' 'હું બાની પથારી આગળ મારી હાજરી ઇચ્છું ને બા પણ ઇચ્છે. છતાં મારે છાતી કઠણ કરી ધર્મ પાળવો રહ્યો.'

૧૯૩૯ રાજકોટ સત્યાગ્રહ વખતે બા સિત્તેર વર્ષની ઉંમરે જેલમાં હતાં. બાપુ રોજ કાગળ લખતા. 'બા, તું ઠીક તવાઈ રહી છે.

જે અગવડ પડે તેના ખબર તારે આપવા જ. તું દુઃખ સહન કરવાને જન્મી છો.' 'રામ-સીતાના દુઃખ પાસે આપણાં દુઃખની શી ગણત્રી?' 'મારી ચિંતા ન કરીશ. મારી તબિયત ચિંતાજનક થાય તો પણ હું તારી પાસેથી એ જવાબની આશા રાખું કે વિયોગમાં બાપુનું મૃત્યુ સરજાયું હશે તો થશે પણ હું તો મારાં છોકરાં પીલાય છે ત્યાં પડી છું.' 'મારાં છોકરાં' એટલે અહીં રાજકોટની પ્રજા.

આ તો હતાં થોડાં ઉદાહરણ. હવે થોડા પત્ર આખા મૂકું છું, જેમાં બા-બાપુના આંતરબાહ્ય જીવનની અને એમની વચ્ચેના અતૂટ સંબંધની ઝાંખી થાય છે.

(દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની બીજી લડતમાં બાપુને કારાવાસમાં મૂકવામાં આવ્યા હતા. તે ગાળામાં બા ઘણી ગંભીર માંદગીમાં સપડાયેલાં. બાપુના દામ્પત્યજીવનને સ્પર્શતો આ ભાવભીનો પત્ર તે વખતનો છે.)

પ્રિટોરિયા,

૯-૧૧-૧૯૦૮

વહાલી કસ્તૂર,

તારી તબિયતનો તાર મિ. વેસ્ટે[૧] આજે મોકલ્યો છે. મારું હૈયું કોતરાય છે. પણ મારી ચાકરી કરવા આવું એવું સ્થિતિ નથી. સત્યાગ્રહની લડતમાં મેં બધું અર્પણ કર્યું છે. મારાથી ત્યાં અવાય જ નહીં. દંડ આપું તો જ અવાય. દંડ તો ન જ અપાય. તું જરા હિંમત રાખે, રીતસર ખાય તો સારું થઈ રહેશે. છતાં મારે નસીબેથી તું જશે જ એમ હશે તો હું તને એટલું જ લખું છું કે તું વિયોગમાં પણ મારી હયાતીમાં જ ચાલી જાય તેમાં ખોટું નથી. મારું હેત તારી ઉપર એટલું છે કે તું મૂએલી છતાં મારે મન જીવશે. તારો આત્મા અમર છે. તું ઈશ્વર ઉપર આસ્થા પ્રાણ તજજે. તું મરીશ તો તે પણ તારો સત્યાગ્રહને ભોગ છે. મારી લડત તે માત્ર રાજદ્વારી નથી. તે લડત ધાર્મિક છે, એટલે અતિ ચોખ્ખી છે. તેમાં મરવું તોયે શું અને જીવવું તોયે શું? તું પણ એમ જ માની જરાયે ઓછું નહીં લાવે એવી મારી ઉમેદ છે. એવું તારી પાસેથી હું માગી લઉં છું.

મોહનદાસ

(બાપુના બાને પત્રો, ઇંટરનેશનલ પ્રિંટિંગ પ્રેસ, ફીનિક્સ (નાટાલ), પૃ. ૩૪)

---

*૧. મિ. એલ્બર્ટ વેસ્ટ, દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના સાથી,* ***इंडियन ओपीनियम****ના સહ-સંચાલક.*

૨-૧૧-૧૯૩૮

બા,

હવે તો ૯ દિવસ બાકી છે ને ઈશ્વરની ઇચ્છા હશે તો મળશું. તે જ દિવસે સેગાંવ જશું. તારા કાગળમાં એક વચન હતું તેનો જવાબ રહી ગયો છે. તેં લખ્યું, મેં તારા માથા ઉપર જતાં હાથ પણ ન મૂક્યો. મોટર ચાલી ને મને પણ લાગ્યું. પણ તું દૂર હતી. તને બહારની નિશાની જોઈએ કે? એમ કેમ માની બેસે છે કે હું બહારથી નથી દેખાડતો, તેથી મારો પ્રેમ સુકાઈ ગયો છે? હું તો તને કહું છું કે મારો પ્રેમ વધ્યો છે ને વધતો જાય છે. પૂર્વે ઓછો હતો એમ નહીં, પણ જે હતો તે રોજ વધારે નિર્મળ થતો જાય છે. હું તને કેવળ માટીની પૂતળી નથી માનતો. વધુ શું લખું? આનો અર્થ ન સમજી હો તો દેવદાસ સમજાવશે. પણ જેમ અમૂલ, લીલાવતી વગેરે બહારનાં ચિહ્નો માગે છે એમ તું પણ માગે તો હું આપીશ.

(અમારાં બા, નવજીવન, ૧૯૬૯, પૃ. ૧૧૨)

૨૫-૧૨-૩૩

બા,

તને મેં લાંબો કાગળ ગયે સોમવારે લખ્યો હતો તે મળ્યો હશે. આ સોમવારે સીતાનગરમમાં છીએ. સીતાનગરમ ગોદાવરીને કિનારે છે, નાનકડું ગામડું છે, તેમાં આશ્રમ છે. આંધ્ર દેશમાં છે. ગામડું છે તેથી ખૂબ શાંતિ છે. અમે હોડીમાં બેસીને આવ્યાં છીએ. નદી મોટી છે તેથી તેમાં નાનકડી સ્ટીમરો જઈ શકે છે. તેં પ્રવચન જેવું માગ્યું છે. એક તો આજે આપવું જોઈએ ને?

આજના ગીતાના અધ્યાય ૯-૧૦-૧૧-૧૨ હતા. નવમા અધ્યાયમાં ભગવાન કહે છે કે જેઓ મને ભજે છે તે મને પામે છે. બારમા અધ્યાયમાં ભક્ત કોને કહેવા તે બતાવે છે. ખૂબી એ છે કે એમાં એવું એકે લક્ષણ નથી રહ્યું કે જે સાવ અજાણમાંયે ન હોઈ શકે. જે સ્ત્રી કે પુરુષ પોતાની મેળે કોઈની મદદ વિના મહેનત કરે તે ભક્ત થઈ શકે, એટલે ભગવાનને પામી શકે. લક્ષણ આટલાં કહ્યાં છે – કોઈનો દ્વેષ ન કરે, પ્રાણીમાત્રની સાથે મૈત્રી રાખે, બધાંને વિશે દયા રાખે, જેને મારું એવું કાંઈ નથી. જેને અહંકાર નથી, જેને સુખદુઃખ સરખાં છે. જે ક્ષમાવાન છે, જે હંમેસાં સંતોષી છે, જે સંયમ પામે છે, જે પ્રતિજ્ઞા પામે છે, જેણે પોતાનાં મન અને બુદ્ધિ ઈશ્વરને અર્પણ કર્યાં છે, જે કોઈને સુખ ન દે, જે ભય ને ચિંતાથી મુક્ત છે, જે કશાની આશા ને ઇચ્છા નથી રાખતા, જે પવિત્ર છે, કાર્યકુશળ છે, જેણે બધો ત્યાગ કર્યો છે, જેને શત્રુ મિત્ર સરખા છે, માન અપમાન સરખાં છે, જે ટાઢ-તડકો સહન કરે છે, નિંદાસ્તુતિ જેને સમાન છે જે જ્યાં હોય ત્યાં ઘર માની રહે છે અથવા જેને ઘર જેવું કંઈ છે જ નહીં, જે વગર કારણે બોલતા નથી અને જેનું મન ઠેકાણે છે તે મારા ભક્ત કહેવાય. આ તમે બધા ફરીફરી વિચારી જાઓ તો માલૂમ પડશે કે જેને ઇચ્છા છે તે કોઈની મદદ વિના ભક્ત થઈ શકે.

✦ ✦ ✦

# કસ્તૂરબા ગાંધી

## લીલાવતી મુનશી

**રા**માયણનાં સીતામાતાની અને મહાભારતનાં દ્રૌપદીની કથા ભરતખંડના બંને છેડે ક્યા આર્યગૃહમાં અજ્ઞાત હશે? ગૌરી અને સાવિત્રીનાં વ્રત કરતી કન્યાઓ બાળવયમાંથી જ એમને ઓળખે છે. સુખ અને દુઃખમાં પતિની સાથેના સહધર્મચારનું સૂત્ર બાળાઓના કર્ણમાં મંત્રરૂપે બાળપણથી મૂકવામાં આવે છે. સૌ કસ્તૂરબાનું જીવન એવા જ સહધર્મચારની સાક્ષીરૂપે આપણી સમક્ષ છે.

સૌ. કસ્તૂરબામાં જ્ઞાનનો આડંબર કે વાક્પટુતા નથી. વિદ્વત્તા મેળવવા એમણે કદીયે ઉદ્યોગ કર્યો નથી. મહાત્માજીના પત્નીપદનો ગર્વ એમના મુખ પર કદીયે દેખાયો નથી. ગાંધીજીના જયનાદ સાંભળતાં સાંભળતાં એ સાદાં કસ્તૂરબા જ રહ્યાં છે. પ્રતિકૂળ સંજોગોમાં એમની પતિભક્તિ ચળી નથી. ગાંધીજીના વિજય અને ગૌરવમાં એમણે અર્ધો હિસ્સો કદીયે માગ્યો નથી. ગાંધીજીની મહાનુભાવતા એમનાથી નહીં સમજી શકાય હોય ત્યાં માત્ર અચલ શ્રદ્ધાથી એ એમને અનુસર્યાં છે. ફરિયાદની ઊની વરાળોથી એમણે એમને દઝાડ્યા નથી.

વગર વિદ્વત્તાએ બાપુજીનું જીવનકાર્ય એમણે સમજી લીધું છે અને બાપુજી અત્યારે કેદમાં છે ત્યારે એ સરલભાવે એમના હૃદયમાં જેટલું વસ્યું છે એટલું કરી રહ્યાં છે.

સૌ. કસ્તૂરબાએ અત્યાર સુધીમાં કંઈ ઓછાં બલિદાનો આપ્યાં નથી. બાલપણથી દઢ થયેલી કેટલીક માન્યતાઓને તિલાંજલિ આપતાં શરૂઆતમાં એમને ઘણું માનસિક કષ્ટ સહન કરવું પડ્યું હશે. દક્ષિણ આફ્રિકાના મહાન યુદ્ધમાં સર્વસ્વ આપતાં એમણે પાછું વાળીને જોયું નથી. હિંદમાં અત્યારે ચાલતી મહાન લડતમાં પતિ અને પુત્રોને જેલમાં વળાવતાં એમણે અપાર ધીરજ રાખી છે.

સૌ. કસ્તૂરબા એટલે સૌમ્યતાની મૂર્તિ. બાપુજીના સંન્યસ્તાશ્રમ જેવા ગૃહસ્થાશ્રમનો ભાર એમણે અતિ ધૈર્યશીલતાથી ઉપાડ્યો છે. ગૃહસંસારનાં નાનાં મોટાં કાર્યો કરતાં એમણે શ્રમને ગણકાર્યો નથી. એમની સાદાઈ માટે તો કહેવાનું જ શું હોય! સાદાં મિસીસ ગાંધીની પદવીની તો રાજ્ઞીઓ પણ અદેખાઈ કરી શકે. બાપુજીની સાથે કસ્તૂરબાની તરફ પણ લોકોએ હંમેશા પૂજ્યભાવ જ દાખવ્યો છે તે એમની આવડત કે જ્ઞાન ઉપર ફીદા થઈને કે એમની કાર્યશક્તિ ઉપર મોહિત થઈને નહીં, પણ સ્વામીની છાયાસમી વસતી પત્નીની અવિચલ શ્રદ્ધા અને આત્મસમર્પણને લીધે.

એક જ ગુણની સફળતાથીયે જીવન કેટલું મહાન થઈ શકે?

✦ ✦ ✦

---

**રા**જકોટ સત્યાગ્રહ વખતે બાની તબિયત સારી ન હતી છતાં તેઓ સૌરાષ્ટ્રના સુખદુઃખમાં ભાગ લેવા દોડી આવ્યાં. તેમની સાથે શ્રી મણિબહેન પટેલ થતા મૃદુલાબહેન સારાભાઈને પણ ત્રંબામાં નજરકેદ રાખ્યાં. દરમિયાન એક દિવસ પોલીસ ઉપરી ખાન ત્રંબા આવ્યા અને મણિબહેનને દરબાર વીરાવાળાનો સંદેશો આપ્યો કે 'સેવાગ્રામથી સમાચાર આવ્યા છે કે બાપુની તબિયત નરમ છે, બાને સેવાગ્રામ જવાની ઇચ્છા હોય તો વીરાવાળા સાહેબ બધી વ્યવસ્થા કરી આપશે.' મણિબહેનને આ સંદેશો સાંભળીને દુઃખ થયું. તેમણે બાને વાત કરી તેવાં જ બા અસ્વસ્થ બન્યાં. તેમની આંખો ભીની થઈ. મણિબહેન બાને ધીરજ આપવા લાગ્યાં એટલે બાએ કહ્યું : ''મારી મૂંઝવણનો તમને ખ્યાલ ન આવે. બાપુની માંદગીના ખબર સાંભળ્યા પછી મારા જીવને અહીં જંપ ન વળે અને જો સેવાગ્રામ દોડી જાઉં ને બાપુ કહે કે 'તું કેમ આવી?' તો મારે જીવવું ભારે થઈ પડે.''

મણિબહેન બાની મૂંઝવણ સમજ્યાં. તેમણે તરત જ માર્ગ કાઢ્યો. ખાનને તેમણે કહ્યું : 'બાને ને મને રાજકોટ લઈ જાઓ. અમે સ્ટેશનેથી ફોન કરી બાપુની તબિયત પૂછી જોઈશું પછી શું કરવું તે નક્કી કરીશું.'

ખાન સાહેબ સાથે પૂ. બા અને મણિબહેન ગયાં. અને વર્ધા ફોન કર્યો. ભાગ્યયોગે શ્રી પ્યારેલાલજી વર્ધા સ્ટેશને કોઈક કામસર આવેલા. તેમણે મણિબહેનને કહ્યું : 'બા રાજકોટ ગયાં છે તે દિવસથી બાપુ ખૂબ આનંદમાં રહે છે ને કહે છે કે બાની આ ખૂબી છે. ખરે વખતે તેનું હીર ઝળકી ઊઠે છે. સરદારે ના કહી છતાં સૌરાષ્ટ્રની દીકરી અને રાજકોટની વહુ તરીકે પહોંચી ગઈ. મને આથી શેર લોહી ચડે છે.' મણિબહેને ફોન મૂકી ખાનને આકરી ભાષામાં ઠપકો આપ્યો, 'સારું થયું કે અમે અહીં આવ્યાં. પણ આવા સમાચારથી બાને વધારે આઘાત લાગ્યો હોત ને કંઈક થયું હોત તો? ચાલો, અમને પાછાં ત્રંબા મૂકી જાઓ.'

# બા વિશેના બાપુના વિવિધ ઉદ્‌ગારો

**મા**રે જન્મોજન્મ સાથીની પસંદગી કરવાની હોય તો હું બાને જ પસંદ કરું.

❦

મારી પત્ની વિશેનો મારો પ્રેમ અને મારી લાગણી હું વર્ણવી શકું તો હિન્દુ ધર્મ વિશેનો મારો પ્રેમ અને મારી લાગણીઓ હું વર્ણવી શકું. દુનિયાની બીજી કોઈ પણ સ્ત્રી કરતાં મારી પત્ની મારા ઉપર વધારે અસર કરે છે.

❦

બાનો ભારે ગુણ કેવળ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. એ કાંઈ મારી ખેંચથી નહોતું બન્યું. પણ બામાં જ આ ગુણ સમય આવ્યે ખીલી નીકળ્યો. હું નહોતો જાણતો કે આ ગુણ બામાં છુપાયેલો છે. મારા પ્રથમ કાળના અનુભવ પ્રમાણે બા બહુ હઠીલી હતી. હું દબાણ કરું તોય તે પોતાનું ધાર્યું કરતી. તેથી અમારી વચ્ચે ક્ષણિક કે લાંબી કડવાશેય રહેતી. પણ મારું જાહેરજીવન જેમ ઉજ્જવળ થતું ગયું તેમ બા ખીલતી ગઈ, અને પુખ્ત વિચારે મારામાં અને મારા કામમાં સમાતી ગઈ. દિવસ જતાં એમ થયું કે, મારામાં અને મારા કામમાં – સેવામાં ભેદ ન રહ્યો. તેમ તેમ બા તેમાં તદાકાર થવા લાગી. આ ગુણ હિન્દુસ્તાનની ભૂમિને કદાચ વધુમાં વધુ ભાવે છે.

બામાં આ ગુણ પરાકાષ્ઠાએ પહોંચ્યો તેનું કારણ અમારું બ્રહ્મચર્ય હતું. મારા કરતાં બાને સારુ એ ઘણું વધારે સ્વાભાવિક નીવડ્યું. મેં વિચાર્યું અને બાએ એ ઊંચકી લીધું ને પોતાનું કરી મૂક્યું. પરિણામે અમારો સંબંધ સાચા મિત્રનો થયો. મારી સાથે રહેવામાં બાને સન ૧૯૦૬થી, ખરું જોતાં સન ૧૯૦૧થી, મારા કામમાં જોડાઈ જવા ઉપરાંત કે તેની બહાર કંઈ જ ન રહ્યું. તે નોખી રહી શકતી હતી, નોખા રહેવામાં એને કશી હરકત ન આવત, પણ તેણે મિત્ર થવા છતાં સ્ત્રી તરીકે અને પત્ની તરીકે પોતાનો ધર્મ મારા કર્મમાં સમાઈ જવામાં જ માન્યો. તેમાં મારી અંગત સેવાને બાએ અનિવાર્ય સ્થાન આપ્યું. એટલે મરતાં લગી મારી સગવડની દેખરેખનું કામ તેમણે છોડ્યું જ નહીં.

(અક્ષરદેહ-૭૯, પૃ. ૧૪૧)

❦

બા સતત મારી સાથે છે. જોકે તેનો દેહ અગ્નિમાં હોમાઈ ગયો છે. આ સત્ય હું બુદ્ધિ અને હૃદય દ્વારા સમજું છું તેમ છતાં દુનિયાભરની સહાનુભૂતિને મેં મહામૂલી ગણી છે. એને લીધે મને પહેલાં કદી નહોતો થયો એવો ઈશ્વરની ભલાઈનો અનુભવ થયો છે.

(અક્ષરદેહ-૭૭, પૃ. ૪૧૧)

❦

બાના મૃત્યુ પછી હિન્દુસ્તાનના વાઇસરૉય લોર્ડ વેવેલને ૯ માર્ચ ૧૯૪૪ના રોજ પત્ર લખ્યો, તેમાં બાપુ લખે છે :

“જો કે એના મૃત્યુને લીધે સતત વેદનાથી તે છૂટ્યાં એટલે એ ખાતર મેં એના મૃત્યુને આવકાર આપ્યો છે. તો પણ મેં ધાર્યું હતું એના કરતાં આ ખોટથી મને વધારે લાગે છે. અમે અસાધારણ દંપતી હતાં. ૧૯૦૬માં એકબીજાની સંમતિ પછી અને અજાણી અજમાયશ પછી અમે આત્મસંયમનો નિયમ નિશ્ચિતરૂપે સ્વીકારયો. આને લીધે અમારી ગાંઠ પહેલા કદી નહોતી તેવી દઢ બની તેથી મને ભારે આનંદ થયો. અમે બે ભિન્ન વ્યક્તિ મટી ગયાં. મારી એવી ઇચ્છા નહીં છતાં તેણે મારામાં લીન બનવાનું પસંદ કર્યું. પરિણામે તે સાચે જ મારું શુભતર અર્ધાંગ બન્યાં. તે હંમેશાં બહુ મજબૂત ઇચ્છાશક્તિવાળાં સ્ત્રી હતાં, જેને નવપરિણીત દશામાં હું ભૂલથી હઠીલાં ગણી કાઢતો. પણ મજબૂત ઇચ્છાશક્તિને લીધે તે અજાણમાં જ અહિંસક અસરકારકની કળાના આચરણમાં મારાં ગુરુ બન્યાં. આચરણનો આરંભ મારા પોતાના કુટુંબથી જ કર્યો. ૧૯૦૬માં જ્યારે મેં એને રાજદ્વારી ક્ષેત્રમાં દાખલ કર્યો ત્યારે એનું વધારે વિશાળ તથા ખાસ યોજેલું સત્યાગ્રહ નામ પડ્યું. દક્ષિણ આફ્રિકામાં હિંદી જેલયાત્રા શરૂ થઈ ત્યારે કસ્તૂરબા સત્યાગ્રહીઓમાંનાં એક હતાં.”

(ગાંધીજીનો અક્ષરદેહ-૭૭, પૃ. ૨૩માંથી)

❦

કસ્તૂરબા ગાંધી સ્મારક નિધિ માટે એકઠાં કરેલાં નાણાંના વિનિમય અંગે બોલતાં બાપુએ કહ્યું, “કામ ઝપાટાભેર ચાલે એ માટે અધીરો છું તેમ છતાં આ નાણાં છૂટે હાથે ખર્ચાય અથવા બેપરવાઈથી વપરાય એવું નહીં થવા દઉં. એ નાણાં એક અભણ અને સરળ હૃદયની નારીને નામ એકઠાં કરવામાં આવ્યાં છે. મારી નિંદા

કરનારા તો છે પણ બાની નિંદા કરનાર કોઈ નથી.''

(ગાંધીજીનો અક્ષરદેહ-૭૯, પૃ. ૧૩૧માંથી)

બાના અગ્નિસંસ્કારની ક્રિયા પૂરી થઈ ગયા પછી સૌ પાછાં ફર્યાં. બાપુ હૃદયમાં તીવ્ર વેદના અનુભવતા હતા. રાતે ખાટલામાં સૂતાં સૂતાં બાપુ દર્દભર્યા અવાજે બોલ્યા : ''બા વિહોણા જીવનની હું કલ્પના જ નથી કરી શકતો! હું ઇચ્છતો હતો કે બા મારા હાથમાં જ ચાલી જાય, જેથી મને ચિંતા ન રહે કે મારી પાછળ એનું શું થશે. પરંતુ એ મારા જીવનનું અવિભાજ્ય અંગ હતી. એના જવાથી મારા જીવનમાં જે ખાલીપણું પેદા થયું છે, તે કદી ભરાઈ શકવાનું નથી.''

(મુકુલભાઈ કલાર્થી સંપાદિત 'બા અને બાપુ'માંથી)

બા કેટલી ભોળી અને નિર્દોષ છે! પોતાનો જીવ જશે તો પણ મને નહીં છોડે. મારી પાછળ ચાલવાનો એણે એક મહામંત્ર ગ્રહણ કરી લીધો છે. દરેક વખતે મારી પાછળ ચાલવામાં એણે હંમેશાં બુદ્ધિ જ વાપરી છે એમ નથી, પણ એણે જે કંઈ કર્યું છે તે મારી ઉપરની શ્રદ્ધાથી જ કર્યું છે. બાની નિખાલસતાથી જ હું આટલો શોભ્યો છું અને લોકોએ મને મહાત્માપદ આપ્યું છે, પણ હું તો માનું છું કે બાનો સાથ ન હોત તો હું કાંઈએ કરી શક્યો ન હોત. બાએ પતિવ્રતા ધર્મને શ્રેષ્ઠ ગણીને અપનાવ્યો છે, પણ મેં ભૂલો કરી છે ત્યારે બાએ મને સમયસર ચેતવ્યો પણ છે એટલે પતિવ્રતા ધર્મને વેદિયો નથી કરી મૂક્યો. પતિવ્રતા ધર્મની સાથે બામાં નીડરતા પણ છે.

(૧૭.૯.૪૩ આગાખાન મહેલ - મનુબહેન ગાંધીની ડાયરીમાંથી)

બાની ચીજો પોતાને ત્યાં રાખવા કોઈ સંગ્રહસ્થાને બાપુને વિનંતી કરી હતી. બાપુને એ પસંદ નથી. કહે છે, 'એ મૂર્તિપૂજા થઈ. જેઓ બાને ઓળખે છે, જેમણે બાની સેવા તેમ જ ભક્તિ કરી છે તે ભલે બાની ચીજો પોતાની પાસે રાખે. બાની સાડી પહેરે તે કદી કોઈ બૂરું કામ કેવી રીતે કરી શકે?'

રાત્રે ત્રણે ભાઈઓને વિદાય કર્યા. દેવદાસભાઇ બાનો બિસ્તરો બાંધતા હતા. બાપુ કહે, 'જોજે, બા બાંધતી હતી તેવી જ સુઘડતાથી બિસ્તરો બાંધજે.'

(૨૫.૨.૧૯૪૪ 'કારાવાસની કહાણી' ડૉ. સુશીલા નય્યર)

મારું મન બા સિવાય બીજી કોઈ વાતનો વિચાર કરતું નથી. આ મેજ પર માથું મૂકી બા બેસતી. મારા માટે બા મેજ બહુ કીમતી બન્યું છે. એના પર માથું મૂકી બેઠેલી બા મારી આંખો સામે તરવર્યા કરે છે. બાએ અંતકાળે મને બોલાવ્યો ને મારા ખોળામાં ચાલી ગઈ એ એક અદ્ભૂત વાત છે. બાનું મૃત્યુ ભવ્ય હતું. મને એનો ખૂબ હર્ષ છે. દુઃખ છે તે મારા સ્વાર્થનું છે. બાસઠ વર્ષ પછી એનાથી જુદા પડવાનું ખૂંચે છે. ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં એ સ્મરણો હજી હું મનમાંથી કાઢી શકતો નથી.

(૨૭ ફેબ્રુઆરી ૧૯૪૪ 'એજન')

બાનું જવું એક કલ્પના જેવું લાગે છે. એને માટે હું તૈયાર હતો, પણ સાચેસાચ તે ચાલી ગઈ ત્યારે લાગે છે કે બા વિના હું મારું જીવન બરાબર ગોઠવી શકતો નથી.

(૩.૩.૧૯૪૪ 'એજન')

બાપુની પંચોતેરમી જયંતિ વખતે પંચોતેર લાખ રૂપિયા એકઠા કરવાની વાત ચાલતી હતી. કસ્તૂરબા ગુજરી ગયા એટલે એમના સ્મારક માટે ફંડ એકઠું કરવાની વાત ચાલી. બાપુએ કહ્યું, 'બંને ફંડો એક કરી નાખો. બા મારામાં સમાઈ ગઈ હતી. પોતાના પતિની ગોદમાં પ્રાણ આપે એવી સ્ત્રી કઈ છે? અંતકાળે તેણે મને બોલાવ્યો. એ વખતે મને ખબર ન હતી કે તે જાય છે પણ બા પાસે બેઠો ત્યારે સમજ્યો કે બા તો ચાલી. બા રેંટિયામાં રસ લેતી હતી. અમારા બંનેની જયંતિ નિમિત્તે એ ફંડ એકઠું કરવામાં આવે તો લોકો પર બોજો ન પડે.'

(૪.૪.૧૯૪૪ 'એજન')

બા ગઈ તેનો આઘાત હજી દૂર નથી થયો. બુદ્ધિ કહે છે કે બા માટે આનાથી સારું મરણ હોઈ શકે જ નહીં. મને હંમેશા ડર રહેતો કે બા મારી પાછળ રહેશે તો તેનું શું થશે. હું શોકમાં પડ્યો રહું છું. એવું ય નથી. બાનો વિચાર કર્યા કરું છું એમ પણ નથી. શું છે એનું હું વર્ણન નથી કરી શકતો.

(૨૩.૩.૧૯૪૪ 'એજન')

## Bapu's Homage to Ba. 'She Stood Above Me'

'Ba was not behind me in any essential respect. If anything she stood above me. But for her unfailing co-operation I might have been in the abyss. . . . . she helped me to keep wide awake and true to my vows. She stood by me in all my political fights and never hesitated to take the plunge in the current sense of the word, she was uneducated; but to my mind she was a model of true education. She was a devoted Vaishnava. But she had obliterated all feeling of caste from her mind and regarded a harijan girl with no less affection than her own children. She personified the ideal of which Narasimha Mehta has sung in the Vaishnavajan Hymn. There were occasions when I was engaged in a grim wrestle with death. During my Aga Khan Palace fast, I literally came out of death's jaws. But she shed not a tear, never lost hope or courage but prayed to God with all her soul.'

Bapu's Reply to the Viceroy Lord Wavels letter of condolence on Ba's Death.

'I send you and Lady Wavell my thanks for your kind condolences on the death of my wife. Though for her sake I have welcomed her death as brining freedom from living agony, I feel the loss more than I thought I should. We were a couple outside the ordinary. It was in 1906 that after mutual consent and after unconscious trials we definitely adopted self-restrain as a rule of life. To my great joy this knit us together as never before. We ceased to be two different entities. Without my wishing it, she chose to lose herself in me. The result was she became truly my better half.

She was a woman always of very strong will which, in our early days, I used to mistake for obstinacy. But that strong will enabled her to become quite unwittingly my teacher in the art and practice of nonviolent non-co-operation."

(સંકલિત)

✦ ✦ ✦

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### જમનાદાસ હાથીભાઈ અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૧,૦૦૦/- | શ્રી ધીરજલાલ પરમાનંદ દેસાઈ |
| **૨૧,૦૦૦/-** | |

### જરનલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦,૦૦૦/- | શ્રીમતી રસીલાબેન દિલીપભાઈ કાકાબળીયા |
| ૧૦,૦૦૦/- | શ્રીમતી અરૂણાબેન એમ. શાહ |
| **૨૦,૦૦૦/-** | |

### પુસ્તક વેચાણ

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રી મુકેશભાઈ શાહ હસ્તે – શ્રી ભરતભાઈ ઈન્દ્રવદન શેઠ |
| ૭,૫૦૦/- | શ્રીમતી નિર્મળાબેન ઈન્દ્રવદન શેઠ |
| ૭,૫૦૦/- | શ્રી હસમુખભાઈ ડી. શાહ હસ્તે – ભરતભાઈ પારેખ |
| ૭,૫૦૦/- | શ્રી અશોકભાઈ આર. દોશી – ઘાટકોપર |
| ૧૩,૮૬૯/- | શ્રી વિનય વિહાર કેશવણી મંડળ-પાલીતાણા |
| **૪૧,૩૬૯/-** | |

For online reading of full Prabuddh Jeevan Library - http:/prabuddhjeevan.in.

# A Sacred Dwelling of Non-violence - Kasturbaa Mohandas Gandhi

**Prachi Dhanvant Shah**

It is a known phrase that "Behind every powerful & successful man is a strong woman" but I would say, "A man who acknowledges his woman to be not behind but right next to him is the Great legend" Mohandas Karamchand Gandhi acclaimed an attribute of "Mahatma" because of his woman Kasturba right next to him in his life. His soulmate & better half, who was a woman with a vision through which Gandhi Bapu achieved victory to his dreams. A great relationship is pious only on grounds of two key factors. First, appreciating the similarities, and second respecting the differences. Such was the relationship of Mahatma Gandhi & Kasturbaa. Though Kasturbaa was way different in her thoughts & lifestyle than Mohandas Gandhi, she ran her own race with grace and dignity with her strong principles of non-violence. Often found sitting behind Gandhiji in pictures, the simple calm & serene lady is none other than Kastur Mohandas Gandhi who is affectionately addressed as Kasturbaa. She was a political activist who fought seamlessly for civil rights and played a decisive role in Indian independence from the British regime through non-violent campaigns. But unfortunately, her acknowledgments and characteristics often fade in the historical records. One can discover her meticulous personality and fascets through Mahatma Gandhi's woven blanket of words in his volumes of collected work.

Kasturbaa & Mohandas Gandhi led an affluent but alluring married journey, that was harmonious but stormy too like all the marriages. They spent beautiful 62 years of togetherness with remarkable common vision as well as a saga of their own personal conflicts of character & passion. But at the end of it, Kasturbaa's submissive but loving resistance towards Gandhi coerced Mohandas Gandhi to truly accept her as his better half, his master, and a legitimate life partner.

Born on April 11, 1869, known as Kastur Kapadia was a charming daughter to Gokuladas and Vrajkunwerba Kapadia in Porbandar, Gujarat. Her father being a merchant and coming from a sophisticated family, Kastur as a child was a well-groomed daughter and led her childhood with all the comfort, dignity, and independent mindset. In those days, child marriage was a commonly accepted practice. So, Gokuldas being friends with Karamchand Gandhi, both families decided to get their children married. Just at the age of 7, Kastur Kapadia & Mohandas Gandhi were engaged, and at a very young and tender age of 13, both were married to each other. After marriage, Kasturbaa moved to Gandhi's home. Living her life with her inlaws, Kasturbaa was very fascinated and persuaded by Gandhiji's mother Putlibai. Her religious way of living and principles swayed Kasturbaa's reflections towards life. Though married at 13, Mohandas & Kastur moved in together at the age of 16. I wonder what would be the understanding between such an innocent young couple. But the charm and essence of such a pious bond of marriage would certainly be beautiful.

Kastur allured Mohandas with her simplicity and loving attributes. But being youthful, full of omnipotence, and being new to married life, Gandhi referred to books on how to be a good husband. Though those books were written by all-male

chauvinist writers which influenced Mohandas to be a preeminent husband. All the books just informed how to be a dominant husband and influenced on setting down rules for the wife. Being persuaded by those suggestions Mohandas Gandhi ensured the same rules. Just as an authoritative husband he laid down rules for Kastur to follow such as she could not go out without his permission and many more. He ensured that Kasturba was compelled to obey him and abide by his new set of rules. She being a woman of her own principles, with her independent thoughts, but at the same time, an immaculate daughter-in-law and wife listened to him without any objection. Nevertheless, when it came to following her husband's rules, she did nothing at all. In other words, one can say she exhibited domestic non-violent resistance. She continued doing what she had always done including leaving the house to go to market. Although this was not with her intention to rebel or overthrow Mohandas's despotism. But her ethics did not avow her to seek Mohanda's permission as well. This certainly made Mohandas angry and furious. Gandhi confronted her and with aggression asked her the reason for not following his rules. Kasturba was calm and composed. She did not at all react resentfully. Instead replied that she simply followed the rules and directions of her mother-in-law, Gandhi's own mother and that her upbringing never taught her to disobey her older. Kasturbaa replied, that being respectful to his mother, she simply embraced her mother-in-law's instructions but if that did not appeal to Gandhi, she would deny her directions and let her know that henceforth she would not listen to her but only Mohandas. Obviously, Gandhi never wanted Kastur to disobey his mother. Being witty but serene, Kasturbaa's perspective of dealing with the situation captivated Mohandas Gandhi. There was no argument nor any disagreement. Her placid and benevolent opposition to her husband's erroneous idea of dominance left a remarkable influence on Mohandas. Often Gandhi used to be an autocrat at home and shove anger at Kasturba but she endured it all quietly without any complaints. Slowly this defiance enthralled Mohandas to dwindle his dominance and he realized that he did not have such perspective right over her. Kasturbaa was a woman of strong will and emphatic attitude, which was mistakenly assumed by Gandhiji as her obstinance in the initial days of their married life. But eventually, her this self-assured persona of hers inadvertently reflected as Gandhiji's life coach for the art of non-violent dereliction. Thus, Kasturbaa's non-violent annulment and opposition was an awe moment for Gandhiji and were an inceptive episode to leave a remark to practice the same in the future towards his fight for freedom.

In life, It is not always necessary to revolt against injustice with rampage. Your amiable and salient devising actions can also give you an appealing conclusion.

In those days, call it as discrimination, girls did not seek any education as a consequence of which Kastur never went to school and educated herself academically. But Gandhi being fond of education and having a good background of academics pursuing law, decided to enlighten kasturbaa's education and started tutoring her. But once again this was against Kasturbaa's preference and wishes. She was already laden with domestic responsibilities that she had no energy and will to stay up at night and study. Hence she was irresponsive to this aspiration of Gandhi. Once again the couple scuffled with adverse objectives and perseverance. Ultimately Gandhiji confronted that he was mistaken

to enforce his will to educate Kasturbaa.

Cheek by jowl with her husband, Kasturbaa escorted Gandhi to South Africa in 1904 and that is when she interceded herself into politics by helping Mahatma Gandhi to constitute Phoenix settlement near Durban. With her personality of women with strong perspectives, she also protested against ill-treatment towards Indians in South Africa. She led Indian women in South Africa into the nonviolent altercation in 1913.

She upheld a beautiful but fair harmony between her responsibilities and her personal commitment towards public service. Indeed she was a mother, a wife, and a devoted urban individual besides being sacred and devout. There have been many challenging situations in her life where she concurred with Gandhi's principles but also dissented to certain. When they were in South Africa and were preparing to return to India for good, out of goodwill and gesture, the Indian community therein expressed their gratitude through giving gifts to Kasturbaa & Gandhi. Gandhiji had been inclined towards aparigraha and had decided to live life as simple. Hence he never approved of accepting gifts and he nurtured the same values in his children. But Kasturbaa was pragmatic. Being practical, she wanted to keep the gifts so as to recycle the same to her relatives back in India and save them as an assurance in case of emergency. She expressed her agitation towards Gandhi's austerity. She argued saying Gandhi had no rights over her ornaments and feared depletion of a comfortable life for their children. But Gandhiji's righteous perception accomplished him to convince Kasturbaa. She was a woman of her own thoughts and perception but at the same time was conscientious and a courteous wife, Gandhi's true soulmate. Gandhi eventually succeeded to invoke Kasturbaa to relent with his interpretation.

In 1914 when Kasturbaa along with her husband and children returned to India for good, her sanguine and courageous persona constrained her to take part in several civil actions and protest towards freedom fight. Even when Gandhi was in prison, she never expressed skepticism to lead the protests for the rights of Indians. Despite being arrested and put in prison, her zest towards justice and public service never diminished. As Satyagraha - the fight for truth & freedom through Ahimsa-nonviolence was the ultimate common objective of Mahatma Gandhi and Kasturbaa. Despite their ironic personal challenges and disagreement, Kasturbaa's commitments, her vows towards her marriage, her selfless love impelled her to be submissive to her husband and family. Despite certain disharmony, their common vision and principles of Satyagraha & Ahimsa empowered them to be closely intervened soulmates. She was a perfect & sincere partner to Gandhiji.

Kasturbaa's worldly life diminished & ended before she could witness the expedient outcome of non-violent campaigns, to which she devoted herself. Her health condition was not favorable enough to sustain the stress and in 1944 after suffering from two major cardiac arrests, her soul left for heavenly abode in front of Gandhiji. She took her last breath in the devout hands of her husband and bid goodbye with tranquility as she always glimmered with.

"If I had to choose a companion for myself life after life, I would choose only Ba"

- Mahatma Gandhi

◆ ◆ ◆

Contact: 49, wood ave, Edison, N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
(+1-917-582-5643)

# બાને શ્રદ્ધાંજલિઓ


**અવસાન : ૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪ મહાશિવરાત્રી**

**શ્રી**મતી કસ્તૂરબા ગાંધી, જેમના મૃત્યુ માટે આપણે શોક કરી રહ્યા છીએ તેમણે નિઃસ્વાર્થ ભક્તિભાવથી મહાત્માજીના આદર્શો જ પોતાના કર્યા હતા. આજે તેમણે હિન્દની લડતમાં કાયમનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પૂજ્ય કસ્તૂરબાની મૂંગી સહનશીલતા અને બલિદાન, નમ્રતા અને શ્રદ્ધા આપણને પ્રાચીન કાળની ભવ્ય સન્નારીઓ કે જેમણે માનવજાતિની સંસ્કૃતિમાં સહાયતા કરી હતી તેમની યાદ આપે છે.

**– સર સર્વપલ્લી રાધાકૃષ્ણન**

બા તો સામ્રાજ્ઞીપદ કપાળે લખાવીને જન્મ્યાં હતાં, પણ એ સામ્રાજ્ઞીપદ દુન્યવી ન હતું : ઈશુખ્રિસ્તનાં કાંટાળા રાજમુગટની પેઠે, અથવા તો ભીષ્મપિતાની બાણશૈયાની પેઠે એ સામ્રાજ્ઞીપદ રૂંવેરૂંવે દેહને વીંધનારા કષ્ટોથી કાંટાળું હતું.

**– રાજગોપાલાચારી**



સ્ત્રીત્વના જીવતા પ્રતીક સમી એ દેખાવે દુર્બળ છતાં બહાદુર નારીના આત્માને ચિરશાંતિ પ્રાપ્ત થાઓ. જે મહાપુરુષને તેઓ ચાહતાં, તેમની સેવા ઉઠાવતાં અને આવી અજોડ શ્રદ્ધા, ધૈર્ય અને ભક્તિપૂર્વક અનુસરતાં. એને ખાતર શાશ્વત ભોગ આપવાનો જે કપરો માર્ગ તેઓએ સ્વીકાર્યો હતો, તેમાંથી એક ક્ષણવાર પણ તેમના પગ ધ્રૂજ્યા નથી. આપણે સાંત્વન રાખીએ કે તેઓ અમરત્વને પામ્યાં છે અને હિન્દની તવારીખ અને ગાથાઓમાંની સ્વર્ગભૂમિમાં પોતાના હક્કનું સ્થાન પામ્યાં છે.

**– સરોજિની નાયડુ**

વિશ્વના ઉન્નત ભાવનાશીલ અને તીવ્ર બુદ્ધિશાળી માણસો શ્રદ્ધાપૂર્વક મહાત્મા ગાંધીજી પાસે શિષ્યભાવે આવ્યા હશે, પણ તેમનામાંથી કોઈએ પણ આત્મસમર્પણ કર્યું હશે તેના કરતાં વિશેષ સમર્પણ પૂજ્ય કસ્તૂરબાએ કેવળ પતિભક્તિથી કરેલું છે. એમણે જે સહન કર્યું છે તેને માટે પૂજ્ય ગાંધીજીએ પણ કોઈ કોઈ જગાએ આશ્ચર્ય બતાવ્યું છે. ગાંધીજી એમ આત્મીયજન માટે સહેલાઈથી આ આશ્ચર્ય પામે તેવા નથી, ઊલટા આત્મીયને વધારે કસે એવા છે. આખી આત્મકથામાં પોતે કોઈને વધારેમાં વધારે અન્યાય કર્યો હોય તો તે પૂજ્ય કસ્તૂરબાના સંબંધમાં અને તેમણે કબૂલ કર્યા છે તે કરતાં વિશેષ અન્યાયો તેમણે બીજા અન્યાયો પણ સહ્યાં હશે. પ્રાચીન આદર્શોને તોડવા મથતા આ યુગમાં પણ તેમનું સતી સ્ત્રી તરીકેનું સ્થાન અવિચળ છે. ગાંધી સાથે રહીને તેમણે સ્વતંત્ર વિકાસ કર્યો હતો.

**– રામનારાયણ પાઠક**

પોતાના પતિના મહાન ધ્યેયને સહાયભૂત થવા માટે હંમેશાં પતિપક્ષે રહેનાર, જેલમાં જવા માટે ગમે તે ક્ષણે તૈયાર કે દબાયેલી પ્રજાના નસીબે કઠિન રાજકીય જીવનની જે હાડમારીઓ ને મુશ્કેલીઓ હોય છે તે સહેવા માટે તૈયાર અને સાદાઈ તથા આનંદી સ્વભાવથી જ્યાં જાય ત્યાં કામ કરી સર્વનાં હૃદય જીતનાર કસ્તૂરબામાં ન ભુલાય તેવું વ્યક્તિત્વ હતું. છેલ્લાં ચાલીસ કરતાં પણ વધુ વર્ષથી મહાત્મા ગાંધીજીના મિત્ર તરીકે કામ કરી તેમને વધુ ઋણી બનાવ્યા છે. કસ્તૂરબા વિશે નિઃસંકોચ એમ કહી શકાય કે, તેમણે ગાંધીજીના કાર્યમાં પોતાનું સુખ જોયું, અને તેમના આદર્શો પોતાના કર્યા. બંને વચ્ચે એવું સાયુજ્ય હતું કે છેલ્લાં સંકટગ્રસ્ત વર્ષોમાં તેઓએ દેશને માટે એક થઈ કામ કર્યું છે. તેમણે

તો પોતાનું સર્વસ્વ એક પણ પ્રશ્ન વગર અર્પણ કર્યું છે.

**– હિન્દુસ્તાન ટાઇમ્સ**

આ દેશના સ્વાતંત્ર્ય-સંગ્રામના ઇતિહાસમાં તેમનું નામ યાદગાર રહેશે, એટલું જ નહિ, પણ દિવસો વીતતાં તે અમર થઈ જશે. અઢાર માસ પછી, આગાખાન મહેનના દરવાજા શહાદતની એક બીજી કથા કહેવા માટે ખૂલ્યા છે; પણ શહીદોનું લોહી 'મંદિરો'ના પાયામાં ઉપયોગી નીવડે છે, અને એમાં શંકા નથી કે મહાદેવ દેસાઈ અને શ્રીમતી કસ્તૂરબા ગાંધીનાં બલિદાનો સ્વાતંત્ર્યના દિવસો નજીક લાવશે.

**– ટ્રિબ્યુન**

કસ્તૂરબા આદર્શ ભારતીય સ્ત્રી હતાં, કારણ કે તેઓ એમના પતિને સંપૂર્ણપણે સમજી ગયાં હતાં, અને એમનામાં પોતાની જાતને સમાવી દીધી હતી. મહાત્મા ગાંધીના કાર્ય સાથે સક્રિયપણે તેઓ જોડાયેલાં ન હોય એવો એક પણ દિવસ નહોતો. અને એમણે કોઈ પણ સંકટ સહન કરવાની ના પાડી હોય કે ફરિયાદ કરી હોય એવો એક પણ પ્રસંગ નહોતો. તેઓ મહાન સાધ્વી હતાં.

**– હિન્દુસ્તાન સ્ટાન્ડર્ડ**

તેમણે સંપત્તિને પિછાની નહિ. કદી બાહ્ય આડંબર કર્યો નહિ; શક્તિનો સ્વાદ માણ્યો નહિ કે સત્તા કદી પણ ભોગવી નહિ; છતાં 'બા'નું જીવન એટલે સંપૂર્ણ જીવન હતું. તેમની સંપત્તિ એટલે તેમનો સદ્ભાવ; ત્યાગ એ તેમની શક્તિ, સ્નેહ એ તેમની સત્તા હતાં. તેઓ વિદ્વાન નહોતાં, છતાં આસપાસનાઓને તેમણે જીવંત શિક્ષણ આપ્યું. વિદ્વત્તા વિના, સંપત્તિ વિના, બાહ્ય ઠઠેરા વિના અને સત્તા વિના તેમણે એટલાં પ્રેમ ને સત્કાર મેળવ્યાં હતાં, જેની સામ્રાજ્ઞીઓ પણ ઈર્ષ્યા કરે. સૌજન્ય, નમ્રતા, લાગણીવશતા, સહ્ય શક્તિ અને આત્મસમર્પણની અજોડ શક્તિ દ્વારા તેમણે આર્યસન્નારીનું સર્વોત્કૃષ્ટ પ્રતિનિધિત્વ સાચવ્યું છે.

**– સોશિયલ વેલફેર ('બા' પુસ્તિકામાંથી)**

## 'Homage to mother of the Indian people

'Shrimati Kasturba Gandhi is dead. She has died in British custody in Poona at the age of 74. With 388,000,000 of my countrymen at home and with my compatriots abroad I share the deepest bereavement over the death of Kasturba. She died under tragic circumstances, but for a member of an enslaved nation no death could have been more honourable or more glorious. India has suffered a personal loss. Kasturba Gandhi is the second fellow prisoner of Mahatma Gandhi to die under his very eyes in custody since he was imprisoned in Poona a year and a half ago. The first was his life-long fellow worker and private secretary, Mahadev Desai. This is the second personal bereavement that Mahatma Gandhi has suffered during his present imprisonment.

'I pay my humble tribute to the memory of that great lady who was a mother to the Indian people, and I wish to express my deepest sympathy for Gandhiji in his bereavement. I had the privilege of coming into frequent personal contact with Shrimati Kasturba, and I would sum up my tribute to her in a few words. She was the ideal of Indian womanhood - strong, patient, silent, self-sufficient.

Kasturba was a source of inspiration to the millions of India's daughters among whom she moved and whom she met in the struggle for the freedom of her motherland. From the days of the South-African Satyagraha she has shared with her great husband the trials and sufferings which have been their lot for nearly 30 years now. Her many imprisonments seriously impaired her health, but jails held no terrors for her even in her 74th year. Any time Mahatma Gandhi launched a civil disobedience movement, Kasturba was at his side in the forefront of the struggle, an outstanding example to India's daughters and a challenge to the sons of India not to lag behind their sisters in the fight for India's independence.

Kasturba has died a martyr's death. She had been suffering from heart disease for over four months. But the callous British Government turned

a deaf ear to the humanitarian pleadings of the Indian nation to release Kasturba on medical grounds. The British probably hoped that by subjecting Mahatma Gandhi to such mental anguish they could crush him body and soul and beat him into surrender. I can only express my contempt for those brutes who profess to fight for freedom, justice and morality and yet perpetuate such cold-blooded murder. They have not understood Mahatma Gandhi. They have not understood the Indian people.

No amount of mental torture and physical suffering that the British can and may inflict on Mahatma Gandhi or the Indian nation will make him budge an inch from the stand he has taken. Mahatma Gandhi called upon the British to quit India and save India from the horrors of modern war. The insolent reply of the British was to throw him into prison like an ordinary criminal. He and his noble consort would rather die in prison than come out free in an enslaved India.

The British were determined to see that Kasturba died of heart disease in custody under the very eyes of her husband. They have had their criminal desire fulfilled, and it is nothing short of murder. But to us Indians at home and abroad, Shrimati Kasturba's sad death in prison is a grim reminder that the British are bent on disposing of our leaders one after another in the most heartless manner.

As long as the British remain in India these atrocities against our nation will continue unchecked. There is only one way in which the sons and daughters of India can avenge the death of Shrimati Kasturba Gandhi, and that is by the complete destruction of the British Empire in India. A special responsibility lies on the shoulders of Indians in East Asia who have launched an armed struggle against the British rulers in India. This responsibility is shared in particular by all our sisters here. In this hour of sorrow we will renew our solemn pledge to continue the armed fight until the last Britisher is driven out of India.'

- Netaji Subhash Chandra Bose

## મણિલાલ ગાંધીએ 'ઈન્ડિયન ઑપિનિયન' માટે ૨૨ માર્ચ ૧૯૪૪માં આપેલો જનરલ સ્મટ્સનો સંદેશો

**ત**મારી માતાના સ્મરણમાં તમે ખાસ અંક પ્રસિદ્ધ કરવાનો ઈરાદો રાખો છો તેથી હું ખુશ છું. તેમના સ્મરણની એવી કદર કરવી યોગ્ય જ છે. તમને થયેલી મહાન ખોટમાં હું ફરીથી તમારા પ્રત્યે ઊંડી દિલસોજી દર્શાવું છું અને તમારી મારફતે એ તમામ કે જેમને તેમનાં અવસાનથી એક મહાન સ્ત્રીની ખોટ થઈ છે, તેમને મારી દિલસોજી પાઠવું છું. તમારા મહાન પિતાના જીવનસાથી તરીકે તેમણે મહાન અને હિતકર છાપ પાડી હતી, જે આદર્શોનું પોતે પ્રતિનિધિત્વ ધરાવતાં હતાં. તેને ખાતર પોતાનો ભોગ આપ્યો હતો અને સુખમાં તેમજ દુઃખમાં તેમની પડખે ઊભા રહ્યાં હતાં. મને ખાતરી છે કે તેમનું સ્મરણ હૃદયના ઊંડાણથી સેવવામાં આવશે અને તેમની સુવાસ તેમને ગયા બાદ ચિરકાળ સુધી ટકી રહેશે. સઘળા કૃત્રિમ ભેદોથી પર અમર માનવ-આત્મા રહેલો છે, જે આપણા સહુમાં છે, જે કદી બદલાતો નથી. સ્ત્રીત્વના એક સુંદર નમૂના તરીકે તેઓ શ્રેષ્ઠતાએ પહોંચ્યાં છે અને પોતાની પાછળ એક સુંદર વારસો મૂકી ગયાં છે.

* * *

કસ્તૂરબા મેં વહ સબ ગુણ ઔર પવિત્રતા થી જિનકા ભારત કી સ્ત્રી જાતિ કો આદિ કાલ સે ગૌરવ રહા હૈ.

– સૈયદ અબ્દુલ્લા બ્રેલ્વી.

* * *

કસ્તૂરબાને અપને સ્થાન કો પ્રતિભા તથા માન સે સુશોભિત કિયા.

– હરમાન કેલેન બેક

✦ ✦ ✦

# કસ્તૂરબાએ કરેલા પ્રવચનો

**ગાં**ધીજી દેશના બાપુ હતા તો કસ્તૂરબા દેશનાં બા હતાં. બાપુના પગલે એમણે પણ દેશની પ્રજાને પોતાની રીતે સંદેશ આપ્યા છે. નીચે આપેલાં એમનાં પ્રવચનોના અંશમાં બાનું માતૃહૃદય ખૂલ્યું છે :



(સન ૧૯૧૮ના ખેડા સત્યાગ્રહ વખતે તોરણા ગામે કસ્તૂરબાએ બહેનો સમક્ષ આપેલું પ્રેરક પ્રવચન.)

આપણા પુરુષોએ સત્યને ખાતર સરકાર સાથે જે લડત ઉપાડી છે તેમાં આપણે તેમને ઉત્સાહ આપવો જોઈએ. સરકાર જે દુઃખ દે છે તે સહન કરવું. આપણો માલ ઉઠાવી જવા આવે તો ઉઠાવી જવા દેવો. આપણી જમીન ખૂંચવી લે તો જમીન જવા દેવી. પણ સરકારને એકે પૈસો આપી જૂઠાં બનવું નહીં. કારણ, રૈયત સરકારને કહે છે કે પાક નથી થયો, ત્યારે સરકારે તે માનવું જોઈએ. છતાં તે નથી માનતી અને દુઃખ દે છે, તો આપણે દુઃખ ખમવું. પણ આપણી પ્રતિજ્ઞા પરથી ન ખસવું. સરકારી નોકરોથી ડરવું નહીં, પણ ધીરજ રાખવી અને આપણા ભાઈઓ, પતિઓ અને છોકરાઓને હિંમત આપવી.

અમારાં બા, નવજીવન, ૧૯૬૯ પૃ. ૯૦

* * *

(સન ૧૯૨૧માં અમદાવાદમાં કૉંગ્રેસનું અધિવેશન થયું. ત્યાર પછી બારડોલી તાલુકામાં સામૂહિક સત્યાગ્રહ યોજવા માટે તૈયારીઓ શરૂ થઈ. તે અરસામાં જ બાના નાના પુત્ર દેવદાસને જેલવાસ મળ્યો. તેના અનુસંધાનમાં બાનો આ સંદેશો છે.)

ચિ. દેવદાસને જેલ મળી તે માટે ચારે તરફથી મને દિલાસાનાં વચનો આવે છે. આ પ્રેમ સારુ હું સૌનો ઉપકાર માનું છું.

મારા તો બે જ દીકરા જેલ ગયા છે, પણ હિંદ માતાના તો વીસ હજાર પુત્રો કારાગૃહમાં છે. હું મારું દુઃખ શું ગાઉં? મને મારું દુઃખ ગાવાનો અધિકાર પણ ક્યાં છે?

હિંદ માતાના જુવાન પુત્રો, તમે ઠંડું કાળજું રાખીને ક્યાં સુધી બેસી રહેશો? તમને હજીયે અધીરાઈ નહીં આવે તો ક્યારે આવશે? તમે ખાદીનું જ કાર્ય કરો. પણ તે એટલી ઉત્કટતાથી કરો કે કાં તો તમને તમારા ભાઈઓ પાછા મળે કે કાં તો તમને તેમની પાસે જેલમાં પહોંચી જવાનું મળે.

નવજીવન, (ખાસ અંક ૧૮),
મે '૨૨, પૃ. ૧

* * *

(એપ્રિલ ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહ નિમિત્તે ગાંધીજીએ ઐતિહાસિક દાંડીકૂચ આદરેલી. કરાડી મુકામે સરકારે ગાંધીજીને અટકાયતમાં લીધા. બાનો નીચે મુજબ સંદેશ તે ઘટનાને અનુલક્ષીને છે.)

ગાંધીજીએ આપણને જેટલું કહેવું હતું તેટલું કહી દીધું છે. ગાંધીજીએ સોંપેલું કામ પાર ઉતારવું એ હવે બહેનો અને ભાઈઓનો ધર્મ થઈ પડ્યો છે. આજ સુધી લડતની જવાબદારી ગાંધીજીના ઉપર હતી, દેશની લાજ એમના હાથમાં હતી. હવે આ લડત અને ભારતમાતાની લાજ બધી બહેનો ને ભાઈઓની ઉપર છે.

**''હિંમત રાખજો, સહન કરજો ને એક રહેજો''**

આ બનાવથી દેશમાં કોઈ જગ્યાએ અશાંતિ ન થાઓ એવી હું ઈશ્વર પાસે પ્રાર્થના કરું છું. લોકોને પણ પ્રાર્થના કરું છું કે તમારી લાગણી અને તમારી ભક્તિમાં કોઈ ગાંડા ન થશો, પણ લડત વધારે મરણિયા થઈને ચલાવવા મંડજો.

જેઓ અત્યાર સુધી આ લડતમાં ભળવાની આનાકાની કરતા હતા એ બધા હવે તરત જોડાઈ જાય. વકીલો અને બૅરિસ્ટરો. સરકારી નોકરી કરનારા ભાઈઓ, તમે પણ હવે ક્યાં સુધી નોકરીને બાઝી રહેશો? પરમેશ્વરનું નામ લઈને અને દેશનું નામ લઈને હિંમત કરો અને નોકરી છોડો.

* * *

(વીજલપુર ખાતે મળેલી એક પરિષદમાં આપેલા ભાષણનો અંશ)

તમારી આસપાસ જે બનાવો બન્યા છે, જેથી તમારા બધાંનાં હૈયાં આજે જાગતાં થઈ ગયાં છે. અનેક ભાષણોથી જે નથી સમજાતું તે હૃદય જાગ્રત થતાં આપોઆપ સમજાઈ જાય છે. તેથી ખરી રીતે આજે તમને કશું નવું સમજાવાનું બાકી નથી રહેતું. પણ મારી સાદી સમજણ પ્રમાણે મને પરિસ્થિતિ જેવી સૂઝે છે તેવી તથા તેનો ઉપાય રજૂ કરું છું.

આપણા દેશ ઉપર આજે પાંચ હજાર ગાઉ દૂરથી આવી અંગ્રેજ લોકો રાજ્ય કરે છે. એ રાજ્યની વ્યવસ્થા સારું એક મોટામાં મોટું તંત્ર એ લોકોએ ઊભું કર્યું છે, અને એ તંત્રનો હેતુ હિંદુસ્તાનનાં સાધન-સંપત્તિ અને ધનધાન્ય ઘસડીને વિલાયત લઈ જવાનો છે.

કોઈ પણ તેજસ્વી પ્રજા આવું તંત્ર લાંબો સમય ન ચાલવા દે તે સારુ આ સરકારે અનેક જુલ્મો કરી સંરક્ષણ માટેનાં હથિયારો પ્રજા પાસેથી છીનવી લઈ આપણું તેજ હરણ કર્યું છે. કોઈ પણ સમજુ પ્રજા પોતાની જાતને આમ લૂંટવા ન દે તે એ તંત્રના ચાલકો સમજતા હોવાથી તેમણે આજ સુધી પ્રજાને અજ્ઞાનના અંધારામાં રાખી છે.

કોઈ પણ સંપીલી પ્રજા આવું પરદેશી તંત્ર સહન ન કરે, એ અંગ્રેજ લોકો બરાબર સમજે છે; તેથી જ તેમણે આપણા દેશના ભાઈ જેવા જુદા જુદા ધર્મના લોકો વચ્ચે સ્વાર્થની દીવાલો ઊભી કરી કોમી ભેદભાવો જગાવ્યા છે, અને પ્રજાનો ભણેલો ને સમજદાર વર્ગ ચેતીને આખી પ્રજાને ચેતાવી ન દે તે સારુ તે વર્ગને પોતાના દલાલ બનાવી તેમની અક્કલ ઉપર સ્વાર્થનાં પડળ ચઢાવ્યાં છે.

તે ઉપરાંત અનેક સુખી અને સગવડનાં સાધનો ઊભાં કર્યા એવું આ સરકારે આજ સુધી આપણને સમજાવ્યું છે. પણ આજે કોણ નથી જાણતું કે એનાં તાર, ટપાલ, રેલવે, રસ્તા, પોલીસ, લશ્કર, નિશાળો, કૉલેજો, કાયદા અને ધારાસભાઓ વગેરે બધુંએ એ તંત્રને ટકાવવા સારુ જ ઊભું કરવામાં આવ્યું છે. અને એ જ ઉદ્દેશથી આજે તેનો નિભાવ કરવામાં આવે છે.

આ તંત્રથી આ સરકારે ખેડૂતને પાયમાલ કર્યા છે. મજૂરને પીધેલ કર્યા છે, ને ભણેલાને પાંગળા બનાવ્યા છે.

આવા તંત્રનો નાશ ન થાય ત્યાં સુધી આપણો દહાડો વળે એમ નથી, એમ પૂ. ગાંધીજીને લાગ્યું એટલે તેમણે તા. ૬ઠ્ઠી એપ્રિલે તમારા કાંઠા ઉપરથી એ તંત્ર સામે લડત ઉપાડી.

આ સ્થિતિમાં તમે શું કરશો?

આજે તમારી ચોખ્ખી ફરજ એ છે કે જે નાણાંથી આ સરકારનું તંત્ર ચાલે છે તે નાણાં તેની તિજોરીમાં જતાં અટકાવો. તમે મહેસૂલ નહિ ભરો એટલે સરકાર અનેક જુલ્મો કરશે. તમો હિંમત રાખજો, એ જુલ્મો સહેવા તૈયાર થજો. અંદર-અંદરના ઝગડા ભૂલી જાવ. એક થાવ.

આ લડતમાં બહેનો ધારે તો પુરુષોને ખૂબ મદદ કરી શકશે. દારૂ, તાડી અને પરદેશીના નિષેધનું કામ તો બહેનોએ જ કરવાનું છે. પરમાત્મા તમારું સૌનું કલ્યાણ કરો.

✦ ✦ ✦


## પ્રબુદ્ધ જીવન પત્રિકા

ધી રજીસ્ટેશન ઓફ ન્યુઝપેપર સેન્ટ્રલ રૂલ્સ - ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન' માસિક પેપર અંગેની માહિતી ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)

| | |
|---|---|
| (૧) પ્રકાશનનું સ્થળ | : ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| (૨) પ્રકાશનની સામાયિકતા | : માસિક પત્રિકા |
| (૩) મુદ્રકનું નામ | : અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ સાઈબાબા નગર, ત્રિકાલ બિલ્ડીંગની પાછળ ૩૧૦, બેંક ઓફ મહારાષ્ટ્રની પાછળ, પંત નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬ |
| (૪) પ્રકાશકનું નામ | : ડૉ. સેજલ એમ. શાહ ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| (૫) તંત્રીનું નામ | : ડૉ. સેજલ એમ. શાહ |
| રાષ્ટ્રીતા | : ભારતીય |
| સરનામું | : ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| (૬) માસિકનું નામ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું ડૉ. સેજલ એમ. શાહ ખાસ જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૦.૩.૨૦૨૧ **ડૉ. સેજલ મનીષ શાહ**

# જેલ જવા તૈયાર છું.

**એ**ક દિવસ હંમેશના નિયમ મુજબ પાયખાનું સાફ કરી હાથ ધોઈ, હું આશરે સાડાનવ વાગે રસોડામાં ગયો. ગાંધીજી પણ તે જ સમયે નિશાળમાંથી આવ્યા. કસ્તૂરબા તો ત્યાં હતાં જ. તેમણે ભાખરીનો લોટ બાંધી મૂકેલો. તેમણે ભાખરી વણવા માંડી અને મેં શેકવા માંડી. ગાંધીજી ફાલતું કામ કરતા હતા. કામ કરતાં ગાંધીજીએ એકાએક કસ્તૂરબાને પૂછ્યું : 'તેં જાણ્યું કે?'

''શું!'' જિજ્ઞાસાથી કસ્તૂરબાએ પૂછ્યું,

ગાંધીજીએ સહેજ હસતાં હસતાં જવાબ આપ્યો : ''આજ સુધી તું મારી પરણેતર સ્ત્રી હતી; હવે તું મારી પરણેતર સ્ત્રી ન રહી.''

કસ્તૂરબાએ સહેજ ભવાં ચઢાવી કહ્યું : ''એવું વળી કોણ કહ્યું? તમે તો રોજ નવાનવા નુકતા શોધી કાઢો છો!''

ગાંધીજી હસતા વદને બોલ્યા :

''હું ક્યાં શોધી કાઢું છું? પેલો જનરલ સ્મટ્સ કહે છે કે, ખ્રિસ્તી લગ્નની જેમ આપણાં લગ્ન કોર્ટમાં નોંધાયેલાં નથી. માટે તે ગેરકાયદેસર ગણાય અને તેથી તું મારી પરણેતર ગણાય નહિ, પણ રખાત ગણાય.''

કસ્તૂરબાએ ગુસ્સે થઈને કહ્યું : ''કહ્યું એણે એનું માથું! એ નવરાને આવું આવું ક્યાંથી સૂઝે છે?''

ગાંધીજીએ ટૂંકાવીને કહ્યું : ''પણ હવે તમે બૈરાં શું કરશો?''

''અમે વળી શું કરીએ?''

''અમે લડીએ છીએ તેમ તમે પણ લડો. સાચી પરણેતર થવું હોય અને રખાત ન થવું હોય તેમ જ તમારી આબરૂ તમને વહાલી હોય તો તમે પણ અમારી જેમ સરકાર સામે લડો.''

''તમે તો જેલમાં જાઓ છો.''

''તું પણ તારી આબરૂ ખાતર જેલમાં જવાને તૈયાર થા.''

ગાંધીજીનું વાક્ય સાંભળી કસ્તૂરબા નવાઈ પામી બોલ્યાં : ''હં, જેલમાં! બૈરાંથી વળી જેલમાં જવાય?''

''હા, જેલમાં. બૈરાંથી જેલમાં કેમ ન જવાય? પુરુષ જે સુખદુઃખ ભોગવે તે સ્ત્રીઓથી કેમ ન ભોગવાય? રામની પાછળ સીતા ગઈ, હરિશ્ચંદ્રની પાછળ તારામતી ગઈ. નળની પાછળ દમયંતી થઈ. અને સૌએ જંગલમાં અનહદ દુઃખ વેઠ્યાં.''

કસ્તૂરબા બોલી ઊઠ્યાં : ''એ તો બધાં દેવ જેવાં! તેમને પલગ ચાલવાની આપણી શક્તિ ક્યાં છે''

ગાંધીજીએ ગંભીરતાપૂર્વક કહ્યું :

''એમાં શું? આપણે પણ તેમની જેમ વર્તીએ, તો તેમના જેવા થઈ શકીએ, દેવ થઈ શકીએ. રામના કુળનો હું અને સીતાના કુળની તું. હું રામ, થઈ શકું અને તું સીતા થઈ શકે. સીતા રામની પાછળ ધર્મની ખાતર ન ગઈ હોત અને મહેલમાં બેસી રહી હોત તો તેને કોઈ સીતા માતા ન કહેત. તારામતી હરિશ્ચંદ્રના સત્યવ્રત ખાતર વેચાઈ ન હોત તો હરિશ્ચંદ્રના સત્યવ્રતમાં ખામી રહેત. તેને કોઈ સત્યવાદી ન કહેત અને તારામતીને સતી પણ કોઈ ન કહેત. દમયંતી નળની પાછળ જંગલમાં દુઃખ સહેવામાં સામેલ ન થઈ હોત તો તેને પણ કોઈ સતી ન કહેત. તેમ હવે તારે તારી આબરૂ સાચવવી હોય, મારી પરણેતર ગણાવું હોય અને રખાત ગણાવવાના કલંકમાંથી મુક્ત થવું હોય તો સરકાર સામે લડ અને જેલમાં જવા તૈયાર થા.''

કસ્તૂરબા તો ચૂપ રહ્યાં. હું તો જોઈ જ રહ્યો કે બા શો જવાબ આપે છે, આ બધું સાંભળવામાં મને તો મજા પડતી હતી. એટલામાં કસ્તૂરબા બોલી ઊઠ્યાં :

''ત્યારે તમારે મને જેલમાં મોકલવી છે ખરું ને? હવે એટલું જ બાકી છે. ભલે, પણ જેલનો ખોરાક મને માફક આવશે?''

હું તને કહેતો નથી કે તું જેલમાં જા. તારી આબરૂ ખાતર જેલમાં જવાનો ઉમંગ હોય તો જા. અને જેલનો ખોરાક માફક ન આવે તો ફળાહાર કરજે.

''જેલમાં સરકાર ફળાહાર આપશે?''

ગાંધીજી ફળાહાર મેળવવાનો ઉપાય બતાવતાં બોલ્યા : ''ફળાહાર ન આપે ત્યાં સુધી ત્યાં ઉપવાસ કરજે.''

કસ્તૂરબાએ હસીને કહ્યું : ''ઠીક, એ તો તમે મને મરવાનો રસ્તો બતાવ્યો. મને લાગે છે કે જેલમાં જઈશ તો જરૂર હું મરી જઈશ.''

ગાંધીજી ડોકું હલાવી ખડખડ હસી પડ્યા ને બોલ્યા : ''હા, હા, હું પણ એ જ ઇચ્છું છું, તું જેલમાં મરી જઈશ તો જગદંબાની જેમ હું તને પૂજીશ.''

''ઠીક, ત્યારે તો હું જેલ જવા તૈયાર છું.'' કસ્તૂરબાએ દઢતાથી પોતાનો જવાબ આપ્યો.

ગાંધીજી ખૂબ હસ્યા. તેમને ખૂબ આનંદ થયો. કસ્તૂરબા સહેજ કામે બહાર નીકળ્યાં તે લાગ જોઈ ગાંધીજીએ મને કહ્યું : ''બાની ખૂબી એ જ છે કે તે મારી ઇચ્છાને મને કે કમને અનુસરે છે.''

**રાવજીભાઈ પટેલ (દક્ષિણ આફ્રિકાના સાથી)**

# કસ્તૂરબા – જીવન ઝરમર

## ડૉ. સુદર્શન આયંગર, અનુવાદ – પુષ્પા પરીખ

**૧૮૬૦** – ગોપાલદાસ મકનજી કાપડિયાના ગૃહે પોરબંદર એપ્રિલમાં જન્મ. માતાનું નામ વ્રજકુંવરબા. તેઓની જન્મ તિથિ વિષે ઝાઝી જાણકારી નથી. અંદાજે એપ્રિલ માસ ગણાય છે.

૧૮૭૬ – કસ્તૂર અને મોહનના વિવાહ થયા.

૧૮૮૧ – મે માસમાં તેર વર્ષની ઉંમરે કસ્તૂર અને મોહનના લગ્ન થયા.

૧૮૮૫ – ૨૦મી નવેમ્બરના રોજ જન્મેલ પ્રથમ બાળકનો જન્મ થયો પરંતુ ત્રણથી ચાર દિવસમાં જ તે મૃત્યુ પામ્યો.

૧૮૮૮ – પ્રથમ બાળક હરિલાલનો જન્મ સપ્ટેમ્બર ૧૮૮૮માં થયો. ત્યાર બાદ મોહન વિલાયત ગયો.

૧૮૯૧ – જુલાઈ મધ્યથી નવેમ્બરની શરૂઆત સુધી બેરિસ્ટર થયેલ મોહનદાસ સાથે ઘર સંસાર ભોગવ્યો.

૧૮૯૨ – મુંબઈ તથા રાજકોટમાં ઘરસંસાર ભોગવ્યો. ૨૮મી ઑક્ટોબરના રોજ બીજા પુત્ર મણિલાલનો જન્મ થયો. અને ગાંધીજીનું દક્ષિણ આફ્રિકા જવાનું નક્કી થયું. એપ્રિલ મહિનાના ત્રીજા અઠવાડિયામાં કસ્તૂરે ગાંધીજીને દક્ષિણ આફ્રિકા જવા માટે મુંબઈ જવાની વિદાય આપી.



*કસ્તૂરબાનું જન્મસ્થળ*

૧૮૯૩ – એપ્રિલ ૧૮૯૩થી નવેમ્બર ૧૮૯૬ સુધી બે બાળકોને ઉછેરવાની જવાબદારી સાથે રાજકોટમાં ગાંધીજીના ભાઈઓના પરિવાર સાથે રહી, નાની વહુ હોવા છતાં ઘરની જવાબદારી સંભાળી.

૧૮૯૬માં ગાંધીજી હિંદુસ્તાન પાછા ફર્યા અને ૭મી જુલાઈના રોજ સ્વગૃહે પહોંચ્યા.

નવેમ્બર ૧૯૯૬ સુધી કસ્તૂરબાઈને ગાંધીજી સાથે રહેવા મળ્યું. નવેમ્બર ૨૦ના રોજ પતિ, બે બાળકો હરિલાલ, મણિલાલ તથા ગાંધીજીના મોટા બેન રળિયાતના પુત્ર ગોકુળદાસ સાથે દક્ષિણ આફ્રિકા જવા મુંબઈથી 'કુર્લેન્ડ' નામના જહાજમાં ડર્બન જવા રવાના થયા.

૧૯ દિવસ સમુદ્રની મુસાફરીના અને ત્યાર બાદ પચીસ દિવસ ડર્બનથી થોડે દૂર કેરન્ટીનમાં રહ્યા બાદ ડર્બન બંદરે ઉતર્યા. ત્યાર બાદ ગાંધીજીના મિત્ર પારસી રૂસ્તમજીને ત્યાં જવું પડ્યું. બે દિવસ બાદ પતિના ઘરે ગ્રોવવિલા પહોંચ્યા અને શાંતિ થઈ. ૪મે ૧૮૯૭ના રોજ ત્રીજા બાળક રામદાસનો જન્મ થયો. બાની તબિયત થોડી નરમ હોવાથી નવા બાળક, ત્રણ બીજા બાળકો બધાનું ધ્યાન ગાંધીજીએ જ રાખ્યું.

૧૮૯૮-૧૮૯૯ – શરૂઆતમાં ગાંધીજી અને બા વચ્ચે તીવ્ર ઘર્ષણ થયું. ત્યારે તેઓ બંનેની ઉંમર ૨૯ વર્ષની જ હતી. એક દિવસ પંચમ જાતિના મહેમાનના પેશાબનું વાસણ રાત્રિના સમયે ખાલી કરી સાફ કરવામાં બા અવઢવમાં હતા અને ગાંધીજી આગ્રહ કરી રહ્યા હતા કે કામ થવું જ જોઈએ અને તે પણ હસતાં હસતાં જ. બા પણ ગુસ્સે થઈ ગયા. ગાંધીજીનો પારો તો આકાશે પહોંચી ગયો. બાનો હાથ ખેંચીને બહારના દરવાજા સુધી લઈ ગયા અને ઘરમાંથી નીકળી જવાનું કહ્યું. બાએ રડતા રડતા કહ્યું, ''આ પરદેશમાં હું ક્યાં જઈશ? જરા તો શરમાઓ. દરવાજો બંધ કરો અને અંદર ચાલો.''

ગાંધીજી પણ શરમાયા. પછી તો એમને પણ પોતાના ક્રોધ વિષે ઘણો પસ્તાવો થયો. ગાંધીજી તો સાર્વજનિક જીવનમાં જ ડૂબેલા હતાં. બાએ બધી ગૃહસ્થી સંભાળી અને મોટા કુટુંબનું ઘણી સારી રીતે સંચાલન કર્યું.

૧૯૦૦ – ૨૩ મેના રોજ બાએ ચોથા પુત્ર દેવદાસને જન્મ આપ્યો. અચાનક પીડા શરૂ થઈ. ડૉક્ટરને બોલાવવાનો સમય પણ ન રહ્યો. ગાંધીજીએ જ દાયણનો રોલ ભજવ્યો અને સર્વે બાળકો

વગેરેની સંભાળમાં લાગી ગયા.

૧૯૦૧ ઑક્ટોબરના રોજ ગાંધીજીના પરિવારે દક્ષિણ આફ્રિકાથી પોતાના વતન પાછા ફરવાનો નિર્ણય કર્યો. આ અવસર પર અનેક વિદાય સમારંભો યોજાયા. ગાંધીજી અને બાનું ઘણું સન્માન થયું અને ઉપહારો મળ્યા. ગાંધીજી તો કૃતનિશ્ચયી હતા. તેમને મળેલ બધા ઉપહારો તો સામાજિક કાર્યોની બદલીમાં મળ્યા હતા માટે તેનો નિજી ઉપયોગ તો ન જ કરાય. બા પણ પોતાના વિચારો માટે દૃઢ હતા કે તેમને મળેલા ઉપહારો તેમનાં પોતાનાં જ હતા પરંતુ ગાંધીજીના હઠાગ્રહને લીધે બાએ એ બધા ઈનામો-ભેટોનો ઉપયોગ ગાંધીજીની મરજી પર છોડી દીધો. આખો પરિવાર ડિસેમ્બર ૧૯૦૧માં હિંદુસ્તાન આવી ગયો. બા, ગાંધીજી, બાળકો સાથે પોતાને સાસરે રાજકોટ પહોંચી ગયા.

૧૯૦૨ – જુલાઈ ૧૯૦૨ સુધી બાળકો સાથે રાજકોટ જ રહ્યા. ઑગસ્ટમાં બા તથા ગાંધીજી ત્રણ બાળકો સાથે મુંબઈ આવી રહ્યા. એમ જણાય છે કે મોટા દીકરા હરિલાલ રાજકોટમાં જ રહ્યા. નવેમ્બર મહિનામાં ગાંધીજીને ફરી પાછું દક્ષિણ આફ્રિકાથી આમંત્રણ આપ્યું. એમને એવો ખ્યાલ હતો કે તેઓ પાછા જલ્દી જ આવી જશે. માટે તેઓએ બા અને બાળકોને મુંબઈમાં જ રહેવાની સલાહ આપી. પોતાના ભત્રીજા છગનલાલને, પત્ની તથા બાળકો સાથે મુંબઈમાં જ રહેવાની સલાહ આપી. પોતાના ભત્રીજા છગનલાલને સપરિવાર બા સાથે રહેવાની સગવડ પણ કરી દીધી. બા આટલા મોટા પરિવારમાં વડીલ થઈને રહ્યા.


*કસ્તૂરબાનું ઘર - પોરબંદર*

૧૯૦૩ – મોટા ભાગનો સમય બાએ બાળકો તથા છગનલાલના પરિવાર સાથે મુંબઈમાં જ ગાળ્યો. આ સમય દરમિયાન ગાંધીજીના મોટા ભાઈ લક્ષ્મીદાસે શરૂઆત કરી અને બાની સંમતિ સાધી મોટા પુત્ર હરિલાલની સગાઈ રાજકોટના જ વોરા પરિવારની પુત્રી ગુલાબ (ચંચી) સાથે ગોઠવી દીધી. અરુણ ગાંધીના હિસાબે આ બિના ૧૯૦૩ના જાન્યુઆરી માસમાં બની. જ્યારે ચંદુલાલ દલાલ ગાંધીજીની રોજનીશી આ બીના નવેમ્બરમાં બની એમ જણાવે છે. એમાં નીચે એમ પણ જણાવે છે કે એ સમયે હરિલાલ હિન્દુસ્તાનમાં હતા. આથી એમ મનાય છે કે બા પોતાના અન્ય બાળકો સાથે ટ્રાન્સવાલ પહોંચી ગયેલા જ્યાં ગાંધીજીએ નવી રીતે વકીલાત શરૂ કરી હતી.

૧૯૦૪ થી ૧૯૧૪ દક્ષિણ આફ્રિકામાં.

૧૯૦૪ના અંત સુધી બા, બાળકો સાથે જોહાનિસબર્ગ પહોંચ્યા એમ જણાય છે. મોટા દીકરા હરિલાલ શિક્ષણ માટે હિન્દુસ્તાન જ રોકાઈ ગયા હતા. ત્રીજા પુત્ર રામદાસને સ્ટીમરમાં કપ્તાન સાથે રમતા રમતા હાથમાં સખત ઈજા થઈ હતી. ગાંધીજીએ માટીના પ્રયોગથી જ તેનો ઉપચાર કર્યો અને હાથ સારો કર્યો. જોહાનિસબર્ગમાં જ કુટુંબ રહ્યું અને બા પોતાના ત્રણ પુત્રો તથા ગાંધીજીના સાથીઓ સાથે રહ્યા.

આજ વર્ષે ભારતીય વસ્તીમાં પ્લેગનો રોગ ફેલાયો. ગાંધીજી તથા બા બંને બીજી ભારતીય મહિલાઓની સાથે જોડાઈ સેવાના કાર્યમાં જોડાઈ ગયા. આ બાનું નવું જ સ્વરૂપ જોવા મળ્યું. બા પણ પોતાની જ સમજણથી સ્વતંત્રરૂપે ભારતીય સમુદાયને પોતાનો જ પરિવાર માનવા લાગ્યા. આજ અરસામાં ગાંધીજીના યુવાન મિત્ર પોલક તથા તેમની નવોઢા પત્ની મિલિ પણ તેમની સાથે રહેવા આવ્યા. ૧૯૦૬ના ૬ મહિના સુધી બાએ જોહાનિસબર્ગના ઘરમાં જ બધી જવાબદારી સાથે કાર્યભાર નિભાવ્યો.

૧૯૦૬ – સી. બી. દલાલની અનુસાર ૧૯૦૪ના જૂન માસમાં ગાંધીજીના જીવનમાં એક ક્રાંતિની શરૂઆત થઈ. ગાંધીજીએ એક મુસાફરી – જોહાનિસબર્ગથી ડર્બનથી રાત્રિની મુસાફરી દરમિયાન જૉન રસ્કિનની ''અન ટુ ધી લાસ્ટ'' વાંચી જેની એમના મન પર ઘણી ઊંડી અસર થઈ. એ અસરના પરિણામે તેઓએ ડર્બનથી ૧૮ માઈલ દૂર એક જમીન ખરીદી અને તેમનો પૂરો પરિવાર તથા ''ઇંડીઅન ઓપિનિયન''નો પૂરો પરિવાર પણ જોડાયો અને ત્યાં જ વસવાટ પણ કર્યો. તેને જ ફિનિક્સ આશ્રમ નામ આપ્યું. ગાંધીજીના

મોટાભાઈ લક્ષ્મીદાસે, હરિલાલ (ગાંધીજીના મોટા પુત્ર)ની સગાઈ હિન્દુસ્તાનમાં કરાવી. ગાંધીજીના ગુસ્સાનો પાર ન રહ્યો પરંતુ બાએ તો આ પ્રસંગને પરિવારના વડીલની બુદ્ધિ ગણાવી.

ગાંધીજી જુલૂ પ્રજાના બળવામાં થયેલ ઘાયલોની સેવામાંથી જ્યારે પાછા આવ્યા ત્યારે આજીવન બ્રહ્મચર્ય વ્રત લેવાની ઇચ્છા પ્રગટ કરી જેનો બાએ બિલકુલ વિરોધ ન કરતા સંમતિ આપી દીધી. આ વાત ૧૯૦૬ના અરસાની મનાય છે.

૧૯૦૭ – શરૂઆતના સમયમાં જ બે પુત્ર હરિલાલ તથા પત્ની ગુલાબ બાના આગ્રહને વશ થઈ ફિનિક્સ પહોંચી, બાના પરિવારમાં ભળી ગયા. બા વધુ વ્યસ્ત બન્યા.

૧૯૦૮ – અરુણ ગાંધીની લખેલ વિગત પ્રમાણે જણાય છે કે જાન્યુઆરી ૧૦મી ૧૯૦૮ના રોજ ગાંધી પરિવારમાં ફિનિક્સમાં આનંદોત્સવ ચાલતો હતો, ગુલાબના ખુશીના સમાચાર હતા તેને સાતમો મહિનો ચાલતો હતો. બા અને ગાંધીજીના માટે દાદી અને દાદા બનવાનો શુભ અવસર આવી રહ્યો હતો. એજ દિવસે જોહાનિસબર્ગથી તાર મારફતે ગાંધીજીના ગિરફ્તાર થયાના સમાચાર આવ્યા. બધાને પેટપૂજા કરાવી, પોતે જમવાની તૈયાર જ કરતા હતા. પોતે ભાણું ત્યાગી સ્હેજ પણ દુઃખની લાગણી બતાવ્યા વગર ઉભા થઈ ગયા. જો ગાંધીજી જેલમાં ગયા હોય તો તેમનાથી મિષ્ટાન્ન નહીં ખવાયું હોય. બાએ પણ સંકલ્પ કર્યો કે જ્યાં સુધી ગાંધીજી જેલમાંથી નહીં છૂટે ત્યાં સુધી તેઓ એકદમ સાદું ભોજન જ લેશે. ગાંધીજીના કાર્યો સાથે, નિર્ણય સાથે બા પુરા સહમત હતા. આશ્રમનું જીવન દૃઢ બન્યું અને બીજી બાજુ બા આશ્રમના બા બની ગયા અને દૃઢતાથી અને મૃદુતાથી આશ્રમવાસિયોના સર્વે કાર્યોમાં ધ્યાન આપવા માંડ્યા. બાના જીવનનો આ એક મહત્ત્વપૂર્ણ ફેરફાર હતો. પોતાનું વ્યક્તિત્વ આ રીતે ઘડાવા માંડ્યું હતું.

ગાંધીજી તથા તેમના સાથીઓ સજા પૂર્ણ થતા પહેલાં જ છૂટી ગયા હજી તેઓ આશ્રમમાં આવ્યા નહોતા. આશ્રમમાં ઉજાણી તો કરી પણ બા, ગાંધીજી પાસે ન પહોંચી શકી. દસ જ દિવસમાં માઠા સમાચાર આવ્યા કે એક મીર આલમ નામના પઠાણે ગાંધીજી પર હુમલો કરી તેમને ઘાયલ કર્યા. બાનું મન તો દોડીને પહોંચવાનું હતું પરંતુ આશ્રમની પ્રવૃત્તિઓ પર નજર પડતાં અને પોતાના કર્તવ્યને પ્રાથમિકતા આપતા પોતે જોહાનિસબર્ગ ન ગયા.

૧૦મી એપ્રિલના રોજ હરિલાલ અને ગુલાબને ત્યાં એક દીકરી પધારી. તેનું નામ રામી રાખ્યું. ફિનિક્સ આશ્રમમાં ખુશીનો માહોલ સર્જાયો. જુલાઈ માસમાં હરિલાલને સત્યાગ્રહ કરવા માટે પ્રથમ વાર સાત દિવસની સજા થઈ. બા અને ગાંધીજીને લોકોએ અભિનંદન આપ્યા. ઑગસ્ટ મહિનાથી જ બાને માસિક ધર્મ બાબતે તકલીફ શરૂ થઈ. નવેમ્બરમાં તબિયત વધુ પડતી ખરાબ થઈ. ગાંધીજીના સહયોગી તથા 'ઈન્ડીઅન ઓપિનિયન'ના સંચાલક અલ્બર્ટ વેસ્ટે ગાંધીજીને તારથી બાની માંદગીના સમાચાર પહોંચાડ્યા. ગાંધીજી તો ન જ પહોંચી શક્યા. તેઓ તો વૉકસ્ત્રસ્ટની જેલમાં હતા. તેથી ત્યાંથી જ બહુ લાગણીસભર પત્ર લખ્યો. બાની તબિયતમાં થોડો તો સુધારો થયો. ફિનિક્સ આવીને બાને જ્યારે મળ્યા ત્યારે તેમની નબળી દશાનો ખ્યાલ આવ્યો.

૧૯૦૯ – જાન્યુઆરીમાં બાને ડર્બનમાં ગાંધીજી પારસી મિત્ર ડૉ. નાનજીને મળ્યા જેમણે બાને સર્જરી કરવી પડશે એમ જણાવ્યું. અને સર્જરી કરી પણ ખરી. ગાંધીજીને ડૉક્ટરે આશ્વાસન આપ્યા અને કહ્યું કે તબિયત સારી છે અને ચિંતા કરવાની જરૂર નથી. ગાંધીજી તો પોતાના નક્કી કરેલ કાર્ય માટે નીકળી ગયા. આ બાજુ બાની તબિયતમાં સુધારો ન જ થયો. ગાંધીજીને તાર કરી બોલાવી લીધા. ડૉક્ટરે બાને ગૌ-માંસ આપવાની સલાહ આપી. ગૌ-માંસનો શરબો લેશે તો જ તબિયત સારી થશે. ગાંધીજીએ તો બાને પૂછવાની સલાહ આપી પરંતુ બાએ તો મરવું પસંદ કર્યું અને ગૌ-માંસની ચોખ્ખી ના જ પાડી દીધી. બાને ફિનિક્સ આશ્રમમાં લાવવાની તજવીજ કરવા ગાંધીજીએ કહી દીધું.

ડૉ. નાનજી ઘણા નારાજ થયા. તેમણે તો જણાવી દીધું કે તમારે તેમને મારી જ નાંખવા હોય તો ભલે લઈ જાવ પરંતુ હું રજા આપતો નથી. બાએ તો અદ્‌ભૂત હિમ્મતથી જણાવી દીધું. ''હું ગૌ-માંસ નહીં ખાઉં.'' બા ફિનિક્સ ગયા અને સારા પણ થઈ ગયા. આજ સાલ ગાંધીજી હાજી હબીબ સાથે ઇંગ્લેન્ડ ગયા અને એશિયાઈઓનો કેસ લડ્યા પરંતુ સફળતા ન મળી. પાછા ફરતા ''કિલ્ડોનન કૈસલ'' નામના જહાજ પર જ હિન્દ સ્વરાજની રચના કરી.

૧૯૧૦ – આ વર્ષ દરમિયાન બાએ પતિ તથા બે પુત્રોને સત્યાગ્રહ કરવા બદલ જેલની સજા ભોગવતા જોયા અને પોતાની જાતને તૈયાર કરી. ૭મી ઑક્ટોબર ૧૯૧૦ના રોજ ફિનિક્સના ટોલસ્ટૉય ફાર્મ તરફ નીકળ્યા. સાથે પોલક તથા બીજા સેવકોને પણ લીધા. રસ્તામાં તેમને રોકવામાં આવ્યા પરંતુ ગાંધીજીના પત્ની હોવાનું જાણી છોડી દીધા. ૯મી ઑક્ટોબરના રોજ બા ટ્રાન્સવાલ

પહોંચ્યા. ત્યાં પોલકનું સન્માન કરવામાં આવ્યું.

૧૯૧૧ – ફેબ્રુઆરીમાં બાની તબિયત પુનઃ બગડી. પહેલાંની જ બિમારી – 'રક્તસ્ત્રાવ'ની ચાલુ થઈ. ગાંધીજીએ કુદરતી ઉપાય બતાવ્યો. એક વર્ષ મીઠું છોડી દેવાનું અને દાળનો પણ ત્યાગ કરવાનો. બા એ બહુ ધીરજથી કહ્યું કે 'દાળ અને મીઠું છોડવું તો બહુ મુશ્કેલ છે. ગાંધીજી એ છોડી તો બતાવે'. ગાંધીજીએ તો તરત જ સંકલ્પ કરી લીધો અને તરત જ દાળ અને મીઠાનો ત્યાગ કર્યો. બા તો બહુ જ પરેશાન થઈ ગયા કે પતિનો સ્વભાવ જાણતા હોવા છતાં આ શું બોલાઈ ગયું? ત્યાર બાદ તેમણે પણ દાળ અને મીઠું છોડી દીધા. ભગવાન જાણે કેવી રીતે પણ બાની તબિયત સુધરવા માંડી.

મે મહિનો બા માટે ચિંતાજનક રહ્યો. પિતા પુત્ર હરિલાલ – વચ્ચે થોડું વિચારોનું ઘર્ષણ ચાલુ જ હતું અને દિન પ્રતિદિન વધતું ગયું. હરલાલે ગૃહત્યાગ કર્યો. થોડા સમય બાદ ડોલાગોઆમાં તેઓ છે તે જાણી પાછા બોલાવવામાં આવ્યા. પરંતુ તેઓની ચર્ચા બાદ નક્કી કરવામાં આવ્યું કે હરિલાલ કાયમ માટે દક્ષિણ આફ્રિકા છોડી જાય. ૧૭મી મેના રોજ હરિલાલની વિદાય થઈ. પુત્રવધુ ગુલાબી તથા પૌત્રી રામી તો હિન્દુસ્તાન જતા જ રહ્યા હતા. બા માટે તો આ બધાની વિદાય દુઃખદાયક રહી.

૧૫મી નવેમ્બરના દિવસે સ્ત્રીમંડળ દ્વારા આયોજિત હાથ કારીગરીના પ્રદર્શનમાં બાએ પણ એક સ્ટૉલ રાખ્યો હતો જેના ઘણા વખાણ થયા હતા.

૧૯૧૨ – આખું વર્ષ ટૉલસ્ટૉય ફાર્મમાં જ રહ્યા.

૧૯૧૩ – જાન્યુઆરી શરૂઆતમાં જ ટૉલસ્ટૉય ફાર્મની વસ્તી (લોકો)ને પાછા ફિનિક્સ આશ્રય લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું. તા. ૯મી જાન્યુઆરીના રોજ બાને લઈને આખા પરિવારે ફિનિક્સ તરફ પ્રયાણ કર્યું. ફેબ્રુઆરીમાં જસ્ટિસ સિર્લે એક વિચિત્ર ફેંસલો સુણાવ્યો જેના હિસાબે જે લગ્નો દક્ષિણ આફ્રિકામાં રજીસ્ટર ન કરાયા હોય તે કાયદાકીય લગ્ન નહીં ગણવામાં આવે. ગાંધીજી એ આ વિષય માર્ચના બીજા પખવાડિયામાં બા સાથે ચર્ચ્યો અને બાને જણાવ્યું કે દક્ષિણ આફ્રિકામાં તેઓ પતિ-પત્ની તરીકે નહીં ગણાય. તેના જવાબમાં બાએ જ્યારે કહ્યું કે આવું કેવી રીતે ચાલે? તો ગાંધીજીએ કહ્યું, ''તો લડવું પડશે, અને કદાચ જેલ પણ ભોગવવી પડે''. તરત જ બાએ જવાબ આપ્યો અને નક્કી કર્યું કે તેઓ બીજી સ્ત્રીઓ સાથે મળીને ફક્ત લડત આપશે તેટલું જ નહીં પરંતુ જેલમાં જવું પડે તો જેલમાં પણ જશે.

૧૫મી સપ્ટેમ્બરના રોજ કસ્તૂરબા, ત્રણ બીજી મહિલાઓ તથા પુરુષો મળીને ૧૬ જણાની એક ટુકડી બનાવી સત્યાગ્રહ કરવા ડર્બનથી રવાના થયા, ૧૬મી તારીખે તેઓને વાકસ્રસ્ટમાં રોકવામાં આવ્યા. તા. ૨૨મીએ બધાની ધરપકડ કરી અને ૨૩ તારીખે ત્રણ ત્રણ મહિનાની સખત સજા ફરમાવી. જેલનું ખાવાનું તો ખવાય એવું નહોતું. બા ઉપવાસ પર ઉતર્યા અને તબિયત બગડી. તેમની નિષ્ઠા અને દૃઢતા જોઈ જેલર-વૉર્ડર પણ પ્રભાવિત થયા. બા માટે ફળોની વ્યવસ્થા કરી આપી. બાના આ નેતૃત્વએ હિન્દુસ્તાની તથા એશિયાની સ્ત્રીઓમાં એક નવો જ ઉત્સાહ પ્રેર્યો અને ઘણી મોટી સંખ્યામાં બ્હેનો આંદોલન તથા મહાકૂચમાં જોડાઈ. સજા પૂર્ણ થયા બાદ ૨૨મી ડિસેમ્બરના રોજ ગાંધીજી, બા તથા અન્ય મહિલાઓને લાવવા ગયા તો બાની તબિયત નબળી લાગી. બા અચાનક ઉંમરલાયક (વૃદ્ધ) તથા કમજોર જણાયા. અને નવા લોકોને તો તેઓ ગાંધીજીના માતા જેવા લાગ્યા.

૧૯૧૪ – બાના ફેબ્રુઆરી અને માર્ચ મહિનાઓ તબિયતની બાબતે બહુ જ ખરાબ વીત્યા. ગાંધીજી તો સત્યાગ્રહના અંતિમ ચરણનું આયોજન કરવામાં પડ્યા હતા છતાં બાની તબિયતને લક્ષ્યમાં રાખી બા સાથે વધુ સમય વીતાવવા લાગ્યા. તા. ૭મી ફેબ્રુઆરીના રોજ બાને લઈને કેપટાઉન ગયા હતા, બાની તબિયત તો સારી નહોતી જ. ૫મી માર્ચના રોજ ગાંધીજીએ પત્ર દ્વારા જણાવ્યું કે બાના મોતની તો બધાએ માનસિક તૈયારી રાખી જ હતી પરંતુ કહેવાય છે ને કે ઈશ્વરેચ્છાએ બાની તબિયત થોડી સુધરી. ૧૮મી જુલાઈ ૧૯૧૪ના રોજ બા તથા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી કાયમ માટે વિદાય લીધી. સૌ પ્રથમ કિન-ફાઉન્સ નામના કેસલ જહાજમાં પહેલાં લંડન તરફ રવાના થયા. ૧૯ દિવસની આ મુસાફરીમાં ગાંધીજીએ બા માટે રોજ એક કલાક ગીતા તથા રામાયણ પાઠ વાંચ્યા. ૪થી ઑગસ્ટે તેઓ લંડન પહોંચ્યા. ૮મી ઑગસ્ટે ત્યાંના હિન્દી ભાઈબેનોએ બા, ગાંધીજી તથા કેલનબેંકના સન્માન માટે મિલન યોજ્યું હતું.

૧૯૧૫ – બા તથા ગાંધીજી ૯મી જાન્યુઆરીના રોજ મુંબઈ બંદરે ઉતર્યા. અનેક સ્થળો પર સત્કાર સમારંભ થયા. ૧૭મી જાન્યુઆરીના રોજ નડિયાદ, મહેમદાવાદ તથા અમદાવાદ થઈ બા અને ગાંધીજી રાજકોટ પહોંચ્યા અને ૨૨મી જાન્યુઆરીના રોજ પોરબંદર પહોંચી પરિવારને મળ્યા. રાજકોટમાં મોઢ જ્ઞાતિની બ્હેનોએ

બાને માનપત્ર અર્પણ કર્યું. ૨જી ફેબ્રુઆરીના રોજ અમદાવાદમાં બહેનોએ બાને માનપત્ર આપ્યું તથા ૭મી ફેબ્રુઆરીના રોજ મુંબઈ, ૯-૧૦મીએ પૂના અને ૧૫મીએ મુંબઈથી શાંતિનિકેતન માટે રવાના થયા.

૧૭મી ફેબ્રુઆરીના રોજ ગાંધીજી સાથે શાંતિનિકેતન પહોંચી ફિનિક્સના આશ્રમવાસીઓને મળ્યા. તા. ૨૦મી એ તો ગોખલેના મરણના સમાચાર સાંભળી ગાંધીજી સાથે પૂના ગયા અને તા. ૨૨મી ફેબ્રુઆરીથી ૩જી માર્ચ વીતાવી તા. ૪થી માર્ચે મુંબઈ પહોંચી પાછા તા. ૬ઠ્ઠીએ શાંતિનિકેતન જવા ઉપડી ગયા. ૬ઠ્ઠી માર્ચે કવિવર રવીન્દ્રનાથ ટાગોર સાથે મુલાકાત થઈ. જ્યાં સુધી શક્ય હતું ત્યાં સુધી માર્ચની શરૂઆતથી મે માસના પહેલા અઠવાડિયા સુધી શક્ય હતું ત્યાં ગાંધીજી સાથે મુસાફરીમાં બાએ સાથ આપ્યો. એ દરમિયાન કલકત્તા, રંગૂન, હરદ્વાર, ઋષિકેશ, કાંગડી જવા સાથ આપ્યો. તા. ૨૫મી મેના રોજ અમદાવાદના કોચરબ ગામે એક વકીલના મકાનમાં આશ્રમની સ્થાપના થઈ ત્યારથી બા ત્યાં જ સ્થાયી રહ્યા. ફિનિક્સના અનેક સાથીઓ પણ તેમની સાથે જોડાયા અને બધા મળીને લગભગ ૨૫ જણાનો પરિવાર સાથે રહેવા લાગ્યો. સપ્ટેમ્બરમાં એક દલિત પરિવારને ગાંધીજીએ આશ્રમમાં આપવાથી બા તથા અનેક લોકો નારાજ થયા. થોડા સમયમાં બા તો સ્વસ્થ થઈ ગયા અને એ પરિવારની દીકરી લક્ષ્મીને પણ પોતાની દીકરી જેમજ પાળી પોષી ૩જી ડિસેમ્બરના રોજ વાંકાનેરની એક સભામાં બાને માનપત્ર આપવામાં આવ્યું.

૧૯૧૬ – મોટા ભાગનો સમય કોચરબ આશ્રમમાં જ વીતાવ્યો.

૧૯૧૭ – શરૂઆતમાં કોચરબ આશ્રમમાં અને ત્યારબાદ સાબરમતી આશ્રમની સ્થાપના થવાથી આશ્રમના વિકાસાર્થે અન્ય કાર્યકરો સાથે જોડાયા. એપ્રિલમાં બા પણ ગાંધીજી સાથે કલકત્તા ગયા એવી માહિતી છે. કલકત્તા જવાનું મુખ્ય કારણ હરિલાલનું સમસ્ત કુટુંબ કલકત્તા હતું. ત્યારબાદ અમદાવાદ પાછા ફર્યા.

નવેમ્બરની ૮મી તારીખે તેઓ પટના થઈ ચંપારણ પહોંચ્યા. ગાંધીજીને હવે શિક્ષણ તથા આરોગ્યને લગતાં કાર્યો કરવા હતા. બા કંઈ સાક્ષર નહોતા પરંતુ તેમની સ્વચ્છતા બાબતમાં બહુ જ સારી રીતે સૂઝ હતી. દક્ષિણ આફ્રિકામાં આવા કામ બહુ જ સારી રીતે કર્યા હતા. તેઓ આરોગ્ય અને નર્સિંગનું કામ પણ બહુ સારી રીતે કરી શકતા. સમગ્ર દેશમાંથી સહાયકો સ્વયંસેવકો તરીકે જોડાયા. બાએ ભિતિહરવા ગામની જવાબદારી સ્વીકારી અને ગામની બહેનો માટે આરોગ્ય અને સફાઈ માટેનું અભિયાન શરૂ કર્યું. જે પુરા ચંપારણ જિલ્લામાં ફેલાઈ ગયું. બા એટલા પ્રભાવિક ઢંગથી કામ કરી રહ્યા હતા કે તે જોઈને એક અંગ્રેજે અદેખાઈભર્યું અપમાનજનક લખાણ એક અખબારમાં લખી જણાવ્યું પરંતુ ગાંધીજીએ ઘણો સુંદર અને યોગ્ય જવાબ પણ આપ્યો. બા અને આશ્રમના સાથીઓએ મળીને આરોગ્ય અને શિક્ષણનું કામ કરી બતાવ્યું.

૧૯૧૮ – માર્ચના અંતમાં અને એપ્રિલની શરૂઆતમાં બા સાબરમતી આશ્રમમાં પાછા આવી ગયા. ૧૮મી જૂનના રોજ હરિલાલના પત્ની ગુલાબ તથા બે બાળકો સાબરમતી આશ્રમ આવી પહોંચ્યા, હરિલાલ તદ્દન બેજવાબદાર બની ગયા હતા. ગુલાબ અને બાળકોની હાલત પણ સારી નહોતી તેથી બા તેમની સારસંભાળમાં જ વ્યસ્ત રહેતા. ગાંધીજીની તબિયત ઑગસ્ટ મહિનામાં બગડી ગઈ અને બહુ જ હરસ, મસા થઈ ગયા. બાળકોને પણ પત્ર દ્વારા જણાવી દીધું અને જલ્દી પિતાજીને મળવા આવી જણાવ્યું. બાએ બને તેટલી સેવા કરી ગાંધીજીની તબિયતની સંભાળ રાખી. તેઓની તબિયત સુધરવા લાગી પરંતુ ઑક્ટોબરમાં બા ઘણા દુઃખી થઈ ગયા. તેમનો પૌત્ર શાંતિ દેશમાં ફેલાયેલ ઇન્ફ્લુએન્ઝાની બિમારીનો ભોગ બની દેવલોક પામ્યો. થોડા જ દિવસો બાદ બાળકોની મા અને હરિલાલના પત્ની ગુલાબ પણ એજ બિમારીના ભોગ બની મૃત્યુ પામ્યા. બા માટે તો બહુ જ મોટો આઘાત હતો. બા આ સમયે રાજકોટમાં જ હતા.

૧૯૧૯ – રાજકોટથી બા પરત ફર્યા અને ગાંધીજીની સંભાળમાં વ્યસ્ત થઈ ગયા. હરસને લીધે તેમને મસા પણ થઈ ગયેલ. તેઓ એલોપથી ઉપચાર કરાવવા મુંબઈ જવા માટે પણ તૈયાર થઈ ગયેલા. ત્યાં ડૉ. દલાલે ગાયનું દૂધ લેવાનું સૂચવ્યું અને તો જ તેમનામાં શક્તિ આવે અને ત્યાર બાદ જ તેમના પર શસ્ત્રક્રિયા થઈ શકે. તેઓએ તો ગાયના દૂધનો ત્યાગ કર્યો હતો. બા તેમની સાથે જ હતા. બાએ એક સૂચન કર્યું કે જો ગાયના દૂધનો ત્યાગ છે તો આપ બકરીનું દૂધ તો લઈ શકશોને! ગાંધીજીએ બાની સલાહ માની અને ૮મી જાન્યુઆરી સુધીમાં તો તબિયત સુધરવા માંડી. બાએ પુત્ર હરિલાલને જણાવ્યું હતું કે હવે ગુલાબના ગયા બાદ બાળકોનો ઉછેર ત્યાં આશ્રમમાં જ કરશે. હવે બાપુ સાથે મુંબઈ આવ્યા તો બાળકો પણ મણિભવનમાં જ રહ્યા. એપ્રિલ માસમાં ગાંધીજીને એક દિવસ ધૂની વિચાર આવ્યો કે હવે અસહકાર એ એકજ ઉપાય છે. ''હિંદુસ્તાન બંધ''નું એલાન કરવામાં આવ્યું એની સફળતા જોઈ

ત્યાંથી જ ૧૯૨૦-૨૧ની અસહકારના આંદોલનની શરૂઆત થઈ. બા પાછા સાબરમતી આશ્રમ આવી પહોંચ્યા.

૧૯૨૦-૨૩ – બાને હવે ખાત્રી થઈ ગઈ કે ગાંધીજી પાછા દઢતાથી એક નવી લડાઈ લડવા માગી રહ્યા છે. અને હવે તેઓ રાષ્ટ્રીય નેતા પણ બની ચૂક્યા છે. બાએ હવે આશ્રમની બધી જવાબદારી મગનલાલ ગાંધી સાથે મળીને સંભાળી લીધી છે. હવે ગાંધીજી બાપુ તરીકે જાણીતા થઈ ગયા હતા. આશ્રમ હવે સત્યાગ્રહીઓનું તાલીમ કેન્દ્ર બની ગયું હતું. દરેક આશ્રમવાસી બાપુની સત્યાગ્રહ સ્કૂલના વિદ્યાર્થી હતા અને બા તેમના ગૃહમાતા બન્યા. આજ અરસામાં બા પણ કાંતણકામ શીખ્યા અને સૌથી ઉત્તમ કાંતણકાર બની બીજાને પણ શીખવાડવા લાગ્યા. ૧૦મી માર્ચ ૧૯૨૨ના રોજ બાપુની ધરપકડ કરવામાં આવી અને તેમના પર દેશદ્રોહનો જગપ્રસિદ્ધ મુકદમો ચલાવ્યો. તેમને છ વર્ષની સજા ફરમાવી. બા તો આજ સુધીમાં એકદમ પરિપક્વ (તૈયાર) થઈ ગયા હતા. તેઓએ 'યંગ ઈન્ડિયા' ૨૨ માર્ચના અંકમાં એક અપીલ લખાવી – જે નીચે પ્રમાણે છે '' તેમના પતિની ગિરફતારી અને જેલ આપણને એ સંદેશ આપે છે કે, ''સમય આવે દરેક દેશવાસીએ જાગી જવું જોઈએ અને કોંગ્રેસના ચીંધ્યા રચનાત્મક કાર્યો હાથ પર લેવા – અજમાવવા – જરૂરી છે. પ્રત્યેક સ્ત્રી-પુરુષે વિદેશી કાપડનો ત્યાગ કરવો જોઈએ અને ખાદી અપનાવે. દરેક સ્ત્રી સૂતરકાંતી સૂતરની ઉત્પત્તિ વધારી દે અને પ્રત્યેક વેપારી વિદેશી સામાનનો વ્યાપાર બંધ કરી દે.''

બીજી બાજુ હરિલાલ પુનઃ લગ્ન કરવા માંગતા હતા, પરંતુ બા અને બાપુ તેની વિરુદ્ધ હતા. તે છતાં જ્યારે હરિલાલ ૧૯૨૨માં જેલમાંથી છૂટી બાપુને મળવા જેલ ગયા તો ત્યાં પાછી લગ્નની વાત કરી. બાપુએ તેમને જણાવ્યું કે જો કોઈ બાળકુંવારી વિધવા મળે અને હરિલાલ જવાબદારી ઉઠાવવા તૈયાર હોય તો જ વિચાર કરે. થોડા મહિનાઓ બાદ જ્યારે હરિલાલના ચાર બાળકોને લઈ બા હરિલાલને ઘરે કલકત્તા પહોંચ્યા ત્યારે બાપુ સાથેની વાત સાંભળી બા તો રાજી થઈ ગયા અને તેમના વિચાર સાથે પોતે સંમત છે એમ જણાવ્યું. વાતને હરિલાલે બહુ મહત્ત્વ ન આપ્યું. બા તો પાછા સાબરમતી આશ્રમ પહોંચી પોતાના કાર્યોમાં વ્યસ્ત થઈ ગયા. ૧૯૨૦ની આસપાસ એક મહત્ત્વપૂર્ણ ઘટના ઘટી. પ્યારેલાલ જેઓ ગાંધીજીના મંત્રી હતા અને જેમણે ગાંધીજીનું સુંદર જીવનચરિત્ર લખી, તેઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કરી તરત જ લાહોરથી સાબરમતી આશ્રમ આવી પહોંચ્યા. તેઓને બાપુની સાથે રહીને જ કાર્ય કરવાની અતિ ઇચ્છા હતી. બાપુએ તેઓને ચકાસવાની દૃષ્ટિએ રજા આપી. જોકે લાહોરથી તેમના માતુશ્રીની જરાય ઇચ્છા નહોતી તેથી બાપુએ તેઓને ચર્ચા કરવા આશ્રમમાં આવવાનું આમંત્રણ આપ્યું. તેઓ આમંત્રણને માન આપી આવ્યા પણ ખરા અને સૌ પ્રથમ બા સાથે ખાસ્સી લાંબી ચર્ચા પણ કરી. અને બાએ ઘણી હમદર્દી સાથે તેમની વાતો સાંભળી પણ ખરી. ત્યાર બાદ તેઓએ જણાવ્યું કે બાપુએ, બા તથા બાળકોને પણ આ રસ્તે, સેવા માટે તૈયાર કરવા માટે તેઓને ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું હતું. જોકે બાપુના વિચારો અને કર્તવ્ય સારા હતા. પ્યારેલાલ દેશના પ્યારા અને સાચા ભક્ત બને તેવા જ હતા. પ્યારેલાલ આશ્રમમાં જ રહી પડ્યા અને ઘણા સુંદર અને અગત્યના કાર્યો કર્યા, જેનો યશ ખરેખર તો બાને જ આપવો પડે.

આ પાંચ વર્ષો બા સાબરમતી આશ્રમમાં જ રહ્યા અને મગનલાલ – સંચાલકના પછી બાએ જ આશ્રમવાસીઓનું ધ્યાન રાખી ખરેખર સુંદર ભૂમિકા ભજવી.

૧૩મી જાન્યુઆરી ૧૯૨૪ના રોજ પૂનાથી મુખ્ય સર્જને બાપુના ઈમરજન્સી ઍપેન્ડીક્સના ઑપરેશનના સમાચાર મોકલ્યા. અને જણાવ્યું કે તબિયત સારી છે. ચિંતા ન કરતા. બા તો આશ્રમની જવાબદારીને લીધે જઈ પણ ન શક્યા. પરંતુ નાના પુત્ર દેવદાસને જ મોકલ્યા. બાપુની તબિયતમાં કોઈ સુધારો નહોતો થયો તેથી બિનશરતી રજા આપી દીધી અને બાપુ મેના અંતમાં જ આશ્રમમાં આવી પહોંચ્યા.

૧૯૨૬ના અરસામાં મણિલાલનો પ્રોબ્લેમ ઉભો થયો. તેઓ એક ફાતિમા નામની મહિલાના પ્રેમમાં ફસાયા. બાપુને જાણ થતાં પત્ર દ્વારા તેમને આ સંબંધ તોડવા જણાવ્યું. આ વાત ૩જી એપ્રિલ ૧૯૨૬માં બની. બા મણિલાલને પરણાવવાની જ ઇચ્છા ધરાવતા હોવાથી પોતે મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં એક પરિવાર સાથે આવવા જવાનો – મળવાનો – વહેવાર ચાલુ કર્યો. બાએ જાન્યુઆરી ૧૯૨૭માં ત્યાં પહોંચી મશરૂવાલા પરિવારની વચલી દીકરી સુશીલા સાથે મણિલાલના લગ્ન કરવાની વાત નક્કી કરી લીધી. અને આ લગ્ન ૬ઠ્ઠી માર્ચના રોજ અકોલામાં થયા. બાને પણ વરરાજાની બા બનવાનો લ્હાવો મળ્યો.

૧૯૨૯ – સુધીનો તો ઘણો બધો સમય આશ્રમમાં જ વીત્યો. ડિસેમ્બર ૧૯૨૯માં મણિલાલ, સુશીલા તથા એક વર્ષની દીકરી

સીતા સાથે સાબરમતી આશ્રમ આવી પહોંચ્યા. બા તો ખુશખુશાલ હતા.

૧૯૩૦ – ફેબ્રુઆરી અંતથી સમગ્ર આશ્રમ મીઠાના સત્યાગ્રહ માટે દાંડીકૂચની તૈયારીમાં જ લાગેલો હતો. આવા વાતાવરણમાં બા કેમ રહી જાય? બા પણ ચાર વાગે જ ઊઠી બાપુ તથા સત્યાગ્રહીઓને વિદાય આપવા તૈયાર થઈ ગયા. મણિલાલ પણ જોડાઈ ગયા. સુશીલાને નરમ પડેલી અને રોતું મુખડું જોઈ બાએ તેને આશ્વાસન આપતાં જણાવ્યું કે તેને રડતે મુખડે નહીં પણ હિંમતથી જ વિદાય આપવાની. સર્વે બહેનોને આજ પ્રમાણે હિંમત આપી. બાએ જ બાપુને તિલક કરી નીડર દઢતા સાથે વિદાય આપી. બાએ પ્રીતમનગર સુધી ટુકડીને સાથ આપ્યો. બા બે વખત દાંડીયાત્રા વખતે બાપુને મળવા ગયેલાં.

૯મી એપ્રિલના રોજ નાના દીકરા દેવદાસને ગિરફતાર કર્યો અને ધરાસણા કાંડમાં મણિલાલે સખત લાઠીચાર્જ વેઠી ધરપકડ વ્હોરી. બાપુની ૫મી મેના રોજ કરાડીથી ધરપકડ કરવામાં આવી. રામદાસ પણ પકડાયા. દક્ષિણ આફ્રિકા બાદ બા એ પુનઃ પતિ અને ત્રણ પુત્રોને દેશ માટે જેલ જતા જોયા.

એક બે મહિનાઓ બાદ જ્યારે બા અને સુશીલા જેલમાં કેદીઓને મળવા પહોંચ્યા ત્યારે સુશીલા કરતા પણ બા ઘણા મજબૂત મનના માલૂમ પડ્યા. અને શાંતિથી દીકરાઓ સાથે તબિયતના સમાચાર પૂછ્યા.

૧૯૩૧ – બાપુના હિસાબે સ્ત્રીઓ અહિંસક સત્યાગ્રહ માટે વધુ યોગ્ય હોય છે. હવે પછીના છ થી સાત મહિનાઓમાં તો બાએ બીજી બ્હેનો સાથે મળીને પીકેટીંગ કર્યું, અનેક જિલ્લાઓમાં ફર્યા, તથા બ્હેનોને સત્યાગ્રહ માટે પણ તૈયાર કર્યા. રામદાસ અને મણિલાલને સાબરમતી જેલમાં મળ્યા બાદ ઘણા વખતે તેમના નાના દીકરા દેવદાસને મળવા પંજાબના એક શહેરની જેલમાં પહોંચ્યા. સ્ટેશન પર હજારોની સંખ્યામાં લોકો ભેગા થયેલા. બાએ ભીડનું કારણ પૂછતાં જણાયું કે આ ભીડ તો બા જેવી મહાન સ્ત્રીને જોવા તથા અભિનંદન આપવામાટે જમા થયેલી. જેલ સુધી બધા સરઘસરૂપે સાથે ગયા. આજ વર્ષે દક્ષિણ આફ્રિકામાં બાનું નામ પ્રખ્યાત કરવા બધી બહેનોએ બાના નામે ફંડ એકત્ર કરી ૨૫ પાઉન્ડ બાને મોકલ્યા.

મે ૧૯૩૧ – ગાંધીજી સાથે બા સિમલા પહોંચ્યા અને ૧૭મી મેના દિવસે લેડી વિલિંગ્ડને બાને મુલાકાત માટે કહેણ મોકલ્યું. બા ગયા અને સાથે અનસૂયા સારાભાઈ પણ દુભાષિયા તરીકે ગયા. લેડી વિલિંગ્ડનને ખાદી લેવાની ઇચ્છા થઈ હતી જે પૂરી કરવાની જવાબદારી બાએ લીધી. લેડીએ હિન્દુસ્તાનીઓને મળીને તેઓ વિષે વધુ જાણવાની ઇચ્છા પણ પ્રગટ કરી. બાએ તેમની ઇચ્છા પૂર્ણ કરવાની બાહેધારી પણ આપી. શિમલાની ચર્ચાઓના આધારે જ બાપુ તથા અન્યો સાથે બીજી ગોળમેજી પરિષદનું આયોજન પણ થયું પરંતુ બાએ બાપુને સાથ આપવાનો ઈન્કાર કરતા, પોતાની ઇચ્છા પોતાના દેશમાં રહીને જ કાર્ય કરવાની જણાવી.

૧૯૩૧ – બીજી ગોળમેજી પરિષદ અસફળ રહી. બાપુ ઓગસ્ટ આખરમાં જઈ ૨૮મી ડિસેમ્બરે તો પાછા આવી ગયા. ૪થી જાન્યુઆરી ૧૯૩૨ના દિવસે મુંબઈમાં તેઓની ધરપકડ થઈ ત્યારે બાને કંઈ ભૂલચૂક બદલ માફી માંગી વિદાય આપી. જેવા સાબરમતી આશ્રમ આવ્યા કે બાને પણ ગિરફતાર કર્યા અને ૧૫મી જાન્યુઆરીના રોજ ૬ સપ્તાહની સજા ફરમાવી સાબરમતી જેલમાં મોકલ્યા.

જ્યારે બાને છૂટ્ટી મળી ત્યારે બાપુને મળવા જવાની ઇચ્છા હતી, પરંતુ બાપુને જ કોઈને પણ મળવાની ઇચ્છા નહોતી. પછી જ્યારે બધાને મળવાની ઇચ્છા દર્શાવી ત્યારે પાછી ૧૫ માર્ચ ૧૯૩૨ના રોજ ધરપકડ કરવામાં આવી અને ૬ મહિનાની સજા ફરમાવી. વધુ દોઢ માસની સજા થઈ અને બા પાછા સાબરમતી જેલમાં પુરાયા. બા જે રીતે બ્હેનો સાથે રહી આંદોલનની ગતિ વધારી રહ્યા હતા તેને અંગ્રેજો બહુ મોટી આફત માનતા હતા.

૨મી સપ્ટેમ્બર ૧૯૩૨ના રોજ બાપુએ અંગ્રેજ સરકાર દ્વારા ઘડાયેલ દલિતો (હરિજનો) માટેની નીતિના વિરોધમાં આમરણ અનશન શરૂ કર્યા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ બાને પણ બાપુ સાથે યરવડા જેલમાં મોકલ્યા. ૨૬મી સપ્ટેમ્બરના રોજ બાના હાથે ફળોનો રસ લઈ પારણા કર્યા.

૨૦મી સપ્ટેમ્બરના રોજ બાની બાકીની સજા માટે યરવડા જેલના સ્ત્રી વિભાગમાં મોકલવામાં આવ્યા પરંતુ એટલી છૂટ આપી કે બાપુની કોટડીમાં આવી તેમને માટે જમવાનું બનાવી જમાડીને જઈ શકે.

૩જી ડિસેમ્બરના રોજ બાની સજા પૂરી થઈ અને બાએ બાપુને પાછા પોતાની ફરજ બજાવવાની ખાતરી આપી જે બાપુએ કબૂલ કર્યું. તેઓ અસ્પૃશ્યતા નિવારણના રાષ્ટ્રીય સંમેલન માટે મદ્રાસ ગયા અને બાપુનું પ્રતિનિધિત્વ બનાવ્યું.

૧૯૩૩ – બાએ એટલી સભાનતાપૂર્વક કાર્ય કર્યું કે અંગ્રેજ સરકારે પાછા ૮મી ફેબ્રુઆરી ૧૯૩૩માં બાને ગિરફ્તાર કર્યા અને ૬ મહિનાની સજા ફરમાવી. બાપુએ પાછા ૮મી મેથી ૨૧ દિવસના આકરા ઉપવાસ શરૂ કર્યા. એમની તબિયત પર અસર થતી જોઈ સરકારે તેમને રજા આપી. ૧૩મી મેના રોજ બાને પણ સાબરમતી જેલમાંથી છૂટ્ટી મળી અને ૧૪મી મેના રોજ હરિલાલ સાથે બાપુને મળવા પૂના પહોંચ્યા. ૬ઠ્ઠી જૂન ૧૯૩૩ દિવસે નાના પુત્ર દેવદાસના સાદગીથી લગ્ન કર્યા. અને લક્ષ્મી વહુ ઘેર પધાર્યા. ૧લી ઑગસ્ટે બાપુને પાછા ગિરફ્તાર કર્યા. ૧૬મી ઑગસ્ટે બાપુ પાછા ઉપવાસ પર ઉતર્યા. ૨૦-૨૧મી ઑગસ્ટ બા-બાપુને મળવા આવ્યા. બાને પહેલાની બાકીની સજા માટે પાછા ગિરફ્તાર કર્યા.

૧૯૩૪-૧૯૩૭ – ૧૬મી મે એ બા જેલમાંથી છૂટ્યા પરંતુ જેલમાં જ તેમને ત્રણ વાર દાદી બન્યાના સમાચાર મળ્યા. ૧૪ એપ્રિલના રોજ મણિલાલ તથા સુશીલાને ત્યાં અરુણ જન્મ્યો, રામદાસ તથા નિર્મળાને ત્યાં ઉષા અને ૧૮મી એપ્રિલના રોજ દેવદાસ તથા લક્ષ્મીને ત્યાં તારા.

૨૫મી જૂનના રોજ બા અને બાપુ મોટરમાં જતા હતા અને તેમના પર બૉમ્બથી કોઈએ હુમલો કર્યો પરંતુ તેઓ બચી ગયા.

૧૯૩૪માં જેલમાંથી છૂટી બા તો ઘર વગરના થઈ ગયા હતા. સાબરમતી આશ્રમ હરિજન સેવક સંઘને સોંપી દીધેલ. બાએ પોતાની જિંદગી પોતાની રીતે જીવવાનો નિર્ણય કરી લીધો. ક્યારેક બાપુ સાથે ફર્યા તો ક્યારેક ગામડાઓ અને કસ્બાઓમાં ગયા, બ્હેનો સાથે સત્યાગ્રહ બાબત ચર્ચા કરી તેઓના અનેક કર્તવ્યો બાબત સમજણ પ્રદાન કરી તથા વચ્ચે વચ્ચે દીકરાઓને ઘરે પણ અવરજવર કરતી. આવી ભટકવાવાળી જિંદગી બે વર્ષ સુધી વિતાવી. ૨૪ એપ્રિલ ૧૯૩૬માં બાપુ સાથે નાગપૂર સાહિત્ય સંમેલનમાં ભાગ લેવા ગયા જ્યાં મોટા દીકરા હરિલાલ મળવા આવ્યા. તેમની હાલત ખરાબ હતી. થોડા સમયમાં જ પેપરમાં સમાચાર આવ્યા કે હરિલાલે મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો છે. બાએ વ્યથિત હૃદયે પત્ર લખ્યો જેનાં અતિ પ્યાર અને દુઃખ બંને જણાવી દીધા.

માર્ચ ૧૯૩૬માં વર્ધા પાસે સેગાંવમાં રહેવાની યોજના ઘડી અને તેનો અમલ કર્યો. બાનું ઘર પણ સેગાંવમા બન્યું પરંતુ જુદા જુદા ઘરમાં થોડા જ સમયમાં ૬૭ વર્ષની ઉંમરે બા એ સેગાંવ જે હવે સેવાગ્રામ બની ગયું તેમાં જ પોતાની ખાસ જગ્યા નક્કી કરી લીધી. બાપુએ પણ રાજીખુશીથી માની લીધું કે બાને માટે આશ્રમ નિયમબદ્ધ નહોતું. આમ ન હોવાનું કારણ બા નહોતાં. પરંતુ મહેમાનોની પરિસ્થિતિ સમજીને જ બા જાતે નિયમો તોડવાનું સાહસ કરતા હતા. અને બાપુ સાથે તર્કબદ્ધચર્ચા કરી જીત મેળવતા હતા. બાપુ જ્યારે સ્વસ્થ હોય ત્યારે તેમની સાથે મુસાફરી ટાળતા પરંતુ દૂરની મુસાફરીમાં જરૂર સાથ આપતા.

૧૯૩૮ – માર્ચ મહિનામાં દૂરની મુસાફરી કલકત્તા અને ઓરિસા જવાનું નક્કી થયું. ગાંધીજી દેલાંગ જતા હોવાથી અનેક મહિલાઓ પણ તૈયાર થઈ ગઈ. બા, મહાદેવભાઈ દેસાઈના પત્ની દુર્ગાબેન તથા બીજી અનેક બ્હેનો પણ સાથે ગયા અને જગન્નાથપુરીના દર્શન કરી આવ્યા. બાપુએ જગન્નાથપુરીના મુખ્ય મહંતને મંદિરમાં હરિજન પ્રવેશ માટે વિનંતી કરી હતી પરંતુ તેઓને તે નકારી હતી તેથી બાપુ દર્શન કરી આવેલ બ્હેનો તથા મહાદેવભાઈ પર ઘણા ગુસ્સે થઈ ગયા.

૧૯૩૯નું વર્ષ એટલે રાજા રજવાડોની મનમાની રીતે રાજ્ય કારભાર ચલાવવા માટે પ્રખ્યાત થઈ ગયું. કોંગ્રેસનું માનવું જુદુ હતું. કોંગ્રેસની ઇચ્છા એવી કે રાજાઓ લોકતંત્રના આધાર પર રાજ્ય કરે જેથી આઝાદી મળ્યા બાદ દેશ એકજૂથ બની રાજ્ય ચલાવે. રાજકોટના રાજા જ ઘણા પ્રભાવશાળી નીકળ્યા. પરંતુ લોકતંત્રની હિમાયત કરવાવાળી બ્હેનોને તો ગિરફ્તાર કરવા માંડ્યા. સરદાર વલ્લભભાઈ પટેલના દીકરી મણીબેનને પણ પકડવામાં આવ્યા. જ્યારે બા એ સેવાગ્રામમાં આ સમાચાર જાણ્યા તો તરત જ રાજકોટ જવા રવાના થઈ ગયા. અને આંદોલનનું નેતૃત્વ સંભાળ્યું. ૩જી ફેબ્રુઆરી ૧૯૩૯ના રોજ બાને નજરબંધ રાખી રાજકોટ પાસે ત્રંબા ગામે મહેલમાં મોકલવામાં આવ્યા. બાપુને પણ આ વાતની જાણ ઘણી મોડી થઈ. ૨૭મી ફેબ્રુઆરીના રોજ બાપુ રાજકોટ પહોંચ્યા અને ત્રીજી માર્ચથી ઉપવાસ પર ઉતર્યા. તેમના ઉપવાસનું કારણ બાની મુક્તિ નહીં પરંતુ સરદાર પટેલ સાથે રાજકોટ નરેશ સલાહ સૂચન કરી જે સમાધાન કર્યું હતું તેનો વિરોધ કરી અમલ ન કરવા માટે જ. ૫મી માર્ચે બાને બાપુ પાસે મોકલ્યા તો ખરા પરંતુ તેમને વિધિસર મુક્ત ન કર્યા જેથી બાપુએ તો રાતોરાત બાને પાછા ત્રંબા મોકલી દીધા. છેવટે ૬ઠ્ઠી માર્ચે બાને વિધિસર મુક્ત કર્યા. વાઈસરોયનો ઉકેલ માન્ય રાખી રાજાએ માન્ય રાખ્યો એટલે છેવટે બાપુએ ૭મી માર્ચે પારણા કર્યા.

૧૯૪૦-૧૯૪૧ – બાની તબિયત તો રાજકોટ આંદોલનના સમયથી જ થોડી નબળી હતી જે વધુ બગડી. બા સેવાગ્રામ આવી

ગયા છતાં તબિયત તો થોડી નરમ જ રહેતી. બાપુએ લગભગ ૧૯૩૯-૪૦માં બાને દેવદાસ પાસે મોકલ્યા. ત્યાં થોડો સુધારો થયો. દિલ્હીમાં તેઓ થોડો સમય પ્યારેલાલની બ્હેન સુશીલા નય્યર સાથે પણ રહ્યા. સુશીલાબેન તે સમયે મૌલાના મેડિકલ કૉલેજમાં એમ.ડી.નો અભ્યાસ કરતા હતા. સખત ગરમી હોવાના કારણે સુશિલાબેન તેઓનો ઓરડો પાણી છાંટી પંખો ચલાવી ઠંડો રાખવા પ્રયત્ન કરતા પરંતુ તેની બાની તબિયત પર ઊલટી અસર થઈ જેને લીધે તેમને બ્રોકો ન્યુમોનિયા થઈ ગયો. પાછું તેમણે દેવદાસના ઘરે જ જવું પડ્યું. જ્યાં રહેવાથી તબિયત સુધરી ગઈ અને પાછા સેવાગ્રામ આવી ગયા. ત્યાર બાદ તેઓએ પૂરું એક વર્ષ સેવાગ્રામમાં જ વીતાવ્યું.

૧૯૪૨-૧૯૪૪ – ઑગસ્ટ સુધી ખાસ કોઈ ઘટના ન ઘટી. જ્યારે જૂનમાં લુઈ ફિશર સેવાગ્રામમાં ગાંધીજીને મળવા આવ્યા ત્યારે તેઓએ બા સાથે મુલાકાત કરી. ત્યાર બાદ ઑગસ્ટ મહિનાની શરૂઆતથી જ બા ગાંધીજીની સાથે જ હતા. ૮મી ઑગસ્ટની કોંગ્રેસની સમિતીમાં એક પ્રસ્તાવ રજૂ થયો જેમાં અંગ્રેજો 'ભારત છોડો'નો નારો લગાવી ઠેર ઠેર ભાષણો થયા અને ૯મી ઑગસ્ટે જ ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. બાની પણ ધરપકડ સાંજની સભામાં ભાષણ આપવા જતા જ કરવામાં આવી. બાની સાથે સુશીલા નય્યરને પણ ગિરફ્તાર કરી લીધા. બંનેને મુંબઈની આર્થરરોડ જેલમાં લઈ જવામાં આવ્યા. પરંતુ ત્યાર બાદ બા, બાપુ, તેમના સાથીઓ પ્યારેલાલ, સુશીલા, સરોજીની નાયડુ વગેરેને આગાખાન પૅલેસ પૂના જ્યાં મહાદેવ દેસાઈનું મૃત્યુ થઈ ગયું હતું ત્યાં કેદ કર્યા.

લગ્નના ૬૧ વર્ષો બાદ બાપુએ ફરીથી બા માટે પાઠશાળા શરૂ કરી જેમાં બા ઉત્સાહથી અભ્યાસ કરવા લાગ્યા. આમ જ ૧૯૪૩નું વર્ષ બાનો અભ્યાસ અને બાપુના ઉપવાસોમાં પસાર થયું. બાપુ ઘણા નબળા પડી ગયા હતા. બાની પ્રાર્થનાએ જાદુ કર્યો અને બાપુની તબિયત સુધરવા લાગી. બાને પણ થોડી અશક્તિ તો જણાતી જ હતી. વજન પણ ઘટી ગયું હતું. ૧૯૪૪માં બાને બે વખત હાર્ટ ઍટેક આવી ગયો. ધીરે ધીરે ફેબ્રુઆરીમાં પાછી હાલત નાજુક થઈ અને છેવટે હરિઇચ્છા પ્રમાણે ૨૨મી ફેબ્રુઆરીના રોજ બાનું મૃત્યું થયું.

✦ ✦ ✦

સંપર્ક : ૮૮૨૮૧ ૩૯૫૭૦



કસ્તૂરબાનું વ્યક્તિત્વ જ એવું હતું કે અનેક લોકો એમનાથી પ્રભાવિત થાય. સરળ અને વાત્સલ્યસભર. દક્ષિણ આફ્રિકાથી જ એમના જાહેરજીવનનો આરમ્ભ થઈ ગયો હતો.

ગાંધીજીની અનેક બાબતો લોકોએ આચરણમાં મૂકી હતી, પણ એને સામાન્ય પ્રજા સુધી પહોંચાડવાનું કાર્ય કસ્તૂરબા કરતાં. જ્યારે બાપુ જેલમાં હોય ત્યારે એમની જવાબદારી વિશેષ વધી જતી. મારા પુસ્તક 'મુઠ્ઠી ભીતરની આઝાદી'ના લેખન દરમ્યાન મને સમજાયું હતું કે જે બહેનો બાપુના વિચારોથી પ્રભાવિત થઈને જાહેરજીવનમાં સેવા અર્થે જોડાઈ હતી, તે બધામાં જ મને બા અને બાપુનો અનુભવ થયો હતો. મેં જોયું કે આ બધી જ બહેનો 'બા'નું જ વિસ્તારિત રૂપ છે, અનુકંપા, પ્રેમ અને વાત્સલ્યથી સમાજને અંકુરિત કરવાનું કાર્ય કરે છે. આજે રાષ્ટ્રમાતા કસ્તૂરબાના નિમિત્તે આપણે આ બહેનોને પણ યાદ કરીએ.


ખાદીમાતા
મણિબહેન નાણાવટી

રાષ્ટ્રવૃક્ષની આ બધી ધોરીનસો છે, જેમના વાત્સલ્યથી સમાજમાં માનવતાભર્યું વાતાવરણ જળવાયું છે. આ પ્રકાશકિરણો સમાજના ખૂણેખૂણામાં જઈ આજ સુધી 'ગાંધી વિચાર'ને જીવતા રાખી શક્યા છે. આ સહુને વંદન, એમના જેવા અનેકને વંદન.

– એસ. શાહ


માલતીબહેન ઝવેરી


ઉષાબહેન મહેતા


કસ્તૂરબા


પૂર્ણિમાબહેન પકવાસા


સરલાબહેન વિમલ શાહ


વીણાબહેન ગુપ્તા

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



વહાલી કસ્તૂર,

શ્રીમાન વેસ્ટે તારી તબિયતના સમાચાર આપ્યા. તારી મને ખૂબ ચિંતા છે, છતાં હું તારી સારવાર કરવા આવી શકું તેવી સ્થિતિમાં નથી. સત્યાગ્રહની લડત માટે જીવનનું બધું દાવ પર લગાડી દેવાના મારા નિર્ણયને તું સમજશે તેવી મારી આશા છે. જો હું દંડ ભરીને તારી પાસે આવું તો મેં કાયદો તોડ્યાનું સ્વીકારી લીધું છે તેવો અર્થ નીકળે. તેવું ન કરી શકાય તે તું જાણે છે. તેનાથી લડતની વિશુદ્ધિ જોખમાય.

પણ તું જો હિંમત રાખે અને બરાબર ખાય તો તને સારું લાગશે. તેમ છતાં તને કંઈક થઈ પણ જાય, તો હું ધારું છું કે તું મારા કરતાં વહેલી જ જાય તે વધુ સારું છે. તને ખબર છે તું મને કેટલી પ્રિય છે અને તે પ્રેમ તું જીવતી નહીં હોય તોપણ તેવો જ રહેવાનો છે. મારા માટે તું હંમેશાં જીવંત જ રહેવાની છે. તારો આત્મા અવિનાશી છે.

તેમ છતાં મારા તરફથી આજે એટલી ખાતરી આપું છું કે હું કદી બીજાં લગ્ન નહીં કરું. મેં તને પહેલાં પણ આ કહ્યું છે. મૃત્યુ આવે તોપણ ઈશ્વરમાં શ્રદ્ધા રાખી તારા આત્માને મુક્તિના માર્ગે જવા દેજે. સત્યાગ્રહ માટે તેના જેવું ભવ્ય બલિદાન બીજું કયું હોઈ શકે?

મારો સંઘર્ષ ફક્ત સત્તાધારીઓ સાથે નથી. મારો સંઘર્ષ સાથેનો, પ્રકૃતિ સાથેનો પણ છે. આશા રાખું છું કે તું આ બધું સમજશે અને ગુસ્સો નહીં કરે આથી વધુ શું કહું?

**તારો, મોહનદાસ**

(પત્રલેખિકાના પત્રના જવાબરૂપે બાએ આ કાગળ લખ્યો હતો. પરંતુ તેને પોસ્ટમાં મોકલવાનું માંડી વાળ્યું હતું. બાની ભાવના તેમાંથી તરી આવે છે.)

શુક્રવાર

અ.સૌ. લીલાવતી,

તમારો પત્ર મને બહુ ખૂંચ્યા કરે છે, તમારે ને મારે તો કોઈ દિવસ વાતચીત કરવાનો વખત બહુ નથી આવ્યો. તો તમે કેમ જાણ્યું કે, મને ગાંધીજી બહુ દુઃખ આપે છે? મારો ચહેરો ઊતર્યો હોય છે; મને ખાવા વિશે પણ દુઃખ આપે છે; તે તમે જોવા આવ્યાં હતાં? મારા જેવો પતિ તો કોઈને દુનિયામાં પણ નહીં હોય. સત્યથી આખા જગતમાં પૂજાય છે. હજારો તેની સલાહ લેવા આવે છે. હજારોને સલાહ આપે છે. મને કોઈ દિવસ મારી ભૂલ વગર મારો વાંક નથી કાઢ્યો. મારામાં લાંબા વિચાર ન આવે, ટૂંકી દૃષ્ટિ હોય તો કહે; તે તો આખા જગતમાં ચાલતું આવ્યું છે. મારા પતિને લીધે તો હું આખા જગતમાં પૂજાઉં છું. મારાં સગાંવહાલાંમાં મારા પર ખૂબ પ્રેમ છે. મિત્રોમાં મારું ઘણું માન છે. તમે મારા ઉપર ખોટી આળ ચડાવો છો, તે કોઈ માનવાનું નથી. હા, હું તમારા જેવી આજકાલના જમાના જેવી નથી. ખૂબ છૂટ લેવી, પતિ તમારા તાબામાં રહે તો સારું, નહીં તો તારો અને મારો રસ્તો નોખો છે. પણ સનાતની હિંદુને તે ન છાજે.

પાર્વતીજીનું એવું પણ હતું કે જન્મોજન્મ શંકર મારા પતિ છે.

**લિ. કસ્તૂર ગાંધી**

બાનો ભારે ગુણ કેવળ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. એ કંઈ મારી ખેંચથી નહોતું બન્યું; પણ બામાં જ એ ગુણ સમય આવ્યે ખીલી નીકળ્યો. તેની ઇચ્છાશક્તિ ખૂબ મજબૂત હતી. નવપરિણીત કાળમાં હું બાને હઠીલી ગણી કાઢતો, પણ આ મજબૂત ઇચ્છાશક્તિને લીધે તે અજાણમાં જ અહિંસક અસહકારની કળામાં મારી ગુરુ બની. મારું જાહેર જીવન ખીલતું ગયું તેમ બા ખીલતી ગઈ, અને પુખ્ત વિચારપૂર્વક મારામાં એટલે કે મારા કામમાં સમાતી ગઈ.

અમે અસાધારણ દંપતી હતાં. ૧૯૦૬માં એકબીજાની સંમતિથી અમે આત્મસંયમ સ્વીકાર્યો ત્યારથી અમારો સંબંધ સાચા મિત્રનો થયો. અમે બે ભિન્ન વ્યક્તિ બની ગયાં. અમારી ગાંઠ પહેલાં કદી નહોતી તેવી દૃઢ બની. મારી એવી ઇચ્છા નહીં છતાં તેણે મારામાં લીન બનવાનું પસંદ કર્યું. પરિણામે તે સાચે જ મારું શુભતર અર્ધાંગ બની. મારે જન્મોજન્મ સાથીની પસંદગી કરવી હોય તો હું બાને જ પસંદ કરું.

**મોહનદાસ કરમચંદ ગાંધી**

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai – 400004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415

**Editor : Dr. Sejal M. Shah**

Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai - 400 004.